
Barcode : 99999990818534
Title - Ra`Gangajaliyo
Author -
Language - gujarati
Pages - 287
Publication Year - 0
Barcode EAN.UCC-13
9 999999 081853



# રા' ગંગાજળિયો

ઝવેરચંદ મેઘાણી



[ સોમનાથનું ભાંગેલું મંદિર ]

ફુલછાબ ભેટ-પુસ્તક

: : એપ્રીલ ૧૯૩૯ : :

આવૃત્તિ પહેલી
:: ૧૯૩૯ ::

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૧૫૪૫

દોઢ રૂપિયો

મુદ્રક—પ્રકાશક
મનુભાઈ અમૃતલાલ શેઠ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

# અ * ર્પ * ણ

'ફુલછાબ'ના મારા વડીલ કાર્યસાથી

**શ્રી. નાથાભાઇને**

# અનુક્રમ


| પ્રકરણ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | જુદા કેડા | ૧ |
| ૨ | પંડિતની સ્ત્રી | ૮ |
| ૩ | ચારણીનું ત્રાગું | ૧૩ |
| ૪ | ચૂંદડીની સુગંધ | ૧૭ |
| ૫ | માંડળિકનું મનોરાજ્ય | ૨૧ |
| ૬ | ગંગાજળિયો | ૩૮ |
| ૭ | ઓળખીને કાઢ્યો | ૪૫ |
| ૮ | દુદાજીની ડેલીએ | ૫૩ |
| ૯ | ઝેરનો કટોરો | ૬૧ |
| ૧૦ | તીર્થના બ્રાહ્મણો | ૬૮ |
| ૧૧ | આઇ નાગબાઇ | ૭૩ |
| ૧૨ | સોમનાથના મંદિરમાં | ૮૫ |
| ૧૩ | અનાદર | ૯૪ |
| ૧૪ | પૂજારીનું માનસ | ૧૦૧ |
| ૧૫ | પાછા વળતાં | ૧૦૭ |
| ૧૬ | ગુજરાતના દરવેશો | ૧૧૪ |
| ૧૭ | નાગાજણ ગઢવી | ૧૨૦ |
| ૧૮ | હાથીલાનો નાશ | ૧૨૭ |
| ૧૯ | ફરી પરણ્યા | ૧૩૩ |
| ૨૦ | મહમ્મદ બીઘરો | ૧૩૮ |
| ૨૧ | કસૂંબાનો કેફ | ૧૪૯ |
| ૨૨ | નરસૈંયો | ૧૫૭ |
| ૨૩ | ચકડોળ ઉપર | ૧૬૫ |
| ૨૪ | સૂરોનો સ્વામી | ૧૭૨ |
| ૨૫ | રતન મામી | ૧૮૪ |
| ૨૬ | છેલ્લું ગાન | ૧૯૩ |
| ૨૭ | સુલતાનનો મનસૂબો | ૨૦૪ |
| ૨૮ | દોસ્તી તૂટી | ૨૧૩ |
| ૨૯ | મું સંભારીશ માંડળિક | ૨૨૫ |
| ૩૦ | 'હું શુદ્ર છું' | ૨૩૪ |
| ૩૧ | 'ઓ ગિરનાર !' | ૨૩૯ |

# નિવેદન

ઐતિહાસિક નવલકથા આલેખવાની પહેલી હિંમત ગયા વર્ષે 'સમરાંગણ'થી કરી. વાચકોએ અને સાહિત્યકારોએ એનો જે સત્કાર કર્યો તે મારા પગને આ નવી ભૂમિ પર સ્થિર કરનાર નીવડયો. આ વખતનું સાહસ જો વાચકોને સફલ લાગે તો તેનો જશ એ રીતે તેમને જ મારા એ નવીન સાહસના પ્રોત્સાહકો તરીકે જશે.

દોઢ દોઢ દાયકા સુધી સ્મૃતિના ગોખલામાં સચવાઇ રહેલી એક લોકકથાની કણિકાએ મને ગયા વર્ષે 'સમરાંગણ' સરજવાની દિશા સુચવી. આ વખતે પણ આઇ નાગબાઇના પૂર્વસંસારની ને વીજલ વ'જાના રકતકોઢની જે ઘટનાઓ પર મેં આખી કથાની માંડણી કરી છે, તે બે ચાર ઘટનાઓ પણ લોકકથાઓની કણિકાઓ રૂપે જ મારી યાદદાસ્તના એકાદ કોઈ ગોખલામાં સંઘરાઇ રહેલી. લોકસાહિત્યની ચીંથરીઓએ આજે મને આવો ઉજ્જવળ અવસર દેખાડયો છે. લોકસાહિત્યનું ઋણ મારે શિરેથી ઘટવાને બદલે વધે છે. લોકસાહિત્યનું સંશોધન ને પરિશીલન સીધી રીતે સંજોગવશાત છૂટી ગયું છે છતાં આ નવી રસાયણ-ક્રિયા રૂપે એ મારી નસોમાં સજીવન છે. ચીંથરીમાં સચવાઇ રહેલી આ નાની નાની સોના-કણીઓએ મને ઐતિહાસિક કથાઓનું આદિધન પૂરૂં પાડીને ઇતિહાસ તરફ અભિમૂખ કર્યો છે. સૌરાષ્ટ્રનો ઇતિહાસ જેટલો કંઇ શોધાયો છે, તેની અંદર લાંબી વાર્તાને પૂરપાટ ઘોડે રમવાનું મેદાન મેં જોયું છે. ભલેને આ મેદાન પર બીજી કેટલીક કલમો રમી ગઇ, તેથી મેદાન કંઇ ખૂટી ગયું નથી. નવી દૃષ્ટિ લઇને ઝૂકાવનારી નવીન કલમો માટે આંહી બહોળી ક્રીડાભોમ પડી છે.

એકલા સોરઠી ઇતિહાસનું જ ક્ષેત્ર જો ઘૂમ્યા કરીએ તો તો Perspective ની દૃષ્ટિ પ્રમાણ હારી બેસે, નવીનતા લુપ્ત થાય. પણ મારે સુભાગ્યે પેલી તેજ-કણીઓએ મને ગૂજરાતની તવારીખ તરફ પ્રકાશ દેખાડયો. ગૂજરાત અને સૌરાષ્ટ્રની ઈતિહાસ-નદીઓનાં સંગમ-સ્થાનો નજરે પડયાં. મેદાન વિસ્તરી ગયું. સીમાડા પહોળા થયા. બેઉ તવારીખોનાં વાસી બે પાત્રોનો પણ જંગી સમૂહ જોયો. બેઉના ગુણદોષો, સંકુચિત ને ઉદાર મનોદશાઓ, ખામીઓ ને ખુબીઓ, વગેરેની તુલનાત્મક દૃષ્ટિ એ બેઉ નદીઓનાં સંગમ

તેમજ સંઘર્ષણનાં બિંદુઓ નિહાળવાનો ઉઘાડ પામી. ગૂજરાતના ઇતિહાસની પાર્શ્વભૂમિ પર સોરઠી ઇતિહાસની લીલા નિરખવાનો નવીન આહ્લાદ મળ્યો.

જુનાગઢના રા' માંડળિક છેલ્લાનો ઇ. સ. ૧૪૩૩થી ૧૪૭૬નો લીલાકાળ, એ ગૂજરાતની નવી સુલતાનીઅતના બે ત્રણ સુલતાનોનો સમકાલ હતો. આ નવી ગૂજરાતી સુલતાનીઅત જે જે ચડતી પડતીઓ અનુભવી રહી હતી તેનો ખ્યાલ મેં 'મિરાતે સિકંદરી' અને 'મિરાતે અહમદી' જેવી પ્રમાણમાં વિશ્વસનીય મુસ્લિમ તવારીખો પરથી મેળવીને વાર્તામાં ગૂંથેલ છે. મુસ્લિમ રાજરંગોની રંગભૂમિ ઉપર માંડળિકનું વ્યક્તિત્વ મેં ઊભું કરેલ છે. એની વિભૂતિનો આખરી અફળાટ યુવાન સુલતાન મહમદ બેગડાની સમશેર સાથે થયો ત્યાર પહેલાંની પ્રારબ્ધ-તૈયારી તો લાંબા કાળથી ચાલતી હતી. ગૂજરાતની ઇસ્લામી રાજવટનો ભાગ્યપ્રવાહ મેં એટલા માટે જ જોડાજોડ બતાવ્યો છે.

ગુજરાતના ઇતિહાસ-રંગોમાં આસમાની (Romance) નથી એવી એક નિરાધાર માન્યતા ચાલી રહી છે. ઇસ્લામી સમયનું ગૂજરાત પણ રોમાંચક ઘટનાઓથી અંકિત હતું, ને એ રોમાંચક કિસ્સા તો મેં—'મિરાતે સિકંદરી' ના આધારે બેશક-વધુ કલ્પનારંગો પૂર્યા વગર જ આંકી આલેખેલા છે. એ કિસ્સા—અને 'સમરાંગણ'માં મૂકેલ યુવાન મુઝફ્ફર નાહનૂના પ્રસંગો, કોઇ પણ ગુજરાતી યુવાનને ગૂજરાતના ઇતિહાસના અધ્યયનની લગની લગાડે તેવા છે. ગુજરાતની સંસ્કાર-ચૂંદડી પર સુલતાનીઅતની તવારીખે એક ન ઉવેખી શકાય તેવી ભાત્ય ઉપાડી છે.

માંડળિક છેલ્લો ગંગાજળિયો કહેવાતો, એ પૂર્વાવસ્થામાં બધી વિદ્યાઓમાં પ્રવીણ અને વીર હતો, એના પિતાએ એને ઉચ્ચ તાલીમ આપી હતી, વગેરે ઉલ્લેખ ઇતિહાસમાં છે. (History of Kathiawad by Wilberforce Bell: પ્રકરણ સાતમું) માંડળિકનાં લડાયક પરાક્રમો ઇતિહાસ-પાને ઉજ્જવલ છે. અને પાછળથી માંડળિકનો નૈતિક અધઃપાત થયો તેનો વીશળ પ્રધાનની પત્ની બાબતનો કિસ્સો, મિરાતે સિકંદરી, સોરઠી તવારીખ, ભગવાનલાલ સંપતરામના ઇતિહાસ વગેરેનાં પાનાં પર ટાંકેલ છે. (મિરાતે સિકંદરીમાં પ્રધાનનું નામ વીશળ નહિ પણ પણ તનહલ છે.) આમ માંડળિકનો નાશ તે એક સદ્દાત્માનો અધઃપાત હોઇ મને એમાંથી Tragedy-કરુણરસાન્તક કથાનાં આવશ્યક તત્ત્વો મળી ગયાં. એટલે જ મેં કથાની માંડણી કરી. જો

માંડળિક પહેલેથી જ દુરાત્મા હોત તો હું એને આવી કથાને પાત્ર નાયક ન બનાવત. શરૂથી આખર સુધી એકધારો દુષ્ટ અથવા ખલ વાર્તાનાયક કદાપિ Tragedy ના આલેખનને લાયક નથી, કેમકે તેના પ્રત્યે કરુણા નિષ્પન્ન થઇ શકે નહિ. તેના મનોવ્યાપારોનાં અધોગામી પરિવર્તનો આલેખવામાં કલમ અનુકમ્પાનાં અશ્રુઓ ટપકાવી શકે નહિ.

માંડળિક બે સ્ત્રીઓને પરણેલો તે પણ ઐતિહાસિક માહેતી છે. કુંતાદે હાથાલા (અરઠીલા)ની રાજકુમારી ખરી, પણ સોરઠી ઇતિહાસોમાંથી દોહન કરી સર્વ વાતો લખનાર કેપ્ટન બેલ એને ભીમજી ગોહિલની દીકરી કહી ઓળખાવે છે અને એનો ઉછેર એના કાકા દુદાજી ગોહિલના ઘરમાં દેખાડે છે. વસ્તુતઃ ભીમજી ગોહિલના તો હમીરજી, દુદાજી ને અરજણજી ત્રણે દીકરા હતા. કુંતાદે કોની દીકરી, તે વિષેની મારી માહેતીને વહીવંચાના ચોપડાનો આધાર છે કે કેમ તે મેં જોયું નથી, પણ દુદાજી જો કુંતાનો કાકો થતો હોય તો એ અરજણજીની જ દીકરી હોઇ શકે એવો તોડ ઉતારીને મેં હમીરજીને એનો કાકો બતાવેલ છે. એ કુંતાદેએ રા' માંડળિકના જીવનમાં ભજવેલ આખોય ભાગ તો મારી કલ્પનાનું જ આલેખન છે.

રા'ના ગંગોદક—સ્નાનના પ્રભાવે ઊનાના વીજા વાજાનો કોઢ ટળ્યો એટલી વાત ભગવાનલાલના ઇતિહાસમાંથી મળે છે. સોમનાથના મંદિરમાં માંડળિકને પડેલો પ્રસંગ મારો કલ્પેલ છે. નાગબાઇના પૌત્ર નાગાજણ ચારણ સાથે ર.'ની દોસ્તી, દોસ્તીનું તૂટવું, તૂટવાનાં કારણો, વગેરેને લોકકથાઓનો જ આધાર છે. માંડળિકને અમદાવાદ જઇ મુસલમાન બનવું પડયું, ત્યાં એ પોક મૂકીને એકાંતે રડતો હતો, એનું મુસ્લિમ નામ ને એની કબર—વગેરે વાતોને મિરાતે સિકંદરીનો આધાર છે. માંડળિક વટલ્યો હતો તે તો સર્વસ્વીકૃત છે.

ખરો ખુલાસો ભીલકુમારના પાત્ર સંબંધે કરવો રહે છે. હમીરજી ગોહિલની કથા ઇતિહાસમાન્ય છે, એ ઇતિહાસમાં એક નાનકડું વાક્ય આ છે:

'હમીર તેની (ભીલકન્યાની) ભેળો એક રાત રહ્યો, તેથી તે બાઇને આધાન રહ્યું. વાઘેરમાં દીવ પરગણે જે કોલિઓ છે તે પોતાને આ મિશ્ર ઓલાદમાંથી ગણાવે છે.' [ સૌ. દેશનો ઇતિહાસ–ભગવાનલાલ સં. ]

મારે માટે આ એક જ ફકરો બસ થઇ પડયો. હમીરજીનો પુત્ર હમીરજીની

પાછળ જન્મ્યો હોવો જોઇએ ને એના વંશવારસો રાજકુળમાંથી કે રાજ-ભાગમાંથી વંચિત રહી શુદ્રપણાને જ પામ્યા હોવા જોઇએ. સોમનાથને ખાતર એકલવાયા મરનાર રાજકુમારનું ભીલબાળ જો આખરે શુદ્રનો જ વંશ-વેલો વહાવનાર રહ્યું હોય, ને ઇતિહાસને ચોપડે નામકરણ પણ ન પામ્યું હોય, તો તેને આ કરણ કથાના ઉજ્જ્વલ પાત્ર બનાવવાનો હક્ક છે.

નાગબાઇનો પૌત્ર નાગાજણ મહમદ બેગડાના રાજદરબારમાં ઊંચું પદ પામ્યો હતો ને ત્યાં એણે પોતાના શુદ્ધ હિંદુત્વ પાળનાર સાથી રાજદે ચારણ પર તર્કટ કરી રાજદેને પેટમાં કટાર પહેર્યે પહેર્યે બાંગ દેવાની સ્થિતિમાં પણ મૂકેલ હતો, એ કથા ચારણો જ કહે છે. એ કથામાંથી નાગાજણના પાત્રની છેલ્લી શોચનીય અવસ્થાનું સૂચન મળે છે.

નરસૈ મહેતાનું પાત્ર તો સર્વમાન્ય છે. એના નામે ચાલતી આવેલી ઘટનાઓના ચિત્રણનો ઉપયોગ મેં એ પાત્રની કરણતાના રંગો માંડળિક પર પાડવા પૂરતો જ કરેલો છે. શરૂમાં દેખાતો એક ચારણ, વીજલ વાજો, ભાટચ્ય, વગેરે જે કેટલાંક નાનાં પાત્રો આવી આવીને અદૃશ્ય થઇ જાય છે, તેમનો ઉપયોગ ફક્ત માંડળિકના ચારિત્ર્યના ઘડતર પૂરતો જ કર્યો છે.

ચારણીની ચૂંદડી, વીજાનો કોઢ, ભૂંથા રેઢને મળેલી સુંદરી, ભૂંથાના શરીર પરથી કપડાંનું બળી જવું, વગેરે ઘટનાઓમાં જે થોડું ચમત્કારનું તત્વ ચમકે છે તેનો ખુલાસો બીનજરૂરી છે. એ તો છે લોકકથાઓની સામગ્રી. એનો સીધો સંબંધ મન પર પડતી અસરો સાથે છે. એમાં ઊંડો ઊતરવા મને અધિકાર નથી, કેમકે હું ઇલ્મી પણ નથી, વૈજ્ઞાનિક પણ નથી.

નરસૈ મહેતાના જીવનમાં તો હું પરચા જોતો જ નથી. એને મળેલી સહાયો પ્રભુસહાયો જ હતી, અને તે પ્રભુપરાયણ માણસો દ્વારા પહોંચી હોવી જોઇએ એવું ઘટાવવામાં કશી જ નડતર મને લાગતી નથી. ફક્ત રતનબાઇનો પ્રસંગ મેં સ્હેજ બદલી વધુ વિજ્ઞાનગમ્ય બનાવ્યો છે. રતન-બાઇને બદલે પ્રભુ નહિ પણ મૂએલી રતનબાઈનો વાસનાદેહ જ પાણી પાવા આવે તે વધુ વાસ્તવિક ગણાશે.

રાણપુર તા. : ૨૦ : ૪ : ૩૯ ઝવેરચંદ મેઘાણી

# પ્રકરણ પહેલું

## જૂદા કેડા

આજથી પાંચસેક વરસ પહેલાં, ગીરની ગટાટોપ ગીચ ઝાડી વચ્ચે થઇને પાંચ જીવનો એક પરિવાર પ્રભાતના પહેલા પહોરે ઉતાવળે પગલે ચાલ્યો જતો હતો. એક પોઠિયો, એક ભેંસ, ભેંસ હેઠ એક પીંગલા રંગની નાનકડી પાડી, એક આદમી ને એક ઓરત.

પોઠિયાની પીઠ ઉપર થોડી ઘરવખરી લાદી હતી. એક ત્રાંબાની મોટી ગોળી પોતાનું ચળકતું મોં કાઢતી હતી, તેની આસપાસ કાળા રગના ઝગારા કરતાં માટીનાં નાનાં મોટાં ડામડાં હતાં. એક લૂગડાંની બચકી, ચાર નવી જૂની ઘડકી અને એક ઘંટી હતી. આ બધાં પણ કુટુંબી કબીલાને શોભે તે રીતે સામટાં ખડકાઇને વહે જતાં હતાં. બીડાબીડ સામે કોઇ ફરિયાદ કે બૂમ બરાડ કરતાં નહોતાં. સૌને માથે એક કાથીના વાણે ભરેલો ખાટલો હતો.

ભેંસને નાની પાડી રસ્તે ધાવતી આવતી હતી. નાની શીંગડી વાળો પોઠિયો ખાલી પીઠ વાળી ભારવિહોણી ભેંસ સામે કોઇ કોઇ વાર કતરાતો હતો. પણ ભેંસની આંખો જાણે એને જવાબ વાળતી હતી કે "જોતો નથી? મારો ભાર મારાં અધમણીયાં આઉમાં છે. પીઠ માથે ઉપાડવું રહેલ છે, પેટ તાળીને બોજ ખેંચવો બહુ વસમો છે.

અમારો તો જનેતાનો અવતાર : વેઠીએ છીએ ભાઈ મારા! તારી પીઠ તો હમણાં જ ઘેર પહોંચતાં હળવીફૂલ થશે. પણ હું જનેતા! આ૩િના ભારને એક ઘડીયે ઉતારી આઘો મૂકી શકીશ ભાઈ ?"

સમજુ પોઠિયો કતરાવું છોડીને વાગોળવા લાગતો.

અવાચક આ પ્રાણીઓ જ્યારે મૂંગાં મૂંગાં પણ વાણીવ્યવહાર કર્યે જતાં હતાં, ત્યારે જીભ અને હૈયાં જેને ભગવાને બોલવા કાજે જ દીધાં છે તે આ બે માનવીઓની જ મુસાફરી કાં બેતાલ ચાલી રહી હતી? માવતરનો સાથ સંસારમાં પહેલી જ વાર છોડાવીને જેને પુરુષ પોતાના અજાણ્યા સંસારમાં લઈ જતો હોય છે તે સ્ત્રીને પંથમાં જ પોતાની સાથે હેળવી લેવાની વણશીખવી આવડત એ પ્રભુનું મહાન દાન છે. પણ આ જુવાનને એ આવડત વાપરવાની જાણે વેળા જ નહોતી. એ તો પોતાની ફરશીથી રસ્તાનાં ઝાડ કાપ્યે જતો હતો. કેડી સાંકડી હતી તેને પોતે પહોળી કરતો કરતો ધસે જતો હતો. બેશક, ઝાડીની કાંટાળી લાંબી ડાળીઓ ઓરતના ઓઢણાને–ને લાગ જડી જાય તો ગાલને પણ–જ્યારે જ્યારે ઉઝરડા કરતી હતી ત્યારે એ પાછો ફરીને મીઠાશથી ડાળખી કાઢી દેતો હતો. પણ બહુ બોલ્યા વગર. કોઈ ગજબ ઉતાવળ હોય તેમ. એ આગળ આગળ ચાલતો આદમી એની ડાંગથી કાંટાળી ડાળીઓને એક કોર દબાવી દબાવી ઓરતનાં લૂગડાંને ને અંગને મારગ કરી આપતો.

"હળવો-હળવો–જરા સથરો હાલને ચારણ!" બાઈએ હસીને કહ્યું: "આમ રઘવાયો થેને કાં હાલતો હઇશ?"

આ બોલ બતાવે છે કે પાંચ જણાંના કબીલામાં જે બે માનવી હતાં તે ચારણ અને ચારણી હતાં. તેમનો પોશાક લેબાસ જોઈને પણ આપણે વરતી શકત કે બેઉ જણાં દેવીનાં બાળ હતાં. નજરે નિહાળીએ

તો ઓળખી કાઢીએ કે બેય મનુષ્યો દૂધનાં ઝાડવાં હતાં. કેમકે રંગો એઉના રતાશ પડતા ઘઉંવરણા હતા.

પોતાના પગમાં આટલી ઉતાવળ હોવાનું કારણ તો ચારણે કબૂલ કર્યું નહિ. પણ એ ઝડપ પ્રેમીજનોમાં હોય છે તે કરતાં જુદી જ જાતની હતી. જવાબ દેવાનો ય જાણે એને સમય નહોતો.

પોતાને ખભેથી ફરસી લઇને ચારણ એ ઘાટી વનરાઇનાં ઝરડાં પર ઘા પછી ઘા કરતો જતો હતો.

"પણ આ વસમાણ શીદ વેઠવી ચારણ?" બાઇએ ફરીવાર કહ્યું: "આપણે ગાડા–મારગે કાં હાલ્યાં નૈ? આ પોઠિયો ને ભેંસ પણ ઊઝરડાતાં આવે છે. આ પાડીનું ય મોં લોહીલોહાણ થતું આવે છે."

"હમણાં પાધરે મારગે ચડી જાશું, ચારણ્ય! હમણાં–હવે લાંબું છેટું નથી." એટલો જ જવાબ દેતો દેતો ચારણ ફરસીના ઘાયે ઘાયે વનરાઇના આડા ફરતા હાથને છેદતો ગયો.

ઝાડી પાંખી થઇ. કાંઇક ઉઘાડી જમીન આવી. એક ધોરી મારગ દરિયાદી દિશાએ ચાલ્યો જતો હતો. તો પણ એ કેડાને વટાવીને ચારણ વનરાઇના ગૂંચવાએલા મારગ તરફ આગળ વધ્યો.

ફરીવાર જુવાન ચારણી એને ઠપકા દેવા લાગી. "ભણું ચારણ, આપણા નેસ તો આમ દરિયાદી દસ્યે છે. મું હજી હમણાં જ આપણો ગળ ખવાણો તે પછેં આવી'તી. મુંને બરોબર યાદ છે ચારણ–તું ભાનભુલો કાં થે ગીયો? અટાણના પોરમાં લીલાં ઝાડવાંનો દાલો સોથ કાં વાળવા માંડ્યો? વનરાને વિના કારણ વાઢીએં નહિ."

"આમ ઢુકડું છે ઢુકડું ચારણ્ય, હાલે આવ તું તારે."

એવા ત્રૂટક બોલ બોલતો ચારણ આગળ ને આગળ વધતો હતો.

ચારણી ધોરી મારગને ઓળંગી સામે ભેડે ચડી તે વખતે જ દરિયાદી દિશામાંથી બે ગાડાંનો ખખડાટ થયો. ચારણી ઊભી રહી. આદમી બૂમો પાડતો રહ્યો કે "હાલો, હવે ઝટ આમ હાલો." પણ ચારણી ખસી નહિ.

ગાડાં નીકળ્યાં, ચારણી ગાડાખેડુને પૂછે તે પહેલાં તો ગાડાખેડુની વાતો એને કાને પડી.

"અભાગ્ય લાગી તે ઊના દેલવાડાને પાદરથી નીકળ્યા આપણે. કોણ જાણે કેટલી રાત્યું લગણ નજર સામે ને સામે તર્યા કરશે લોહી."

"શેની વાત કરો છો ભાઇ?" ચારણે પૂછ્યું.

"ત્રાગાની."

"કોનું ત્રાગું? કેવાનું ત્રાગું? કિસેં?"

"ઊના દેલવાડાને પાદર, સેંકડુ મોઢે ભાટ ભેગા થયા છે, રાજાની સામાં ત્રાગાં માંડ્યાં છે. પણ ઈ તો અકેકારનાં ત્રાગાં મારી માવડી! કૂંણાં કૂંણાં છોકરાંનાં ત્રાગાં."

"ઊભા રો' ઊભા રો!" ચારણીએ રસ્તા આડી ઊભીને ગાડાંને રોકયાં.

"હવે આમ હાલ્ય, હાલ્ય, વેળા થે ગઇ, હાલ્ય ચારણ્ય." આઘે ઊભેલો ચારણ હાકલા કરે છે.

સામે જ ઊભેલી ઝાડીમાં બે પાંચ લક્કડખોદ પંખી ઠબ! ઠબ! ઠબ! લાકડાં પર ચાંચો ટોચે છે. અને લેલાં પક્ષીઓના ઘેરા વળીને એકબીજાંને સામસામાં કોણ જાણે કયા અપરાધનો ઠપકો આપી રહ્યાં છે કે તેં-તેં-તેં-તેં-તેં.

ચારણના સાદને અવગણતી સ્ત્રી એ ગાડાખેડુઓ પાસેથી વાત કઢાવે છે. ઊના દેલવાડાનો રાજા વીજલ વાજો એક ભાટની બાયડીને રંગમોલમાં ઉપાડી ગયો છે, તેની સામું તમામ ભાટોએ ત્રાગું માંડયું છે, આજ બે દિ' થઈ ગયા.

" ને છોકરાં ચડાવે છે ?"

" હા આઈ, ભલકાં ખોડયાં છે, માથે છોકરાં હીલોળીને ચડાવે છે. એનાં લોહી ગામના બીડેલા દરવાજા માથે છાંટે છે. ભલાં થઈને મારગ છાંડો માતાજી, અમારાથી એ વાત વર્ણવાતી નથી. "

" જાવ વીર. "

ગાડાં રસ્તે પડયાં. ચારણીએ ધણીને પાછો બોલાવ્યો. પોઠિયો ને ભેંસ એટલી વાર જમીનમાં મોં નાખીને સૂકા ઘાસની સળીઓ ચાટતાં રહ્યાં. પાડી ભેંસનાં આંચળમાં માથાં મારતી કૂદતી હતી.

" ચારણ ! " ઓરતનો ચહેરો બદલી ગયો હતો. " આપણો નેસ તો ઊના દેલવાડાની ઉપરવાડે ના ? "

" હા. "

" ઊના દેલવાડા તો આ દરિયાદી દસ્યે રીયાં, ને તું આટલા ફેરમાં કેમ અમુંને લઈ જા છ ?"

ચારણ ચૂપ રહ્યો.

" ઊના દેલવાડાને દરવાજે ત્રાગું મંડાણું છે એની ચોરીએ કે ? "

ચારણ ન બોલ્યો.

"આપણથી આમ તરીને નો જવાય ચારણ."

ચારણનું મોં વીલું પડયું.

"આપણે ચોર ઠરીએં. જોગમાયાનાં ચોર : નવલાખ લોબડીયા-ળીયુંના ચોર."

"ઠ......ક ! ઠ......ક ! ઠ......ક !" લક્કડખોદના ચાંચ-ટોચા.

"આપણે ય ત્રાગાળું વરણ. ત્રાગું થાતું સાંભળીને કેડો ન તાર-વાય. હા, ઇ દશ્યે આપણો મારગ જ ન હત તો તો ઠીક હૂતું."

"મુંને ખબર પડી ગઇ'તી ચારણ્ય ! માટે જ હું ફેરમાં હાલતો હતો."

"ને એટલા માટે જ તું ઉતાવળો થાતો'તો, ખરૂં ચારણ ?"

"થાવાનું હતું તે થૈ ગીયું. હવે હાલો."

"હાલો, આમ ઊનાને કેડે."

"જાણી બુઝીને ?"

"અજાણ્યાં હોત તો અફસોસ નો'તો. જાણ્યા પછેં કાંઇ આપ-ણથી મારગ છંડાય ? આપણે ચારણ. ત્રાગાળું વરણ."

"ચારણ્ય, આવી હાંસી ?"

"હસતી નથી. હું હૈયાની વાત ભાણું છું."

"આંઈ જો." ચારણે બે હાથ જોડયા. "મારો અપરાધ થયો. પણ હવે હાલ આમની. હું પગે પડું છું."

"કાલો થા મા, ને આમનો હાલ્ય."

મોં હસતું રાખવા મથતા ચારણે ઓરતની પાસે જઇને હાથ ઝાલવા પોતાનો રૂપાના વેઢવાળો પંજો લંબાવ્યો.

"અડાય નૈ, ચારણ, હવે અડાય નૈ. છેટું પડે છે."

ચારણ ખસીઆણે મોંયે પોઠિયાની ને ભેંસની સામે જુવે છે. જાણે કહે છે કે તમે તો કોઈ મનાવો.

"હિંમત નથી હાલતી ને માટી !" ચારણીનું મોં સ્હેજ મલકયું.

"સાચું ભણ્યું—જોગમાયા સાક્ષી—મારૂં દલ ડરે ગૂં છે ચારણ્ય."

"પે'લ વેલુકી મને ઘરે તેડી જાછ એથી જ ને ?"

"એથી જ. હજી હસીને બે વાતું ય નથી કરી." ચારણનું મોં રાંકડું બનતું હતું.

"તારી અણપૂરલ આશા જોગમાયા હજાર હાથે પૂરે, મારી આશીષું છે ચારણ. જા, પોઠિયો, ભેંસ ને પાડી લેને તારે નેસે પોગી જા. જીવ્યા મુવાના ઝાઝા જુવાર તુંને. ખમા તુંને."

એમ બોલીને ચારણી ઊના દેલવાડાને ઊભે કેડે ચડી.

"ચા...ર...ણ્ય !" મરદે ધાપોકાર કીધા.

લેલાંએ તેં—તેં—તેં કરી વન ગજાવ્યું. લક્કડખોદ ઠ...ક ! ઠ...ક ઠ...ક... જાણે કોઈની ચિતાનાં કાષ્ઠ કાપતો રહ્યો.

"ઘેરે જા. નેસડે પોગી જા." એમ બોલતી ઓરત ઉપડતે પગલે ગઈ. થોડી ઘડી દેખાઈ. પછી ડુંગરો આડો આવી ગયો.

ચારણ થોડી ઘડી ઊભા થઈ રહી પછી ભેંસ પાડી ને પોઠિયો વનરાઈમાં હાંકી મૂકયાં. ઝડપથી ચાલ્યો. વનરાઈનાં આછાં પાંખાં ઝાડવાંમાંથી ઘડીક ઘડીક એની મધરાશી પાઘડીનું છોગું લાલ લાલ જીભના લબકારા કરતું જતું હતું.

# પ્રકરણ બીજું

## પંડિતની સ્ત્રી

"વાજા ઠાકર, અંબવન, ઘર ઘર પદમણુરા ઘેર: રેંટ ખટૂકે વાડીયાં, ભોંય નીલો નાઘેર:" ઠાકોરો જ્યાં વાજા શાખના રાજ કરતા, વનરાઈ તો જ્યાં આંબાઓની જ ઝૂકી રહી હતી, ઘેરે ઘેરે—ઓ ભાઈ, કોઈક કોઈક વિરલાને ઘેરે નહિ પણ હરએક ઘરને આંગણે જ્યાં પદમણી શી રૂપવંતી સ્ત્રીઓના ઘેરા લહેરો લઈ રહ્યા હતા, એવા સદાય નીલા, અહોનિશ હરિયાળા નાઘેર નામના સોરઠી કંઠાળ મુલકમાં ઊના દેલવાડાનાં બે ગામ લગોલગ આવેલ છે. 'ઘર ઘર પદમણરા ઘેર' હતા ખરા, પણ રાજેશ્વર બારોટની સ્ત્રીનું રૂપ તો શગ ચડાવતું હતું. ભાટવાડામાં એ રૂપ સમાતું નહોતું. એની છોળો કાંઠા માથે થઈને છલી જતી હતી.

પણ રાજેશ્વર બારોટને ખબર નહોતી કે રૂપને સચવાય કઈ જુક્તિએ. પ્રાઢ ઉમરે પહોંચી ગયા પછી પરણ્યો હતો. પરણી કરીને ઘર સ્ત્રીને ભળાવ્યું હતું. પેઢાનપેઢીથી સાચવેલા ક્ષત્રિય યજમાનોની વંશાવળીના ને શૂરવીરોની બિરદાવળીના અમૂલખ ચોપડાના પટારાની ચાવીઓ એણે પરણ્યાની પહેલી જ રાતે પત્નીને સોંપી હતી. ઘરાણાં, લૂગડાં, રોકડ નાણું, જે કાંઇ ઘરમાં હતું તેની માલિક એણે સ્ત્રીને બનાવી હતી.

એ ચાવીઓના ઝૂડાએ આવતી નારને કેવીક રીઝવી હતી ? રાજેશ્વર ભાટને ગતાગમ નહોતી. ઘોડીને માથે વંશાવળીના ચોપડાનો ખલતો લાદીને વિદ્વાન રાજેશ્વર યજમાનવૃત્તિ કરવા ગામતરાં ખેંચતો હતો. જ્યાં જ્યાં જઈ ઊતરતો ત્યાંથી મહિનો મહિનો, બબ્બે મહિના સુધી યજમાનો એને ખસવા ન દેતા. મીઠી મીઠી એની વાણીને માથે યજમાનો મોરલીઉપર ડોલતા નાગ જેવા મંડાઈ રહેતા. રાજેશ્વર બારોટના ચોપડામાં દીકરા દીકરીનાં નામ મંડાવવામાં ઠાકોરો ગર્વ લેતા.

"વિદ્વાનની વહુ : પંડિતની પત્ની : દુનિયામાં ડહાપણુની જેની શગ ચડે છે એની તું અર્ધાંગના, બાપ ! વાહ પંડિત ને વાહ પંડિત–રાણી : જોડલું તો જુગતે મેળવ્યું છે માતાજીએ."

આવાં અહોગાન જ્યારે રાજેશ્વર બારોટને આંગણે રોજે રોજ સવાર ને સાંજે સંભળાવા લાગતાં ત્યારે રાજેશ્વર બારોટની સ્ત્રી પાણીના બેડાને મસે ઘરની બહાર નીકળી પડતી, ને પાણી–શેરડે એકલવાયા આગ ઉપર અસુર સવાર ઊભી રહી અંતરના ફિટકાર આપતી. "આગ મેલાવ એ વિદ્વતામાં, એ ચોપડાઓના પટારામાં, ને એ પંડિતાઈની પ્રશંસામાં. જીભ ખેંચાઈ જાવ એ વખાણ કરનારાઓની."

મધુંદરી નદીનો આરો નિર્જન હતો. પાણી પીવા થોભતાં ગાધણને ગોવાળીઆઓ પોતાના પાવાના સૂર પણ સાથોસાથ પાતા હતા. બકરાં ગાડરનાં વાઘ (ટોળા)માં તાંબડી લઈને ગોવાલણો દોવા માટે ઘૂમતી હતી. અને સીમમાં ઘઉંની કાપણી કરીને પાછાં વળતાં મજૂર મૂલીનાં જોડલાં ફરકતે પાલવડે ને ઊડ ઊડ થતે છોગલે ગાતાં હતાં.

"જોબનીયું કા....લ્ય જાતું રે'શે !

"જોબનીયું આજ આવ્યું ને કાલ્ય જાશે
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

"જોબનીયાને પાઘડીના આંટામાં રાખો
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

"જોબનીયાને ચૂંદડીના છેડામાં રાખો
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

"જોબનીયાને હાથની હથેળીયુંમાં રાખો
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

"જોબનીયાને નેણના ઉલાળામાં રાખો
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

"જોબનીયું આજે આવ્યું ને કાલ્ય જાશે
"જોબનીયું કાલ્ય જાતું રે'શે.

ભાટની વહુઆરૂનો ઠીકરાનો ઘડો મછુંદરીનાં પાણીમાં ભખ ભખ ભખ અવાજ કરે છે, પણ ભરાતો નથી. હાથ થીજી ગયા છે.

ટીંટોડીના તી–તી–સૂર કોઇની હાંસીના અવાજને મળતા આવે છે.

ભાટની વહુવારૂ પાણીમાં પોતાનો પડછાયો જોઇ રહી. પંડિતની પરણેલીએ પોતાના બેઉ હાથ આંગળીના નખથી લઇ કોણી લગી ધીરી ધીરીને નિરખ્યા. વિદ્વાનની વહુએ વહેતાં નીરમાં પોતાનું જોબન ડૂબતું, ભાગતું, તણાતું, ભાંગતું ને વિખરાતું જોયું. વિદ્વતા ને પંડિતાઇ એ જોબનને બચાવી લેવા આવ્યાં નહિ.

આવતો હતો એક જુવાન અસ્વાર. સીમમાંથી ગામ ઢાળો આવતો હતો. રોજ આવતો હતો. રોજ જોતી હતી. રોજેરોજ જ્યાં એ પાણી ભરતી ત્યાં આ ઘોડો ઘેરતો. પણ રોજ એ ઘૂમટો કાઢતી. આજ ન કાઢ્યો.

"ભાભી, લાજ કાઢ્ય, ઝટ લાજ કાઢ્ય." પાસે ઊભેલી નણંદે ભોજાઇને ચેતાવી. "આપણા ગામના ઠાકોર છે."

ભોજાઈના કાન એની આંખોમાં ઊતરી ગયા હતા. આંખો આવતા અસ્વારને ચહેરે ચોંટી છે. નણંદના સૂર એને પહોંચતા નથી. એ તો ફાટયે મોંયે અસ્વારને જોવે છે.

ઠાકોર વીંજલ વાજાએ ઘોડો નદીમાં ઘેરવા માંડયો. ઓરતને એણે ઘૂમટા વગરની જોઈ. આજ પહેલી જ વાર ઘૂમટાની મરજાદ ફગાવીને પાણી ભરતી આ કોણ છે જુવાનડી?

"ભાભી, લાજ કાઢ." નણંદે ભોજાઈને હાથ ઝાલી હડબડાવી.

"જોઈ લેવા દેને બાઈ! ધરાઈને જોઈ તો લેવા દે! જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે..."

એ ગાવા લાગી.

વીંજલ વાજો આ બોલ પકડતો હતો. એ શરમાઈ ગયો. ઘોડો હાંકીને ગઢમાં ચાલ્યો ગયો.

ભૂતનો વળગાડ લાગ્યો હોય તેવી બ્હાવરી બનીને ભાટની વહુ મચ્છુંદરીની ભેખડ ચડી. પાછળ નણંદ ચડી. ચડતી ચડતી બોલતી ગઈ: "ભાનભૂલી ભાભી! લાજી નહિ? વેદવાનનું ખોરડું......"

"અંગારો મેલાવ વેદવાનને ખોરડે, જોબનીયું આજ આવ્યું ને..." ગાવા લાગી, "કેવો રૂડો આદમી હતો!"

"રૂડો લાગ્યો હોય તો માંડને એનું ઘર."

"નણંદ, તું મારી મોટેરી બેન. તું બોલી તે હું કર્યે રહીશ."

એમ કહીને એ બેડા સાથે ઠાકોરના ગઢ તરફ વળી.

ને પછીની વાત તો ટૂંકી જ છે. રાજેશ્વર ભાટની રૂપસુંદરીની હેલ્ય ઠાકોર વીંજલ વાજાએ ઊતરાવી લીધી.

એ બનાવને આજ પાંચેક દિવસ થયા હતા. પહેલા બે દિવસ ઊનાની ભાટની ન્યાતે ઠાકોર વીંજલજી સાથે વિષ્ઠિમાં ગાળ્યા હતા. ભાટોએ પાઘડીઓ ઉતારી હતી. વીંજલજીએ જવાબ વાળ્યો હતો કે "હું હરીને નથી લાવ્યો. બાઇ એની જાણે આવી છે. હેત્ય ન ઊતરાવું તો મને બ્રહ્મહત્યા આપવા તૈયાર થઇ હતી. હજી ય માને તો પાછી તેડી જાવ."

બાઇએ ગઢના ઊંચા ગોખેથી કહેવરાવ્યું કે 'મારે વેદવાન પંડિત ધણીની કીર્તિનું આગ-ઓઢણું ઓઢવાના કોડ નથી. મારે તો 'જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે,' એવા જોબનીયાને સાચવી લેવું છે.'

ભાટોની કાકલૂદીને રાજ વીંજલે ગણકારી નહિ. ભાટવાડો આખો શહેરથી બહાર નીકળી ગયો. પાદરમાં લબાચા પાથર્યા. દરવાજાની સામે ત્રિશૂળ ને ભલકાં (ભાલા) રોપ્યાં. કાળો કળેળાટ બોલ્યો. માતાઓને થાનોલે વળગેલાં કૂંણાં કૂંણાં છોકરાંને ભાટોએ માની છાતી-એથી ઊતરડી લીધાં, લઇ લઇને હાથમાં હીલોળ્યાં, ને હીલોળી હીલોળી ભલકાં ઉપર ફગાવ્યાં. જીવતાં પરોવાતાં એ બચ્ચાંની ચીસો જનેતા-ઓની ચીસોએ ઝીલી. નાનાં મોટાં ભાટોએ ભેંકાર ધા દીધી અને નિર્દોષોનાં લોહી નગરના ઝાંપા ઉપર છંટકોર્યાં. "લે ભોગવ! લે ભોગવ બાપ! લે માણી લે ગોઝારા રાજા. જોગમાયાએ લીધો જાણ! બોકડો લે એમ લીધો જાણ. પાડો પીવે એમ પીધો જાણ."

ઝાંપો બંધ થયો છે. ને ઊંચા.ઊંચા ગઢમાં ઠાકોર વીંજલ વાજો ભાટણ્ય રાણી સાથે મોજ ભોગવે છે. ચાર દિવસ થઇ ગયા છે. ભાટોનાં છોકરાં ખૂટવા લાગ્યાં છે. મૂંગાં છોકરાંને ચડાવી દીધા પછી પોતાનો વારો આવવાનો છે એ બ્હીકે મોટેરાંનાં દિલ ઊંચાં થયાં છે. કેટલાંક પલાયન કરી ગયાં છે, કેટલાંક તૈયારીમાં છે. આખું શહેર આ બાળહત્યાનાં પાપની બ્હીકે સુનસુનાકાર થઇ ગયું છે.

# પ્રકરણ ત્રીજું

## ચારણીનું ત્રાગું

"દુવાઇ હો ! જોગમાયાની દુવાઇ હો ! નવ લાખ લોબડીયાળીયુંની દુવાઇ હો તમને." ઊનાના પાદરમાં એ પાંચમાં પ્રભાતના પહેલા પહોરે છેટેથી સાદ સંભળાયો.

ભલકા ઉપર ઊભેલો એક ભાટ અટકી જાય છે. એના હાથમાં ત્રણેક વર્ષનું બાળ હતું. બાળકને એ ભલકા ઉપર ઉછાળવાની તૈયારીમાં હતો. એના હાથ પાછા પડયા. એ ની પાછળ હારબંધ નાનાં છોકરાં લઇ ઊભેલા ભાટોએ નજર કરી.

કપાળે લમણાં લગી સીંદૂરની પીળ, ઓડયેથી (ગરદનથી) અરધોઅરધ વ્હેંચાએલ ચોટલાની, છાતી માથે ઢળતી કાળી ઝુંબાણુ લટો, માથે મૂરતવંતી ચૂંદડી, અને ચૂંદડી ઉપર ઊનનો કાળો ભેળીઓ, એવી એક બાઇ ઉતાવળે પગલે ઊંચા હાથ રાખીને "દુહાઇ ! દુહાઇ ! જુગદંબાની દુહાઇ !" બોલતી ચાલી આવે છે. વીશથી વધુ ચોમાસાં એણે જોયાં જણાતાં નથી.

"ચારણનું બાળ લાગે છે." ભાટો ઓળખી શકયા.

શ્વાસે ધમાતી, ઝીવતી ધમણ સરીખી એ ચારણીએ આવીને પહેલું કયું કામ કર્યું ? ભલકા ઉપર પરોવાઇ જવાની જેને ઝાઝી વાર

નહોતી, એ બાળકને એણે ભાટના રૂંછડીયાળા કાળા કાળા હાથના પંજામાંથી ઉપાડી લીધું—કાંટાળી વાડમાંથી કૂંણું એક કોઠીંબડુ ઉતારી લે તેટલી નરમાશથી.

લઇને બાઇએ બાળકને છાતીએ તેડ્યું. પૂછ્યું "આ શું કરી રીયા છો બાપ?"

"ત્રાગું."

"આવું તે કાંઇ ત્રાગું હોય મોળા (મારા) વીર?"

"આઇ, અમારે ભાટુંને માથે કેદી ય નો'તી થઇ તે થઇ છે. અકેકાર ગુજર્યો છે."

"મું ઇ જાણેને જ આવી છું મોળા વીસામા, પણ આ ગભરૂડાંનાં લોયનાં ત્રાગાં હોય કે'દિ'?"

એમ બોલતી બોલતી એ અજાણી સ્ત્રી પોતાને હૈયે ભીડાએલા બાળકનું માથું પંપાળીને આખે અંગે, છેક પગ સુધી પંજો ફેરવે છે. બાળકના ફફડાટ એના કલેજામાં પડઘા પાડે છે. બીજાં નાનાં છોકરાં ઉપર એની મીઠી મીઠી નજર રમે છે.

એ નજર એક પલકમાં રંગો બદલીને ભાટોને પૂછે છે, "કીસે ગો' તમારી વહુવારૂનો ચોર? કયાં લપાઇ બેઠો છે?"

"આ સામો કળાય એ રાજગઢમાં."

"ઓલી અધૂઘડી બારી દરશાય ત્યાં?"

"હા આઇ."

"ઠીક બાપ. ભલકાં ઉપાડી લ્યો. છોકરાંને સંતાપવાં નથી. તમારાં ભાટુંનાં ત્રાગાં સંકેલી લ્યો, વધાવી લ્યો."

ભાટોને સમજ પડી નહિ. મૂંઝાઇને ઊભા થઇ રહ્યા.

"મૂંઝાવ મા વીસામા ! અંદેશો રાખો મા. ચારણનું જણ્યું આવી ચડે તે પછી બીજાનું ત્રાગું બંધ થાય. ને હવે તમે ત્રાગાં વધાવીને તમારે રસ્તે પડજો."

એમ બોલતે બોલતે જુવાન ચારણીએ, (જેણે થોડા જ સમય પર પોતાના ધણીને ગીરની વનરાઇના ઉંબરમાં જીવ્યા મુવાના જુહાર કીધેલા) પહેલો પોતાના દેહ પરથી ભેળીઓ ઉતારવા માંડ્યો.

"તમારામાંથી વધુમાં વધુ જોરાવર હાથવાળો જણ આમ આવે."

એની જીભ જાણે ઝાઝા કાળથી હુકમ દેવા ટેવાએલી હોય એવા એ શબ્દો હતા.

"ને ભેળી એક તરવાર લાવો."

બોલતે બોલતે એણે તેડેલ બાળકને હૈયે દાબીને હેઠે મૂક્યું. કહ્યું "બચ્ચા, જાવ માને ખોળે. હવે તમે નરભે (નિર્ભય) છો. જાવ સૌ બાળારાજા !"

ગર્દનની બેય બાજુએ છાતી પર ઝૂલતી ચોટલાની લટોની એણે કપાળે ગાંઠ વાળી લીધી. સાકરકોળાના રંગ સાથે મળતા રંગની એની ગરદન ઉઘાડી થઇ. ડોકનું માદળીયું પણ એણે કાઢીને કોરે મૂક્યું. ને એ ઊના ગામના ઝાંપાની સન્મુખ, પડખોપડખ જઇ ગોઠણભર બેસી ગઇ. જાણે ધરતીમાં ખોડાઇ ગઇ હોય તેવી જુક્તિથી એણે આસન વાળ્યું.

પછી એણે પોતાના દેહ ઉપરથી મૂરતવંતી ચૂંદડીને ઉતારવા માંડી. ચૂંદડી ખેંચાતી ગઇ તેમ તેમ એના દેહનો મરોડ દેખાયો. એ તો હતી દૂધનું ઝાડવું. ભેંસોનાં દહીંએ દૂધે સીંચેલી દેહકળાનો ચીકણો ઉજાસ દેખી ભાટો સ્તબ્ધ બન્યા.

"આવ્યો તરવારવાળો ?" એણે ફરી હાક દીધી. "મૂછાળાઓ,

શું વિચારમાં પડ્યા છો ? હવે વિચારને માટે વેળુ નથી. આવી જાઓ એક જણો મોખરે."

એમ કહેતી એણે ગરદન જરા બંકી કરી. સીધી ને કૂંણી એ ડોક કોઇ સંઘેડીયાએ સમા હાથે ઉતારેલ હોય તેવી ભાસી.

"જોજે હો વીર !" એણે તરવારધારી ભાટને ચેતવણી આપી: "ઝઝકીશ નહિ. જોજે હાથ થોથરાય નહિ. એવો ઝાટકો દેજે કે વાધરી યે વળગી ન રહે."

એમ કહીને એણે આખીય ચૂંદડી ઉતારીને ભોંય ઉપર મૂકી: જાણે કેસૂડાં ને આવળનાં ફૂલોનો ધરતી ઉપર ઢગલો થયો.

ને કોણ જાણે કયાંથી સૂસવવા લાગેલો અણધાર્યો પવન એ ચૂંદડીને પોતાની ઘુમરીઓમાં ઉપાડ ઉપાડ કરવા લાગ્યો.

"ઓલી...સામી કળાય ઇ બારી કે ? તીયાં બેઠેલ છે તમારી વહુવારૂનો ચોર કે ?"

"હા આઇ, ત્યાં જ."

"ઠીક, બાપ ! કર ઘા ત્યારે."

એમ બોલીને એણે પોતાના બેઉ હાથ ધરતી પર ચોડી દીધા, ને એની ગરદન ઝાટકાના લાગમાં આવે તેવી જુક્તિથી ઝૂકી પડી.

પલ પછી જયારે એનું મસ્તક છેદાઇને નીચે જઇ પડયું ત્યારે એ માથા વગરનું ધડ ધરતી પરથી હાથ ઉઠાવી લઇને ફરી પાછું ટટ્ટાર બેઠું. બેઉ હાથનો ખોબો વાળ્યો. ખોબામાં પોતાનું જ રૂધિર ઝીલ્યું. ઝીલી ઝીલીને ત્રણ ખોબા એ મસ્તક વગરના ઢુંઢે ઊનાના દરવાજા ઉપર છાંટયા. પછી એ દેહ ત્યાં પઢી ગયો.

સૂસવતો પવન ચૂંદડીને ચક્કર ચડાવીને ક્યારે ઉપાડી ચાલ્યો ગયો તેની સરત કોઇને રહી નહિ.

# પ્રકરણ ચોથું

## ચૂંદડીની સુગંધ

ઊના દેલવાડાનો દરવાજો જ્યારે ચારણોના લોહીથી ન્હાતો હતો, ત્યારે વાજા ઠાકોર વીંજલજીના ગુશલખાનામાં ભાટ-રાણી તેલ અત્તરનાં મર્દને અંઘોળ કરતી બેઠી હતી.

એ તેલ, એ અત્તર, મર્દન અને ગુશલખાનાંનો એ શોખ સોરઠને કાંઠે નવો આવ્યો હતો. મોખડા ગોહલના પેરંભ પર ત્રાટકેલી મુસ્લિમ પાદશાહત સૌરાષ્ટ્રના સાગર-તીર પર ઠેઠ પ્રભાસ પટ્ટણ સુધી ફરી વળી હતી. સોરઠની કંઠાળી રાજઠકરાતોને ઇસ્લામની તલવારે પોતાની ધાર હેઠળ કાઢી કરીને વિલાસના એ બધા નવા લ્હાવા ચખાડ્યા હતા. સુરૈયાઓ ખુશબોની પેટીઓ લઇ ગામોગામ ઘૂમતા. મશરૂ અને મલમલો મીઠાં થઇ પડયાં હતાં. રાજપૂતો જીંદગી માણતાં શીખ્યા હતા.

"હું-હું તમને મારા સગા હાથે મર્દન કરી નવરાવું." વીંજલ ઠાકોર ગુશલના ઓરડાનાં કમાડ ભીડવા દેતો નહોતો.

"આજ નહિ, આજે તો જોવો, મને આવડે છે કે નહિ? ન નાઇ જાણું તો કાલ નવરાવજો!" ભાટ-રાણી કમાડ ભીડવાની રકાઝક કરતી હતી.

એ ધમાચકડીમાં હારેલો વીંજલ ઠાકોર ગુશલખાનાની બહાર વાટ જોઇ બેઠો હતો. અંદર ચોળાતું શરીર અંગેઅંગના મર્દન-ધ્વનિ સંભળાવતું હતું. એ રૂપાળી કાયાના મસળાટને કાન માંડતો રાજા બીજી બધી વાતે બેભાન હતો. ને પવનની લેરખી એની બંધ બારીને હળવો ધક્કો મારી ચારણોની ચૂંદડીને કયારે મેડીની વળગણી પર લટકાવી ગઇ તેનું એને ભાન નહોતું રહ્યું. દરવાજે મચેલા મામલાની એને ગતાગમ નહોતી. ભાટોના કાળા કળકળાટ બંધ પડયા હતા.

"ચૂંદડી—મારી ચૂંદડી દ્યોને દરબાર !" અંદરથી ભાટ-રાણીએ ચૂંદડી માગી ત્યારે છેલ્લાં પાણી એની કાયા ઉપરથી ઢળી જતાં કનોકન જાણે વાતો કરતાં હતાં.

ઓરડો કોઈ અવનવી અને અલબેલી માદક સોડમે મ્હેકતો હતો.

"બહાર આવો, જાતે પહેરાવું."

બહાર આવે, તો તો ચૂંદડીને ઓળખી પાડે. ચૂંદડી અજાણી હતી. પણ એણે અંદર રહ્યે રહ્યે જ આજીજી કરી "આ ફેરે તો ત્યાંથી જ આંહી ફગાવી દ્યો."

"વાહ ચૂંદડી ! ખુશબોદાર ચૂંદડી ! કયારે વોરી આ ચૂંદડી ? અને કયે અતરીએ આવા અરક આણી આપ્યા ?"

એવું કેફ-ચકચૂર વેણ બોલતે બોલતે વીંજલે વળગણીએથી ચૂંદડી ખેંચીને મ્હોં ઉપર ફૂલોનો હાર દબાવતો હોય એમ દબાવી ચૂંદડી સુંઘી, ને અંદર ઘા કર્યો.

"આ ઓઢણી કોની ? આ તો મારી નહિ." અંદરથી કાચવાતો અવાજ આવ્યો.

"તમારી નહિ ? કોની ત્યારે ?"

"મને ખબર નથી. કોની? હું બળું છું–મને બળતરા–જાણે અગન–કાળી–લાય–"

"હેં? હેં? શું બોલો છો? ઊઘાડો, ઊઘાડો."

"બાપુ! બાપુ! ઉઘાડો." બહારને બારણે કોઈક બોલાવી રહ્યું છે.

"કોણ છે? શું છે?"

ગોકીરો વધ્યો: "બાપુ! ઝટ ઉઘાડો, ઝટ બહાર આવો."

"હું બળું છું–મને લાય–"

"મને ય આગ લાગી છે. મારા પેટમાં દાહ થાય છે." વાજો ઠાકોર બબડી ઊઠયો.

"બાપુ! ચારણ્યે લોહી છાંટયું. ચારણ્યનું ત્રાગું. ચારણ્યની ચૂંદડી મેડીમાં આવી છે. અડશો મા બાપુ." બહાર ગોકીરો ને બોકાસાં વધવા લાગ્યાં.

"ચસકા કોણ પાડે છે? કઇ ચારણ્ય? કયાંથી આવી ચારણ્ય? ચારણ્યની ચૂંદડી? આંહી કેવી? હું તો અડયો છું. મેં સૂંઘી છે. મને દાહ થાય છે. આગ ઊપડી છે. આગ–આગ–આગ–રૂંવાડે રૂંવાડે અગનના અંઘોળ–"

"અગનના અંઘોળ–" ઠાકોરના શબ્દનો જાણે ગુશલખાનેથી પડછંદો પડયો.

"અગનના અંઘોળ–અગનના અંઘોળ–અગનના અંઘોળ."

* * *

એક મહિનો–બે મહિના–છ મહિનાં: વાજા ઠાકોરના ગુલાબી દેહને

રોમે રોમેથી રક્ત પરૂના રેગાડા ચાલ્યા જાય છે. તેલે અને અર્કે ભભકતી એ મેડીમાં બદબો માતી નથી. ચાકરી કરનારાઓ ચાકરી મેલી મેલી ભાગી છૂટ્યા છે. અતરિયાઓએ સુગંધી અર્કોના કૂડલે કૂડલા ખૂટવાડયા છે, પણ બદબો દબાતી નથી. નાની નાની માખીઓ જ નહિ પણ મોટા મોટા નરકભક્ષી માખા પણ કોણ જાણે કઈ દુનિયાને કાંઠેથી દોડ્યા આવીને દરબારગઢમાં બણબણી રહ્યા છે. વાજા ઠાકોરનું પીંડ રૂના પોલમાં લપેટાઈને પડયું રહે છે. રજાઈઓ ને તળાઈઓ બાકી રહી નથી. પડયો પડયો એ એક જ પોકાર પાડે છે: "અગનના અંઘોળ ! અગનના અંઘોળ ! અગનના અંઘોળ !"

"એ ભાટ કયાં ગયાં ? એનાં છોકરાંને તેડાવોને ! મારે જોવાં છે." આવું આવું એ લવતો થયો.

પાસવાનોનાં મોંમાં જવાબ નહોતો. ભાટવાડો ઉજ્જડ હતો. ભાટનાં છોકરાં ઇશ્વરને આંગણે રમવા ગયાં હતાં.

"મારે ભાટોનાં છોકરાં ભેળું રમવું છે. સાત તાળી દા[ ] રમવો છે. મને હેમાળા ભેળો કરો. હવે મારે લેપ દવા નથી કરાવવાં. હેમાળા ભેળો કરો."

મ્યાનામાં રૂના પોલની બિછાત કરી. વીંજલ ઠાકોરનો રક્તનીતરતો દેહ સગાંવ્હાલાંઓએ હિમાલયની ઉત્તરાદી દિશાએ ઉપાડી મૂકયો.

## પ્રકરણ પાંચમું

### માંડળિકનું મનોરાજ્ય

ગિરનારની આસપાસ રાસમંડળ રમતી હોય એવી ડુંગરમાળા-માંથી આજે જેને દાતારનો ડુંગર કહેવામાં આવે છે તેની તળેટીમાં એક જુવાન પુરુષ એક બુઢ્ઢા આદમીથી જુદો પડતો હતો. અજવાળી સાતમનો ચંદ્રમા એ વૃદ્ધની રૂપેરી લાંબી દાઢીને પોતાના તેજમાં ઝબ-કોળતો હતો અને આ જુવાનના કમ્મર સુધીના અધખુલ્લા દેહની છાતી ઉપર ઝળહળતાં રત્નો સાથે કટારના ખેલ પણ કરતો હતો.

" કાંઈ અંદેશો તો નથી ને રા'?" બુઢ્ઢાએ દાઢી પર પંજો પસારીને હસતાં હસતાં પૂછ્યું.

" નહિ સાંઈમૌલા," જુવાને જવાબ દીધો. " મારામાં સત હશે ત્યાં સુધી હું અંદેશો શા સારૂ રાખું? બાકી તો જમાનાનાં પૂર હું કેમ કરીને ખાળી શકીશ? તમે તમારે સુખેથી રહેઠાણ કરો, તમે તમારો ધર્મ પાળો, હું મારો પાળીશ."

"ધરમ એક જ છે રા'! ઇન્સાનિયત; ઈન્સાનની ચાકરી."

"બસ, બસ, અમારા બ્રાહ્મણો ને સાધુઓ એ જ ધરમને ચૂકયા છે. આજ સુધી આ કોઠીઆં અને પતીયાં સડેલાં શ્વાનોની માફક

વાઘવરૂને અને દરિયાનાં મગર માછલાંને ફેંકાઈ જતાં, તમે તેમની ખિદમત આદરી છે. તમારી પાસેથી ભલે અમારા હિંદુઓ એટલી માણસાઈ શીખતા."

"આંહી આવતા જતા રહેશો ને?"

"આવીશ. મને તમારી ધર્મચર્ચા કરવાની સુલેહભરી રીત ગમે છે, દાતાર જમીયલશા!"

"ખમા. પધારજો."

જુવાનના પગની મોજડીઓ એ રાતની ખાડા ટેકરાળી ધરતી પરથી દરેલાં પગલાં ભરતી ગઈ. એની ગરદન ઉપરથી ખભાની બેઉ બાજુ ઝૂલતા દુપટ્ટાના બેઉ છેડા એના ગોઠણનાં વારણાં લેતાં ગયાં. એની મોખરે મોટે કાકડે બળતી હેમની મશાલ ચોખા દીવેલ તેલની સોડમ ફેલાવતી હતી. એની પાછળ પાછળ હથિયારધારી લોકોનું એક ટોળું ચાલતું હતું. બુઠ્ઠા સાંઇની ઝૂંપડી ફરતા ફુલબાગને જોતો જોતો એ પુરુષ બાગની બહાર આવીને ઘોડા પર છલાંગી બેઠો. એની બાજુમાં બીજો ઘોડેસ્વાર હતો. એની ઉમ્મર પિસ્તાલીશેકની હોવી જોઇએ. એનો લેબાસ બાલાબંધી લાંબા અંગરખાનો હતો ને એના શિર ઉપર મધરારી મોળીયું હતું.

જુવાને એ આધેડ સાથીને પૂછ્યું: "સાંઇ લાગે છે સુજાણ."

"હોય જ ને બાપુ. લાંબે પંથેથી આવેલ છે. પારકો પરદેશ ખેડવો એટલે સુજાણ તો થવું જ પડે ના!"

"ક્યાંથી આવે છે?"

"સિંધના નગરઠઠ્ઠાથી."

"જુવો રક્તપીતીયાંની ચાકરી કરી રહ્યો છે! આપણા હજારો જોગંદરો ગિરનારમાં પડયા પાથર્યા છે. પણ એ કોઈને કેમ આ

પરદેશી સાંઈની જેમ કોઢ પીતની ઔષધિ ગોતવાનું ન સૂઝ્યું ? આપણા બ્રાહ્મણોને દામાકુંડની દક્ષિણા ઊઘરાવતાં જ આવડ્યું કે બીજું કાંઈ ?"

"પારકા પરદેશમાં પેસવાની વિદ્યા આવડવી જ જોવે તો બાપુ !"

"એમ કેમ મર્મમાં બોલો છો વીશળ કામદાર ?"

"ના, સવળું જ બોલું છું મહારાજ ! આ ફકીર તો ઘેર ઘેર ઘોડીયાં બંધાવવામાં ય પાવરધો છે."

"આપણા જોગી જતિઓએ ને બ્રાહ્મણોએ જ લોકોને એ ચાળે ચડાવ્યાં છે ને ? મેં તો સાંભળ્યું છે કે તમારે ત્યાંથી ય શેર માટીની ખોટ પુરાવવા સાંઈને મલીદા પહોંચ્યો છે."

સાથી ચૂપ રહ્યો.

"કેમ સાચું ને કામદાર ?" એમ બોલતો યુવાન થોડું હસ્યો.

"ઠીક છે મહારાજ ! એ બધી વાત તો જાવા દઈએ, બાકી આપણે પરદેશીઓથી સંભાળવું."

"હું તો કહું છું કામદાર, કે આપણે આપણી જાતથી જ સંભાળવું. જો ફોડકી થાય તો માખી બેસે ને ?"

દામાકુંડમાંથી આણેલા પાણીનું માથાબોળ સ્નાન કરીને આ જુવાન જ્યારે ઉપરકોટના રાણીવાસની અટારી ઉપર ચડવા લાગ્યો ત્યારે નગારે દાંડી પડી, શંખ ફુંકાયા, અને છડીદારે નકીબ પોકારી "ઘણી ખમ્મા સોરઠના ધણી ગંગાજળીઆ રા' માંડળિકને."

ઓરડા પછી ઓરડા ઓળંગતો એ ત્રિપુંડધારી જુવાન અંતઃપુરમાં દાખલ થતો હતો ત્યારે એની બે ય બાજુએ ઊભેલી વડારણોની હારમાંથી

એને માથે ફૂલોના, ગુલાબજળના, અક્ષત અને ચંદનનાં છાંટણાના મેહુલા વરસી રહ્યા. ઓવારણાં લઇ લઇને એ રમણીઓ મેડી ઊતરી ગઇ; ને રા' માંડળિકને કાને, છેલ્લા ખંડમાંથી ધીરી ધીરી તાળીઓના તાલે જડાએલા સૂર સંભળાયા—

તમસું લાલા! તમસું લાલા!
તમસું લાગી તાળી રે
નંદના કુંવર કાન મુંને
તમસું લાગી તાળી રે

ગાતી ગાતી, તાળીઓ પાડતી ને ગોળ કુંડાળે એકલી રાસ ખેલતી, ઘેરદાર ઘાઘરાની દરિયા–લેરે હીંચતી એ જુવાન રાજપુતાણી રા' તરફ ફરી; ને રા'એ પુછ્યું "કોણસું લાગી તાળી રે?"

"તમસું લાગી, તમસું લાગી—હાથ ધરો–તમસું લાગી–" એમ ગાતે ગાતે એણે રા'ના ખુલ્લા પંજામાં સામી તાળીઓ દીધી, ને રા'ની કમ્મરે જમણો હાથ કમ્મરબંધની માફક લપેટી લીધો. પછી રા'ને પોતાની સાથે ફુદડી ફેરવતી ફેરવતી ગાતી રહી--

"કંકાવટીમાં કેસર ઘોળ્યાં
વીસરી ગઇ થાળી રે
"ખીચડીમાં તો ખાંડ નાખી ને
"સેવ કીધી ખારી રે
"તમસું લાગી, તમસું લાગી
"તમસું લાગી તાળી રે
"તમસું...........

રા'એ એને તેડી લઇને અદ્ધર ઊંચકી પૂછ્યું.

"ભાન ભૂલી ગયાં છો કુંતાદે?"

"તમસું લાગી—" એ ગાતી રહી.

"આવું ભાનભૂલાવણ ગીત કોણ શીખવી ગયું?

"ભાન વિનાનું અમારૂં સ્ત્રીપણું જ શીખવી ગયું."

"ના, ના, કહો તો? આ તો ભારી મસ્ત ગીત છે."

"તમારા માનીતા રાવણના શિવ–તાંડવના કરતાં ય? શું બોલ્યું બોલોછો ને રોજ? લટા કટા, જટા, ફટા, ધગદ્ ધગદ્ ધગદ્ ધગદ્ વિલોલ વીચિ વલ્લરી! એના કરતાં ય વધુ ભાનભૂલાવણ?"

"એમ ન કહો. રૂદ્રની એ સ્તુતિ સાથે તો કોઇ ગીતને ન સરખાવો."

"તમારૂં એ રૂદ્રનું, તો આ મારા મુરલીધરનું."

"મુરલીધર પણ મારો તો વડવો છે ને?"

"બસ ત્યારે, આ ગીત પણ તમારા જ કંઠમાં આરોપું છું ને?"

ફરી ગાતી ગાતી જાણે એ ગીતની ફુલમાળા રા'ના ગળામાં આરોપતી ગઇ—

ચોળી પે'રી ચણિયો પે'ર્યો,
ભૂલી ગઇ સાડી રે
નાક કેરી નથડી મેં તો
આંગળીએ વળગાડી રે

તમસું લાલા ! તમસું કાના !
તમસું લાગી તાળી રે

"પણ કોણે બતાવ્યું ?"

ઊપરકોટની ઊંચી અટારી પરથી એણે નીચે ફળીએફળીયું દેખાતા શહેર પર આંગળી ચીંધી—

"આજ અત્યાર લગી વાટ જોતી બેઠી હતી. તેવામાં, જો ત્યાં દૂર એક ખડકી દેખાય છે ને, ત્યાંથી આ સૂર આવ્યા. ગળું તો પુરુષનું લાગ્યું, પણ કોઇક ગાંડોતૂર થઇને ગાતો હતો. મશાલ બળતી હતી. તેને અજવાળે અમે બાઇઓ લઇએ તેવા રાસ પુરુષો લેતા હતા. ને એ કૂંડાળાની અંદર કડતાલ બજાવતો બજાવતો એક ત્રીશેક વર્ષનો જુવાન ગાતો હતો." રા'નું મુખ મલક્યું.

"ઓ હો ! નાગરનો છોકરો નરસૈંયો કે ? એ છોકરો ગામ ગાંડું કરતો કરતો તમારા સુધી પણ આવી પહોંચ્યો ને શું ? મારે તમારા પર ચોકી બેસારવી પડશે."

બીજા ઓરડામાં ભોજનની થાળી લેવા જતી કુંતાદે 'તમસું લાગી'નાં તાન મારતી જતી હતી. થાળી લઇને પાછી આવતે આવતે પણ એનો દેહ એ જ તાલમાં થનગનતો હતો ને એનો ચણીયો જમણે પડખે ઝોલે ચડી પાછો ડાબી બાજુ ઝોળ ખાતો હતો.

થાળી મૂકીને એ બોલી: "શા માટે ચોકી ?"

"એટલા માટે કે એ નાગરના ફૂલફૂલ છોકરાનાં નૃત્યગીતમાં ગામની નારીઓ પણ ખેંચાતી ચાલી છે."

"તો કાં અમને નારીઓને ગાતી અટકાવી દીધી ? અમારાં હૈયાં

કાંઇ તમારા 'લટા, કટા, જટા ફટા', ને ધગદ ધગદ' થી ન સંતોષાય. અમારે તો 'તમસું લાગી તાળી રે......"

"સાચેસાચ ચોકી બેસારવી જ પડશે."

"બીજાને ભરોસે રહેવા કરતાં પોતે જ બેસો, પોતે." એમ કહી કુંતાદેએ રા'નો કાન આમળ્યો.

"પછી ધીંગાણે કોણ જાશે?"

"ધીંગાણાં શીદ કરો છો?"

"સોરઠના ખંડિયાઓ તમારા નરસૈયાના તાળોટાથી વશ થાય તેવા નથી ને? એના તો ફાડવા જોવે બરડા—આ રૂદ્રની કૃપાણને ઝાટકે ઝાટકે."

બોલતે બોલતે એની જમણી ભુજા સોમનાથના સાગર–તીર તરફ લાંબી થઈ. અને તેલના દીવાની જ્યોત એના કાંડાની ઉપસેલી નસો ઉપર રમવા લાગી.

"એવી અક્કડ ભુજાઓ આંહી મારા ઓરડામાં નહિ પોસાય." એમ કહીને કુંતાદેએ એ લંબાએલા હાથને પોતાના ગળા ફરતો વીંટી લીધો ને પતિના મોંમાં ભોજનનો પહેલો કોળીઓ મૂક્યો.

"ધરાઇને ધાન તો ખાઓ, નીકર ભુજાઓ કૃપાણ પકડી કેમ શકશે?"

"તમને એક ખબર આપું?" રા'એ ગંભીર ચહેરો કરીને કહ્યું. "વળી પાછાં કહેશો કે પહેલીથી કીધું ય નહિ! તમારા પીયર હાથીલા નગરને માથે જ મારી કૃપાણનો કાળ ભમે છે."

"શું છે તે?" કુંતાદે હાથીલાના ગોહિલ રાજકુળની દીકરી હતી.

"તમારા કાકા દુદાજીની ફાટય વધી છે. ઠેઠ અમદાવાદ સુધીની લૂંટો કરનાર એની રાજપૂતી હવે તો મારા ઉપર કાળી ટીલી બેસારવાની થઇ છે. પાદશાહનો સંદેશો આવેલ છે કે મારે એની ફાટય ઠેકાણે આણવી."

"તમારે શા માટે?"

"હું સોરઠનો મંડળેશ્વર મૂવો છું ને? મારા ખંડિયાઓને કબજે ન રાખું તો પાદશાહને તો બહાનું જ જોવે છે. ગઝનવીએ તોડયું સોમનાથ, તઘલખે તોડયું, ખીલજીએ તોડયું, હજીય તોડવાનો લાગ જોવે છે સુલતાન એહમદશા. એને તોડવાં સ્હેલ છે, આપણે ફરી ફરી બંધાવવાં દોયલાં છે. રાજાઓને તો લૂંટારા ને ડાકુ થઇ પોતપોતાનાનાં અમન ચમન સાચવવાં છે, પણ હું ઠર્યો ગંગાજળિયો, હું એકલો આડા હાથ દઇને કયાં સુધી ઊભો રહું?"

નિઃશ્વાસ નાખતા રા'ના તાજા સ્નાને ભીના ખંભાઢળક કેશમાંથી, મહેશને માથે જળાધારીમાંથી ટપકે તેવું એક જળ–ટીપું ઝર્યું.

"હા! હા!" કુંતાએ ય ઊંડો નિસાસો નાખ્યો: "આજ એ એક હોત–તો એકે હજારાં થઇ રહેત."

"કોણ?"

"મારા કાકા હમીરજી."

"હમીરજી ગોહિલ તો શંભુનો ગણ થઇ ગયો દેવડી! એની શી વાત?" બોલીને રા'એ ફરીવાર સોમૈયાજીની દિશામાં હાથ જોડી લલાટે અડાડયા. "કલૈયો હમીરજી! એને ને મારે વધુ નહિ, ફક્ત પચીશેક વર્ષોનું છેટું પડી ગયું. હું એટલો વહેલો કાં ન જન્મ્યો? એની વાત સાંભળી છે ને?"

"ત્રૂટક ત્રૂટક, ચોરીછૂપીથી, કોઇ કોઇ વાર. કારણ કે કાકાબાપુ હાથીલામાં કોઇને એ કથા કહેવા દેતા નથી."

"ન જ દિયે તો. હમીરજીની પરાક્રમ-કથામાં દુદાજીની તો હીણપત ભરી છે ખરી ને? એના પગની કેડી તો સાવઝ-કેડી છે, કુંતા! એ મારગ સોરઠ ખાતે સદાને માટે ઉજ્જડ પડયો છે. અમે કોઇ એ પંથે પગલું દેનારા રહ્યા નથી. અમારું દૈવત આથમી ગયું."

જમી કરીને રા'એ પોતાનો નાનકડો સતાર લીધો. "બેસ દેવડી! હમીરજીને બિરદાવીને પછી જ સૂવું છે આજ તો."

એક પગ ઉપર બીજો ટેકવીને રા'એ સતાર પોતાના ખોળામાં ગોઠવ્યો. કુંતાદેએ રા'ની એક આંગળીમાં નખલી પહેરાવી.

ઉપરકોટની એ જ એ ગોખ-બારી, જ્યાં બેસીને એક રાતે માંડળિકના વડવા રા' કવાટે બીન બજાવ્યું હતું; હરણાંનાં વૃંદેવૃંદ એના બીનને સૂરે ખેંચાઇ આવીને ગોખ ઉપર કૂદાકૂદ કરતાં હતાં; ને રા'ની હત્યા કરવા એ મહેલમાં છુપાએલા મારાઓએ પ્રકટ થઇને તલવારો કવાટના ચરણોમાં નાખી દીધી હતી. એ જ આ બારીમાં વર્ષો વીત્યે ફરી સતારના ઝંકાર બોલી ઊઠયા. ઝંકારે ઝંકારે માંડળીકના ગાલ ઉપર ટશરો ફૂટી. ઝંકારે ઝંકારે ગોહિલોની કુમારી કુંતાદેના હૈયાએ રસિયા, વીર અને ભક્તહૃદય રા'નાં છાનાં વારણાં લીધાં. ચણીઆનો ઘેર એના સોટા સમા દેહની આસપાસ પથરાઇ પડયો હતો. ચૂંદડીની કસૂંબી એના દેહ ફરતી ફુલવેલડી સમી વીંટળાઇ વળી હતી.

સતાર કોઇ કોઇ બજવૈયાના હાથમાં જીવતું જાગતું માનવી બની જાય છે. હાજરાહજુર હોંકારા દેતો સતાર રા'નાં ટેરવાંને રડું રડું કરાવી રહ્યો. ને રા'ના કંઠમાંથી શબ્દો રેલ્યા—

વેલો....ઈ....આવે વીર
સખાતે સોમૈયા તણી

હી....લો....ળવા....હમી....ર
ભાલાંની અણીએ ભીમાઉત !

"ભીમજી ગોહિલ તારો ડાડો, દેવડી ! ડાહ્યો ને ચતુર સુજાણ રાજપૂત. ભડલી વાળા રા' કાનની કુંવરીને પરણેલો. કુંવરી એક ફકીરની સાથે અવળપંથે પળેલી. મૂળ તો એ ફકીર નહિ, પણ દિલ્હી બાજુનો અમીર હેબતખાન. ભડલીને પાદર નીકળ્યો હશે. ને કુંવરીમાં લોભાઈ નદીને સામે કાંઠે દરવેશ બની ઝૂંપડી બાંધી બેસી ગયો હશે. કુંવરી રોજ રાતે ભોજન–થાળી લઈને જાતી'તી. વાત પ્રગટ હતી. તારો ડાડો એને નો'તો તેડતો. ઘરમાં ડાહી ફુઈ રાજપૂતાણી : કહ્યું, બાપ ! બહુ વરસ વીત્યાં. મનાવીને તેડી આવ. ભીમજી ગોહિલ તેડવા જાય છે. એને સૂતો મેલીને કુંવરી કાળી મેઘલી મધરાતે થાળ લઈને ચાલી નીકળે છે. અણઝંપ્યો ભીમજી તલવાર સંભાળે છે, પાછળ પાછળ છુપાતો ચાલે છે. ઝૂંપડીએ પહોંચેલી કુંવરીને ફકીર 'કેમ મોડી આવી' કહી સોટા ખેંચે છે. તોય પ્રેમમાં અંધી કુંવરી પાલવ પાથરે છે. નદીએ પાણી લેવા જાય છે. પાછળ ભીમજી ફકીરને ઝાટકે દે છે. ફરી છૂપાય છે. કુંવરી આવીને મૂવા સાંઈને મોઢે પાણી મેલે છે કે તારા મારતલને મોત ભેળો કરી કરાવીને હું છાશ ફેરવીશ. તારા જીવને ગત કરજે.'

"ભયંકર ! ભયંકર ! ભયંકર નારી ! હાથીલા પાછો વળ્યો આવનાર ભીમજી ફુઈને આ ભયંકર કથા વર્ણવે છે. ત્યારે ફુઈ કહે છે કે બાપ, એના પેટના કેવા પાકે ! કેવા સાવઝ પાકે ! જાતી રાજપૂતીને રાખે કો બાપ ! તેડી આણ, ને રાજપૂતીનાં રતન પકવ્ય એના ઓદરમાં.

"એ ઉદરમાં પાકેલું રતન તારો કાકો હમીરજી. દેવડી ! એ ઉદરમાં. ત્રણે ભાઇઓમાં સૌથી નાનેરો. કાચો કલૈયો. તારા બાપુ અરજણજી ને કાકાબાપુ દુદોજી આંહી જુનાગઢ મારા બાપની ચાકરીમાં રોકાયા હતા. હમીરજી એકલો ઘેરે. સાંભળે છે કે સોમનાથને તોડવા પાદશાહી ત્રીજી વાર આવે છે. ને કોઇ કરતાં કોઇ રાજબીજ દેવોના ય દેવ મહેશ્વરની મદદે કાં ન ચડે ! પોતે એકલો નીકળે છે. ભેળા એકલોહીયા, થોડીક માટીના ઘડેલા, થોડાક મરણીયા જોદ્ધા છે. માર્ગે કોઇ ક્ષત્રી ? કોઇ રાજબીજ ? કોઇ હિન્દુ ? ના, ના, ના, દેવડી ! તારો કાકો એકલવીર : સૂના પંથનો એક જ સાવઝ : મોં ઉપર મોતના સોહાગ માણવાની મીઠાશ : જીવતરના પ્રભાતને પછવાડે ઠેલતો, મોતની સંધ્યાનો માણતલ, ગોહેલ હમીર જ્યારે ચાલી નીકળ્યો છે, ત્યારે દુદાજીની રાણી તારી કાકીએ નથી હાથમાં શ્રીફળે ય દીધું, નથી કપાળે ચાંદલો ય ચોડયો, નથી એક આશિષનો ય બોલ ઉચ્ચાર્યો, ઘરમાંથી મડું કાઢે તેમ દેવરને કાઢયો. તું તો તે દિ' ઘોડીએ હઇશ."

"મા કહેતી'તી એક દિ', કે છેલ્લી વેળાએ કાકા મને એક બચી કરીને એક હીંચોળો નાખતા ગયેલા."

"એ બચી હું તારા મોં માથે આજ પણ લીલી ને લીલી નિરખું છું કુંતાદે. એવાં વહાલનાં ને એવી વિદાયનાં અમી સૂકાય નહિ કેદિ. એના પંથમાં રાજપૂત ભાઇઓની બથભરી ભેટો નહોતી, ચારણોના ખમકારા નહોતા, વસ્તીનાં વળામણાં નહોતાં, તરઘાયાની ડાંડીઓ કે શરણાઇના સિંધુડા નહોતા; બ્રાહ્મણોના આશિર્વાદો નહોતા, સોરઠની વાટ સુલ્તાનની ફાળ ખાધેલી વરાળે સળગી ઊઠી હતી. માનવી માત્ર ચકલ્યાંની જેમ મહેલે ને કૂબે સંતાઇ બેઠાં હતાં—હાય જાણે પાદશાહ પાછળથી બાતમી કાઢીને વીણી વીણી ઘાણીએ પીલશે. એને પગલે વારણાં લેતું'તું મોત, મોત, એકલું મોતઃ ટાઢુંબોળ એકલું મોત.

એ મોતની મીઠી લાવણી એણે મારગને કાંઠે સાંભળી. નાનકડા એક નેસડામાંથી, પરોડને પહેલે પહોરે એને કાને કોઈક નારી–કંઠના મરશીયા પડયા. એણે ઘોડો થંભાવ્યો. ધરાઇ ધરાઇને રોણું સાંભળ્યું. રોણું પૂરૂં થયે એણે ઘોડો નેસમાં લીધો. પૂછ્યું "કોણ ગાતું'તું મરશીયા ?"

"બાપ, હું હતભાગણી ગાતી'તી. અપશુકન થયાં તું વીરને ?" આંસુ ભીંજેલી આંખે એક ડોશીએ ઓસરીમાં આવીને કહ્યું.

"ના આઇ ! સાચાં શુકન સાંપડ્યાં. જોગમાયાનાં બાળ છો ?"

"હા બાપ, રંડવાળ્ય અને વાંઝણી ચારણ્યનો અવતાર છે મારો."

"કોના મરશીયા કહેતાં'તાં આઇ ?"

"છોકરાના. પેટના પુતરના. પંદર જમણ પૂર્વે પાછો થીયો છે. એકનો એક હતો."

"જીવતે લાડ લડાવનારી મા ! મૂવા પછી ય શું તું બાળને આટલો લડાવી જાણુ છ ?"

"માનો તો અવતાર જ એવો કરી મૂકયો છે ને ભાઇ !"

"આઇ ! મારા ય એવા મીઠા મરશીયા કહેશો ? મારે સાંભળતા જાવું છે."

"અરે મારા વીર ! તારા મરશીયા ? તું જીવતે ! તને જો મુવો વાંછું તો હું ચારણ્ય આવતે ભવે ય દીકરો પામું ખરી કે ?"

"મા, હું જીવતો નથી. જગતે મને મૂવો જ ગણ્યો છે. હું તો મસાણને મારગે જાતું મકું છું. હું એવે ઠેકાણે જાઉં છું, કે જ્યાંથી જીવતા પાછા આવવાનું નથી. મોતને તેડે જાઉં છું."

'ક્યાં ?'

'સોમૈયાની સખાતે.'

એ નામ કાને પડતાંની વારે જ ત્યાં ભેળું થયેલું ગામ તેતરનો ઘેરો વીંખાય તેમ વિખરાઇ ગયું. બુઢ્ઢી ચારણી એકલી પોતાના ફળીમાં ઊભી ઊભી આ જુવાનને જોઇ રહી. 'તું ! તું એકલ ઘોડે ! સોરઠ આખી ય બ્હીને ઘરમાં બીઠલ છે, તે ટાણે તું એકલો ? મા, બાપ, બેનડી, ભાઇ, ભોજાઇ, કે ચૂંદડિયાળી રજપૂતાણી, કોઇ કરતાં કોઇએ તુંને રોક્યો નહિ ?'

'રોકનારું કોઇ નથી. હોત તો યે જાનારને રોકનાર કોણ ? આઇ ! ઝટ મને મારા મરસિયા સંભળાવો. મને મોત મીઠું લાગે એવું કરો. મારે ને સોમૈયાને છેટું પડે છે મા !'

'પણ તું કોણ છો ?'

'ગોહિલ છું.'

'ગોહિલ ? મોરલીધરનો ઉપાસી તું મહાદેવને કારણ મરવા જાછ ?'

'હું શાસ્તર ભણ્યો નથી· આઇ ! દેવ દેવ વચ્ચેના ભેદનો ભરમ મેં જાણ્યો નથી. જાણીને કરવું છે ય શું ?'

'કયું ગામ તારું ?'

'હાથીલાનો હું ફટાયો : નામ હમીરજી.'

'ભીમજીનો પુતર ?'

'હા મા. મારા મરસિયા ભણો.'

ચારણી થોથરાઇ.

'પાદશાથી બીતાં હો, તો નહિ હો મા.'

'બીઉં છું, પણ પાદશાથી નહિ.'

'સમજ્યો છું આઇ! મારા ભાઇઓથી.'

'ન સમજ્યો બાપ! ફોડ પડાવ મા. અટાણે તો તું તારે જા, ને ચારણીનું વેણ લેતો જા, કે તું દેવપાટણમાં જુદ્ધ કરતો હોઇશ તયેં મારા મરસિયા સાંભળતો સાંભળતો જ મોતને ખોળે પોઢીશ. આજ તો મને માફ કરજે બાપ!" ચારણીએ ખોળો પાથર્યો.

'સમજાણું હવે. વાણી તમારી ખોટી પડે એ બ્હીક.'

'ખમા, ખમા બાપ હમીરજી. વાણીની આબરૂ વસમી છે. એ આબરૂનો કાંટો આખરી ઘડીએ જ તોળાય છે. ને ભલભલેરા એ અંતની પળે જ ભૂંડા દેખાતા હોય છે. મોતની વાતું તો વીર, સોયલી છે. પણ મોત સામું આવીને ઊભું રે' છે તયેં......'

'તમે સાચ્ચું કહ્યું માડી, તમારી વાણીને હું જોખમમાં નહિ મૂકાવું. હવે તો વચને પળજો, ને હું સાંભળું તેમ કહેજો હો! મોડું ન થાય હો મા!'

'વિશ્વાસે રે'જે.'

'ને પછી તો દેવડી! દેવપાટણના દરવાજા આડા ઓડા બાંધીને સુલતાની સેનાને ભાલાની અણીએ હીલોળતા તારા કાકાનું મોત એ જ ચારણ્ય ડોશીના આ મરસિયાથી અમીયલ બન્યું હતું.'

સુતારના ઝંકારે ઝંકારે રા'ને કંઠેથી સોરઠા નિગળવા માંડયા—

વેલો–વેલો–વેલો આવ્યે વીર
સખાતે સોમૈયા તણી.

હી લો ળ વા   હ મી ર

ભાલાંની અણીએ ભીમાઊત !

હે ભીમજીના પુતર, વહેલો આવ, વહેલો આવ, વહેલો આવી પહોંચ.

પાટણ આવ્યાં પૂર

ખળહળતાં ખાંડાં તણાં

શેલે માંહી શૂર

ભેંસાસણ શો ભીમાઊત.

સુલતાની ખડગોનાં ધસમસતાં પૂર દેવપાટણ ઉપર આવ્યાં, તેની અંદર ઓ મારા વીર હમીર, જંગી પાડા જેવડો શૂરો જાણે તું શેલારા દેતો દેતો તરતો ઘૂમે છે.

વેળ તુંહારી વીર

આવીને ઉવાંટી નહિ

હાકમ તણી હમીર

(આડી) ભેખડ હુતી ભીમાઊત !

પણ ઓ વીરા મારા ! તારાં શૂરાતનની સાગર–વેળ ત્યાં આવીને ઓળંગી ન શકી. કારણ કે આડે સુલતાનની પ્રચંડ ફોજ રૂપી ભેખડ ઊભી હતી.

'આખરે તો પડવાનું જ હતું. તારા કાકાનું શિર પડયું, ધડ લડયું, ધડ પડયું, ઘોડો પડયો, અને એ ભેળું કોણ કોણ પડયું ? દેવડી ! ન કોઇ રાજા, ન કોઇ બ્રાહ્મણ, ન કોઇ જતિ સતી, શંભુના નામે બે હજાર ગામડાંનો ગરાસ ખાનારા ને ગુલતાન કરનારા કોઇ કરતાં કોઇ દાઢી મૂછના ધણી નહિ, પણ—

તું પડતે પડિયા
હર, શશીયર, હીમાપતિ
છો ચૂડા ચડિયા
ભજ તોય ભાંગ્યે ભીમાઊત !

તારા પડવા ભેળા જ પટકાઇ પડયા, એક શંભુ પોતે, બીજો શંભુનો વરદાનધારી ચંદ્રમા, ને ત્રીજા હીમાચળના ધણી પ્રજાપતિ પોતે. એક તારી ભુજાઓ ભાંગતે તો એ ત્રણેની સ્ત્રીઓના છ યે હાથના ચૂડા ભાંગ્યા. ત્રણે રાંડી પડી,

વન કાંટાળાં વીર !
જીવીને જોવાં થીયાં
આંબો અળવ હમીર
મોરીને ભાંગ્યો ભીમાઊત !

ઓ મારા વીરા ! તારા જેવો આંબો, શરાતનની શીતળ ઘટા પાથરવા જેવડો થાય તે પહેલાં, જયાં મોર બેઠા ત્યાં જ ભાંગી પડયો. હવે અમારે સંસારમાં શો સ્વાદ રહ્યો ? હવે આંબાનાં દર્શન કયાં પામવાં છે ? હવે તો જીવવું છે ત્યાં સુધી કાંટાળાં ઝાડવાંથી ભરેલાં જંગલો જ જોવા રહ્યાં છે. હવે તો સોરઠની ધરા માથે ઊભાં છે એકલાં ઝાળાં ને ઝાંખરાં.

'દેવડી !' રા'એ સતાર ધીરેથી નીચે મૂકયો ને કહ્યું, 'તારા કાકા જેવું મંગળ મોત કોને મળશે ? આજ કાલ કોનાં પ્રારબ્ધમાં આબરૂભેર અવસાન પણ રહ્યાં છે ? હે રૂદ્ર ! મસાણના સ્વામી હે મહેશ ! તારે ખોળે...'

'અત્યારે તો મારે ખોળે...' કુંતાદેએ રા'ને પોતાની છાતીએ ખેંચી લઈને કહ્યું; 'આબરૂભેર જીવતર તો જીવી લ્યો.'

પછી એ રાત્રિના ચોથા પહોરે જ્યારે ચોઘડીઆં બજવા લાગ્યાં, ત્યારે રા' અને કુંતાદે ગોખની બારીએ ડોકાં કાઢીને કોઈક ગગનગામી ગળાના પ્રભાતી-સૂર સાંભળી રહ્યા હતાઃ—

નિરખને ગગનમાં કોણ ઘૂમી રીયો
કો....ઓ....ણુ ઘૂ....મી રીયો....નિ....ર....ખ....ને—

*　　*　　*

## 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે

'નિરખને' એ બોલે કોઈક કાકલૂદી કરતું હતું. 'કોણ ઘૂમી રીયો' એ સુરો આકાશમાં એક વિરાટનું આલેખન કરતા હતા. અને માંડળિક પોતાના બોલથી રખે જાણે એ સંગીતબાંધી હવાને આંચકા લાગશે એવી બ્હીકે હળવાફૂલ અવાજે કહેતા હતા—

'દેવડી! નાગર જુવાન નરસૈયો ગાય છે.'

'હોય નહિ. આ તો બુલંદ સૂર ને ગંભીર શબ્દો...'

'એ જ છે કુંતા. એ બાયડિયો, નાચણકૂદણીયો ને કેવળ કરતાલીઓ નથી. એ બ્રહ્મજ્ઞાની છે, જોગી છે. મેં એને ઓળખ્યો છે. નથી ઓળખતાં એને એનાં જ રાસખેલડીયાં ટોળાં.'

# પ્રકરણ છઠ્ઠું

## ગંગાજળિયો

સવાર હજી પૂરું પડ્યું નથી. હમેશાં પ્રભાતે ઠેઠ કાશીથી અવનારી ગંગાજળની કાવડની રાહ જોતો રા' માંડળીક સ્નાન વિહોણો બેઠો છે. કોઇ કહે છે કે છેક કાશીથી જૂનાગઢ સુધી રોજેરોજ રા' માંડળિક માટે ગંગાજળની કાવડો ચાલતી. એ કાવડના ઉપાડનાર કાવડિયા પલ્લે પલ્લે બદલાતા આવતા. એ રોજ તાજા આવતા ગંગાજળે સ્નાન કરતો તેથી ગંગાજળિયો કહેવાયો છે; ને કોઇ કહે છે કે ગંગાજળની ને કાશ્મીરનાં ફૂલોની એ છાબડી લઇને રોજેરોજ આવતી કાવડ તો સોમૈયા દેવનાં સ્નાનપૂજન માટે જ ગોઠવાઇ હતી, એટલે ગઢ જૂનાનો રા' તો એ સોમૈયા દેવની કાવડનો રખેવાળ, ઉપાડનાર હોવાથી ગંગાજળિયો કહેવાણો છે. કાવડના રખેવાળો ને ઊંચકનારાઓ દર થોડા થોડા ગાઉને પલ્લે બદલાતા આવતા. રા'નું રખોપું સોરઠમાંથી શરૂ થતું. હિંદુ રાજાનો એ મહિમા હતો.

કોણ જાણે. પણ રા' માંડળિક ગંગાજળની કાવડની વાટ જોતો બેઠો હતો. સૂરજનું ડાલું હજુ સહસ્ર પાંખડીએ ઊઘડ્યું નહોતું. તે વખતે ઉપરકોટની દેવડી ઉપર નીચેથી કાંઇક કજિયો મચ્યો હોય તેવા બોલાસ આવવા લાગ્યા. તરવારનો કજિયો તો નહોતો એની રા'ને ખાત્રી હતી. તરવારની વઢવેડ બોકાસાં પાડી પાડીને નથી થાતી.

તરવારો જ્યારે ખેંચાય છે ત્યારે ગોકીરા બંધ થાય છે. પછી તો ફક્ત સબાસબી ને ધબાધબી જ સાંભળવાની રહે છે.

ગોકીરા નજીક આવ્યા તેમ તેમ તો કજિયા કરનારાઓની ન્યાત જાત પણ પરખાણી. વણિકોના ટંટામાં હાહોકારા ને ન સમજાય તેવી શબ્દગડબડ હોય છે. આ તો સંસ્કૃત ભાષામાં સામસામા ઉચ્ચરાતા શાપો હતા.

દ્વારપાળ આવીને વરધી આપે તે પૂર્વે તો રા'એ કહ્યું :

'કોણ ગોર બાપાઓ છે ને ?'

'હા મહારાજ. દામા કંડેથી પરબારા બાઝતા આવે છે.'

'શું છે ?'

'મહારાજ પાસે ન્યાય કરાવવો છે.'

'શાનો ? દક્ષિણાની વ્હેંચણનો જ હશે.'

'હા મહારાજ.'

'હું જાણું ને ? બ્રાહ્મણોની લડાલડીમાં તે વગર બીજું હોય જ શું ?'

ગોખેથી રા'એ ડોકું કાઢ્યું. નીચે ટોળું ઊભું હતું. લાંબા ચોટલા, અરધે મસ્તકે ધારીઓ, કપાળે ત્રિપુંડો, મોંમાં તમાકુવાળી ચોસ્વાડી પાનપટીઓના લાલ લાલ થુકના રેગાડા, ને મેલીદાટ જનોઇઓ.

'આશીર્વાદ મહારાજ.' સૌએ હાથ ઊંચા કર્યા.

'મોંમાંથી શરાપ સૂકાણા નથી ત્યાં જ આશિર્વાદ કે ?' રા'એ વિનોદ કર્યો.

બ્રાહ્મણો શરમાયા.

'સંસ્કૃતમાં ગાળો દેવાની ઠીક મઝા પડે, ખરું ને દેવો ?' રા'એ વિનોદ વધાર્યો. 'છે શું ?'

'આ છે કજિયાનું મૂળ મહારાજ !' પાંચેક હાથો એકસામટા ઊંચા થયા. એ પાંચે હાથોએ ઝકડીને ઝાલેલો હતો એક સોનાનો હાથી. 'આની વ્હેંચણ કરી આપો રાજન !'

'અટાણમાં કોણ ભેટ્યો આવો દાનેશ્વરી ?' સોનાના હાથીની દક્ષિણા દેખી રા' ચકિત થયા. 'લાવો અહીં.'

રા'ના હાથમાં પાંચે બ્રાહ્મણોએ હાથી સોંપ્યો.

'કોણ હતું ?'

'અમને પૂરું નામ ઠામ તો આપતા નહોતા. પણ એક રક્તપીતીઓ રાજા હતો. એનું નામ વીજલ વાજો કહેતા હતા.'

'વીજલજી ! વાજા ઠાકોર વીજલજી ? ઊના દેલવાડાના ? રક્તપીતીઆ ? બ્રાહ્મણો, આ તમે ખરું કહો છો ?'

'સાંભળવામાં તો એવું આવ્યું મહારાજ ! કોઈનો શરાપ લાગ્યો છે.'

'ક્યાં છે ?'

'ચાલ્યા ગયા. સવારના ભળભાંખડામાં દામેકુંડે ન્હાઈને પડાવ ઉપાડી મૂક્યો. વાતો કરતા હતા કે કોઈને શહેરમાં જાણ થવા દેવી નહિ.'

'કઈ દશ્યે ગયા ?'

'હેમાળે ગળવા હાલ્યા ગયા.'

'વીજલ રાજ, મારા બનેવી, રક્તપીતમાં ગળીને હેમાળે ગળવા હાલ્યા જાય છે? દોડો, દોડો, અરે કોઇ મારો અશ્વ લાવો.''

એક સમજુ બ્રાહ્મણ આગળ આવી કહેવા લાગ્યો.

'મહારાજ, થંભો. એણે આપનાથી જ અણદીઠ રહેવા પુડાવ પરબારો ઉપાડી મૂકેલ છે. એણે કહ્યું કે હું રગતકોઢીયો ગંગાજળિયા રા'ની નજરે થઇને એના દેહને નહિ જોખમું. મને આંહીથી ગુપ્ત માર્ગે ઉપાડી જાવ જલદી.'

'હું ગંગાજળિયો—ને હું મારા સ્વજનના રોગથી મોં સંતાડું? એ મારું ગંગાજળિયાપણું! ધૂળ પડી. લાવો, લાવો મારો રેવત.'

'એમ કાંઇ જવાય મહારાજ!' અમીરો, મહેતા ને મુસદ્દીઓ આડા ફર્યા. 'રાજા છો, લાખુંના પાળનાર છો.'

'ન બોલો, મોઢાં ન ગંધવો. મારે એ વખાણ ને વાહવાહ નથી જોતાં. ગઢ જૂનાને પાદરેથી રક્તપીતીઓ સ્વજન હાલ્યો જાય છે, ને હું ગંગાજળિયો ગંગાજળિયો કૂટાઇને ગર્વ કરતો બેઠો રહીશ? શો મહિમા છે મારાં નિત્યનાં ભાગીરથી—સ્નાનનો, જો મને દુનિયાના રોગનો ડર બ્હીકણ બનાવી રાખે તો?'

માંડળિક ઘોડો પલાણ્યો અને કાશીનો ને હિમાલયનો જગજાણીતો પંથ પકડી લીધો. ઘોડાની વાઘ એણે ઘોડાની ગરદન પર છૂટી મૂકી દીધી. ઘોડો ક્ષિતિજની પાર નીકળી જવા ભાથામાંથી છૂટતા તીર જેવો ગયો.

જોતજોતામાં વડાળનું પાદર વટાવ્યું. સામું જ કાથરોટા વરતાણું. સીમાડા ઉપર કોઇ કાફલો કયાંય નથી દેખાતો. પણ વચ્ચે આવતા એક વોંકળાની ભેખડ ઊતરતાં એણે કાવડ દીઠી—પોતાના રોજિંદા નાવણ માટે છેક કાશીથી વહેતી થયેલી ગંગાજળની કાવડ.

પોતે ઘોડો થંભાવ્યો. પૂછ્યું, 'કાવડિયાઓ, રક્તપીતીઆ રાજ વીજલ વાજાનો પડાવ સામે મળ્યો ?'

'હા, મહારાજ, પાંચક ગાઉને પલ્લે.'

'કાવડ હેઠી ઉતારો.' કહીને પોતે વસ્ત્રો કાઢવા લાગ્યો.

'મારા માથે આંહી ને આંહી જ હાંડો રેડી દો.'

ગંગોદકમાં તરબોળ દેહે ફરીથી એણે અશ્વ પલાણ્યો, અશ્વને ઉપાડી મૂક્યો.

કાવડિયાઓ વાતો કરતા ગયા:—

'રાજા વાજાં ને વાંદર્યાં ! કોણ જાણે શીય ચાળો ઊપડ્યો હશે ભાઇ ! હાલો, એટલો ભાર ઉપાડાવો મટ્યો. કોણ જાણે કંઇ સદ્ધાઇ રોજ ગંગાજળે ન્હાએ મળી જાતી હશે. નખરાં છે નખરાં સમર્થોનાં. સોમનાથને ત્રણ ત્રણ વાર તો રગદોળીને મલેચ્છો ચાલ્યા ગયા, કોઇનું રૂંવાડું ય થીયું'તું ખાંડું ? શું કરી શક્યો ડાડો સોમનાથ, કે શું આડા હાથ દઇ શક્યા શંકરના ભૂત ભેરવ ! ગયા ગતાગોળમાં શંકર ને કંકર સૌ સામટા. આ વળી એક જાગ્યો છે ચેટક્રીયો. થોડા દિ' મર ગંગાજળે નાઇ લે બચાડો ! એની ય એ વાળી જ થાવાની છે અંતે તો.'

આવી આવી બળતરા ઠાલવતા કાવડિયા જૂનાગઢ પહોંચ્યા. રોજ ગંગાજળની કાવડ ઉપાડનારાઓને મન એ પાણીનો મહિમા માત્ર બનાવટી ઠરી ચૂક્યો હતો.

'ઊભા રો' ! ઊભા રો' ! ઊભા રો !'

એવા રીડિયા પાડતો ઘોડેશ્વાર રા' છેક જેતલસર નામના ગામડાની સીમમાં વીજલ વાજાના મ્યાનાને ભાળી શકે છે. મ્યાનો

ઉપાડનારા ભોઇઓ ઘોડાવેગે ડાંફો ભરતા જાય છે. કોઇ કશું સાંભળવા થોભતા નથી. વસ્તીની નજરે થવાનું રક્તપીતીઆનું મન નથી. એની સૂરતા તો એક માત્ર હિમાલય ઉપર જ ચોંટી છે. જિંદગીને ને જોબનને એણે પાછળ મૂકી દીધાં છે. એની દૃષ્ટિ મંગળ મોતની જ પધારમાં છે.

'ઊભા રો' ! ઊભા રો' ! ઊભા રો.'

'કોણ આવે છે ? કોને સાદ કરે છે ?'

'રેવત આવે છે વ્હાણના વેગે. પણ માથે અસવાર બેઠો છે ઉઘાડે ડીલે, કોઈક બાવો કે બામણ દક્ષિણા વગરનો રહી ગયો લાગે છે.'

'ઊભા રો' ઊભા રો' ! ઊભા રો.'

'ભાઈઓ,' વીજલ વાજો ભયભીત કંઠે કહે છે: 'આ હાક કોઈ બાવા બામણની નોય. આ તો ઓળખીતી ને જાણીતી હાક લાગે છે. આ હાક મારા રા'ની તો ન હોય ?'

ખભે ઢળકતા શિર–કેશ દેખાયા. આરસમાં કંડારી હોય તેવી કાયા વરતાણી. આજાનબાહુ જોદ્ધો જણાયો.

'અરે ગઝબ કર્યો. ભાઈઓ રે ભાઈઓ, માંડળિક પોતે આવે છે. બાતમી મળી ગઇ લાગે છે. પગ ઉપાડો, મને કાળમુખાને ક્યાંઈક સંઘરી વાળો. માંડળિક ગંગાજળિયો હમણે નંદવાઇ જાશે. મારી એકાદી માખી ય જો એના ફૂલદેહને માથે બેસશે તો મારાં આજ સુધીનાં પાતકમાં ઊણપ શી રહેશે ? મને હેમાળોય નહિ સંઘરે ભાઈઓ !'

આખરે માંડળિક આંબી ગયો. ઘોડો આડો ફેરવીને રસાલો ઊભો રખાવ્યો. વીજલ વાજાએ મ્યાનાંમાંથી ઊતરી ન્હાસવા માંડ્યું. માંડ-

ળિક દોડીને એને જોરાવરીથી બથમાં લીધો. એ બાથના શીતળ સ્પર્શે વીજલના રોમેરોમમાં ઉપડેલા દાહ ઉપર એકાએક ટાઢક વળી. ને એના મોંમાંથી 'હા...શ !' એટલો ઉદ્‌ગાર ઊઠ્યો.

'છેટા રહો રા' ! ગંગાજળિયા, છેટા રહો.' બોલતો વીજલ પોતાના લોહીપરૂનાં કણો લઇને માખીઓને માંડળિકના ખુલ્લા દેહ ઉપર બેસતી જોતો હતો.

'હવે છેટા રહીને શું સાચવવું હતું વાજા ઠાકોર ! પાછા વળો.'

'ટાઢક તો બહુ વળવા લાગી રા', પણ મારાં પાપ...'

'પુણ્યે પાપ ઠેલાય છે વીજલજી. પાછા વળો. ત્રિપુરારિ સૌ સારાં વાનાં કરશે.'

'ત્રિપુરારિને જ શરણે જાઉં છું રા'. અહાહા ! કોઠો કાંઇ ટાઢો થતો આવે છે !'

'માટે ચાલો પાછા. ત્રિપુરારિ જૂનાગઢને જશ અપાવશે.'

માખીઓ ઊડવા માંડી. લોહીપરૂના ટશીઆ સૂકાવા માંડયા.

'ચાલો પાછા.'

# પ્રકરણ સાતમું

## ઓળખીને કાઢયો

**આ**જે જ્યાં લાઠી નામનું નાનું ગોહિલ--નગર છે, તેની નજીક એક ટીંબો છે. એને લોકો 'હાથીલાનો ટીંબો' નામે ઓળખે છે. પુરાતની માનવીઓ—માલધારીઓ અને વટેમાર્ગુંઓ અસૂરી વેળાએ જ્યારે એની વાત કરતા, ત્યારે એના અવાજ ભયથી ધ્રૂજી ઊઠતા. 'ત્યાંની સાસુવહુની વાવમાંથી તો ભાઇ, રીડીયા બોલે છે કે 'મારો, મારો ! કાપો કાપો !' '

પાંચ સેંકડા પૂર્વે એ ટીંબા ઉપર એક નગર હતું. પાંચ તો એને ફરતાં તળાવો હતાં. વચ્ચે હતું 'ગુણિકા-તળાવ.' એ તળાવની વચ્ચોવચ્ચ એક બેટડું હતું. બેટડા ઉપર રાજમહેલ હતો. એ ગામનું નામ હાથીલા: કોઇ કહે છે કે 'હઠીલા' : આજે બોલાય છે 'અરઠીલા.'

આ હાથીલા ગામના સીમાડા ઉપર, પાંચસો વર્ષ પૂર્વેના એક સંધ્યાટાણે બે માનવીઓ સંતાઇને બેઠાં હતાં. એક હતી પિસ્તાલીશેક વર્ષની સ્ત્રી : ને બીજો હતો પચીસેક વર્ષનો જુવાન. વરણ બન્નેનો શ્યામ હતો. આંખો બેઉની લીંબુની ફાડ જેવી હતી. અણસાર એ ચારે આંખોની મળતી આવતી હતી. સોરઠનાં લોકગીતોમાં ગવાય છે કે

'ઓળખ્યો ઓળખ્યો રે
'માની આંખ્યુંની અણસાર
'બાપની બોલાશે
'વીરને ઓળખ્યો રે.

આવી લોકવિદ્યાનો જાણકાર કોઇ પણ અજાણ્યો આદમી, આ બેઉને જોતાંની વાર જ વરતી શકત કે એક છે મા ને બીજો છે દીકરો.

પણ અત્યારે ત્યાં સીમમાં એ છોકરાને ઓળખવા ઇચ્છતું કોઇ માણસ નહોતું. ને હોત તો યે આથમતા સૂરજનાં ઘૂંટાતાં અંધારામાં એ ચાર આંખોના આકાર કોઇ પાંચમી આંખને કળાયા ન હોત.

'હવે હાલશું ને મા?' એ જુવાને કેરડાના થુંબડા આડી બેઠેલી સ્રીને પૂછ્યું.

'ઉતાવળો થા મા ભાઇ. હજી પૂરું અંધારું પથરાઇ જાવા દે.' માએ જવાબ દીધો.

કેરડાના થુંબડામાંથી એક સસલો, આ માનવીના બોલાસ કાને પડતાં જ કાન સંકોડીને ભાગ્યો, ને માએ એ સંચળથી ડરીને કાળું ઓઢણું મોં આડે ખેંચ્યું. 'કોઇક આવતું લાગે છે.'

'ના રે ના, સાંસો હતો. તમે તો આખે કેડે બ્હીતાં જ આવો છો મા. ગરના સાવજ સામાં તો તમે હુંકાટા કરતાં.'

'સાવજથી શું બીવાનું છે બેટા? બીક તો માણસની જ લાગે છે. આબરૂદારનું ઓઢણું ઓઢયું છે ને?'

'લ્યો હવે ઊઠો. અસૂર થઇ જાશે.'

બેય જણાંએ હાથીલાના કેડા ઉપર સંભાળથી હાલવા માંડયું.

ચાલતાં ચાલતાં દીકરાએ વાત શરૂ કરી: 'આપણી ઓળખાણ કોઇના માન્યામાં નહિ આવે તો?'

'ધીરો બોલ. ટાઢો પહોર છે. ગાઉ ગાઉ માથે બોલ સંભળાય. ન ઓળખે એમ હોય? તારો ચહેરો મોરો ને તારી બોલાશ–એ તો અદ્દલ એનાં જ જોઇ લ્યો. હું થોડું વિસરી શકી છું? હું એક જ દિ ને એક રાતની જ ઓળખાણવાળી, તો ય તુંને બોલતો સાંભળું છું ત્યારે ભૂલ ખાઇ જાઉં છું. જાણે એ પોતે જ પાછા પધાર્યા. એ જાણે સોમૈયાજીએ જ એને સજીવન કરી ઘેરે મોકલ્યા. તો પછી એની સાથે એક જ માના ઓદરમાં આળોટનાર એના સગા મોટા ભાઇ કાં નહિ ઓળખી શકે? એને નાનેથી મોટા કરનારી ભોજાઇ નહિ ઓળખે શું?'

'હેં મા, સાચું જ કહોછો? હું અદ્દલોઅદ્દલ મારા બાપુ જેવો જ છું?'

'વાને તું અમારા બેયના ઉપર થોડો થોડો ઊતર્યો છો. એ ઊજળા હતા, ને હું તો કાળી બીલડી: તું નીવડયો છો શામળીયો. બાકી તો નાકની ચાંચમાં ય ફેર ન મળે.'

જુવાને પોતાના મોં ઉપર, ગરદન પર ને છાતી ઉપર પંજો ફેરવીને તારાને અજવાળે પોતાની ભુજાઓ તપાસી લીધી. પોતે જાણે પોતાની જ પિછાન લેતો હતો.

'તું જેવી જ મલપતી ને ધીમી ચાલ હતી એની. તું જેમ હાથ હીલોળતો હાલે છે, તેમ જ એ હીલોળતા. મને તલે તલ યાદ છે. એક જ દિ'નો સંસાર, તોય જલમો જલમ ન ભૂલી શકાય.'

'આટલાં વરસ તમે કેમ હાથીલે ગયાં નહિ મા!'

'મારે જઈને શું કરવું'તું ? મારે થોડું રાજવળું માણવું'તું ? મને તો એણે વચને બાંધી'તી કે સોમૈયોજી જો દિકરો દિયે સમે હાથે, તો ઉઝેરજે. દોણેશ્વર દાદાની સાખે ને સનમુખ તને ગરની વનરાઈને ખોળે મોટો કર્યો મેં, એ તો એના વચનને કારણે.'

'તો મારે ય કયાં રાજવળું ભોગવવાની ભૂખ છે મા ? ત્યાં હું તીરકામઠે કોની હારે રમીશ ? સાવઝડા ત્યાં હશે હેં મા ? આ તો બધી નાગી ભોમકા છે. લીલૂડી વનરાઈનું ઓઢણું ઓઢનારી ગર મેલીને આંહી રહેવું મને કેમ ગમશે ?'

'તારા મોટાબાપુ ને તારી કાકી તને ભાળીને રાજી થાશે. તું રાજનું બીજ છો. બીજું તો ઠીક, પણ બેટા, ગરમાં સૌ મેણાં મારે છે. તને બાપ વગરનો કહે છે ને મને રખાત કહી વગોવે છે.'

રાતનાં કાજળ અનરાધાર વરસી રહ્યાં હતાં. ફાગણ મહિનાની રાત, એટલે હરણ્યું (મૃગશિર્ષ) મધ્ય આકાશમાં દોડી જતી હતી. રૂદ્રનો પારાધીતારો લીલાં તેજ પાથરતો હતો. એ અજવાળામાં દીકરો માની ગજાદાર આકૃતિ જોતો જતો હતો.

ગામ આવી પહોંચ્યું. મસાણનો કાંઠો આવ્યો. એકાદ ચિતાનાં છેલ્લા લાકડાં અગનની જીભ લસલસાવતાં હતાં. મસાણનાં કૂતરાંએ આ બે માણસોને અસુરા ટાણે દેખીને રીડિયા મચાવ્યા. એ રીડિયાએ ગામપાદરનાં કૂતરાંને સાવધાન કર્યાં. અને એના કારમા સાદ ગામની અંદરનાં કૂતરાંએ ઝીલ્યા.

ગામ ફરતો કોટ હતો. કોટનો દરવાજો બીડાઈ ગયો હતો. દરવાજા ઉપર ઊભા રહીને જુવાને અંધારામાં પણ પોતાને ખભેથી કામઠું ઉતારીને ભાથામાંથી તીર ખેંચી ખેંચી ડાઉ ડાઉ કરતાં કૂતરાંને આંટયાં, માર્યાં ને ભગાડયાં.

'દરવાજા બહાર આ દૂકળાટ શું મચી રહ્યો છે?' દરવાણીએ મશાલ લઈને નાની બારી ઉઘાડી. સાઠેક વર્ષનો જૈફ પહેરગીર જેમ મશાલ ધરીને આંખ માંડે છે, તેમ એણે બારી ઉપર એ જુવાનને જોયો. ઘડીભર નજર તાકી, યાદ કર્યું, આંખો ફાટી ગઈ. ભડાક ભડાક કરતી બારી બીડી દીધી. બ્હીકે થરથરી ઊઠયો. હેબતાઇ ગયો.

'શું છે? કોણ છે?' સાથીદારોએ પૂછ્યું.

'ભૂ...ઉ...ત!' પહેરગીરના ગળાને છોલતો છોલતો જાણે કે કોઇ છરા જેવો શબ્દ નીકળ્યો.

'હેઠ બુઢ્ઢા! હવે મરણુને કાંઠે ભૂત દીઠું!'

'બોલો મા! ઈ જ...ઈ જ...ઈ જ–'

'ઉઘાડો હો...ઓ!' બહારથી અવાજ ઊઠયો.

'ઈ જ. ઈ જ, ઈ જ અવાજ. ઈ જ! ભૂત!'

'કોનો અવાજ? કોનું ભૂત?' સાથીદારોએ એ મૂર્છા ખાઇને ઢળી પડતા બુઢ્ઢાને ઢંઢોળ્યો.

'ઇ જ. મુંને યાદ છે. હું ચાલીશ વરસનો જૂનો દરવાન. મેં જોયા'તા. આવી જ રાતે ગયા'તા.'

'કોણુ પણુ?'

'કુંવર હમીરજી! સોમૈયાજીની સખાતે–ઇ જ, ઇ જ, ઇ પોતે.'

બીજા પહેરગીરો જુવાનડા હતા. એમને આ ભેદ સમજાયો નહિ. છાતીના બળીઆ હતા. નાના બાંકોરામાંથી બહાર નજર કરી. જુવાન એની માતાને કહેતો હતો: 'માડી, આ તો મને ભૂત ભૂત કરી કૂટી પાડતા લાગે છે.'

૪

'અરેરે ! રજપૂતો છે ને ડરે છે એક જુવાન પરદેશીથી ?'

'કોણ છો તમે ?' જુવાન પહેરગીરે બાંકોરામાંથી પૂછ્યું.

'ભાઇ, અમે ભૂત નથી. તમ જેવાં જ માણસું છીએ.'

'ક્યાંથી આવો છો ?'

'ગરમાં દાંણુ ગઢડેથી.'

'કેવાં છો ?'

'ભીલ.'

'ભીલાં તો માળાં સાળાં જીવતાં ભૂત જ છે ને. ક્યાં જાવું છે ?'

'રાતવાસો રે'વું છે. ને સવારે ઠાકોર પાસે નોકરીની અરજ કરવી છે.'

તાળામાં ફરી વાર ચાવી ફરી. બારી ઊઘડી. સાદ આવ્યો : 'આવો અંદર.'

મા ને દીકરો દાખલ થયાં ત્યારે બેય બાજુએ ખુલ્લી તરવારે દસ દસ જણ ઊભા દીઠા.

જુવાનને હસવું આવ્યું. એને વીમાસણ થઇ. મારો બાપ શું આ ડાચાંને લઇને સોમનાથને જુદ્ધે સીધાવ્યો હશે ?

રજપૂત ચોકીદારોની મશાલો પૂરી શગે જલતી હતી. તેમણે પોતાની તરવારોનાં તોરણ નીચે મોં મલકાવતા જુવાનને જોઇ જરાક શરમ અનુભવી. એની પાસે તો તરવાર પણ નહોતી. એના કમ્મર-બંધમાં એક નાનો છરો હતો, ને એને ખભે વાંસનું કામઠું હતું. એની પીઠ ઉપરથી પચાસેક તીરનો ભાથો ડોકીયાં કરતો હતો. પણ

સૌથી વધુ રૂડી તો એના બેય કાનની બૂટમાં લળક લળક થતી પીતળની કડીઓ હતી. એનાં કાંડાં ઉપર ચપોચપ બીડેલ અકેકેક લોઢાનું કડું હતું. એનાં માથાનાં જુલફાં ઉપર લપેટેલા નાનકા ફાળીઆમાં છોગાને સ્થાને મોરપીછાંનું એક ઝૂમખું હતું. પૂરા માપનો આદમી હતો.

એની પાછળ જ ઊભેલી માનો પહેરવેશ કાળો હતો. એ હેઠું જોઈને ઊભી હતી.

'કયાં રાત રે'શો ? કોઈ ઓળખાણુ છે ગામમાં ?'

'ના ભાઈ, પે'લવેલાં જ આવ્યાં છીએ. કોઈ ધરમશાળા હોય તો પડયાં રહીએ.'

'ધરમશાળા તો ઠાકોરે બંધ કરાવી છે. આંહી અમારે પડખે એક પુરજો છે ત્યાં પડયાં રહો.'

માને એ પુરજામાં રાખી આવીને જુવાન તો પહેરેગીરોની જમાતમાં જ આવીને બેઠો.

'બોલ્યા ભૂત ભૂત કરતા બુઢ્ઢાજી કયાં ?' એકે પૂછયું.

'એ તો હજી બેભાન પડેલ છે.'

'બુઢ્ઢા , ઊઠો, જુવો, ભૂત ફૂત કાંઈ નથી.'

પણુ એ બુઢ્ઢો તો આખી રાત 'ઈ જ, ઈ જ, ઈ પંડયે જ.' એવું લવતો રહ્યો.

'તાજુબીની વાત થઈ આ તો ભાઈ ! આ અમારા હરસુજી ડાડા આટલી આવરદામાં કોઈ કરતાં કોઈ વાર બીના નથી તમને દીઠે કેમ બીના એ સમજાતું નથી.'

'એણે શું લવારી કરી ? કુંવર હમીરજીનું નામ કેમ લીધું ?' એક પહેરગીર કાનમાં કહેવા જેવા અવાજે બોલ્યો. બીજાએ પણ જવાબ દેતે દેતે દિલ પર ધાક અનુભવી–

'કુંવર હમીરજી આંહીથી સોમનાથની સખાતે ગયા તેને તો આજ પચીસ વરસ ગુજરી ગયાં. આજ એને શેણે એ ભણકારા વાગ્યા ? ક્યાં કુંવર હમીરજી, ને ક્યાં આ ભીલડા ભાઇ !'

'નામ છોડોને ભાઇ એ કુંવરનું ! નકામી નોકરીઓ ખોઇ બેસશું.'

પહેરગીરો વચ્ચે ચાલતી આ બધી વાતો ને કાન દેતો, પણ જીભ ન દેતો જુવાન એક બાજુ બેઠો હતો. પોતાના બાપનું નામ લીધે નોકરીઓ જવાની આ શી વાત ! મોડી રાતે એ બેઠે બેઠે જ ઝોલે ગયો. દેઢી ચડવાનાં પગથિયાં ઉપર ટેકો લઇ ગયેલું એનું માથું ઝડ ઝડ બળતી મશાલને અજવાળે સ્વચ્છ દેખાતું હતું. એના કાનની કડીઓ મશાલને જોઇ જોઇ ગેલથી ઝૂલતી હતી.

પરોડ થયું. દરવાજા ઊઘડયા. દીકરો ને મા બેઉ ગામ બહાર તળાવ પાળે ચાલ્યાં ગયાં. માએ દીકરાના ધોએલા મોં ઉપર ઓવારણાં લઇને હાથ જોડયા : 'સામૈયા ડાડા ! મારા પુતરને માન સથુકો પાછો મોકલજો. જા બેટા, હું આંહી છું. તું સારા સમાચાર લઇને મને તેડવા આવજે.'

જુવાન પાછો દરવાજે થઇને સોંસરી બજારે ચાલ્યો ત્યારે સૂર્ય ઊગતો હતો. એનો અર્ધનગ્ન પહેરવેશ એની શ્યામવરણી શોભામાં ઉમેરો કરતો હતો. એના ગઠ્ઠાદાર હાથ અને કાને ઝૂલતી છેલકડીઓ સામે મળતી પનીહારીઓની આંખો સાથે નટવાનો દોર બાંધતી હતી.

ગુણકા તળાવ ગામની વચ્ચોવચ્ચ હતું. રાજમહેલનો બુરજ તળાવમાં પ્રભાતને પહોર જાણે પોતાનું મોં જોઇને પ્રફુલ્લિત બનતો હતો.

# પ્રકરણ આઠમું

## દુદાજીની ડેલીએ

દુદાજી ગોહિલના દરબારમાં એ પ્રભાતે કસુંબાની કટોરીઓ ભરાતી હતી. પંચાવન વર્ષની જેની ઉમ્મર ટેવી શકાય તે ઠાકોર દુદાજીની દાઢી મૂછો આભલાં–જડિત બુકાનીમાં ઝકડેલી હતી. બીજા તમામનાં માથાં પર મોળિયાં ને ધોતિયાં બાંધેલ હતાં. દુદાજીની બુકાની એના ચહેરાને વિશેષ કરડો દેખાવ આપી રહી હતી. એણે કહ્યું—

'આંહી સોરઠમાં શું ધૂડનાં ઢેફાં માણીએ? માણે છે તો મારા દીકરા અમદાવાદના સુલતાનનાં માણસો. આ હમણાં જ સંખેડા બહાદુરપરની લૂંટ કરી સુલતાન અહમદશાએ. એનાં સિપાહી સપરાં ય હીરા માણેક ને મોતીની કોથળીયું ભરી ભરી ઘોડાં માથે નાખતા આવ્યા.'

'હીરા મોતી? હેં બાપુ? અધધધ.'

'હીરા મોતીને માથે ય પાક્ષી લટકાંની એક એક જણશ.'

'ઇ શું?'

'હે–હે–હે–હે !' દુદાજી ગોહિલે આંખ ફાંગી કરી: 'મોરનાં પીંછાં જેવી...જેવી–જેવી–શું ! કહો જોયેં ?'

'ઘોડીયું ?' એકે અનુમાન કર્યું.

'એં–હેં–હેં–હેં ! ક્યાં ક્યાં તમે.'

'તરવાર ?' બીજાએ કલ્પના લડાવી.

'રાખો, રાખો હવે. બાપ ગોતર ભાળ્યું હોય તો ના ?'

'તો હવે બાપુ! તમે કહી નાખો. અમારાથી સબૂરી રાખી શકાતી નથી.'

'એ રૂપાળી બાયડીયું બાયડીયું......'

'મારા દીકરાઓ...ઓ.' સાથીદારોનાં મોં પાણી પાણી બની રહ્યાં.

'હવે ઈ ગુજરાતનો સુલતાન લૂંટે એવું કાંઈ નહિ, ને આપણે થોડા લોટાઝોંટા ગુજરાતમાંથી કરી લાવીયેં એમાં તો રા' આપણા માથે ધુંવાપુંવા થઇ જાય.

'હા એ તો. અબધડી સાંઢણીસ્વાર આવ્યો જ સમજો.'

'સાંઢણી–સ્વાર ભલે ને રોજ રા'ના ઠપકાના બીડા લાવતા. હું તો એ કાગળીઆને સીધા આ શગડીમાં જ પધરાવી દઈશ.'

'રા'ને સુલતાનની બહુ બે લાગે છે.'

'ત્યારે ? ઓલ્યા ઝાલાવાડના રાજા સતરસાલ ભાગીને રા'ની મદદ લેવા આવ્યા, તો રા'એ એને સંઘર્યા જ નહિ. ઇડરરાજ પુંજા, ચાંપાનેરના રાજ ત્રંબકદાસ અને નાંદોદ વાળા ઠાકોર એકસંપ થયા, સુલતાનના કાકા માળવા વાળા હોશંગખાનની સાથે દળ બાંધ્યું, તોય આપણા રા' મંડળિક વાંકા ને વાંકા.'

'એનું કહેવું એમ કે રાજપૂતો જૂથ બાંધીને પોતાનો ટકાવ કરો, પણ એક મુસલમાનને કાઢવા માટે બીજા હરીફ મુસલમાનને ઊભો કરો મા. કેમકે તો તો પાછું ભૂત નહિ ને પલીત જાગશે.'

"હે–હે-હે–હે" દુદાજી હસ્યા; "ઈ તો લોઢું લોઢાને કાપે. તરકટ અને પરપંચ કર્યા વગર કાંઇ ન હાલે. મુરખો રા' રાજપૂતની જૂની વિદ્યાને ભણ્યો જ નથી. એનું ભણતર જ અવળું છે. મુસલમાનોને મોંહોમાંહ કજિયા કરાવ્યા વગર કાસળ નીકળે કેદિ? ન નીકળે, ભાઇ, ન નીકળે. અટાણે તો મલેચ્છોએ માંહોમાંહ કાપાકાપી માંડી દીધી છે. અટાણે ન લૂંટીએ તો પછી કયારે દાળદર ફીટવાનાં?'

એવી એવી વાતોમાં ભંગ પડ્યો. ચોકીઆતો એ ભીલ જુવાનને લઇ હાજર થયા. દુદાજી ગોહિલે ઊંચું જોયું તે વખતે તો એ ભીલ જુવાન એમના ચરણોમાં હાથ લંબાવી કહેતો હતો: "કાકાબાપુ, જે સોમનાથ."

'કોણ છો ભા?' દુદાજીએ આંખ મરોડી: 'તું વળી કોણ ભત્રીજો ફાટી નીકળ્યો?'

'કાકાબાપુ! મારાં મા તો કહેતાં'તાં કે તમે મને જોતાં વેંત પરખી લેશો." જુવાન રાજી રાજી થઇ રહ્યો હતો.

'હું તો દેવનો દીકરો નથી ભાઇ! તારી ઓળખાણ?'

'હું ગરમાંથી આવું છું.'

'ગામ?'

'દોણુ–ગઢડાનો નેસ.'

દોણુ–ગઢડાના નેસનું નામ સાંભળીને દુદાજી ગોહિલ જરા ઝબકયા. જુવાનને નિહાળી નિહાળી જોવા માંડ્યું.

'અમારૂં કોઇ સગું સાગવી એ તરફ નથી સાંભળ્યું ભાઇ! ને તારો વેશ પણ વિચિત્ર છે. રાજપૂતો ચામડાંના ડગલા નથી પહેરતા. તારી કમ્મરે તરવાર નથી. આ તીરકામઠું શું તેતર સાંસલા મારવા માટે છે, કે કાંઇ ભડવીરાઇ કરી જાણુછ ?'

'કાકા બાપુ, મારા ગોઠીઆ તો ગરના સાવઝ છે. તમને હું એબ લગાડું તેવી રીતે મેં તીરકામઠું વાપરેલ નથી.'

'કેવો છો ?'

'કેવો–કેમ કરી કહું! તમે મને ગણો તેવો.'

'તારે શું કહેવું છે ભાઇ ?'

'કાકાબાપુ, માએ તમને એકલાને કહેવાનું કહ્યું છે.'

'હાલ આમનો.'

બાજુના ઓરડામાં ગયેલા એ બેઉ જણા થોડીવારે બહાર નીકળ્યા ત્યારે દુદાજીના મોં ઉપર ત્રાંબાનો ધગધગતો અગ્નિરસ જાણે રેલાયો હતો. ને જુવાનનો ચહેરો ભોંઠામણમાં ગરકાવ હતો.

'જા ભાઇ!' દુદાજીએ જુવાનને જણાવ્યું: 'જૂનેગઢ પોગી જા. ત્યાંની કોટવાળીમાં તને નોકરી જડશે. આંહી જગ્યા નથી. ને ખબરદાર જો ફરી આવ્યો છો ને, તો જીવતો હાથીલામાંથી જાવા નહિ પામ. તારી ચાલાકી રા' મંડળિક પાસે ચાલશે, આંહી હાથીલાના રાજમાં નહિ ચાલે, હો કે ભત્રીજા!'

દરબારગઢની દેવડીમાંથી એ જુવાન પાછો ફરતો હતો ત્યારે ગુણિકા તળાવની અંદર તરતી બતકો એની સામે તાકતી હતી. એની પાછળ પાછળ ભાલાળા ચોકીદારો એને ધકાવતા ધકાવતા ચાલતા હતા. એની

આંખો ચકળ વકળ ચારે બાજુ જોતી હતી. ચોકીદારો એને હાકોટા કરી કહેતા હતા કે 'સીધું જોઈને હાલવા મંડ, જુવાન! નીકર ભાલો ખાઈશ.''

બહારના તળાવની પાળે બેઠેલી માને એણે કહ્યું. 'હાલો માડી, સોમૈયાજીએ મારે માથે મહેર કીધી. હાલો મારા ગોઠીઆ સાવઝ વાટ જોતા હશે.'

દીકરાની મુખમુદ્રા વાંચીને મા પણ ચાલી નીકળી. હાથીલા રાજની સીમ આવી ત્યાં સુધી ચોકીઆતો એ મા–દીકરાને મૂકી આવ્યા.

એક દુદાજી ગોહિલ સિવાય બીજા કોઈને ખબર ન પડી કે આ જુવાન કોણ હતો, શા કામે આવ્યો હતો, ને કેમ પાછો ફરી ગયો.

સીમાડો વટાવી ગયા પછી એણે માને સમજ પાડી કે શું શું બન્યું હતું.

'હોય દીકરા! રાજવળું આપણા સગપણે શરમાય. જીવતાં માણસ સગપણ નાકબૂલશે. પણ મૂવાં થોડાં કહેવાનાં છે કે ના, તું મારી અસ્ત્રી નથી ને તું મારો દીકરો નથી? મારે તો હવે તને તારા બાપની ને મારા બાપની ખાંભીને ખોળે લઈ જાવો છે. આવતી ભાદરવી અમાસે એની તથ્ય છે. રૂડું એક નાળીએર લઈ જાશું, ને વાટકી સીંદૂર લઈ જાશું. દીવો કરીને હાથ જોડીશ, કહીશ કે ગોહલ રાણા! લ્યો આ તમારો પૂતર. શૂરાપૂરાને દેશથી દુવા મેલો, કે સુકર્મી થાય; તમારી જેમ એ ય ધરમની, ગાયની ને અસતરીની રક્ષા કરે.'

'મા, મોટાબાપુની યે ખાંભી છે?'

'હા માડી. તારા બાપુની ખાંભી સોમનાથના મંદિરના ચોગાનમાં કિલ્લાની અંદર છે, ને મારા બાપુની ખાંભી દરવાજા બહાર છે.'

'એમ કેમ ?'

'એનું કારણ એમ કે મોટા બાપુનું નામ હતું વેગડોજી. વેગડો એટલે સીધાં પાધરાં લાંબાં શીંગ વાળો ધોરી. તારા બાપુની ભેળા એ ભીલરાણ જ પોતાના ભીલોનું દળકટક લઇને ગયેલા. દરવાજા આડા રહીને લડેલા. પાદશાની ફોજ એને વીંટળી વળી, બીજા બધા નાની બારીએથી કિલ્લામાં પેસી ગયા, મોટા બાપુને ય ઘણું કહ્યું કે વેગડાજી, પાછલી નાહાબરીએથી અંદર આવી જાવ. પણ મોટા બાપુજી તો વટદાર, એટલે જવાબ વાળ્યો કે 'હું કહેવાઉં વેગડો. મારાં તો શીંગ છે પાધરાં. મારું એ જીવ્યા મૂવાનું બિરદ. હું પાછલી સાંકડી બારીએથી કઇ રીતે ગરૂં ? શીંગ મારાં આડાં આવે છે. એટલે કે બિરદ મારૂં મને સંતાઇ જતો રોકે છે. હું વેગડો ! ગઢબારીમાં ગરૂં નહિ.' એમ કહેતા કહેતા લડયા ને ખપી ગયા. એનો તો દુહોય ગીરમાં કહેવાય છે કે–

વેગડ વડ ઝુંઝાર
ગઢ બારીએ ગર્યો નહિ
શીંગ સમારણહાર
અંબર લગે અડાવિયાં

એટલે કે એનાં શૂરાતનનાં શીંગ તો ઠેઠ આકાશ લગી અડી ગયાં.

જુવાનના હૃદયની આરસી ઉપર પોતાના પિતા અને માના પિતા, બેઉની આકૃતિઓ પ્રતિબિમ્બ પાડતી રહી. ખાંભીઓ પાસે પહોંચવાના હરખમાં ને હરખમાં એના પગ જોરથી ઉપડયા.

'હવે તો મારે તને એક બીજે ઠેકાણે ય લઇ જાવો છે. જોઉં તો ખરી, તારી બેન એ સગપણ કબૂલે છે કે નહિ ?' માની આંખો

એ બોલતે બોલતે ત્રીશેક ગાઉના અંતરે આખા સીમાડાને રોકીને પડેલા એક વાદળના કટકા સરીખા પહાડ ઉપર નોંધાઇ ગઇ હતી.

‘બેન ! કોણ બેન ! મારે વળી બેન પણ છે? ભેળાં રમવા જેવડી !’

‘રમવા જેવડી તો નહિ. બાપ ! પરણેલી છે. એને ઘરેય રાજવળું છે. એ તો પાછું રાજવળાં માતરનું શિરોમણિ.’

‘કયું ?’

‘ગઢ જૂનાણું. ગરવા દેવનો રખેવાળ તારો બનેવી છે.’

‘રા’ માંડળિક ? મારો બનેવી ? તું ય પણ મા, વગર મહુડાં ખાધેય કેફમાં ગરકાવ લાગ છ.’

‘મહુડાં તો અવતાર ધરીને એક જ વાર—એક જ રાત પીધાં છે. તે પે’લાં કે તે પછી કદિ ચાખ્યું ય નથી. એ રાત તો એના ભેળી જ ગઈ. એ રાત પાછી આવે ના. ને અવતાર આખામાંથી એકાદ દા’ડો જ સાચવી રાખવા જેવો નીકળે છે. બાકીના દનડા તો ફોતરાં છે ફોતરાં. જીવતરના દન તો મહુડાનાં ફૂલ છે. માંહીથી દારૂડો તો એકાદ કૂંપી જ નીતરે. મેં તો ભવોભવનો કેફ કરી લીધો છે. એ કેફમાં હું પચીસ વરસથી ચકચૂર છું. મારે શી પડી છે બાકીના દનની.’

મા બોલે જ જાતી હતી. દીકરો કાંઇ સમજે નહિ તેવી એ કેફ–ગરકાવ વાણી હતી. મા દીકરાને નહોતી સંભળાવતી, પોતાની જાતને સંભળાવતી હતી.

‘પણ માડી, મારી બેન કોણ ?’

'રા' માંડળિકની રાણી કુંતાદે. તારા દુદાજી બાપુથી નાનેરા અરજણજી બાપુ હતા. એની એ દીકરી.'

'એ મને શેની ઓળખે?' છોકરાએ જાણે ધોખો ધર્યો.

દિવસ ચડી ગયો હતો. બેઉ ચાલ્યાં જ જતાં હતાં. ગિરનાર ઢૂકડો ને ઢૂકડો આવતો હતો. સપાટ ધરતીના ખૂમચામાં જાણે વાદળી મોતી પડયું હતું.

ઢૂકડો–ઢૂકડો–ઢૂકડો આવે છે પહાડ: ડગુમગુ ચાલતા બાળને તેડી લેવા માટે મલપતી ચાલે ચાલ્યા આવતા દાદા જેવો ગરવો દેવ.

# પ્રકરણ નવમું

## ઝેરનો કટોરો

ગુજરાતના પાટનગર પાટણમાં તે સમયે કૈં કૈં બનાવો બની ચૂક્યા હતા, બનતા હતા, બનવાના પણ હતા. હરીફ મુસ્લિમ રાજવંશીઓની આપસ-આપસની જાદવાસ્થળીએ દિલ્હીની શહેનશાહતને નધણીઆતી કરી મૂકી હતી. ગુજરાતના સૂબા ઝફરખાને ચાતુરી વાપરી દિલ્હીના ધણી બનવાના બખેડાઓ કરનારાઓમાંથી એકેયની મદદે જવાનું માંડી વાળ્યું હતું. ગુજરાત દિલ્હીનું બચ્ચું મટી ગઈ, સૂબો સુલતાન બન્યો, નામ ધારણ કર્યું મુઝફ્ફરખાન. સોમનાથને ચોથી વાર ભાંગનાર ને રોળનાર પંજો એ મુઝફ્ફરખાનનો. એની તલવાર બેઉ બાજુ ચાલી રહી હતી. એક સપાટો એણે ગુજરાતની આસપાસના રાજપૂત રાજ્યો પર ચલાવ્યો હતો, ને બીજો સપાટો સુલતાનીઅતના પ્રતિસ્પર્ધી સર્વ મુસ્લિમ સૂબાઓ પર.

એક વાર એ પણ જઈફ બન્યો. જઈફ પલંગ પર સૂતો છે. અંધારી રાત છે. ઓરડાનાં દ્વારમાંથી એક હાથનો પડછાયો એના પલંગ પાસેની દિવાલ પર પડે છે. પડછાયામાં આલેખાએલા એ પંજામાં એક કટોરો છે.

જફ્ર સુલતાન પડખું ફેરવે છે. સામે ખડો છે પોતાનો જ સગો પૌત્ર. પોતાના ગુજરી ગએલ દીકરા મહમ્મદનો પુત્ર અહમદખાન. દિવાલ પરની છાયા જૂઠી નહોતી. પૌત્રના હાથમાં કટોરો હતો.

'આ કટોરો પી જાવ દાદા.' પૌત્રે જાણે દવા પાતો હોય તેવા મિજાજથી કહ્યું.

'શું લાવેલ છો ભાઇ?'

'ઝહર.'

'શા માટે? મને–તારા દાદાને ઝહર? તારા જ હાથે?'

'આલિમોની મંજૂરી મેળવીને પછી જ લાવેલ છું દાદા! પાક મુસ્લિમ ધર્મના જાણકારોની સલાહ વગર હું આવું કામ નથી કરતો.'

'આલિમોએ શું કહ્યું?"

'કહ્યું છે કે એક શખ્સ બીજા શખ્સના બાપને બેગુનાહ મારી નાખે તો તેનું વૈર લેવું ધર્મમાં મંજૂર છે. આ રહ્યો આ કાગળ. જુવો દાદા, મોં'ની વાત નથી કરતો. લખાવીને લાવ્યો છું.'

એમ કહીને પૌત્રે દાદાને લખેલો કાગળ બતાવ્યો. જૈફ ઝફરખાને હસીને કહ્યુ:

'તારા બાપને–મારા બેટાને મેં નથી માર્યો. મને એણે કેદી કરીને રાખ્યો હતો. છતાય મેં એને ચાહ્યો હતો. એને ઝેર દેનારાઓને મારી શીખવણી નહોતી.'

'દાદાજી, એને મરાવીને આપે ફરી સુલતાનીઅત ભોગવી છે.'

'એ સુલતાનીઅત એક પણ દિવસ આંસુથી ભીંજાયા વિના રહી

નથી. એ સુલતાનીઅતનો પ્રત્યેક દિન તને તાલીમ આપવામાં ને મોટો કરવામાં ગયો છે.'

'હવે હું મોટો થઇ ચૂકયો છું દાદા.'

'બસ, તો હું પણ રવાના થવા તૈયાર છું. તેં ઝહર ન આણ્યું હોત તો પણ હું તો દરવેશ જ બનત.'

'એ જોખમ હું કેમ ખેડી શકું?'

'કંઇ ફિકર નહિ. લાવ કટોરો.'

ઝેરનો પ્યાલો પોતાના હાથમાં લઇને એણે પૌત્રને કહ્યું : 'બેસ બેટા, થોડી ભલામણો કરી લઉં તેટલી વેળા મંજૂર છે?'

'બોલો બાબાજાન.'

'પહેલી વાત તો એ કે જે લોકોએ તને આ કામ કરવા ચડાવ્યો છે, તેમની દોસ્તી ન રાખતો. તેમને ય બીજી દુનિયાના દરવાજા દેખાડજે. દગલબાજનું લોહી હલાલ છે.'

એ બોલવામાં સુલતાનનો સુર કશો જ ફરક બતાવતો નહોતો. મોતનો કટોરો પોતાના કલેજાની, ને હોઠની નજીક છે તેનો કશો ય રંજ નહોતો.

'ને બીજું બેટા, દારૂથી દૂર રહેજે. એ છંદથી પાદશાહે ચેતતા રહેવું. એ શરાબના પ્યાલામાં દુઃખનો તોફાની દરિયો છૂપાયો છે.

'ત્રીજી સલાહ, રાજમાં બખેડો કરાવનાર શેખ મલીકને ને શેર મલીકને જિંદગીના તખ્તા પરથી સાફ કરજે.

'ચોથું, દીનો દરવેશોની ફિકર રાખજે. રાજા પોતાની રૈયતને

સીધે જ તાજદાર થાય છે. રૈયત મૂળ છે, ને સુલતાન વૃક્ષ છે. પ્રજાને રંઝાડી તારું મૂળ ન ઉચ્છેદતો.

'ને છેલ્લું, એકલા પોતાના જ સુખને ચાહી બેસી રહીશ ના.

'બધું તારું જ હતું, તારું જ બધું તને સુપુર્દ થાય છે. ઉતાવળની જરૂર નહોતી. બાકી તો આ દુનિયાની અંદર આવે છે તે મરે જ છે. કાયમ તો રહે છે માત્ર એક ખુદા.

'લે બેટા, આખરી સલામ.'

શરબત પીતો હોય તેટલી જ લજ્જતથી સુલતાન ઝેર ગટગટાવી ગયો હતો. ઝેર પીતે પીતે પણ એણે સુલતાનીઅતના પાયા પૂર્યા હતા. ઝેર દેનાર પૌત્રની એણે જીંદગી સુધારી હતી. શરાબથી સો ગાઉ દૂર રહેનારા નવા સુલતાન અહમદશાહે રાજપૂત રાજાઓના સંગઠનને પીછડે પીછડે ઉચ્છેદી નાખ્યું હતું. પોતાના હરીફ કાકાની એકેએક ચાલને તેણે શિકસ્ત આપી હતી. લશ્કરના સિપાહીઓને અરધ રોકડ દરમાયો ને અરધ ખર્ચ માટે જમીનો આપવાનું ડહાપણ કર્યું હતું. પરિણામે એની પાછળ લડાઇમાં ચાલનારા યોદ્ધાઓને ખપી જવાનો ડર નહોતો, કેમકે પાછળ રહેનાર કબીલાનો પેટગુજારો કરનારી જમીન મોજૂદ હતી, બાકીના રોકડ પગારને પણ ઢીલ વગર ચૂકવી આપવાની સુલતાનની આજ્ઞા હતી.

એવા સંતુષ્ટ લશ્કરને જોરે પગલે પગલે જીત કરનાર અહમદશાહે વચગાળાનાં એક એક વર્ષની મુદત સુધી ચડાઇઓ બંધ રાખી હતી. સેનાને આવા આરામના ગાળા મળા રહેતા હતા.

અમદાવાદ નામના આલેશાન શહેરનો પાયો નખાઇ ચૂક્યો હતો. એ જ વર્ષમાં પૂરા બંધાઇ રહેલ એ કોટ ઉપર આજે બીજાં પંદર

વર્ષો વરસી ચૂકયાં હતાં. પાટનગર પાટણથી આ સાબરમતી–તીર પર ફેરવાઇ ગયું હતું. સાબરમતીના તીર પર બેઠો બેઠો સુલતાન માળવા અને ચાંપાનેર, ઇડર અને નાંદોદની ખંડણીઓ ઊઘરાવતો હતો. મંદિરો તૂટતાં હતાં, મસ્જિદો ખડી થતી હતી. હિંદુઓની ઇશ્વરો–પાસના લોપતો પોતે એક દિવસ પણ પ્રભાતની નમાઝ ચૂકતો નહોતો. ઠેર ઠેર મિનારા ખડા કરતો ને કોટ કિલ્લા સમરાવતો હતો. ઠેર ઠેર એનાં થાણાં સ્થપાયાં હતાં. ઈન્સાફ પણ એ કરડા તોળતો હતો.

ખુદ પોતાના જ જમાઈએ એક વાર જુવાનીના તોરમાં ને સુલતાનની સગાઈના જોરમાં એક નિર્દોષ માણસનું ખૂન કર્યું.

'ખડો કરો એને કાજીની અદાલતમાં.' સુલતાને ફરમાન દીધું.

'મરનારના વારસને નુકશાનીમાં બસો ઊંટ આપવાં.' કાજીએ સુલતાનને સારું લગાડવા ન્યાય પતાવ્યો.

'અગર મરનારનો વારસ માલથી રાજી થયો છે, પણ મને એ કબૂલ નથી.' એટલું કહીને સુલતાને પૂરો બદલો લેવા આજ્ઞા કરી: 'મારી મહેરબાની ભોગવનાર ફરીથી આવી હિંમત ન કરે, એટલા માટે એને ભરબજારમાં શૂળી પર ચડાવો.'

શૂળી પર પ્રાણ ગયા પછી વળતા દિવસે જમાઇની લાશને નીચે ઉતારી દફન દીધું. એ ઇન્સાફની ધાક બેસી ગઇ. અમીરથી લઇ સિપાહી સુધી એક પણ માણસ તે પછી કોઇ નિર્દોષનો જાન લેવા હિંમત કરી શક્યો નહોતો.

મહેલને ઝરૂખે બેઠો બેઠો એક દિવસ સુલતાન સાબરમતીના પૂરમાં નજર ફેરવે છે. એક કાળી વસ્તુ પાણીમાં ડુબકાં ખાઇ રહી છે. હુકમ કરે છે, બહાર કાઢો એ ચીજને.

એ એક માટીની કોઠી હતી.

કોઠી ખોલો.

અંદરથી એક મુડદું નીકળે છે.

શહેરના તમામ કુંભારોને તેડાવો. કોની ઘડેલી છે. એ કોઠી?

'મારી બનાવેલી છે જહાંપના.' એક કુંભારે એકરાર કર્યો.

'કોને વેચેલી?'

ફલાણા ગામના અમૂક શખ્સને.

તેડાવ્યો એને. પાપ પ્રકટ થયું. એ માલિકે એક વાણિયાને મારીને કોઠીમાં ઘાલી પાણીમાં વહેતી મૂકેલી.

'જાનને બદલે જાન.' સુલતાને હુકમ દીધો. હુકમનો તત્કાળ અમલ થયો.

ઇડરનો રાવ પુંજો, સુલતાની લશ્કર ઘાસ ઊઘરાવવા નીકળ્યું તેના ઉપર તૂટી પડયો. લશ્કરને વિખેરી નાખી સુલતાનના હાથીઓ લઇ ચાલ્યો. વિખરાએલા સૈન્યે ફરી જૂથ બાંધી રાવ પુંજાનો પીછો લીધો. ન્હાસતો રાવ એક ઊંચા પહાડ અને ઊંડી ખીણ વચ્ચેના સાંકડા રસ્તા પર પહોંચ્યો. આગળ હાથીઓ હતા. પાછળ લશ્કર હતું. રાવ સાંપટમાં આવ્યો. હાથીઓના માવતોએ હાથીઓને પાછા ફેરવ્યા. રાવના ચમકેલા ઘોડાનો પગ વછૂટયો. ઘોડો ને અસ્વાર એ પાતાળ-ખીણમાં જઇ પડયા.

બળતા દિવસે એક કઠીઆરો દરબારમાં હાજર થાય છે. એની પાસે એક ઇન્સાનનું માથું છે. કોઇ ઓળખી શકે છે આ માથાને?

'હા સુલતાન.' એક લશ્કરીએ આવીને કહ્યું: 'આ માથું મારા રાવજી પુંજા રાજાનું છે. મેં એની ચાકરી કરી છે.'

'એ કાફરને તું માન દઈ બોલાવે છે, શયતાન? એ હિંદુને 'મારા રાવજી' કહેવાની ગુસ્તાકી કરે છે?' દરબારમાં હાજર રહેલા લોકો ગુસ્સાથી ઉકળી ઊઠે છે.

'ચૂપ રહો સરદારો! ખામોશ મુસ્લિમો!' સુલતાન તેમને વારે છે; 'એ આદમીએ પોતાનું લૂણ હલાલ કર્યું છે.'

સુલતાનની એ નીતિએ નવા પાટનગર પ્રત્યે શાહ–સોદાગરોને, પટ્ટણીઓને, વણિકોને, કારીગરો અને મુત્સદ્દીઓને પણ ખેંચવા માંડ્યા હતા, ત્યારે સોરઠનાં કાઠી રાજપૂત ધાડાં ફક્ત ધાડો જ કરતાં રહ્યાં. રા' માંડળિક નિરર્થક આડા હાથ દેતો રહ્યો. સોરઠ દેશ ઉપર ગુજરાતની વસ્તી ધિઃકારની નજરે જોતી થઈ. સોરઠ એટલે લૂંટારૂઓનો મુલક. એ મુલક હિંદુ દેવસ્થાનાંનું ધામ હતો, છતાં એ ગુજરાતના ધિઃકારનું પાત્ર થઇ રહ્યો.

ગુજરાતની લૂંટફાટમાં સૌથી નામીચો હાથીલાનો દુદાજી ગોહિલ નીવડ્યો હતો. સુલતાને રા'ને જૂનાગઢ રૂક્કો લખ્યો: 'તમે મંડળેશ્વર છો સોરઠના. દુદાજીને નશ્યત કરો. નહિતર અમારે અમારી ફોજને સોરઠ ઉપર આણુ વર્તાવવા તસ્દી આપવી પડશે.'

# પ્રકરણ દસમું

## તીર્થના બ્રાહ્મણો

ગુપ્ત પ્રયાગના ત્રિવેણી–તીરે સ્નાન કરતા ને શિવ–પૂજા કરતા બ્રાહ્મણો વાતોએ ચડયા હતા.

'સાંભળ્યું ને ? વીજલજીનાં રગતપીત રા'એ કાઢયાં.'

'ચારણ્યનો શરાપેલ ખરોને, એટલે કાઢી શકાય. બામણનો શરાપ કાઢે જોઉં રા' માંડળિક ?'

'એમાં એની શી સદ્ધાઇ ? એ તો ગંગોદકનો પ્રતાપ.'

'ના રે ભાઇ ના, એ તો ચંદ્રમાનો કોઢ ટાળનાર શંભુ સોમનાથનો પ્રભાવ.'

'કોનો પ્રભાવ એ નક્કી કરવું હોય તો મોકલોને રા'ની પાસે ઓલી રકતપીતીઅલ ભાટડીને.'

'રા' તે એને બથ ભરે ?' એક બોખલા બુઢ્ઢાએ કહ્યું.
સર્વ બ્રાહ્મણો હસ્યા.

'રા'ની આસ્થા ય દિ'માં દસ વાર બદલે છે. સવારે ગંગોદકે નહાય, પછી પાછા ચારણોની જોગમાયાઓની પણ સ્તુતિઓ સાંભળે,

કસૂંબો તો બસ ચારણના હાથનો જ ખપે! સાંજે પાછા ફકીરો દરવેશોનો ય સંગ કરે. ઓછામાં પૂરૂં ઓલ્યો વરણાગીયો નાગર નરસૈયો હાલી મત્યો છે, શંકરભક્તિનું જડાબીડ કાઢી નાખીને કાન ગોપીની ભક્તિ ફેલાવી રહ્યો છે, એનાં ય નાચણકૂદણીયાં ગીતો સાંભળે.'

'નરસૈયાની ભક્તિમાં તો ભળવા જેવું ય ખરૂં હો ભાઇ! લીસોલપટ ને સુંવાળો મારગ એણે તો બતાવી દીધો છે.'

'એની મામી રતનબાઇ છે જુવાન, રૂપે છે રૂડી, મામો છે મોટી ઉમરનો, રતનબાઇને લાગી ગઇ છે જુવાન ભાણેજના ભક્તિમાર્ગની રામતાળી. ભાણેજ ભજન કરે ને ગાતાં ગાતાં ગળું સૂકાય, તો પાણી પાવાનો અધિકાર એક એ રતન મામીનો. રા' હોય કે રંક હોય, ગમે તે હોય, કોને આ પંથની લીસી સુંવાળી કેડી ન ગમે?'

'પણ રા' હમણે હમણે આંહી ઓલ્યા દરવેશ સમસુદ્દીન બોખારીની પાસે કેમ બહુ આવ જા કરે છે?'

'ઓલી ભાટડી ત્યાં શમસુદ્દીન ફકીરની જગ્યામાં છે એમ પણ વાત હાલે છે.'

'ત્યાં કયાંથી?'

'આપણે એ રગતપીતણીને વૈશાખની પૂનમે હરડીને ગામ બહાર ફગાવી આવ્યા ને, તે પછી કહે છે કે રાતોરાત શમસુદ્દીન આવીને ઉપાડી ગયો છે.'

'એ ભાઇઓ!' ઊંચી ભેખડ ઉપર ઊભેલા એક બ્રાહ્મણે હર્ષનો અવાજ કર્યો; 'આઘે આઘે કોઇકનું વેલડું હાલ્યું આવે છે. રાતોચોળ માફો કળાય છે.'

'રાતોચોળ !'

'હા, રાતોચોળ.'

'કોક રાજપૂતનું ઓજણું: તીરથે સ્નાન કરવા આવતાં લાગે છે.'

'હાલો પહેલેથી જ દક્ષિણાનું નક્કી કરીએ.'

'ભેળા વોળાવિયા હશે.'

'માર્યા ફરે વોળાવિયા. આપણું તીરથનાં બાળનું નામ તો લઈ જોવે ! હાલો.'

'હાલો, હાલો, હાલો.'

પંદર વીશ જણનું ટોળું એ વેલડાની સામે ઉપડતે પગલે ચાલ્યું. એક ખેતરવા ઉપર આંબી ગયા. પછી પાછળ પાછળ ચાલ્યા. વેલડાની સાથે વોળાવિયા ત્રણ જ હતા. બે ત્રણ બ્રાહ્મણો એની સાથે વાતોએ વળગ્યા. બાકીના વેલડાની નજીક નજીક ચાલવા લાગ્યા. ધીરે ધીરે તેમણે માફાની ફડક ઊંચી કરીને અંદર જોયું. જોઈને તેમણે હાંસી ચલાવી : 'ઓહોહો ! વાહ સોમનાથ દાદા વાહ ! શાં રૂપ છે !'

વોળાવિયા દોડયા, બ્રાહ્મણો આડા ફર્યા.

'અરે દેવ, પણ આ તમે શું કરો છો ?' વોળાવિયા બ્રાહ્મણોને કરગરવા લાગ્યા.

'શું કરી નાખ્યું ભાઈ ? જોવું ય નહિ ?'

'ઓજલ પરદાવાળાંને એમ જોવાય ? તમારું ખોળિયું બ્રાહ્મણનું છે એ તો વિચારો !'

'ખોળિયું બ્રાહ્મણનું, એટલે શું જોવાનું મન ન થાય ?'

'મનને ઠેકાણે રાખીયેં મહારાજ !'

'નીકર ? શું બ્રહ્મહત્યા કરશો ? શરાપશું ને, તો બાળીને ભસમ કરી નાખશું.'

'પણ માબાપ, વિચાર તો કરો. દરબાર વીજાજીનાં ઠકરાણાં છે. રાજમાતા છે. ઠાકોરને સુવાણ થાય તે સારૂ તો સૂરજકૂંડે સ્નાન કરવા આવેલ છે.'

'દરબાર વીજાજીનાં લખણ પણ કયાં મોળાં છે ? લખણ ઝળકાવ્યાં એટલે તો કોઢીયો થયો.'

'ઝાઝું શીદ બોલવું પડે છે ?'

'બોલવું નથી, જોવું તો છે જ. દરબાર વીજાજીનું ઓજણું તો જોવું જ પડશે. કરો બ્રહ્મહત્યા, જો તમારો કાળ બોલાવતો હોય તો.'

ત્રણે વેળાયિાનાં હથિયાર પડાવી લઇને બ્રાહ્મણોએ રંઝાડ આદરી. બેઅદબીની ઘડી દૂર ન રહી. તે વખતે ઝાડીમાં સળવળાટ થતો હતો. એ બે પશુઓ હતાં ? ચાર પગે ચાલતાં એ કોણ ઝાંખરાં સોંસરાં આવતાં હતાં ? બે પગે ખડાં થયાં. ધોરખોદિયાં બૂટડાં હતાં ? ના, માનવી હતાં. એક ઘનસ્યામ અને એક આછું સ્યામ. એક ઓરત ને એક પુરુષ. એક બુઢ્ઢી ને એક જુવાન. જુવાને ખભેથી કામઠી ઉતારી. તીર ચડાવ્યું. છૂટેલું એ તીર માફાનો પડદો ઉઘાડતા હાથ ઉપર ત્રાજવાં ત્રોફતું ચાલ્યું ગયું.

'લોહી, લોહી, બ્રાહ્મણનું લોહી, બ્રહ્મહત્યા.' ઇજા પામનાર હેઠો બેસી ગયો.

બ્રાહ્મણો વેલડાને છોડી એ તીર છોડનાર તરફ ધસ્યા. એમણે પોતાની સામે પોતાના જ વર્ણથી દીપતો, ખુલ્લે દેહે આરસમાં ઉતારેલો એવો જુવાન જોયો. જુવાને બીજું તીર તૈયાર રાખ્યું હતું. એણે પડકાર આપ્યો: 'બ્રહ્મહત્યા તો બ્રહ્મહત્યા, પાપ ભેળાં પાપ. પણ હવે જે આવ્યો છે એના હાથનું નહિ, માથાનું જ લોહી ચખાડીશ આ તીરને.'

બ્રાહ્મણો ખમચાયા.

'આવજો દ્રોણેશ્વર.' ભીલ માતાનો પુત્ર બોલ્યો: 'ત્યાં તમારી વાટ જોઈશ.'

# પ્રકરણ અગિયારમું

## આઈ નાગબાઈ

**ફરી** એક વાર આપણે આ વાર્તાના કાળથી ત્રીશ ચાલીશ વર્ષ પહેલાંની વેળામાં ડોકીયું કરી આવીએ.

જૂનાગઢ તાબાના પ્રદેશમાં બીજો એક ઉજ્જડ ટીંબો આજે પણ પડયો છે. એને પાટખિલોરીનો ટીંબો કહે છે. પૂર્વે ત્યાં પાટ-ખિલોરી નામે ગામ હતું. એ ગામમાં ભૂંથો રેઢ નામનો એક ચારણ ગામેતી હતો. રા' માંડળિકના બાપને કસૂંબો કરાવવા રોજ આ ચારણ ભૂંથો રેઢ જૂનાગઢ આવતો. રા'ની પ્રીતિ, અને તે ઉપરાંત માતાનો વરદાનધારી : એના ઘરમાં જ દેવીનું થાનક હતું. થાનકમાં એ ધૂપ દીવો લઇ એકલો જ બેસતો. વાતો ચાલતી હતી કે આપા ભૂંથાને માતાજી મોઢામોઢ હોંકારા આપે છે. ચારણ ને જોગમાયા પરસ્પર વાતો કરે છે. ભક્તરાજ ભૂંથા રેઢની તો માનતાઓ આવતી.

માણસોમાં જેમ જેમ આપો ભૂંથો ઓળખાતો ગયો, તેમ તેમ એનાં ધૂપ દીપ ને નૈવેદ્ય વધ્યાં, માતા પ્રત્યેની ભક્તિ મજબૂત બનતી ગઇ. ઘરની સ્ત્રીને એનો મેળાપ દુર્લભ બન્યો. આજે આંહી તો કાલે ક્યાંક બીજે. દેવીનો વરદાનધારી વચનસિદ્ધ ગણાયો. એને બોલે અનેકનાં દુઃખ ટળતાં ગયાં. એના જોયેલા દાણા સદાય સાચા પડયા.

એને કલ્લે દેવીએ કૈંક વાંઝિયાંના ઘર માથે અમીની છાંટ નાખી. ઘણાને ઘેર ઘોડિયાં બંધાણાં. એની નામના ચાલતી ચાલતી ઉપરકોટમાં ફરી વળી. મોટા રા'એ આપા રેઢને પોતાના પડખામાં આસન આપ્યું. આખું પાટખિલોરી ગામ એને જીવાઇમાં બક્ષીસ થયું. ને પછી તો એના હાથની અંજલિ વગર મોટા રા'ને કસૂંબો ન ચડે.

એક વાર રોનક કરતે કરતે આપા ભૂંથાને મોટા રા'એ કહ્યું : 'વરદાન ખરૂં, પણ વરદાન હજી અધૂરૂં તે તો અધૂરૂં જ હો દેવ !'

'કાં બાપા ?'

'મોઢામોઢ હોંકારા કરે તો પછી સાક્ષાત થઇને વાતો કાં ન કરે માતાજી ?'

ચારણો રાજાઓના દેવ પણ હતા, અને કેટલાક રાજાઓની રોનકનાં રમકડાં પણ હતાં. મોટો રા' સોમનાથનો પાકો ભક્ત હતો, એટલે એણે આપા ભૂંથાની દેવીભક્તિની આવી રમૂજ કરી.

ગામડિયા ચારણને પોતાને વિષે 'ઓહોહો !' તો કયારનું યે થઇ પડયું હતું. જ્યાં બેઠો હોય ત્યાં એને દેવીનો ઓતાર આવી જતો. એને ય આજ રા'ને કહ્યે પહેલી જ વાર ભાન થયું કે દેવીનું વરદાન અધૂરૂં છે. એનો ખાવાપીવાનો ને સૂવાનો રસ ઊઠી ગયો. એણે રોજેરોજ માતાના થાનકમાં બેસી રૂદન માંડયું કે 'દેવી ! સાક્ષાત થા ! નજરે થા ! લોકો મને મેણાં દિયે છે.'

'ભગત ! ભીંત ભૂલ છ. તું મને નહિ ઓળખી શક. તું મારાં ને તારાં પારખાં લેવાં રહેવા દે. ભૂંથા રેઢ, વાત બહુ આગળ પહોંચી ગઇ છે.' આવા આવા જવાબ થાનકમાં સંભળાતા હતા.

'ઓળખીશ. ઓળખીશ. માડી, મને સાક્ષાત થા. મારી નજરે થા.'

એના જવાબમાં થાનક આખું ખડખડાટ હસી પડતું. ને દેવીના ચાચરના દીવા ચરડ ચરડ અવાજ કરી, ભભૂકેલાં નેત્રો જેવા, વધુ જોરથી સળગી હાલતા.

થાનકની બહાર એક સ્ત્રી ઊભી ઊભી આંસુ પાડતી. એ ભૂંથા ભગતની સ્ત્રી હતી. એ કદરૂપી ને કાળી હતી. એના આગલા બે દાંત જન્મથી જ લોઢાના હતા. ધણી બબ્બે રાત સુધી થાનકની બહાર ન નીકળતો, અંદર પડ્યો પડ્યો 'દેખા દે! દેખા દે!' કર્યા કરતો, ત્યારે ચારણી પાલવ ઢાળીને બહાર ઊભી ઊભી દેવીને કહેતી 'માતાજી! મ કરજો. એવું મ કરજો. તમારૂં રૂપ એની નજરે ન પાડજો. મારો ચારણ અણસમજુ છે. કોઇકનો ચડાવ્યો ચડ્યો છે.'

'નહિ ઓળખી શક! ભગત, નહિ વરતી શક. ઝેરનાં પારખાં!'

થાનકમાંથી દેવી બોલતી હતી? કે આપા ભૂંથાનો આત્મા બોલતો હતો? ખબર નથી પડી. પણ વળતા દિવસે જ્યારે એણે જૂનાગઢ જવા ઘોડવેલ હાંકી ત્યારે એને કાને ઘરની ચારણીના બોલ સંભળાયા કે 'ચારણ, ભગત, ગફલતમાં ન રે'જો.'

'આ એક વહરા મોઢા વાળીએ જ મારો અવતાર બગાડ્યો છે. એણે જ મારી ભગતીમાં ભંગ પડાવ્યો છે. પડખું નબળું ન હોત, તો મારે ને માતાજીને આટલું છેટું રહેત કદાપિ!' એવા વિચારે વલોવાતો ચારણ, ગઢ જૂનાનો રાજકવિ, દેવીનો વરદાનધારી, ઘોડવેલ હંકાવી ગયો.

અરધોએક પંથ કાપ્યા પછી કેડાને કાંઠે એક ઘરડીખખ, થાકીપાકી ડોશી બેઠેલી જોવામાં આવી. ડોશીના પડખામાં એક ગાંસડી પડી હતી. ડોશીના દાંત પડી ગયેલા હતા, અંગ ઉપર પૂરાં લૂગડાં નહોતાં.

'ખસ એઈ ડોશી, ખસી જા.' હાંકનારે હાકલ કરી. ડોશી મહા-મહેનતે ખસીને બેઠી.

'બાપ,' ડોશીએ કાકલૂદી સંભળાવી; 'મને–વધુ નહિ–એક સામા ગામના પાદર સુધી–પોગાડી દેશો? મેંથી હલાતું નથી, સંસારમાં મારૂં કોઈ નથી. આંહી અંતરિયાળ મારૂં કમોત થશે તો મને કૂતરાં શીયાળવાં ચૂંથશે. વધુ નહિ–સામે ગામ.'

'હાંકો હાંકો, આપણે રા'ને કસૂંબો પીવાડવાનું અસૂર થાય છે. મારગમાં તો દુઃખીઆરાં ઘણાંય મળે. સૌને કયાં લેવા બેસશું!'

એમ કહીને બાપા ભૂંથાએ ઘોડવેલ હંકારી મૂકાવી.

ને ગઢ જૂનાના રા'એ તે દિવસના કસૂંબા ટાણે પણ એ જ ટોણો માર્યો: 'અરે ભગત! ભગત જેવા ભગત થઈને હજી માતાજીને નજરે ન ભાળ્યાં. આ–હા–હા–હા! થડંથડાં કહેવાય ભગત! મલક હાંસી કરે છે. કળજૂગમાં દેવસ્થાનાં રહ્યાં છે, દેવતા તો ઊડી ગયા છે, ને કાં પછી ભગતીમાં કાંક કે'વાપણું રહી જાય છે.'

'કે'વાપણું કાઢી નાખશું બાપા! આપ, ખમા, નજરે જોશો.'

'અમારે સોમનાથને માથે ગઝનીનું કટક આવેલું. તયેં દેવપાટણના બ્રાહ્મણો પણ આમ જ કહેતા'તા હો ભગત! કહેતા'તા કે ભલે વયો આવતો ગઝની. આવવા દો ગઝનીને. કોઈએ ઓડા બાંધવાની જરૂર નથી. સોમનાથ સરીખો દેવ છે, એનો કાળભૈરવ જ ગઝનીના કટકનો કોળીઓ કરી જશે. આ એમ કહીને બ્રાહ્મણો બેસી રહ્યા, પછી તો ગઝની જ આવીને દેવનો કોળીઓ કરી ગયો. આ ત્યારથી સોમનાથની રક્ષા કરવાની કોઈને હોંશ જ નથી રહી. દેવસ્થાનાં માત્રનું આ ડીંડવાણું સમજવું હો ભગત!'

'આ દેવસ્થાનું ને આ સેવક નોખા સમજવા મારા રા'! પણ હું શું કરૂં !' એણે દાઝભેર વેણ ઉચ્ચાર્યાં : 'મારૂં અરધું અંગ નબળું છે. હું તો એક પાંખાળું પંખી છું.'

'ઓહો ! એવું ડીંડવાણું છે કે દેવ ? તયેં એમ કહોને. તયેં વરદાન અધૂરૂં રહ્યું છે. ઓ—હો ! ઘર જબ્બર, પણ આ તો થાંભલી નબળી.'

'નબળી થાંભલીની તો શી માંડવી મારા રા' ! ફક્ત એક રોટલા ટીપી જાણે છે. બસ, મેમાનો આવે-પાંચ આવે કે પચાસ આવે—તેનું ખીચડું રાંધી જાણે છે. તાવડીનું ને એનું, બેય એકરૂપ છે મારા બાપ !'

'અરે—અરે—અરે રામ ! એ તો અમને ખબર જ નહિ. હવે તો મજબૂત થાંભલી, ઘરને શોભે એવી થાંભલી અમારે જ તમને ગોતી દેવી પડશે. ખરચથી ડરશો મા દેવ ! ઠેકાણું હોય તો અમને જાણ કરજો. ભેળા જાનમાં સોંડશું.'

'ખમા ધણીને.'

'ના, પણ હવે વાર ન કરવી. અમારૂં વેણ છે.'

ફુલાઇને દોલ થએલો જુવાન ભક્ત ભૂંથો રેઢ સાંજે જ્યારે પાછો ફર્યો, ત્યારે, ઝડ વઝડ દિવસ રહ્યા ટાણે, રસ્તામાં એક વટેમાર્ગુ ચાલ્યું જતું હતું. ઢૂકડા ગયા ત્યારે ઓળખાયું—બાઇ માણસ : જુવાનજોધ : અને રૂપ રૂપનો અવતાર. લેબાસ ચારણનો.

'માળું !' ભગતે વિચાર્યું. 'અસૂરી વેળાનું નાનડીયું બાઇ માણસ થાકેલા પગનાં ડગલાં ભરી રહ્યું છે. બીજું તો કાંઇ નહિ, પણ આને કોક મળશે તો કનડગત કરશે.

ઘોડવેલ નજીક આવી એટલે વરેમાગું બાઈએ તરીને મારગ દઈ દીધો. ભૂંથો રેઢ પાછળ પાછળ જોઈ રહ્યો, પણ બાઈના મોં ઉપર કશી લાચારી કે ઓશિયાળ ન નિહાળી. બાઈ જરાક સામું જોવે તોય એને પૂછી શકાય. પણ બાઈનું ધ્યાન તો ધરતી તરફ જ સ્થિર હતું.

ઘોડવેલ થોડે દૂર ગઈ તે પછી 'ભગત'ને વિચાર થયો : એ બાઈ તો લાજાળું માણસ લાગે છે, કદાચ એ શરમની મારી ન કહી શકે. ને હું કોણ છું કોણ નહિ એટલું જાણ્યા વગર કોઈ જુવાન સ્ત્રી હિંમત પણ કેમ કરી શકે? પણ આપણી તો ફરજ છે ને, કે આપણે પૂછવા વાટ જોવી નહિ. આપણું કામ અબળાનું રક્ષણ કરવાનું જ છે. આપણે વળી અભિમાન કેવાનું? એમ વિચારીને એણે હાંકનારને હાકલ કરી : 'ઊભી તો રાખ.'

ઘોડવેલ ઊભી રહી.

'કેમ, હું આ બધું કહું છું તે તને બરાબર લાગે છે ને?'

'શું કહ્યું આપા?'

'આ બધું હું કયારનો કહી રહ્યો છું ને. તું તે શું બેરો છો?'

'આપા, મેં તો કાંઇ સાંભળ્યું નથી.'

'ગમાર નહિ તો.'

ખરી વાત એ હતી કે ભગતે પોતાના જ મનને મનાવવા માટે જે દલીલો કરી હતી તે પોતે જોરશોરથી કરી હતી. પોતાને ભ્રમણા થઇ હતી કે પોતે જગતને પૂછીને, જગતનો મત મેળવીને આ પગલું ભરી રહેલ છે. વિભ્રમની કાળ-ઘડી આવી પહોંચી હતી.

'જોને, કોક વાંસે સાદ કરી રહ્યું છે, સાંભળતો નથી?'

'ના !'

'કદુકનો બેરો થઇ ગયો છો ભાઇ? બીજું તો કાંઇ નહિ પણ કોઇક વાર ગાડીને ઊંધી નાખી દઇશ બેરા ! જોને કોક સાદ પાડતું પાડતું હાલ્યું આવે છે.'

સારી એવી વાર થંભ્યા ત્યારે બાઇ ભેળી થઇ. ભગતે પૂછ્યું: 'તમે સાદ કરતાં'તાં !'

' ના ના, મેં સાદ પાડયા જ નથી. '

' કયાં જાવું છે બાઇ ? '

' પાટખિલોરીની ઓલી કોર. '

' હાલો, પાટખિલોરી સુધી પોગાડી દેશું. '

' અમે ચારણ છીએ. '

' અમારી જ નાતે નાત. હાલો.'

રસ્તો ટુંકો હતો. વાત લાંબી હતી. કોણ છો ? કયાંના છો ? વગેરે વગેરે.

જવાબ બધા જ મનભાવતા મળ્યા. 'ઘરભંગ છું. માબાપ, ભાઇબહેન, વંશવારસ કોઇ નથી.'

'ઘરભંગ શીદ રે'વું પડે ?'

'અડબૂત ચારણોમાં કોનું ઓઢણું માથે નાખું ? મીઠપ આજ નથી શેરડીને સાંઠે રહી, તેમ નથી માનવીમાં રહી. મારેય પાછો એક માતાજીની ભગતીમાં જીવ છે. કયાં પોસાઉં ?'

'પોસાણ થાય એવું હોય તો ?'

'તો મારે તો અસુર થઇ ને રાત રીયા જેવું.'

'આપણું ઘર ગમશે?'

'તમારા ઘરમાં મારાથી પગ કેમ મૂકાય?'

'કાં?' ભૂંથો ભગત લટ્ટૂ થયો.

'એક મ્યાનમાં બે તરવારૂં.'

'એ તો વાસીદાની 'ને રાંધણુાની કરનારી રહેશે. તમે મારી ભક્તિમાં ભાગીદાર થશો.'

'એમ ન પોસાય. ભક્તિમાં આઠે પહોર ભંગ પડે.'

'તો એને છેડો ફાડી દઇશ.'

'તો ભલે. નિરાંતવાં ભક્તિ કરશું.'

રાત પડી ગઇ હતી. પૃથ્વીનાં કેટલાંક પાપ ઉપર અંધાર-પડદો પડી ગયો હતો, તેમ કેટલાંક પાપને પ્રગટ થવા માટે આ અંધાર-પછેડો સગવડ કરી આપતો હતો.

પાટખિલોરીનું પાદર આવ્યું. બાઇએ કહ્યું 'ઊભી રાખો ઘોડવેલ.'

'કાં?'

'હું આંહી બેઠી છું.'

'આંહી શા સારૂ?'

'તમારા ઘરમાં મારી જગ્યા થાય તે પછી જ આવીશ.'

'અરે પણ...વહ્યાં નહિ જાવ ને?'

'વહી શા માટે જાઉં? પણ હું ચારણ્યને બહાર નીકળેલી ભાળીશ તો જ આવીશ.'

'અબઘડી.'

ઉતાવળે ઘોડવેલ ઘેર હંકાવીને ઊતરતાં વાર જ ભૂંથો ભગત સાધો સડેડાટ ઘરમાં ગયો. રાંધણીઆમાં પહોંચ્યો. ચારણ્ય રસોઇ કરતી હતી એના ઉપર ધસી ગયો. ચારણી ઝબકીને પૂરું જોવે ન જોવે ત્યાં તો એણે પોતાની પછેડીનો છેડો ચીરી, ચારણીના ખોળામાં ફગાવ્યો.

'કાં? કાં?'

'બસ ઊઠ.'

'શું છે ચારણ?'

'ઘરની બહાર નીકળી જા.'

'પણ મારો કાંઇ વાંક તો ખોળે નાખ, ભૂંડા?'

'ભૂંડા ને ભલા, વાત પૂરી થઇ. વાંક લેણાદેણીનો. ચારણ્ય, ઘર ખાલી કર.'

'આમ ન હોય ચારણ, આવો અકેકાર ન હોય, હું તુંને ન ગમતી હોઉં તો તું તારે બીજું ઘર કર—અરે હું પોતે જઇને તારા માટે બીજો વીવા ગોતી લાવું.'

'ના, બસ ઊઠ.'

'હું તને ભારી નહિ પડું ચારણ! હું એક કોર કોઢ્યમાં પડી રહીશ. હું તારા ગોલાપા કરીશ. મારું પેટ પાલીનું હોય તો અધવાલી આપજે.'

'ના, ઊઠ, બા'રી નીકળ.'

'અટાણે? કાળી રાતે? ચારણ! ભગત! અટાણે હું ક્યાં જઇ ઊભી રહું? હું કેને જઇને કહી શકું કે મને ભગતે કાઢી મૂકી! મારી જીભ કેમ ઉપડે!' એમ બોલતી ચારણી ભાંગી પડી. એનો કંઠ ભેદાઇ ગયો.

'ઊઠછ કે ઢસરડીને કાઢું?'

ચારણીએ આખરે પોતાના શરીરને, ધણીના હાથે, મૂવેલા કૂતરાની માફક ઢસરડાવા દીધું. અંધારે અંધારે એ બહાર નીકળી ગઇ.

ચાલી જતી ચારણે પાદરની શૂરાપૂરાની દેરીને ઓટે એ અંધારામાં એક દાંત વગરની, પળીઅલ વાળ વાળી બુઢ્ઢીને બેઠેલી દીઠી.

રોતી ચારણી એ બુઢ્ઢીને ફક્ત એટલું જ કહી શકી:

'માતાજી, મારા માથે આવી કરવી'તી ને?'

'બાપ, નાગબાઇ! નાગબાઇ હરજોગની!' બુઢ્ઢીએ કહ્યું. 'માંડયા લેખ મિથ્યા કેમ થાય? મેં નથી કર્યું, એના અભિમાને કરાવ્યું છે. એનાં લેખાં એનાં પાપ લેશે. તું તારે આંહીથી સીધી હાલી જા. તારૂં ઠરવા ઠેકાણું મોણીયું ગામ આંહીથી છેટું નથી.'

'ત્યાં જઇને શું કરૂં?'

'આપો વેદો ચારણ છે. દુઃખી છે. એનું ખોરડું તુંથી પૂજાશે.'

'માતાજી! હું ઊઠીને એક ભવમાં બે ભવ કરૂં?'

'કરવા જોશે દીકરી! તારે માટે નહિ, કળુ કાળનાં નબળાં સબળાં સૌ નાનડિયાંને જીવવાની કેડી બતાવવા માટે. હળાબોળ કાળીગો (કળજુગ) હાલ્યો આવે છે. માન સથુકાં માનવીઓ જીવી શકે તેટલા

સાર તું મોગળ (મોખરે) થા. જા, તને મેંણું નહિ બેસે. અંધારું આળીને બીશ મા. હાલી જાજે. હળાબોળ કળજુગમાં કેડો પાડતી હાલી જજે. ને બાપ ! એક વાતની ગાંઠ વાળજે. રાજદરબારથી તારી પ્રજાને છેટી રાખજે.'

*   *   *

પછી તે રાત્રિયે એક આદમી ગામ પાદરની ખાંભીઓ વચ્ચે, મસાણુમાં, સીમમાં, સીમાડા બહાર, નદીમાં, વોંકળામાં, વાવો ને કૂવાઓને કાંઠે દોટાદોટ કરતો હતો. આસપાસનાં સૂતેલાં ગામડાં નિર્જન વગડામાં ઊઠતી ચીસો સાંભળતાં હતાં—

'કયાં ગયાં ? તમે કયાં ગયાં ? સુંદરી, કયાં ગયાં ?'

વળતા દિવસ અજવાળું થયું ત્યારે એક આદમી નખશીખ લૂગડાં વગરનો, ઝાળે ઝાંખરે ને ઝાડનાં થડની ઓથે લપાતો લપાતો બેબાકળો, વસ્તીથી દૂર ભાગતો હતો.

'આ કોણ છે નાગો ?'

'એલા ભાઇ, આ તો આપો ભૂંથો રેઢઃ માતાજીનો વરદાનધારી : અરર, નાગોપૂગો ! કોઇએ લૂંટયો ?' લોકો ચકિત બન્યા.

'એને કોઇ લૂગડાં નાખો. ઝટ એની એબને ઢાંકો.'

લૂગડાં ફેંકાયાં—નગ્ન આદમી લૂગડાં ઝીલવા જાય છે : એનો હાથ લૂગડાને અડકે તે પહેલાં અદ્ધર ને અદ્ધર લૂગડાંનો ભડકો થઇ જાય છે.

ગામો ગામ ભમે છે, સીમેસીમ રઝળે છે. લોકો પોતાનાં પછેડી અને ફાળિયાં ફેંકે છે. પછેડી ને ફાળિયાં એના શરીરને અડે ન અડે ત્યાં સળગી

ભસ્મ બને છે. ભડકા—ભડકા—એ પોતાના પગલે પગલે ભડકા થતા ભાળે છે. નગ્નાવસ્થામાં જ ચીસો નાખતો આંહીથી ત્યાં દોટ કાઢે છે. એ વસ્તીનો વાસ છોડીને અરણ્યમાં ઊતરી જાય છે.

લોકોમાં ખબર થાય છે: ભૂંથા રેઢે માઝા મૂકી હતી. ભક્તિનો એને કેફ ચડયો. રાજાનો ને રોનકી લોકોનો ચડાવ્યો એ ચડયો. ઘરની રાંક સ્ત્રીને એણે કાળી રાતે નોધારી કરી કાઢી: એને માણવું હતું પારકી ત્રિયાનું રૂપજોબન. એને સાંપડયા ભડકા: એણે લીધાં ઝેરાં પારખાં. એને માથે દેવી કોપી.

# પ્રકરણ બારમું

## સોમનાથના મંદિરમાં

ઉપલો બનાવ બની ગયાંને પચીશેક વર્ષ વીત્યાં છે. દાતાર ડુંગરાની તળાટીમાં આવેલી મઢીમાંથી છાનોમાનો એક મ્યાનો નીચે ઊતરે છે. મ્યાનામાં બેઠેલા એક બિમાર આદમીને એક જૈફ દરવેશ વિદાયનો બોલ કહે છે : 'જાવ મેરે પ્યારે, હિંદુ તરીકેની તમારી ફર્જ છે કે પોતાના જ દેવસ્થાના પાસે હાજર થઈ, તમને મળેલી નવા બદનની બક્ષીસ બદલ ઈશ્વરના શુકર ગુજારવા. રગતપીતનો રોગ તમને મેં નથી મિટાવ્યો, તમારા જ સાચા દેવે મિટાવેલ છે. એનાં જ પેદા કરેલાં આ આબોહવા છે : એણે જ દુનિયાના કલેજામાં આ રોગ મિટાવનાર પાણીના ઝરા મૂકેલ છે. એની દુવા ગાઓ, ને ઇન્સાની-અતનો માર્ગ ફરીવાર કદી ના ચૂકો.'

એવી વિદાય દેનાર વૃદ્ધ દરવેશ દાતાર જમીયલશા હતા. મ્યાનામાં બેઠેલ આદમી વીજો વાજો હતો. ગરવા દેવ ગિરનારની વનૌષધિ અને દાતાર–તળેટીનાં ઝરાનાં જળની એની સારવારના બાર મહિના પૂરા થયા હતા. એને લઇને રા' જાતે સોમનાથ જતા હતા. રાણી કુંતાદેને પણ વેલમાં જોડે લીધાં હતાં.

'ચાલશો ને ?' રા'એ કુંતાદેને કહ્યું : 'તમારે ય ગઢ જૂનાની ગાદીનો વારસ જોશે ને ? માગજો માગજો સોમૈયાજીની પાસે.'

આ વેણુ અણધાર્યું ઉચ્ચરાઇ ગયું. કુંતાદેના પેટમાં રા'ના આ બોલથી ફાળ પેઠી. એને પહેલી જ વાર ભાન થયું કે રા'ની ને પોતાની વચ્ચે શેર માટીની ખોટ જ થોડુંક અંતર રોકી રહી છે. આ વેણનું જાણે અંતરમાં એક ધારૂં પડયું.

રસ્તે જતાં સાંઝે એક જર્જરિત બુઢ્ઢો, નખશીખ નગ્ન, અને વાળ દાઢીનાં વધેલાં ભીંસરાવાળો, ચીસેચીસ પાડતો રા'ના રસાલાની આડેથી ઊતરીને ઝાડીમાં સંતાઇ ગયો. રા'ને બુઢ્ઢા ચોકીદારોએ ઓળખાણ પાડી: 'બાપુ, એજ મહુંમ મોટા રા'નો દસોંદી ચારણ ભૂંથો રેઢ. ગાંડો થઇને મલક પાર ઊતરી ગએલો. ઘણાં વર્ષે પાછો દેખાણો. હજુ ય એનાં અંગ ઉપર લૂગડું એકે ય રહેતું નથી. ભડકો થઇને સળગી જાય છે.'

'કેમ ભલા?'

'ઘરની બાયડીને સંતાપી હતી. દેવીનો કોપ થયો.'

'એનો કોપ આપણું ગંગાજળ કે આપણા સોમનાથ ન ટાળે? એને ઝાલીને લઇ જાઇએ.'

'હવે એ ઝલાય નાહ. વાંદરા જેવો છે. કયાંનો કયાં નીકળી જશે હમણાં.'

એ નગ્ન માણસની કીકીઆરીઓ રા'ના કાનમાં પડતી હતી. સ્ત્રીને સંતાપવાથી મળેલા એ નતીજા પર રા'નું મન વિચારે ચડી ગયું.

'એની સ્ત્રી કોણ?'

'નાગબાઇ નામે ઓળખાય છે. આપણા મોણીઆ ગામની અંદર રહે છે. બીજું ઘર કર્યું છે. પણ નવો ઘરવાસ નથી ભોગવ્યો. આગલા

ઘરનો વેલો હાલે છે. આગલા ઘરના દીકરા ખૂંટકરણુ ન્યાત-પટેલ છે. દીકરાનો દીકરો ય જુવાન થયો છે.'

'નામ ?'

'નાગાજણ. વાતું ભારી રૂડીયું કરે છે. અપ્સરાઉંની વાતું જમાવે છે ત્યારે તો બાપુ, આકાશમાં નજરોનજર અપ્સરાઉં ભાળીએ.'

'વળતાં મોણીયું જોતા જાશું.'

*   *   *

માંડળિકનો કાફલો જ્યારે દેવપટ્ટણને માર્ગે હતો, ત્યારે સોમનાથના મંદિરમાં એક રમખાણ મચ્યું હતું. રમખાણ મચવાનું કારણ નવીન જ હતું. એ પ્રભાતે એક ઓરત અને એક જુવાન ત્યાં આવીને દરવાજાની અંદર અને દરવાજાની બહાર ઘણા બધા ખોડેલા પથ્થરોમાં ઘૂમી ઘૂમી બે પથરોની ઓળખાણ મેળવવા મથતાં હતાં.

'આ બે ખાંભીયું ક્યાં ગઇ !' ઓરત વિમાસતી હતી. પંદર વરસ ઉપર હું આંહી આવેલી ત્યારે તો બેય હતી. મેં સિંદોર પણ ચડાવેલો ને શ્રીફળ પણ વધેરેલું.'

એમ બોલતી બોલતી એ સ્ત્રી પ્રત્યેક પથ્થરને જાણે પૂછતી હતી કે તમે તો નહિ ના ? તમે અમારાં બે સગાંની ખાંભીયું નહિ ? તમમાંથી કોઇક તો કહો.'

પણ એકે ય પથ્થર એ અગાઉ દીઠેલ ખાંભીઓની આકૃતિ દાખવતો નહોતો.

દરવાજામાંથી બ્રાહ્મણોની કતાર અંદર આવજા કરતી હતી. પહોળી રેશમ-પટીનાં ધોતિયાં, બહુરંગી હીર-મુગટા, કોઇના હાથમાં સોના રૂપાના લોટા, કોઇની હથેળી ઉપર પુષ્પપાત્રો : કોઇ અરધા

માથે ધારીવાળા, કોઇ આખે શિરે લાંબા ચોટલા ઝુલાવતા, કોઇ સ્વચ્છ તાલે મૂંડાએલા, તો કોઇ બ્રહ્મરંધ્ર સુધી પોણા માથે ટાલ ચમકાવતા : કોઇ પાતળી કટિના, કોઇ ભરાવદાર, કોઇ મેદ–ભારે લચકી પડતા અદોદળા :–

અંદર ભાતભાતના ઘંટારવ થાય છે તેને સાંભળી સાંભળી 'શંભો ! હર હર મહાદેવ ! જય સોમ ! જય સોમ !' એવા સિંહનાદ કરતા દોડયા જાય છે.

'મા, કોઇક ભડકશે, ઊઠને.' એવું કહેતો પુત્ર ઊભો છે. ને પથ્થરો પાસે નીચે નમેલી માતા થોડીવાર આ મૃત્યુલોકથી જુદા જ કોઇ જગતનાં હોય તેવાં ફુટડાં, રૂપાળાં, લાલમલાલ માનવીઓની કતારથી અંજાયા પછી હિંમત ધરીને કોક કોકને પૂછે છે 'હેં બાપા ! આમાં ઓલી બે ખાંભીયું...'

પણ એ ડોશી જેવી દેખાતી કાળવી કોઇ શુદ્ર ઓરતના સવાલનો જવાબ વાળવા કોઇ કરતાં કોઇ ત્યાં થોભતું નથી.

ફૂલોના સૂંડલા મઘમઘી રહ્યા છે. ચંદન કાષ્ટોના ભારા ને ભારા અંદર જતા જતા મ્હેક મ્હેક કરે છે : ઘીના કૂડલા ને કૂડલા ફોરમો વેરતા અંદર દાખલ થાય છે. છોકરો એ સર્વ સુગંધો સામે મોં ને નાકનાં ફોરણાં ફુલાવી જાણે આ સર્વ ફૂલો, ફળો, ઘી અને ચંદનનાં લાકડાંને પણ એકસામટાં ખાઇ જાઉં એવી લોલૂપતા અનુભવતો ઊભો છે. ને મા હજુ ઊઠી ઊઠીને હરએક જતા આવતાને પૂછે છે કે 'એ બાપ ! ઓલી બે ખાંભીયું આંહી હતી ને?'

એના સવાલની મૂંગી હાંસી કરતી મ્યાનાઓ ને પાલખીઓની કતારો આવી. એમાં બિરાજયા હતા તીર્થના અધિપતિઓ, આચાર્યો, વેદપ્રવીણ પંડિતો ને ધૂર્જટિના અનુગામી દિગમ્બર અવધૂતો.

મ્યાનાઓની મોખરે સોનારૂપાની છડી ધારણ કરનારાઓ નામ દઇ દઇને નેકી પોકારતા આવે છે, પાછળ ભેરી–ભૂંગળો વાગતી આવે છે, અને સર્વ સૂરોના વિરામના વચગાળામાં સંભળાય છે–દરિયાના ઝાલર–ઝણુકારઃ સોમનાથના નવા મંદિરની પાછલી દીવાલે જગદંબાનું જાણે કે ઉદધિ–વલોણું ચાલી રહ્યું છે. સાગરની ગોળીમાં જોગમાયા પ્રકૃતિ છાશ ઘૂમાવી રહ્યાં છે. માખણની કણીઓ શાં પારંપાર ફીણ દરિયાનાં વલોવાતાં પાણી ઉપર તરતાં થયાં છે. વિરાટનો રવાયો ફરે છે.

'ખાંભીયું તો આંહીથી ખસી ગઇ લાગે છે બેટા !' માએ છોકરાને એ ખબર દેવામાં ખૂબ મહેનત અનુભવી.

છોકરો તો સોમનાથ મહાદેવના આંગણમાં પથરાતા આ પુષ્પ, ફળ, ફૂલ ને મનુષ્યોના અવર જવરમાં જ ડઘાઇ ગયો હતો. એણે ખાંભીઓના ખબરમાં બહુ જીવ પરોવ્યો નહિ. એણે આ પછી શસ્ત્રધારી રાજપૂતોનાં જૂથ અંદર જતાં જોયાં. પોતે આ જૂથમાં પોતાનું સ્થાન સમજીને ભેળો ભળી ગયો. મા પણ પુત્રને સાચવવા પાછળ પાછળ ચાલી.

સમુદ્ર–સ્નાન કરી કરીને આવેલા એ ક્ષત્રિયો ઠેકઠેકાણે ઘસાઇ રહેલાં ચંદનની છીપરો પાસે જતા હતા, ઘસેલા ચંદન લેપની સુવર્ણ–કુંડીઓમાંથી આંગળીઓ બોળી બોળી એકબીજાના હાથમાંથી આરસીઓ ઝૂંટવતા લલાટ પર ત્રિપુંડ તાણતા હતા. ને ત્રિપુંડ તાણતે તાણતે વાળની લટો અને દાઢી મૂછના મરોડો પણ સમારી લેતા.

આ જુવાનની આંખો વધુમાં વધુ આ ત્રિપુંડોનાં લલાટ–ચિહ્નો પર મોહી પડી. એના કપાળે કોઇક દિવસ સિંદૂરનું તિલક ભાળ્યું હશે. ત્રિપુંડને માટે એનું કપાળ તલપી ઊઠયું. માણસના લલાટને

આખા દેહથી નીરાળું પોતાનું એક રૂપ છે, શોભા છે, શણગાર છે, તેની એને જાણે ખબર જ નહોતી. એ બધાની ભીડાભીડમાં તો ન પેઠો, પણ લેપની કુંડીઓ કાંઇક નવરી પડી ત્યારે એણે પોતાનાં આંગળાં ઝબોળવા હાથ લંબાવ્યો.

સુખડ ઘસતા માણસોમાંથી એકનું ધ્યાન જતાં એણે આ જુવાનનું કાંડું ઝાલ્યું. પૂછયું 'કેવા છો ?'

જુવાનનો હાથ લબડી રહ્યો. એનાં આંગળાં પરથી સુખડનાં લેપ–ટીપાં પાછાં કુંડીમાં ટપકી રહ્યાં. ને એ નીચો વળેલો હોવાથી એના માથા પરનાં મોરપીચ્છનો ગુચ્છો પેલા હાથ પકડનારના કપાળ પર ઝૂલી રહ્યો.

'કેવા છો ? પરદેશી છો ? કયાંથી આવો છો ? પૂછયા ગાછયા વગર સુખડની કુંડીમાં હાથ કેમ બોળો છો ?'

'પણ ભાઇ, તમારો સવાલ શી બાબતનો છે ?' જુવાને છોભીલા પડયા છતાં હસતે હસતે કહ્યું: 'મારે આ સૌ કરે છે એમ કપાળે કરવું છે.'

'શું કરવું છે એ નામ પણ નથી આવડતું ને !' સુખડ ઘસનારે ટોણો માર્યો: 'શુદ્ર જ હોવો જોઇએ.'

'તમે કેવા છો ?'

'અમે છીએ—દેવની સુખડ ઘસનારા છીએ છતાં ય જોતો નથી ? છે અમારે કપાળે ત્રિપુંડ ? અમેય કોળી છીએ.'

'હું ભીલ છું,'

'હાંઉ ત્યારે. ત્રિપુંડ તાણવા જોગ તારૂં તાલકું નહિ ગગા ! તારૂં નસીબ બહુ બહુ તો આ ચંદન ઘસવાનું.'

એમ કહીને એણે આ જુવાનનો હાથ ઝટકાવી બધું ચંદન પાછું લઇ લીધું.

રાજપૂતોનું પણ એક ટોળું વળી ગયું. તેમણે વધુ પૂછપરછ કરીને વિશેષ ટોણા માર્યા;

'ભીલડાંને ય ભગવાન સોમનાથના પહેલા ખોળાનાં થઇ જવું છે ભાઇ ! સૌ નીચ વર્ણોને પણ ક્ષત્રિમાં ખપવું છે.'

'એ ભૂલી જાય છે કે આ સોમનાથજીને માટે લીલાં માથાં આપનાર વડવા તો અમારા હતા. આજ પણ દેવને ધૂપેલીઆંનાં ગામ અમારાં વડવાઓએ દીધલ જ હાલ્યાં આવે છે.'

'વળી આવતી કાલ પણ મોકો આવશે તે દિ' અમારાં જ માથાનાં શ્રીફળ આંહી ચડવાના છે.'

' હાલી મળ્યા છે જુવોને હવે આ તીરકામઠાંવાળા ને ઘો તેતર મારી ખાનારા અનાર્યો. '

આ મેંણાં ટોણાની સામે જવાબ વાળવા માટે તલપાપડ થતી જીભ જુવાનના મોંમાં સમાતી નહોતી. એ બોલતો બોલતો ' મારા બાપુ—' એટલું જ ઉચ્ચરે છે ત્યાં એની માએ આવીને એના મોં ઉપર હાથ મૂકી દીધો. એને બથમાં લઇ ત્યાંથી ખસેડી ગઇ. એનો પાછળ શબ્દો સંભળાયા.

' તાણવું'તું ગગાને ત્રિપુંડ !'

એ શબ્દોનો જવાબ વાળવા પાછો ફરવા મથતો જુવાન માતાના હાથની ઝકડમાંથી છૂટી ન શકયો.

એ પછવાડે કતરાતો રહ્યો. કાળી રાતે પણ જંગલમાં ઝગારા મારનારી એ રાતીચોળ ભીલ–ચક્ષુઓ પોતાનું અપમાન કરનારાઓ તરફ ઘૂમીને

પછી સામે ઊભેલા સોમનાથ–મંદિરના પડથારથી જોવું શરૂ કરી છેક ઉપર ટોચ સુધી ચાલી. પણ ટોચે એણે શું જોયું! એણે જોયું મોયલા ભાગના મથાળ પરનું શંકુ આકારનું શિખર તૂટેલું હતું. એ શિખરના પથ્થરો ઢગલાબંધ નીચે પડયા હતા. એ જ રીતે એણે દીઠું–ગર્ભદ્વારના સુવિશાળ ઘૂમટનું ગગન–અડકતું શંકુ-શિખર પણ જાણે કાળની સમશેરના એક ઝાટકે મસ્તક જેવું ઊડી ગયેલું હતું. નીચે એ બધા ટુકડા પડ્યા હતા.

ભીલ–પુત્ર તાજો જ વનરાઇમાંથી આવતો હતો. ગીરમાં એણે પહાડો ખૂંદ્યા હતા. પહાડોના રૂપનો એ ચિરસંગી હતો. પહાડનાં શૃંગોને એણે સંધ્યાએ ને સુપ્રભાતે, સળગતા મધ્યાહ્ને ને મધરાતની રૂમઝુમ ચાંદનીમાં દીઠાં હતાં. સોમૈયાજીના મંદિરનાં છેદાએલાં શૃંગો પ્રત્યે, એટલે જ, આ પહાડના પુત્રને પ્રેમ ને કરુણા પ્રકટી ઊઠયાં. એ પોતાને થએલા અપમાનની લાગણીને, આ સાગર–ખોળે ઊભેલા છપ્પન–થંભાળા મંદિરનો અપમાનિત વિરાટ દેહ દેખી ભૂલી ગયો. એણે આ મહાકાય મંદિરમાં જીવતો જાગતો ને હાજરાહજુર એ જ પ્રાણ જોયો, જે પ્રાણને એણે ગીરના ડુંગરાની ટૂંકે ટૂંકે ઘોરતો દીઠેલો.

મા એને મંદિરની પાછલી બાજુ લઇ ગઇ. પાછળની ગદરાંગ પાસે એ તૂટેલાં બંને શિખરોના ટુકડે ટુકડા વેરાયા હતા. અને આ ટુકડાઓ પર માણસની ચામડી પર ત્રોફેલાં છૂંદણાં જેવી શોભીતી શિલ્પની કારીગીરી હતી. ભીલ બાળકને માટે આ શિલ્પની બીજી ખુબીઓ તો સમજવી સહેલ નહોતી, પણ પોતાના ને પોતાની માતાના હાથ-પગનાં છૂંદણાં આ પથ્થરો પરની નકસીની સાચી સમજ પાડતાં હતાં. છૂંદણાંવાળી પોતાની ભુજાઓ સમા, ને છૂંદણાની વેલડીએ છવાઇ ગએલી માતાની છાતી સમા આ નીચે પડેલા પાષાણો શિલાઓ પણ શું આ દેવળ એક દિવસનાં જીવતાં ધબકતાં ને રૂધિરવંતાં

અંગો હશે ! આ દેરું તૂટેલું પડ્યું છે છતાં આ બધા રંગરાગ ને ખાનપાન કેમ ? ઘરમાં મડું પડ્યું હોય ત્યાં લગી આપણે ઉત્સવો ક્યાં કરીએ છીએ ? ત્યારે આ બધું શું !

'આ કોણે તોડયાં હેં મા ?' એણે માને પૂછ્યું.

'તારા બાપુ જેની સામે ખપી જાવા આંહી આવેલા તે પાદશાએ.'

પહેલી જ વાર આ યુવાન પોતાના બાપના મોતનો મહિમા સમજી શકયો. આજ સુધી એણે જ્યારે જ્યારે બાપની 'સોમનાથની સખાત'ની વાતો સાંભળેલી ત્યારે બાપના શૂરાતનને એ સમજેલો, પણ હમેશાં મનમાં વિમાસણ પામેલો કે મારા આવા આવા વીર બાપુ, એક જ રાત રહીને આવી મારી મા જેવી માને છોડી દઇ, મારા જેવા બાળકની કલ્પનાને પણ કચરી નાખી કોના સાટુ મોતના મોંમાં ઓરાવા ગયા ? આજ જ્યારે આ સાગરના સંતાન સમા દેરાના શિરચ્છેદનનું એણે દર્શન કર્યું, ત્યારે પિતાનો તલસાટ એણે પોતાની અંદર અનુભવ્યો. મારા બાપુ આવા એક જીવતા જાગતા દેવની કતલ આડે ઊભા ઊભા મૂવા હશે. ને આ દેરાનાં છેદાતાં અંગોમાં કેવી કાળી બળતરા હાલી હશે ! આ દેરૂં કેમ હજી તેદુનું માથા વગરના ધડ જેવું ઊભેલ છે ! આ દેરાના પાણકે પાણકાને હું ઠેકાણાસર ગોઠવી દઉં, એક વાર એના સમસ્ત દેહના દિદાર કરી લઉં, એક વાર એના સામે લળી લળી નમણું કરૂં એવું થાય છે.

# પ્રકરણ તેરમું

## અનાદર

એકાએક વીણા, સતાર અને સારંગી સુંદરીના ઝંકાર બોલ્યા. મૃદંગો પર ધીરી થપાટો પડી. અને ભીલ બાળક જાણે એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં સરી પડયો. એના કાને કોયલકંઠી ઘૂઘરીઓના ઘમકાર પડયા; ને એક મહારવ ઊઠયો.

એણે દક્ષિણ બાજુના ગોખમાંથી દેવાલયની અંદર નજર કરી. એ તો બાઘો બની ગયો. આ કોણ ? આ શિલાઓ પર કંડારેલી પૂતળીઓ તો પાષાણમાંથી રમવા ઊતરી નથી ને ? એમ ધારતો એ દેવાલયના સ્થંભોના ટુકડા પર કોતરેલી આકૃતિઓ જોવા લાગ્યો. એ તો પત્થરમાં મોજૂદ હતી. ત્યારે આ બધી કોણ હતી ? કાળી કાળી ફરસબંધી ઉપર ત્રણુસો જેટલી અપ્સરાઓ નૃત્ય કરી રહી હતી. સોમનાથ દેવની એ નૃત્યદાસીઓ હતી. મહાદેવને એ રીઝવતી હતી કે બ્રાહ્મણોને ?

મહાદેવનું કાજળકાળું લીંગ ફૂલો અને દીપકોની વચ્ચે બેઠું બેઠું જાણે આ નૃત્યસંગીતમાં ધ્યાનમગ્ન હતું. બે હજાર બ્રાહ્મણો બેઠા બેઠા ને ઊભા ઊભા માથાં ડોલાવતા હતા.

દેરું તૂટ્યું હતું. ત્રણ ત્રણ વાર તેના ઉપર વિધર્મી પરદેશીઓના પંજા પડયા હતા. તો પણ પુરાતન પરંપરા તુટી નહોતી. કોઇ ગૌડ બંગાળાની, તો કોઇ મલબારની, કનોજની ને કાશ્મીરની, જયપુરની ને નેપાલની આ ચિરકુમારિકાઓના રૂપરૂપના રાશિઓને પોતાના ઉરમાં સંઘરી રહેલું સોમ–મંદિર સાગરને ખોળે માથું ઢાળીને સૂતેલી વસુંધરાને લાધેલા દૈવી સોણુલા સમું બની રહ્યું હતું. કોણ જાતની ને કોણ નાતની, કયા માબાપની ને કયા કુળની આ કુમારિકાઓ હતી? કોઇને એ જાણવાની જરૂર નહોતી. દેવને વરેલી એ માનવની દુહિતાઓ હતી. કળાની એ પુત્રીઓ હતી. જટાળા જોગંદરો અને વેદ રટતા પુરોહિતોની ઊર્મિઓને ડૂબાવનારી એ દરિયાઇ વમ્મળો હતી. અસલ તો દશ હજાર જેટલાં ને અત્યારે ઓછામાં ઓછાં બે હજાર ગુર્જર ગામડાંની ખંડણી ધરાવતા આ દેવાલયમાં તેમનાં જઠરની ભૂખ ઓલવવાનું રોજ રોજનું જમણ હતું, ને મંદિરના સેવકોની રૂપ રસ ગંધ સ્પર્શની તૃપ્તિ માટે તેમનું યૌવન હતું. સાગરનો સુવિશાળ ઘાટ તેમના નૃત્યગીત પછીના શ્રમને ઉતારવા અગાધ અખૂટ નીલાં પાણીની ઝાલકો મારતો હતો. તેમ આ ત્રણસો રૂપની ઝાલકો શંભુના સેંકડો સેવકોનાં અંતઃકરણોમાંથી જ્ઞાન, તપ, સંયમતેજના શ્રમને પણ ધીરે ધીરે ધોતી જતી હતી.

દુર્ગને દરવાજેથી નકીબો પુકારાઈ: 'ખમ્મા ગંગાજળિયાને! ઘણી ખમ્મા ચંદ્રચૂડના કુળદીપાવણ રા' માંડળિકને. ઝાઝી ખમ્મા ગોહિલ-કુમારી સોરઠ–રાણી કુંતાદેને.'

છત્ર દેખાયું, છડીઓ દેખાઇ, ચામરે ઢોળાતી એ રાજજોડલી મલપતી ચાલે આવતી હતી.

'બેટા! બેટા!' ભીલ માતાએ હર્ષવ્યાકુળ બનીને પુત્રને કાનમાં કહ્યું: 'આવ આવ, તારી બહેનને જોવી હોય તો.'

બન્નેએ લપાઇ લપાઇને નિહાળ્યાં–મહારાણી કુંતાદેને. રા'ની છાયા સમોવડી, જરીક પાછળ, છતાં પડખોપડખ એ ચાલી આવતી હતી. જાત્રા જુવારવા આવી હતી ખરી ને, એટલે શુભ્ર સાદા પોશાકે વધુ સોહામણી લાગતી હતી. ને જોનારાઓમાંથી કોણ કહી શકે, કે એ નર અને નારીમાંથી વધુ સોહાગ કોના મોં પર હતો? ખરી વાત એ હતી કે નિશા અને શશીની માફક બન્ને જણાં એક બીજાને સોહવતાં હતાં. સોહાગનાં નીરની એ દેગ ચડતી હતી–પાણીના પરસ્પર દોલ–હીંડોળ લાગતે લાગતે નવાણમાં ચડે છે તેવી દેગ.

માંડળિક અને કુંતાદેએ મંદિરમાં પ્રવેશ કર્યો, પણ બે હજાર બ્રાહ્મણોની મેદનીના મોં પર એણે તે દિવસ આગલા આદરભાવની નિસ્તેજ રેખાઓ નિહાળી. મારી આંખોનો જ કદાચ દોષ હશે, બ્રાહ્મણો સ્તુતિગાનમાં તલ્લીન છે તેથી કદાચ તેમણે પૂરું ધ્યાન નહિ આપ્યું હોય, એવું ભાવતો રા' સડેડાટ સોમનાથજીની પ્રતિમા પાસે પહોંચી, સાષ્ટાંગ કરી, પોતાને માટે અલાયદું રખાવેલું આસન શોધવા લાગ્યો. આસપાસ આસન હતું નહિ. એણે ફરસબંધી પર બેસી જવામાં કશી નાનપ ન માની.

થોડી વારે એને કાને બાર પર ધક્કામુક્કી ને હોંસાતોંસી થતી હોવાના અવાજ પડયા. એણે દ્વાર તરફ નજર કરી. પ્રતિહારીઓ કોઇક આદમીને અંદર આવતો અટકાવીને બહાર ધકાવી રહ્યા હોય તેમ લાગ્યું. એણે ઊકળતા અવાજની શબ્દ-ટપાટપી સાંભળી.

'તું શુદ્ર છે.'

'હું રાજપૂત છું.'

'કયાંનો રાજપૂત! જનોઇ કયાં છે?'

'જનોઇ પહેરવા જ આવ્યો છું. ક્ષત્રિયનો બાળ છું, મને શા માટે અટકાવો છો?'

વીણાના સૂર અને દેવસેવિકાઓના રૂમઝુમાટ થંભી ગયા. કોલાહલ વધી પડયો. માંડલિક પણ ઊઠીને દ્વાર પર પહોંચ્યા. સો બસો બ્રાહ્મણોએ ઘેરી લીધેલો, પોતાના કામઠા પર તીર ચડાવીને એ ભીલ જુવાન ચોગાનમાં ઊભો હતો. એના શરીર પર ધૂળ હતી, એનાં અંગો છોલાયાં હતાં. એના શામળા વર્ણ પર ઠેર ઠેર રાતા ચોળ લોહીના ટશિયા આવી રહ્યા હતા. એની ખુલ્લી પહોળી છાતી જરી જરી હાંફતી હતી. ને આંખોના ડોળા ઘૂમાઘૂમ કરતા હતા.

એ કહેતો હતો : 'હું રાજપૂત છું.'

'કોણ છે? શું કરો છો બધા?' રા'એ લહેકા લેતા સૂરે પૂછ્યું.

ટોળામાંથી એક અવાજ આવ્યો : 'શૂદ્રોને ફટવી મૂકયા છે.'

'હું શૂદ્ર નથી. ક્ષત્રિય છું.' જુવાનને એ એક જ બોલ આવડતો હતો; અથવા એ બીજું બોલવાનું વિસર્યો હતો.

'જુવાન! જુવાન!' રા' મંદિરના ઓટા પર ઊભા ઊભા એને ટાઢો પાડતા હતા : 'અથરો થા ના.'

ટોળાના કુંડાળા બહાર ઊભી ઊભી અંદર જવા મારગ માગતી એક બાઇ કહેતી હતી : 'એ ભાઇ! મારા દીકરાને અકળાવો મા. એના બોલ્યા સામું જુવો મા, હું તમારે પગે પડું. સાચું છે. એ શૂદ્ર છે. એને મૂકી દિયો.'

બ્રાહ્મણોના શોરબકોર અને ધક્કામુક્કી સામે રા'નો પંજો ઊંચો થયો. શોર અટકી ગયા.

'એને છોડી દિયો ને મારી સામે ઊભો રહેવા દિયો.'

પછી એ ઉન્નત મસ્તકે ટટ્ટાર ઊભેલા, સોટા સમા સીધા ને ચળકાટ મારતી ચામડી વાળા જુવાનને રા'એ પૂછ્યું :

'તું કોણ છો જુવાન ?'

'રાજપૂત છું.' જુવાને છાતીએ પંજો થાબડયો.

'કયાં રે'છે ?'

'ગીરમાં : દોણગઢડાના નેસમાં.'

'તારા બાપુનું નામ ?'

'હમીરજી ગોહિલ, હાથીલાના રાજપૂતર : આ જોવો ઉપર, આ દેરું તૂટવાનું હતું ત્યારે બચાવવા આવ્યા હતા મારા બાપુ, ગોહિલ રાણા હમીરજી.' એણે કહ્યું, ને સેંકડો આંખો એ મંદિરના બાંડા શિખર પર બંધાઈ ગઈ.

એ નામ ને એ શબ્દો સાંભળીને ખડ–ખડ–ખડ–ખી–ખી–ખી–ખી–આખી મેદની હસી પડી. ન હસ્યા એક ફક્ત રા.'

સૌ હસ્યા ત્યારે જુવાનનું મોરપિચ્છના મોડ વાળું મસ્તક નીચે ઢળી ગયું. કુંડાળા બહાર ઊભેલી સ્ત્રી પણ શરમથી બીજી બાજુ જોઇ ગઇ.

'હમીરજી ! હાથીલાવાળા ગોહિલ હમીરજી ! એનો તું દીકરો ! જુવાન, તું આ શું બોલ છ તેનું તને ભાન છે ?'

જુવાન ચૂપ રહ્યો. રા'એ પોતાની બાજુમાં ઊભેલ કુંતાદે સામે સ્હેજ નજર નાખી લીધી. કુંતાદેનું ધ્યાન નીચે ઊભેલા જુવાન પર ઠર્યું હતું. એના મોં પર હાસ્ય નહોતું.

'તારું મોસાળ ?' રા'એ પ્રશ્ન પૂછ્યો.

'ઢોણુગઢડાના વેગડાજી. એણે પણ આ દેરાની રક્ષા માટે પ્રાણ દીધા છે. જુદ્ધ થયું ત્યારે બીજાની જેમ પાછલી બારીએથી દેરામાં ગરી નહોતા ગયા. એનાં શ્યરાતનનાં શીંગ આડાં આવ્યાં હતાં.'

મેદનીને એક વિશેષ રોનક મળ્યું. સામટા પાંચસો હજાર ઘૂઘરા ખખડતા હોય તેવા ખીખીઆટા થયા.

'વેગડાજી કોણ ?' રા'એ ગંભીર બની પૂછ્યું.

'મારો ડાડો.'

'ન્યાતે ?'

'ભીલ.'

જુવાન આ બધો શો બકવાદ કરતો હતો ? રા'ની પણ મતિ મૂંઝાઈ ગઈ. કુંતાદે તો કાંઇ રહસ્ય સમજતાં જ નહોતાં.

'બે હજાર તીરકામઠાળા ભીલો આંહી કપાણા'તા તે દિ.' ભીલ જુવાન ફરીવાર ઉન્નત મસ્તકે ને ટટ્ટાર ઢાલ જેવી છાતીએ બોલ્યો.

'હાથીલાના હમીરજી તો જુવાન, કુંવારા જ જુદ્ધે ચાલ્યા હતા.'

'રસ્તામાં–રસ્તામાં–'

'રસ્તામાં એની મા મળી હતી.' મેદનીમાંથી કોઇકે વ્યંગ કર્યો, ને મેદની ફરી વાર હસી.

'આ જુવાનને અમારા પડાવ માથે લઇ જાવ. ને તપાસ રાખો, એને કોઈ સતાવે નહિ.' રા'ની એ આજ્ઞા મળી એટલે ચોકીદારોએ જુવાનનો કબ્જો લીધો.

'એને હાથ ન લગાડતા. જા જુવાન, નિરાંતે બેસજે. રાજપૂત છો ને, તો પછી મિજાજ ખોઇ બેસતો નહિ. રાજપૂતનું એ મોટામાં મોટું લક્ષણ કહેવાય.'

'હું પણ ચાલી જાઉં છું આપણા મુકામ પર.' કુંતાદેએ રા'ને છાનાંમાનાં કહ્યું.

'હા, આ ઠઠ્ઠામશ્કરી ને છોકરમતમાં હું તમને ક્યાંથી લાવ્યો ! તમે પધારો એ જ બહેતર છે.'

કુંતાદે બહાર નીકળીને મ્યાનામાં બેઠાં. મ્યાનાની પાછલી બારીમાંથી પોતે પોતાની પાછળ પાછળ આવનારા એ જુવાનને નિહાળતાં હતાં. ને એણે જોયું કે જુવાનની નજીક એક પ્રૌઢ સ્ત્રી વહી આવતી હતી.

# પ્રકરણ ચૌદમું

## પૂજારીનું માનસ

મેદની વિખરાયા પછી રા'એ મંદિરના મુખ્ય પુરોહિત સાથે એકાંતે મેળાપ કર્યો. પુરોહિત કનોજિયા બ્રાહ્મણ હતા. એમની અટક ગૌડ હતી. રાજા કુમારપાળના કાળમાં જે વિહસપત્તી ગૌડ હતા તેમના એ વંશજ થતા હતા. દેખાવે રૂપાળા હતા.

રા'ની ને પુરોહિતની વચ્ચે નીચે મુજબ વાત ચાલી :—

'વીજલ વાજાને સોમનાથના દર્શને આવતા અટકાયત કરવાનું શું કારણ?' રા'એ પૂછયું.

'એક કારણ તો એ છે કે એ શાપિત છે, ભયંકર રોગના ભોગ થઇ પડેલા છે.' બોલતા ગૌડના તાંબુલ રંગ્યા દાંત દેખાયા.

રા' હસ્યા : 'પણ મૂળ આ મંદિરની પ્રતિષ્ઠા જ ચંદ્રદેવે પોતાના ક્ષય રોગની શાંતિ કરવા અર્થે કરેલી છે. એને માથે પણ એના સસરા પ્રજાપતિનો શાપ હતો. સતાવીસમાંથી એક રોહિણી રાણી પ્રત્યેના એના પક્ષપાતને પરિણામે મળેલો એ શાપ હતો. એ શાપનું શમન જ ચંદ્રદેવે આ મંદિર સ્થાપીને મેળવ્યું હતું.'

'દેવો તો ચાહે તે કરે. અમે માનવીઓ છીએ.'

'માનવીઓ છો, છતાં અધિકારો તો દેવોના જ તમે ભોગવો છો ને ? હમણાં જ મેં વારાંગનાઓને નાચતી દીઠી.'

'કોઈની વહુ બેટીઓ ક્યાં ઉપાડી લાવ્યા છીએ ? દેવની સેવકાઓ છે.' ગૌડના શબ્દોમાં છુપાં ભાલાં હતાં.

'મારે તમને કહેવું જોઈએ ગૌડજી ! કે આ બધા નાટારંભે જ મંદિરનો ચાર વાર નાશ કરાવ્યો છે. કેમકે એણે આપણી માણસાઈનો નાશ કર્યો હતો.'

'એ બાત છોડ દીજીયે રાજન.' પુરોહિતનો સ્વર દુભાએલો હતો. 'બીજલ વાજાના નિષેધનું બીજું કારણ તો એ હતું કે એણે બ્રાહ્મણ-રાજ ચંદ્રભાલ ઓઝાનો વધ કરી, સેંકડો બ્રહ્મહત્યાઓ કરી ઊનાનું રાજ લીધેલું તેની આ યોગ્ય સજા છે.'

'તો પછી ત્રિવેણીના સૂર્યકુંડના દર્શને જતાં એનાં ઠકરાણાંની વેલ્યના પડદા ઊંચા ચડાવીને બેઅદબી કરનારા બ્રાહ્મણોને દેવે કેમ કાંઈ સજા ન કરી ? તમે પણ કેમ કશો દંડ ન દીધો ?'

'બ્રાહ્મણોનો વાદ કોઈએ શા માટે કરવો જોઈએ ? જો કે મારે તમને આ કરતાં વિશેષ ઠપકો દેવો રહે છે. તમે તો ખુદ સોમૈયાનો જ વાદ કરેલ છે.'

'શો વાદ ?' રા' ચમક્યા.

'રાજ ગંગાજળે સ્નાન કરો છો, ને પોતાને ગંગાજળિયા કહાવી રક્તપીતના શાપ ટાળવાનો દાવો ધરાવો છો.'

'મેં શાપ ટાળવાનો દાવો કર્યો નથી.'

'પ્રજામાં તો એમ જ બોલાય છે, ને અજ્ઞાનીઓની એ માન્યતા બંધાઈ છે. દેવનો કોપ શા માટે પ્રજ્જવલાવો છો રાજન !'

દેવનો કોપ !'

'ને પ્રજાનો પણ કોપ. સોરઠભરમાં તમારી સામે એ લાગણી પ્રસરી રહી છે. એ લાગણી લઇને દેશભરનાં યાત્રિકો પણ આંહીથી જઇ રહેલ છે. તમે શું ન સાંભળ્યો એ અવાજ ! શુદ્રોને ફટવી મૂકેલા છે : એ લોકલાગણી તમારે માટે જોર પકડતી જાય છે.'

રા'ના મોં પરની લાલી સૂકાતી હતી. એણે કહ્યું: 'શુદ્રો શુદ્રો કહી ક્યાં સુધી આપણું બળ ક્ષીણ કરવું છે ગૌડજી ! આ પાદશાહી હવે તો દરવાજે આવીને ઊભી છે.'

'એ ઊભી છે તેનું કારણ જરા ઊંડું છે.' ગૌડાચાર્યે દલીલ ચલાવી: 'બ્રાહ્મણોનું બળ ક્ષીણ કરવાનો પ્રયત્ન સોલંકી રાજ કુમારપાળે જ કર્યો હતો. આંહી આ મંદિરની પ્રતિષ્ઠા કરવા માટે એમને કોઇ ન મળેલો તે જૈન સાધુ હેમચંદ્ર જડ્યો. ખેપાન હતો એ હેમચંદ્ર. ચાલતે ગાડે ચડી જનારો હતો. રૂદ્રમાળ જઇને રૂદ્રની સ્તુતિ ગાતો હતો ને સોલંકીરાજ આંહી લઇ આવ્યા તો સોમનાથને સાષ્ટાંગ કરી શ્લોકો રટેલો. એટલું જ બસ નહોતું તે રાજાના મન પર એવી ઇંદ્રજાલ પાથરી દીધી કે સોમનાથ પોતે જ જિન દેવતા છે. એના કહેવાથી તો સોલંકીરાજે મારા વડવા પાસેથી પુરોહિત પદ ખૂંચવી લીધેલું : એના શાપે આ નવું મંદિર પણ ત્રણ વાર ભંગાયું પરદેશીઓને હાથે.'

'એ શાપે ? કે બ્રાહ્મણોના ભોગલાલસાભર્યાં આંહીના જીવનને કારણે ?'

'બ્રાહ્મણો ભોગવતા નથી. બ્રાહ્મણો દ્વારા દેવ જ ભોગવે છે. ને બ્રાહ્મણોનું વર્ચસ્વ ટકાવશો ત્યાં સુધી જ તમે રાજાઓ ટકી રહેશો

ને શૂદ્રોને જગાડશો તો શૂદ્રો તમને જ ખાઈ જશે. ક્ષત્રિયોએ ટકવું હોય તો બ્રાહ્મણોનું વર્ચસ્વ સાચવી રાખે. ભૂવા હશે તો દેવ ટકશે.'

'પણ ક્ષત્રિયો ખૂટી ગયા છે તે તો વિચારો. પાદશાહતનો દાવાનલ તસુએ તસુ ધરતી ભસ્મ કરતો આવે છે. તેની સામે કોણ ઊભશે દેવસ્થાનાં ટકાવવા ? બ્રાહ્મણો !'

'બ્રાહ્મણોનો એ ધર્મ નથી. તલવાર તો બ્રાહ્મણોએ તમને સોંપી છે.'

'અમારી સંખ્યા ખૂટી છે, દાનત બગડી છે, કહું છું ગૌડ ! કે શૂદ્રોની તલવારને તમારી રક્ષાર્થે સ્વીકારો.'

'અબ્રહ્મણ્યં.'

'તો બધું યાવનં યાવનં બનશે.'

'એ ભય અમને નહિ, તમને છે.'

'તમને નહિ ?'

'ના, અમે તો જે સત્તા આવશે તેની રક્ષા હેઠળ મૂકાઈ જશું.'

'દ્રવ્ય દઈને ?'

'હા, તે પણ દેવું પડે.'

'તે લખલૂટ દ્રવ્ય દેતાં ય ગઝનવી જ્યોતિર્લિંગના ટુકડા કરતો અટકયો હતો ?'

'ગઝનવીની બાત તમે સમજતા નથી. ગઝનવી તો પૂર્વાવતારમાં શંભુનો ગણ હતો. શિવ તો સ્વેચ્છાથી એની સાથે ગયા છે. એની નિંદા ન કરો.'

આવી માન્યતા પૂજારીઓએ ચલાવી હતી, ને એ ચાર સૈકાથી

લોકોને પાવામાં આવી હતી તે રા' જાણતો હતો. છતાં અત્યારે સાંભળીને એ ખદખદી ઊઠ્યો: ત્યાં જ પાછું ગાડે બળતામાં ઘી હોમ્યું:

'દ્રવ્ય લઇને એ દૂર તો થઇ ગયો.'

'એ દ્રવ્ય કોનું હતું ?'

'કોનું ?'

'દસ હજાર ગામડાંની ધરતી ખેડનાર શૂદ્રોનું.'

'હશે.'

'માટે કહું છું કે એ જ શૂદ્રોને યજ્ઞોપવિત પહેરાવા એની સમશેર પણ તમારી કરો.'

'દેવની ઇચ્છા હશે ત્યારે એજ કહેશે. અત્યારે તો દેવે મને સ્વપ્નમાં કહ્યું છે તે આ છે, કે મારી નકલ સોરઠરાજે ન કરવી.'

'બ્રાહ્મણો, ત્યારે તો, મારાથી અસંતુષ્ઠ લાગે છે.'

'છે જ. ને હું આપને બીજું પણ કહી દઉં, મુસ્લિમો અમારાં દેવસ્થાનાંની સંપૂર્ણ અદબ કરવાનાં કહેણ પણ ચલાવી રહ્યા છે.'

રા' ચમકયો. એને સમજ પડી. એનો જીવ ઊંડો ઊતરી ગયો. એને જાણ થઈ, કે મુસ્લિમો ફક્ત આંગણા બહાર જ નથી ઊભા, છેક આંતરનિવાસમાં પહોંચી ગયા છે.

'આ શું બોલો છો ગૌડ ! કઈ કાળ–વિપત્તિ નોતરવા માંડી છે, મને કહો તો ખરા !'

'અમે સમજ વગર નથી કરતા.'

'આ રહ્યાં સહ્યાં પણ તોડાવવાં છે ?'

'એકાદ બે મસ્જિદો બનાવશે એટલું જ ને?'

'હાં–હાં–ત્યારે તો આ તૂટેલાં પડેલાં શંકુ–શૃંગો પણ...'

એમ કહેતા રા' ઊભા થયા ને મંદિરની બહાર નીકળી ગયા. તે પછી સાગર–તટે ઊભા રહીને એણે સળગતા સૂર્યના તાપમાં મંદિરનાં ખંડિત શિખરો પર નેત્રો ઠેરવી રાખ્યાં. નેત્રોમાંથી અશ્રુધારા ખળખળી ગઈ.

# પ્રકરણ પંદરમું

## પાછા વળતાં

વૈશાખ મહિનાના આગવર્ષાવણુ મધ્યાહ્ને જ્યારે રા'એ પોતાનો રસાલો પાછો હંકારી મૂક્યો ત્યારે એ રસાલામાં બે માણુસોનો ઉમેરો હતો. એક ભીલ જુવાન ને બીજી એની માતા. એ સભર-ભર તીર્થભૂમિને વિષે ન તો પ્રાચીના કુંડમાં સ્થાન પામી શકેલા કે ન ત્રિવેણીનું નહાવણુ પામી શકેલા વીજલ વાજાને રા'એ રસ્તામાં કહી દીધું: 'જાવ પાછા ઊનામાં. મુસલમાન દરવેશો સાથે બગાડશો મા. અત્યારે ગૂજરાતની સુલતાનીઅત પર એ હજરતોનું જ પરિબળ છે તે ભૂલશો મા, ને હિંદુ દેવસ્થાનાંથી વેગળા રહી રાજ કરજો. સાચવી શકાય ત્યાં સુધી સાચવજો. મને આશા તો નથી રહી છતાં રાજપૂતોનું જૂથ જમાવવાનો એક યત્ન કરી જોઉં છું. એ નહિ થઈ શકે તો પછી જેવી પ્રારબ્ધની ગતિ. પણુ ફરી સોમૈયાજીનાં દર્શન તો અમે નથી પામવાનાં તેવું લાગે છે. ભાંગેલ હૈયે પાછો જાઉં છું.'

ઊનાના પાદરમાંથી જ પરબારા રા'એ દોણુ-ગઢડાના ભીલ-રહેઠાણુ પર રસાલો હંકાર્યો. ને એક દિવસ ભાટની વહુવારુને કાને જે સૂરો પડયા હતા તે જ સૂરો મધુંદરીનાં નીર ઊતરતે ઊતરતે રા'એ સાંભળ્યા—

જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે,
જોબનિયું કાલ જાતું રે'શે;
જોબનિયાને માથાના અંબોડલામાં રાખો
જોબનિયું કાલ જાતું રે'શે.

એવા સૂરો રા'ના હતાશ પ્રાણમાં સીંચાયા—મીઠા લાગ્યા. રા'નું મન મલકાયું. થોડીક વાર—ભલે ઘડીક જ વાર.

સાચે જ શું આ સંસાર ને આ જોબનિયું માણી લેવા જેવાં જ હશે! એથી આગળ શું કંઈ જ નહિ હોય?

ઘોડવેલમાં બેઠાં બેઠાં રા'ને નવા વિચારો ઉપડવા લાગ્યા. ને પોતાનાથી ઓચીંતાનું ઉચ્ચરાઈ ગયું, 'હુંય કેવો ઉત્પાતીઓ જીવ છું! કુંતા સાચું કહેતી હતી તે રાત્રિએ. કોઈને પડી નથી. એક ફક્ત તું જ ગાડા હેઠળ હાલતું કૂતરૂં બન્યો છે.'

રસાલો આગળ ને આગળ ચાલ્યો. ગિરની વનરાઇ ઘાટી ને વધુ ઘાટી બનતી ગઇ. ઘોડવેલ અને મ્યાનાનો માર્ગ બંધ થયો. રા'એ અને કુંતાદેએ બે ઘોડા પર રાંગ વાળી. ભીલકુમાર માર્ગ બતાવતો ચાલ્યો. કુંતાદેના અશ્વની કેશવાળી સમારતો ને એની માણેકલટ પંપાળતો ભીલ જુવાન પોતાની બહેનની સામે પાછળ ફરી ફરી નિરખતો જતો હતો ને માને કહેતો હતો, 'મા, જોજે હો, બેનને ઝાડવાંનાં ઝરડાં લાગે નહિ. મા, તું ડાળીઓને વાળતી આવ.'

મચ્છર જેવાં ઝીણાં ઝીણાં જંતુઓનાં ઝૂમખે ઝૂમખાં ઘોડાને ને ઘોડેસવારોને ઘેરી વળતાં હતાં તેને ભીલકુમાર પોતાની પછેડીના ઝપાટા મારી મારી દૂર કરતો ગયો. ને મધગીર આવી ત્યારે એણે પોતાનો અવાજ તદ્દન ઝીણો કરી નાખી, એક પછી એક વિચિત્ર

સૂરો કાઢવા શરૂ કર્યા. એ એની વિલક્ષણ વાંભ હતી. એ વાંભનું જાદુ અકળ અને અજબ બની ગયું. ગીરનાં ઝાડવે ઝાડવાં જાણે સજીવન થયાં હોય તેમ કોતરોમાંથી ને ખીણોમાંથી, ડુંગરાની ટોચેથી ને તળેટીઓમાંથી માણસો ઊભરાયાં. એ સેંકડો લોકોના રંગ કાળા હતા, અંગો અધખુલ્લાં હતાં, ખભે કમાનો હતી, ભુજાઓ લોખંડી હતી, ચામડી ચળકાટ મારતી હતી, તેમના પગનાં તળિયા નીચે બાવળ જેવા ઝાડના શૂળા પણ ભચરડાતા હતા. તેમના દેહ પર ચીરાડિયાં બોલાવતી કાંટાળી ડાળીઓને તેઓ ગનકારતા નહોતા.

તેમનાં ટોળે ટોળાં ઊભરાયાં. તેમના કીકીઆટા ઊઠયા. તેમનાં પપૂડાં વાગ્યાં. તેમ તેમ તો તેમની મેદની ઊભરાતી ચાલી.

તેમનાં ટોળાં હતાં, છતાં સરખી કતારમાં ગોઠવાઇને ચાલતાં હતાં. તેમના સીસમ સરીખા પગ ઢોલની સાથે તાલ મેળવી કદમો માંડતા હતા. તેમની આંખોમાં આનંદ નાચતો હતો.

મધ્યગીરમાં એક ઉઘાડો ઓટો હતો. મંદિરનો ત્યાં ભભકો નહોતો. સાદા એક પથ્થરનું શિવલિંગ હતું. એની ચોપાસ ખુલ્લા ચોગાનમાં થાળી ફગાવો તો જાણે સપાટ ધરતી પર રમતી જાય એવે ઠાંસાઠાંસ માથે એ ભીલ–મેદની ઊભી રહી હતી.

ઓટા ઉપર રા’ને ને રાણીને સિંહચર્મોનાં આસન પર બેસારી ભીલકુમારે સૌને કહ્યું–

‘આ મારાં બોન છે. આ ગંગાજળિયો રા’ છે. હિંદવો સૂરજ છે. હાજરાહજુર દેવ છે. આ બોન છે. એ કેવી છે? કેમ કરીને કહું કે કેવી છે? બોન છે, બસ એમાં જ બધું આવી રીયું છે. બોનને ને રા’ને રીઝવવાં છે. રમતો દેખાડવી છે. દોણેશર દાદાની હજૂરમાં રમત માંડીએ.’

પુરાતન યુગ રા'ની નજરમાં પાછો સજીવન થયો. દ્રોણ ગુરુએ શુદ્ર કહી તરછોડેલો એકલવ્ય જે ઠેકાણે ગારાની ગુરુ-મૂર્તિ માંડીને અજોડ બાણાવળી જોધ્ધો બન્યો હતો તે જ કહેવાતું આ ઠેકાણું હતું.

પાંચ હજાર વર્ષ પહેલાંના એક બ્રાહ્મણાચાર્યે પણ શદ્રને તિરસ્કારેલો, અને ઉપર જાતાં એનો અંગૂઠો ગુરુ-દક્ષિણામાં છેદાવી લીધેલો. એની જ બિરદધારી આ જાતિ હતી. પાંચ હજાર વર્ષે ય શંભુના પુરોહિતો શું એની એજ આભડછેટ સાચવીને બેઠા હતા! આભટછેટ નહોતી ફક્ત આ શંભુને પોતાને, દેવાધિદેવને, સ્મશાનના સ્વામી મૃત્યુંજયને, જીવનના સૌંદર્યગામી વિરાટ નટરાજને...

નટરાજની ઉપાસના રા'એ આ જંગલવાસી નરનારીઓના સહિયારા નૃત્યમાં નિહાળી. અન્ય કોઈ વેશે નહિ ને ભીલાંરાણીના વેશે ભોળો શિવ શીદ મોહાયા તેની આંહી પ્રતીતિ દીઠી. હિન્દવો દેવ દિવાનો નહોતો. વિષયભોક્તા કામાતૂર નહોતો. ચાહે તેવા જંગલી ફૂલે અને ઝરણુ-જળે તુષ્ઠમાન રહેનારો એ પરમ પુરુષ કોઇને અપ્રાપ્ય નહોતો. હજારો શિવલિંગો ભલે ને તૂટી ચૂકયાં, હજારો કદાચ તૂટશે, સોમનાથનાં છિન્ન શિખરો પાછાં કદાચ નહિ ચડે, તોયે શંભુની ઉપાસના કયાં થોભવાની છે! મહાકાળનો વિલય કયાં શકય છે? કંકર એટલા શંકરની કહેતી ખોટી નહિ પડે.

રા'ને ભેટ ધરવાનો સમય થયો. ગીરના મધના ધડેધડા આવ્યા, સિંહચર્મ, વાઘચર્મ અને મૃગચર્મોની થપ્પીઓ ખડકાઈ ગઈ. ચણોઠીઓની રાતીચોળ ટોપલીઓ હાજર થઈ, અને પહાડોના કાળમીંઢ પથ્થરોમાંથી ઝરનાર રસના બનેલા ગુંદર શિલાજીતની સોગાદ થઈ.

એ સૌની વચ્ચે ભીલકુમાર પોતાની બગલમાં બે નાનાં સિંહબચ્ચાં

દબાવીને આવ્યો. એ બચ્ચાં એણે રાણીબહેનના ખોળામાં મૂકી દીધાં. કુંતાદે ડરી. રા'એ દાંત કાઢ્યા. નાનકડાં ધાવણાં બચ્ચાં જે ઘૂરઘૂરાટ કરતાં હતાં તે હજુ નકલી હતા.

'રાખ બોન, રાખ. પાળી રાખજે. તારે ખપ લાગશે. તારી રક્ષા કરશે.'

એમ કહીને ભીલ યુવાન શું બહેનને કોઇ ચાલ્યા આવતા આપત્તિ-કાળની ચેતવણી આપતો હતો? હશે કદાચ, પણ રા'ને એની સરત નહોતી. એ તો શિલાજીતના શક્તિદાયી સેવનનું ધ્યાન ધરી રહ્યો હતો.

રા'એ ને કુંતાદેએ એ ઝૂંપડાં જોયાં, જ્યાં સોમનાથની સહાયે જતા હમીરજીનો સત્કાર થયો હતો, જ્યાં ભોજનનાં અને તે સાથે છૂપી વન-પ્રીતનાં પીરસણાં થયાં હતાં, ને જ્યાં પહેલી-છેલ્લી રાતનાં પોઢણુ થયાં હતાં. ને રા'એ એ ઝાડઘટા જોઇ, જેની નીચે ઉઘાડી હવામાં હમીરજીના પુત્રનો પ્રસવ થયો હતો.

એક રાત ત્યાં પડાવ રાખીને રા'એ રસાલો ઉપાડયો. પણ એ આખા નિવાસ દરમ્યાન ભીલ જુવાનની માતા થોડી થોડી જ પ્રગટ થઇ હતી. એણે બન્યું ત્યાં સુધી પોતાની જાતને છૂપાવી રાખી હતી. પોતાના પતિએ ને પિતાએ રક્ષેલા ને નિજ શોણિતથી છંટકારેલા દેવસ્થાનાની છાંયા હેઠળ પુત્રનું જે ગૌરવખંડન થયું તેની ખટક માતાના પ્રાણમાંથી રૂઝાતી નહોતી.

'જૂનાગઢ તેડાવીશ. આવજે.' એમ કહીને રા'એ રસાલો ઉપાડયો. પણ રા'ને જે એક વાતની ઝાઝી સરત નહોતી રહી તે તો આ હતી: ભીલજુવાન અને કુંતાદે વચ્ચે પરોવાઇ ગયેલી મમતા.

ધ્રાફડ નદી ઊતરીને રા' મોણીઆના માર્ગ પર ચડયા હતા. બીજા દિવસના બપોર ચડતા હતા. તે વખતે એણે ચાર દિવસ પર

સાંભળી હતી તેવી પશુને મળતી કીકીઆરી સાંભળી. કીકીઆરી કરનાર પશુ નહોતો, પશુથી યે બદતર દશામાં જઇ પડેલો એક માનવી હતો. એ હતો એ નગ્નહાલ ચારણ ભૂંથો રેઢ.

કાળી ચીસ નાખીને નહાસી જતા, ઠેકડા મારતા, વોંકળાની ભેખડો છલાંગતા એ લાંબાં મોટાં રૂંછડાવાળા માનવીને કોઇક મીઠા દયામણા અવાજે બોલાવી રહ્યું છે. અવાજ એક સ્ત્રીનો છે.

'ચારણ ! ભાગ મા. ઠેકડા માર મા. સંતાઈ જા મા ! ઊભો રહે, ઊભો રહે, આ લે, આ લે, ઊભો રહે ચારણ.'

ભૂંથો રેઢ અટકી જાય છે. વોંકળામાં વાછરૂ ચરાવતી એક વૃદ્ધ બાઇ એના તરફ જાય છે. નગ્નહાલ ગાંડો પોતાની પીઠ ફેરવીને ઊભો છે. વૃદ્ધ સ્ત્રી પણ નીચું નિહાળી નિહાળી તેના તરફ જાય છે. ને નજીક પહોંચીને એક લૂગડું ફેંકે છે. પોતાના દેહ પર ઓઢેલ સફેદ ઊનનો ભેળીઓ (ચારણીનું ઓઢણું) ઉતારીને ઘા કરે છે. ઘા કરતી કરતી બોલે છે 'માતાજી! ખમૈયાં કરજો. મુંથી નથી જોવાતું. વીશ વરસ થઇ ગયાં. કેટલો બધો દઃખી થયો હશે ! એનું કોણ ? બહુ કરી, અહહહ ! બહુ કરી. હવે તો મારું એક પણ પાપ ન હોય, તો માતાજી, એની એબને ઢંકાવા દેજો.'

એમ બોલીને એ સ્ત્રી પોતાનો ભેળીઓ (ઊનનું ઓઢણું) એ માનવી તરફ ફેંકે છે. નગ્ન ચારણ એ ઝીલે છે. આજ વર્ષો સુધી એણે ભોગવેલી હાલત એકાએક બદલાય છે. ભેળીઓ સળગતો નથી. ભેળીઓ લઇને ચારણ પોતાની કમ્મર ફરતો લપેટી લે છે. લપેટીને શાંતિ પામે છે. ઊભો રહે છે. પાછી આંસુ સારતી એ ડોશીની સામે કરુણાર્દ્ર નયને ને ગરીબડે મોંયે જોઇ રહે છે. અને એ અરધું અંગ ઢંકાયાની ખાત્રી થયા પછી ધીરે ધીરે પગલે ચાલી નીકળે છે. ચાલતો ચાલતો પણ એ ખાત્રી કરતો જાય છે. લપેટેલ ભેળીઓ

હેમખેમ છે કે નહિ તેની ખાત્રી એ વારંવાર સ્પર્શ કરી કરીને મેળવે છે. પોતે મરી ગયો છે એવા સ્વપ્નમાંથી જાગી ઊઠેલો માણસ પોતાની હયાતીની ખાત્રી કરતો કાળી મધરાતે જે લાગણી અનુભવે છે તે લાગણી આ ચારણ અનુભવી રહ્યો.

ને પોતાના મહાપરાધી માણસની એમ, ખુદ પોતે જ નવસ્ત્રી બનીને ઢાંકનાર એ બુઢ્ઢી બાઇ અર્ધ ઉઘાડા દેહે વાછરૂ હાંકતી કયારની ટુંકા માર્ગે મોણીઆ ભણી ચાલી નીકળી હતી. રા' આ ઓઢણા વગરની બુઢ્ઢી બાઇનું અચરજ નિહાળતા નિહાળતા મોણીઆને પાદર ગયા.

બપોરા કરવાનું ને રોંઢો ગાળવાનું રા'ના રસાલા માટે ત્યાં ઠર્યું હતું. ચારણોનું એ આખું ગામ ઢોલે શરણાઇએ સામે હાલ્યું હતું.

નહોતાં આવ્યાં ફક્ત એક ચારણી નાગબાઇ.

રા' એ પૂછપરછ કરી ત્યારે એમને ખુલાસો કરવામાં આવ્યો કે 'આઇના સંસારમાં બધું એવું એવું બની ગયું છે કે પોતે આવા રાજ–અવસરે બહાર નીકળતાં નથી. ને આજ હૈયા ઉપર કાંઇક વધારે ભાર છે. એ ભાર શેનો છે તે ખબર તો કોઇને નહોતી પડી.

એનો પુત્ર ખૂંટકરણ ગઢવી, જે ચારણોનો ન્યાત–પટેલ હતો, ને પૌત્ર નાગાજણ ગઢવી, બેઉ હાજર હતા. નાગાજણ પાંચેક વર્ષ રા' થી નાનો હતો. પણ બોલવે ભારી વાતડાહ્યો નીકળ્યો. રા' ને નાગાજણે સાંજ સુધી એટલી બધી સુવાણ કરાવી કે રા' ને ને એને પ્રથમ મેળાપે જ પ્રીત બંધાઇ ગઇ.

રા'ના ગયા પછી ગામમાં વાતો થઇ કે આઇ આજે વગડેથી ઊઘાડાં કેમ આવ્યાં હતાં? સાંજે ગૌધણ ઘેરે આવ્યાં ત્યારે ગોવાળોએ ખબર દીધા કે ઓલ્યા નાગાને કોઇકે છેવટે ઢાંકયો લાગે છે. પણ એણે પહેરેલ તો હતો એક ભેળીયો. ને એ તો ગુલતાનમાં આવી જઈ બોલતો જાતો હતો કે 'ઢાંકયો–ઢાંકયો–મને એણે જ ઢાંકયો.'

# પ્રકરણ સોળમું

## ગૂજરાતના દરવેશો

'અફસોસની બાત છે આ બધી, સોરઠરાજ !' દાતારના તકીઆની એક પર્ણકુટિમાં એકાદ વર્ષ પછી સાંઈ જમીયલશા રા' માંડળિકની સાથે વાતો કરતા હતા. 'તમારા જતિજોગંદરો અને દેવસ્થાનાંના રખેવાળોની જ્યારે આ હાલત સુણું છું, ત્યારે ગૂજરાતના અમારા સૈયદો દરવેશોના એથી ઊલટા જ વર્તાવની વાતો મુસાફિર ફકીરો મારે કાને લાવે છે. એ ધર્મપુરુષો ધર્મની બરદાસ્ત કરતા કરતા પણ દુન્યવી ડહાપણનો દોર ચૂકતા નથી. તમે સાંભળ્યું ને ? આખરે માળવાના સુલતાન મુહમ્મુદ ખીલજીને ગૂજરાત પરથી હાથ ઉઠાવી લઈને ભાગી જવું પડ્યું છે. ભાગતાં ભાગતાં એને કબૂલ કરવું પડ્યું છે કે ગૂજરાતના સુલતાનની પાસે બે લસ્કરો છે. એક લસ્કર હથિયારોથી દિવસે લડે છે, ને બીજું લસ્કર રાત્રિયે દુવાઓ તેમ જ બંદગીઓથી લડતું લડતું ગૂજરાતના સુલતાનની સત્તાને મજબૂત રાખે છે. એ લસ્કર એટલે અમારા સૈયદો, સાંઈઓ, દરવેશો, ધર્મપુરુષો.'

'અમારે તો હિંદુ દરવેશોના બે જ વિભાગ છે : એક ઇશ્વરોપાસનામાં તલ્લીન એકાંતવાસીઓ, ને બીજા દેવસ્થાનાંની દુકાનદારી કરતા વૈભવપ્રેમીઓ.' રા'એ કહ્યું.

'અમારામાં પણ આપમતલબીઓ ને ટૂંકબુદ્ધિવાળા નથી એમ ક્યાં છે રા'? પણ તેમની સામે લાંબી નજર પહોંચાડનારા સુજાણો પણ સવાયા સમરથ પડ્યા છે. આ જુવો અમારા સાંઈ શેખ કમાલ: અમદાવાદ શહેરના એ આલીમ કાંઇ કમ વિદ્વાન હતા! પણ કેવી ખોટ ખાઇ બેઠા? માળવાનો સુલતાન મુહમ્મુદ ખીલજી અમારા શેખ કમાલનો જૂના વખતનો દોસ્ત: માળવાથી એ મુહમ્મુદ ખીલજી શેખ કમાલના તકીઆમાં ભેટ સોગાદો મોકલ્યા કરે: મતલબ? મતલબ એક, કે શેખજી! ગૂજરાતની સુલતાનીઅત મારા નામે થાય, તેવી બંદગીઓ કરો, તેવાં તાવીજો વગેરે કરો તો હું ફકીરોની સેવા કાજે મોટો મઠ બંધાવીશ ને તેના ખર્ચ માટે વાર્ષિક ત્રણ કરોડ તંકા (રૂપિયા) ની જીવાઇ મુકરર કરી આપીશ. આવા સંદેશાની સાથ એણે શેખ કમાલ પર પાંચસો સોનાની દીનારો (સિક્કા) પણ મોકલી આપી. શેખ કમાલ એમાં લપટાઇ પડ્યા. એણે કુરાનને દીનારોની પેટી બનાવી. હવે, જો ગૂજરાતનો મર્હુમ સુલતાન મહમદશા મુર્ખ ન હોત તો એ વાતની છેડતી કર્યા વગર પોતાનું કામ કરે જાત. તેને બદલે ગૂજરાતના બેવકૂફ સુલતાન મહમદશાએ શેખ કમાલની એ દીનારો છીનવી લઇ પોતાના ખજાનામાં મૂકી. પરિણામે શેખ કમાલની કદુવા તો જોરશોરથી શરૂ થઇ, કે મને સતાવનારનું સત્યાનાશ જજો, ને માળવાવાળા મુહમ્મુદ ખીલજીને ગૂજરાત મળજો! એકલા વિદ્વાન હોવાનો આ બૂરો અંજામ: કે ફકીર પોતાનું પોતાપણું ભૂલી ગયો. ને એણે માળવાવાળા એ દોસ્તને ખાતર ખુદાના દરબારમાં ગૂજરાતનું સત્યાનાશ માગ્યું.'

'તમારા ધર્મપુરુષોમાં પણ આવી બાબત?' રા'એ અચંબો બતાવ્યો.

'બાબા! ઇન્સાન તો તમારામાં ને અમારામાં બધેય એક જ

છે. તમારા બ્રાહ્મણો મારણના જાપ કરે, અમારા દરવેશો પણ એકના ભલાના ને બીજાના બુરાના રોજા રહે છે. ફરક એટલો જ છે અત્યારે તો, કે અમારામાં જે સુજાન પુરુષો છે, તે આવી દુન્યવી બાબતોની નફરત કરીને દૂર પહાડો ટાપુઓમાં નથી બેસી જતા. માળવાનો મુહમ્મુદ ખીલજી માર માર કૂચ કરતો આવે છે, ગૂજરાતનો અમારો સુલતાન ફોશીપણું બતાવે છે, બેબાકળો બની પોતાના વાણિયા કારભારીની સલાહ માગે છે, વાણિયા ભાઇ એને તમામ ખજાના સાથે વહાણમાં બેસી જઇ માછલીઓના શિકારે સમુદ્ર પાર નીકળી જવા સલાહ આપે છે, તે વખતે પણ અમારો એક સૈયદ સમશેર ખેંચી ખડો થાય છે. એ બાયલા સુલતાનના બેટા કુતુબશાહને છેક નડીઆદ જઇ પડકારી લાવે છે, એ શાહજાદા કુતુબશાહને હાથે જ સુલતાન બાપ મહમદશાના જીવનરૂપ પ્યાલામાં મોતરૂપ ઔષધ રેડાય છે......'

'ફરી પાછો બાપને બેટાએ જ માર્યો! એ વાત તો મેં સાંભળી હતી. ગૂજરાતના સુલતાનોનું તો વંશપરંપરા બસ આમ જ થતું આવે છે.' રા' હસ્યો. એમાં છૂપો આનંદ હતો.

'હસી કાઢવા જેવી વાત નથી.' સાંઇ જમીયલશા બોલ્યા: 'એટલી નિષ્ઠુરતા વગર રાજ સમાલવાની બધી જ તકેદારી મારી જાય છે. તમે મુસ્લિમોને ચાહે તેટલા રૂઢિગુલામ કહો, સિર્ફ અંધશ્રદ્ધાળુ કહો, પણ ખરાખરીની પલે તેઓ વ્યવહાર ભજવી જાણે છે. બાત આગળ કરૂં છું. એ શાહજાદો કુતુબશા બાપના ખૂનભીના તખ્ત પર બેસી ગયો, ફોજની જમાવટમાં જ લાગી પડયો, છતાં તેણે દરવેશોની મદદ તો સાથોસાથ મેળવી.'

'મેં પણ જાણ્યું છે, કે અમદાવાદના આપના હઝરત શાહઆલમે નવા સુલતાનને ખુદ પોતાની જ દૈવી તલવાર આપી હતી ને મંત્રેલું તીર ચડાવી માળવા-શાહને માર્યું હતું. તેથી ફત્તેહ થઇ.'

'નહિ, નહિ, આપને પૂરી ખબર નથી. અમારા દરવેશો સીધેસીધા સમશેરની શક્તિ ખરચી નાખતા નથી. સમશેરનો વારો તો સમજાવટના સર્વ ઇલાજો ખૂટી ગયા પછી આવે છે. સુણો હિંદવા શાહ, પયગમ્બરના વંશજ અમારા સૈયદ કુતબુલે—એટલે કે હઝરત શાહઆલમના પિતાએ શું કર્યું? એણે તો એક દરવેશની રીતે કામ લીધું. માળવા-સુલતાનને લઇ આવનાર શેખ કમાલની જ બુરી બુદ્ધિને ઠેકાણે લાવવા એણે પોતાના બેટા આ હઝરત શાહઆલમને સુલેહના સંદેશાનો કાસદ કરી મોકલ્યો, કહ્યું કે બાબા! જઇને વિનવો શેખ કમાલને, કે તમને ગેરઇન્સાફ કરનારો સુલતાન તો હયાતીમાંથી ઉખડી ગયો છે. તો હવે માળવાના ખૂની પંજામાં ગૂજરાતને કાં મૂકાવો? અપરાધ ક્ષમા કરો. ગુસ્સો શમાવો. ને કુરાને શરીફના બોલ વિચારો કે ક્ષમામાં જે લેહજ્જત છે તે વૈરમાં નથી.

પણ શેખ કમાલે આ સંદેશાને ધૂતકારી કાઢયો. ગૂજરાતનું રાજ તો માળવાને નામે જ મેં ખુદાને ચોપડે મંડાવી દીધું છે એવો એનો જવાબ લઇને હઝરત કુતબુલના પુત્ર પાછા આવ્યા. પુત્રને પિતાએ કહ્યું, બેટા ફરીથી જાઓ ને ચરણે ઝુકી શેખજીને વિનવો કે ગુસ્સો શમાવો. ખુદા શાંતિનો ચાહનાર છે તેના તરફ નજર રાખો. માળવાની સત્તા ભારી ક્રૂર છે. ગરીબડા ગૂજરાતી લોકો એનું નામ પડતાં જ ઉચાળા ભરી ન્હાસી રહ્યા છે. તેમનો બાપડાનો શો ગુન્હો છે? તમને સતાવનારો સુલતાન તો મરી ગયો, હવે નવા સુલતાન કુતુબશાહનો શો ગુન્હો છે? ને પાક શાયર ફિરદૌસીના બોલને યાદ કરો શેખજી, કે એક જ દાણો ખાનાર કીડીને પણ તું ઇજા આપીશ નહિ, કારણ કે તેને પણ જીવ છે, ને તેને જીવ પ્યારો છે.

આ બધી જ કાકલૂદીનો જ્યારે એ પોતાની મારણ—શક્તિનો મદ ધરાવનાર વિદ્વાન શેખ કમાલે હુંકારમાં ને નકારમાં જ જવાબ વાળ્યો,

ને એમ કહ્યું કે 'મેં સાત સાત વર્ષો સુધી રોઝા રહી, ખુદાને બંદગી કરી ગૂજરાતનો મુલક માળવાના સુલતાનને નામે ચડાવી દીધો છે, ને આ કાંઇ છોકરાંની રમત નથી, ને હવે તો એક વાર છૂટેલું તીર પાછું ન વળે.' ત્યારે પણ ફરી પાછી હઝરત કુતબુલે પોતાના પુત્ર હઝરત શાહઆલમ સાથે વિષ્ટિ મોકલી કે 'સંત પુરુષોનું ઇશ્વરી બળ તો છૂટેલા તીરને પણ પાછું બોલાવી શકે છે,' તેનો પણ શેખ કમાલે ગુમાની જવાબ વાળ્યો.

'હા મેં સાંભળ્યું છે કે એ શેખ કમાલે અંતરિક્ષમાં ઊંચા હાથ કરી એક કિરમજી રંગનો કાગળ પેદા કર્યો ને તેમાં લખેલું બતાવ્યું કે ગૂજરાત માળવાના ખીલજીને નામે ચડી ચૂકી છે.' રા' વચ્ચે બોલી ઊઠયા.

'એ તો બધી મારી અક્કલની બહારની વાતો છે મહારાજ !' વૃદ્ધ જમીયલશાહે સ્હેજ જ મોં મલકાવી લીધું: 'પણ મુદ્દાની બાત તો આ છે, કે શેખ કમાલનો આવો જવાબ મળ્યા પછી હઝરત કુતબુલે જોયું કે આ ધર્મપુરુષના કોપથી રાજપલટો થશે એવો વ્હેમી ભય ગૂજરાતમાં ગભરાટ ફેલાવી ચૂકયો છે. ત્રાસની હવા ફેલાઇ ગઇ છે. લોકો માલમતા ભરીને વતન છોડી રહેલ છે. અને ઘેર ઘેર ઘોર કતલની આગાહીથી થરેરાટી છૂટી ગઇ છે, ત્યારે એણે લાઇલાજીથી નવા સુલતાન કુતુબશાહને લડાઇ ખેલવાની સલાહ દીધી. અને લોકોમાં તેમ જ લડવૈયાઓમાં મર્દાઇ અને ઇતબાર પૂરવા માટે પોતાના એજ બેટા હઝરત શાહઆલમને શસ્ત્રો સજાવી ગૂજરાતની ફોજ સાથે મોકલ્યો. ગૂજરાતની એ ચમકી ઊઠેલી તાકાત સામે ટક્કર ન ઝીલી શકનાર માળવાનો મુહમ્મદ ખીલજી હાથ ખંખેરીને ચાલ્યો ગયો છે.'

'ત્યારે તો માળવા અને ગૂજરાતની બેઉ મુસ્લિમ સુલતાનીઅતો વચ્ચે સદાનું વૈર ચાલશે.' એવો ઉદ્દગાર કાઢતા રા'ના મોં ઉપર એક હળવો આનંદ વિલસી રહ્યો.

'ત્યાં પણ તમારી ભૂલ થાય છે હિંદવા પાદશા.' દરવેશ જમીયલે પોતાની લાગણી સુખની છે કે દુઃખની એ ન કળાઇ જાય તેવી અદાથી જવાબ દીધો : 'મુસ્લિમોની ખુબી જ એ છે. તમે જાણીને દંગ ન થજો, કે માળવા–ગૂજરાત બેઉ અત્યારે એકસંપી કરી રહેલ છે. આપસમાં લડ્યા પછી તેમને દરવેશોની સલાહ સાચી લાગી છે, કે બેની લડાઇમાં ત્રીજાને ફાવટ થઇ છે.'

'ત્રીજા કોને ?'

'રાજપૂત રિયાસતોને : ચિતોડના રાવ કુંભાને, ઇડરને, વગેરેને. એટલા માટે બેઉ એકત્ર થાય છે. સંપ કરી ચિતોડ પર ધસી રહ્યા છે.'

રા' ખસીયાણો પડ્યો. સાંઇએ ટકોર કરી : 'હું તો કોઇનો પક્ષ લીધા વગર, જે હકીકત છે તે જ આપની પાસે મૂકી રહ્યો છું.'

'મને કાંઇ સલાહ ?' ચિતોડ સમા સમર્થના ભુક્કા થવાના છે એ ભયે રા'એ સ્હેજ ઝાંખા બની પૂછ્યું.

'કંઇ સૂઝતું નથી રા'. અલ્લાહ ! અલ્લાહ ! અલ્લાહ !' એ'લુ ઉચ્ચરીને જમીયલશાહે આંખો પર પંજો ફેરવ્યો ને કહ્યું : 'આ તો કાળનું ચક્ર ફરે છે. ઉપર આવેલ ભાગ નીચે જવા જ નિર્માયેલ છે.'

એ મુલાકાત પૂરી થયે રા' પાછા ઉપરકોટ આવ્યા ત્યારે એની સામે એક ચક્ર ફરતું દેખાયું. ગિરનારનાં શૃંગો પડતાં સંભળાયાં. ને એનો જીવ ઝોલે ચડ્યો : 'મુસ્લિમ સુલતાનો માંહોમાંહ મરી ખૂટશે એ આશા જુઠી પડે છે. રાજપૂતો, બ્રાહ્મણો ને શુદ્રો એકત્ર બનશે એ વાટ પણ વ્યર્થ નીવડી છે. હિંદુવટ અંદરથી જ સડી જઇને બોખરી બની છે. કોઇ ત્રાહિતને શો દોષ દેવો ? પણ–પણ–પણ હું શા માટે ગાડા નીચેનું કૂતરૂં બની રહ્યો છું ! જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે...'

# પ્રકરણ સતરમું

## નાગાજણ ગઢવી

'**ના**ગાજણ! ભલે નાગાજણ!' એવી વાહ વાહ આખી નવ-સોરઠમાં બોલાતી હતી. મોણીઆ ગામના પાંચસો ચારણોમાંથી નસીબનો બળીઓ એક નાગાજણ નીકળી પડ્યો હતો. નાગાજણનાં તકદીરની ડગળી ફાટી પડી હતી. ઓહોહો! નાગાજણના હાથનો કસૂંબો રા' પીવે, ત્યારે તો રા'નું સાચું સવાર પડે. રોજ પ્રભાતે ઊઠીને હંસલા ઘોડા પર ચડી નાગાજણ જૂનાગઢ જાય તે છેક રાતે પાછો વળે છે.

સૌને ગમતી એ વાત એક જ જણને અણગમતી થઇ હતી. સૌના મોંમાં વાહ વાહ, ત્યારે એક જ માનવીના મોંમાં નિઃસાસો. સૌ નાગાજણને ખમા ખમા કરે ત્યારે એક જ જીવને ખોળીએ નાગાજણ જૂનાગઢ ગયે શ્વાસ ન રહે. એ માનવી પણ પાછું કોઇ ત્રાહિત, ઈર્ષાળુ હરીફ નહિ, નાગાજણની જ ઉછેરણહાર ને પાલનહાર, નાગાજણનાં બાળોતીઆંથી જેણે હાથ બગાડેલ ને નાગાજણનાં જેણે ગુ મૂતર ઉપાડેલા તે દાદીમા નાગબાઇ પોતે જ.

પહેલી જ વાર જ્યારે નાગાજણે વધાઇ ખાધેલી કે 'આઇ, સોરઠનો રા' મારા પર સ્નેહ દાખવે છે.' ત્યારે જ આઇ નાગબાઇનું મોં

પડી ગયું હતું. એક અમંગળ વેણ એના હોઠને ફફડાવીને હૈયામાં પાછું વળી ગએલું. ને એ ખૂબ મુસીબતે એટલું જ બોલ્યાં હતાં કે 'હોય ભા! રાજા છે ને! ત્રૂઠે ને રૂઠે!'

તે પછી ચાર છ મહિને રા'નું તેડું આવેલ, ત્યારે પણ આઇ નાગબાઇની જમણી આંખ ફરકી હતી. નાગબાઈના જમણા અંગે ધ્રૂજારી મારી હતી. ને નાગાજણ ઘોડો સાબદો કરી 'આઇ આશિષ દ્યો' એમ કહેતો ઊભો રહેલ ત્યારે દાદીમાએ સામું જોઇને ફક્ત એટલું જ કહેલું કે 'હા બાપ ! જોગમાયા તમને હીમખીમ પાછા પોગાડે.' એથી વધુ કશું જ નહિ. સિંદૂરનો એક ચાંદલો પણ આઇએ બેટાને કપાળે ચોડયો નહોતો.

ત્યાર પછી તો નાગાજણે આવી આવીને રા'નાં જ્ઞાનની, ડહાપણની, વિદ્યાની, સન્મતિની કૈં કૈં વાતો કરી. આઇ ફક્ત મૂંગે મોંયે એ વાતો સાંભળી જ રહ્યાં હતાં. ને એટલું જ કહી લેતાં કે 'સારું બાપ ! જોગમાયા સૌની સન્મતિ સાબૂત રાખે. એની સન્મતિનો દીવો બળતો જ રહે એવી શીખસલાહનું દીવેલ રા'ના અંતરમાં પૂર્યા કરવાનો ચારણનો ધર્મ છે.'

'આપણે તો આઇ ! સ્વારથ થોડો છે? આપણે કાંઇ એના શીખ સરપાવ જોતા નથી. આપણું તો અજાચી વ્રત છે.'

'સાચું બાપ !' નાગબાઇ ધરતી ઢાળું જોઇને જવાબ દેતાં, 'બાપ, ફક્ત નાણાં ને સોનાંરૂપાંનું અજાચીપણું જ બસ નથી. રાજવળામાં આપણી બેઠ ઊઠ પણ આપણને બગાડનારી બને છે. રાજનો પ્રેમ છે એ પણ એક જાતનું સોનું જ છે. ને એ સોનું સાચા સોના કરતાં વધુ ચળાવે છે. એ પ્રેમ જ સાચી વાત કહેવાની વેળાએ આપણાં હૈયાં ઉપર ચડી બેસી આપણને શરમમાં નાખે છે માટે બાપ ! સાચ-

વીને ચાલવું. વાલાં વચ્ચે જ્યારે વેર થાય છે ત્યારે એ વેર તો વચ્ચેનાં વેરને ય ટપી જાય તેવું બને છે.'

નાગાજણને નવાઇ થતી હતી. દુઃખ પણ ઘણું લાગતું આવા દેવરાજાની મોહબ્બત પણ મા કેમ સહી નથી શકતાં ? ગ છે ખરું ને !

એમ કરતે કરતે તો નાગાજણને જૂનાગઢનાં તેડાં મહિને મ પંદર પંદર દિવસે, અઠવાડિયે અઠવાડિયે ને પછી એકાંતરે અ થયાં. પછી તો આઇ પાસે જઇને વાતો કરવાનું નાગાજણે દીધું. આઇને ફક્ત 'જાઉં છું' એટલું કહીને પોતે ઘોડો પલ થયો. ને આઇ નાગબાઇ, પોતાનાથી કદાચ કાંઇક હીણું વેણ જવાય તે બીકે નાગાજણભાની જવા વેળાએ એવાં કામે જતાં કે મળવું જ ન પડે. બને ત્યાં સુધી નહાવા જ બેસી જ

ઢોર ઢાંખરની સંભાળ નાગાજણના હાથમાંથી છૂટી ખેતરડાં પાદરડાં પણ નાગાજણના હાથની વ્યવસ્થામાંથી નીકળી આઇ નાગબાઇએ નાગાજણભાને કંઇ કહેવું કારવવું જ દીધું. એક પોતે હતી, બીજી નાગાજણની વહુ હતી. બેય ર વહેવાર સંભાળવા લાગ્યાં.

નાગાજણ ઘેર પાછો આવે ત્યારે ઘરનાં ઢોરને ધણીની આવતી. અગાઉ તો નાગાજણ એ બધાંને જાતે સીમમાં લઇ ચારતો, ને પહર છોડતો, તે દિવસનાં હળી ગએલાં પશુ એના ચાટવાની હોંશે કોઢયમાં પગ પછાડતાં ને ભાં ભાં કરતાં. નાગાજણની એ ટેવ છૂટી ગઇ. જે મૂંગું દુઃખ આઇ નાગ હૈયે હતું તે જ દુઃખ હતું આ ઢોરને હૈયે.

નાગાજણ રા'ની વતી દેશાટણે પણ ઉપડવા લાગ્યો.

મોટાં રાજરજવાડામાં પણ એ જાણીતો ને માનીતો થઇ પડયે એની સલાહો પૂછાવા લાગી.

'આઇ !' ગામગામનાં લોકો નાગબાઇ પાસે આવીને વધાઇ દેવ લાગ્યા. 'આ તો ભારી મેળ મળ્યો: ગંગાજળિયો રાજા ને દેવી–ઘરને ચારણ. આમાં તો દેશનું કલ્યાણ છે.'

'તો સારૂં બાપ !' એટલું બોલીને આઇ ચૂપ રહેતાં. એને કઇ આ સંબંધનો પોરસ આવ્યો નહિ. એના ઉમળકા બહાર દરશાણ નહિ. એની આપદા પણ બહાર નીકળી નહિ. એણે અસલની રીતભાત પણ છોડી નહિ. દોર–માલ ધોળીને એ પોતે જ પાણી પાઇ આવતા છાણ વાસીદું પણ એ જાતે જ કરી લેતાં. નાગાજણે ઘણી ઘર માથાકૂટ કરી કે હવે આ અવસ્થાએ શા સારૂ વળગણ રાખો છો કાં માલ ઓછો કરી નાખો, ને કાં હું માણસો રાખી દઉં.

'ના બાપ ! એમાં કયાં ઘસાઇ જાયેં છયેં ? ને ઢોર કાંઇ પારક માણસ હથુ મૂકાય ? એ તો જીવતાં જીવ છે. કુટુંબીઓ છે. છોરૂ છે ઘરનાં.'

'આઇ ! એક ખાનગી વાત પૂછવાનું મને રા'એ કહ્યું છે. નાગાજણે એક રાતે નાગબાઇને એકાંતે જણાવ્યું.

'પૂછોને બાપ !'

'હાથીલાના હમીરજી ગોહિલની તો તમને સાંભરણ ને ?'

'તલે તલ યાદ. એને સોમનાથ જઇ મરશીયા સંભળાવનાર ૦ મારી બેન.'

'એનો વીવા થયેલ ખરો ?'

'હા બાપ. ઈ વાત તો સૌએ ભેળા મળીને દાટી દીધા જેવી કરી છે. પણ વીવા નક્કી થયેલો.'

'વેગડા ભીલની દીકરી સાથે ?'

'હા.'

'કાંઇ મેલું તો નહિ ને ?' નાગાજણના પ્રશ્નનો મર્મ એ હતો કે રખે હમીરજીએ ફક્ત રસ્તામાં જુવાનીને સહજ એવી થોડી નબળાઇ આચરી હોય.

'ના બાપ, જરીક મેલું કે હીણું નહિ. સોમૈયાની સખાતે જાતાં ગોહિલજી વેગડા ભીલના મહેમાન બન્યા. વાળુ કરવા બેઠા. ઝાંખે દીવે પિરસવા આવેલી ભીલકન્યાને જોઇ. ને પછી એણે જ વેગડાજી પાસે વાત મૂકી કે મરવા જાશેં છું, પણ પાછળ વંશ નહિ રહે. વેગડાએ પોતાની દીકરીને પણ એ રાતે એકલી એકલી આંસુડાં પાડતી દીઠી. દીકરીએ તો હમીરજીને જ પોતાનો ધણી ધારી લીધેલ છે એવી એને જાણ પડી. પછી બીજે જ દિ' ત્યાં રીતસર વીવા થયો ને હમીરજીએ એક રાતનો સંસાર ભોગવ્યો.'

'આઇ, એ બાઇ હાથ આવેલ છે. બાઇને જુવાન બેટડો છે. એ કહે છે કે હમીરજીનું બાળ છે.'

આઇ થોડી ઘડી આંખો મીંચી ગયાં. પછી એણે જવાબ દીધો: 'જોગમાયા કહે છે કે બેય સાચાં.'

'પરગટ કરાય ?'

'શું કરવા ?'

'સોમનાથના રક્ષણહારનું બાળ સૌ રાજકુળો કબૂલે, કોઈક ઊંચું કુળ એને કન્યા આપે. ને એ રીતે રાજકુળો એક થાય.'

'આશા નથી બાપ ! કરી જુવો. પણ અમદાવાદમાં કોક ચાડી ખાશે તો ?'

'હા, એ વિચારવા જેવું.' થોડીવાર રહીને નાગાજણે બીજી વાત પૂછી : 'આઇ, રા'ને વરસ ઊતરતાં જાય છે.'

'હા બાપ, આયખું તો કોનું બેઠું રહે છે ?'

'વાંસે પીંડ દેતલ કે વંશ રાખતલ કોઇ નથી.'

'બાપ,' આઇ હસ્યાં. 'એ વાતનો ઇસારો ય આપણાથી ન કરાય. રાજાને એવું ઓસાણુ દેવું ઠીક નહિ.'

'પણ કુંતાદેએ પોતે જ કાકલૂદી મોકલી છે કે રા' ફરી પરણે.'

'એવી સુજાણુ થઇને ?,

'સ્ત્રીનું ખોળીયું છે ના !'

'એને આ મમત મૂકી દેવાનું મું વતી ભણજે ભા !'

'પોતે તો મમતે ચડયાં છે કે પોતાના પ્રારબ્ધમાં છોરૂ ન હોય તો રા'ને બીજાં ઘર કરાવવું.'

'અરે અસ્ત્રી ! અરે અભાગી જાત અસ્ત્રીની !

નાગબાઇની નજરમાં ચાલીશ વર્ષનો ભૂતકાળ તરવરી ઊઠયો. એ ગંભીર સાદે બોલ્યાં, 'તું કહેછ ને બાપ, કે રા' તો જ્ઞાની છે !'

'હમીરજીનો દીકરો દીઠા પછી એના અંતરમાં શેર માટીની ઝંખના ઉપડી છે.'

'કોના સારૂ ! કયા ભવ સારૂ ! કયો વારસો સોંપી જવા સારૂ!'

નાગબાઇ વેદના-સ્વરે જાણે કોઇ ભવિષ્યવાણી બોલતાં હતાં. 'રાજા-રાણી વચ્ચે મેં તો ભારી મનમેળ સાંભળ્યા'તા ને.'

ભેળાઆ(ઓઢણા)ની મથરાવટી કપાળ ઉપર વધુ નીચી ખેંચીને નાગબાઇએ કહ્યું 'નાગાજણ, છોરૂની ઝંખના ઘરધણીના મનનું અમૃત છે, પણ રાજધણીના જીવતરનું હળાહળ ઝેર છે. કુંતાદે રા'નો ફરી વીવા કરાવવા માગે છે એવી વાતનો વશવાસ કોઇ ન કરજો. અસ્ત્રીની ઇચ્છા છે એવું બાનું બહુ જૂનું છે, હમેશાં અપાતું આવ્યું છે, પણ નરાતાર ખોટું છે.'

નાગાજણ જવાબ ન દઇ શક્યો.

'ને ભા ! તું આમાં જાળવીને રે'જે. વધુ શું ભણું ?'

# પ્રકરણ અઢારમું

## હાથીલાનો નાશ

ઉપરકોટના કાંગરા ઉપર કોડિયાંની દીપમાળા પેટાઈ હતી. મંદિરો ઠાકુરદ્વારાઓમાં રાજકીર્તિની ઇશ્વરપ્રાર્થના ગવાતી હતી. નગારાં ને ઝાલરો વાગતાં હતાં. બ્રાહ્મણો આશિર્વાદ દેતા હતા.

અધરાતે તો પ્રજાજનોના માન સન્માનમાંથી માંડ માંડ પરવારીને રા' માંડળિક દરબારમાં પહોંચ્યા.

માંડળિક પોતાનાં વસ્ત્રો ઉતારતી કુંતાદેને વાત કહેતો હતો :– 'દેવડી, આજ હાથીલાની જીતનો આખો મલક ઉજવણું કરે છે, પણ મને એનો આનંદ નથી. કેમકે બખ્તરની કડીઓ છોડતી તારી આંગળીઓ અત્યારે ચાલતી નથી. મેં તારા કાકાબાપુ દુદાજીને પણ છેલ્લી વાર એક જ વેણ કહ્યું કે મારા હાથે આ નગરનો નાશ કરાવ મા, આંહી મારી કુંતા આળોટી હશે, આ તળાવની પાળે એ ફરી હશે, ને આ ચોકમાં એણે રાસડા લીધા હશે. પણ દુદાજીની આંખમાં ઝેરને બદલે અમૃત ન આવ્યું તે ન જ આવ્યું. હું શું કરું દેવડી !'

કુંતાદે રા'ના પગની મોજડીઓ ઉતારતાં ઉતારતાં પગ ઉપર જ ઝળુંબી રહ્યાં. પગ પર ઊનાં આંસુ ટપક ટપક પડવા લાગ્યાં.

'શું કરું દેવડી ! સુલતાનની ભીંસને તો હું વેઠી લેત. એને આડું અવળું સમજાવી લેત. પણ તારો આગ્રહ તારા ભાઈનો રાજહક્ક હરકોઈ વાતે પણ મેળવી આપવાનો હતો. મને દુદાજી ઉપર દાઝ ચડી ગઈ, કેમકે એણે એવું વેણ કાઢી નાખ્યું કે 'બહાર નીકળ્યા પછી તો ક્ષત્રિય રસ્તામાં સો ઠેકાણે રાત રે'તો જાય. એ બધાં છોકરાંને રાજહક્ક આપવા બેસીએ તો કેદિ' પાર આવે?' કુંતા, તારા કાકાએ ક્ષત્રિયની તો ઠીક, પણ સગા ભાઈ હમીરજીની મોત-જાત્રાની આવી હાંસી કરી. એટલું જ નહિ, એણે તો મને કહ્યું કે આ જ વેણ એણે તારા ભાઈને ખુદને કહીને કાઢેલ છે : આ સાંભળ્યા પછી મારો કાળ ઝાલ્યો ન રહ્યો.'

કુંતાદેએ હજુય ઊંચું નહોતું જોયું. રા'ના પગ ઝાલીને એ બેઠી રહી હતી. રા' એ એની ચીબૂક (હડપચી) ઝાલીને એનું મોં પોતાના તરફ ઊંચું કર્યું. એ મોં રૂદનમાં ન્હાઈ રહ્યું હતું.

'હું તને સાચું કહું છું દેવડી, મારે તો બેમાંથી એકેય પક્ષની ફોજને નહોતી કપાવવી. મેં તારા કાકાને એકલ-જુદ્ધમાં નોતર્યા.'

'અરરર !' એમ કહેતાં કુંતાદેના હાથ રા'ની કાયા ઉપર ફર્યા.

'ચિંતા કર મા. મને ઝાઝા જખમ થયા નથી.'

'સોમનાથ દાદા ! હીમખીમ ઘેર પોગાડ્યા—' કુંતાદે સ્તુતિ બબડવા લાગી.

'તમે એકલ-જુદ્ધમાં મારા કાકાને જીતી શક્યા, હેં મારા રા' ! સાચું કહો છો ?' કુંતાદેને ખાત્રી થતી નહોતી. દુદાજી-કાકા એટલે

કરાળ કાળભૈરવ. રા' તો એની પાસે અસુરના હાથમાં પુષ્પ સરીખા કહેવાય. રા'ને ક્ષેમકુશળ દીઠા છતાં કુંતાદે ફફડી ઊઠી.

'સૌને એ જ નવાઈ લાગેલી દેવડી ! ને મેં જ્યારે તારા કાકાને પડકાર્યો કે આ ગરીબ પગારદારોની હત્યા શીદ કરવી ! આવો એકલ ધીંગાણે પતાવીએ, ત્યારે તો એણે પણ હસીને શું કહ્યું હતું, કહું ?'

'શું કહ્યું ?'

'તને યાદ કરી.'

'સાચેસાચ ?'

'હા. સીધી નહિ પણ આડકતરી રીતે. એણે પોતાની ગરેડી જેવી ગરદન હલાવીને ભયંકર અવાજે જવાબ દીધો કે છોરૂ વગરનો છો, તરપીંડી દેવા ય કોઇ વાંસે નહિ રહે, માટે કહું છું કે પાછો વળી જા. મેં કહ્યું કે હવે તો પાછા ફરવાનું ટાણું રહ્યું નથી. સુલતાનને આપેલા વચને પળવાની મારી ફરજ છે. ઉઠો કાકાજી !'

'મને જરીકે ન સંભારી ?'

'મરતે મરતે કહ્યું કે કુંતાનો ચૂડલો અખંડ રહ્યો, એટલી મારા જીવને ગત્ય થાય છે.'

'બીજાં બધાં શું કરે છે ? હું કાણે જઈ આવું ? કારજ કયારનું છે ?'

'ત્યાં કોઈ નથી.'

'કેમ ? ક્યાં ગયાં ?'

'મેં હાથીલા ઉજ્જડ કર્યું. એ બધાં લાઠી ગામે ચાલ્યાં ગયાં.'

'એકલ-યુદ્ધથી પતાવ્યું કહો છો ને ?'

'ના, પછી તો મારા હાથ ન રહી શક્યા. મારી ભુજાઓ કાબૂમાં ન રહી. ગોહિલ ફોજ કબ્જે થવા તૈયાર નહોતી. ગુણકા-તળાવના રાજમહેલમાં તારા ભાઇ અને તારી ભીલાં-કાકીને વારસો આપવાની સૌએ ચોખ્ખી ના પાડી. એટલે મારે નછૂટકે રાજમહેલનો નાશ કરવો પડયો. તળાવને તોડાવી નાખવું પડયું. ગોહિલ કુળને ને ફોજને મારે ગામના દરવાજા તોડીને જ બહાર કાઢવાં પડયાં.'

'તમે ભુજાઓ પરથી શું કાબૂ ખોયો રા' ! મારા મહિયરની દશ્ય બંધ થઇ ગઇ.' કુંતાદે બોલતાં બોલતાં ધ્રુસકે ગયાં.

'બીજો ઇલાજ નહોતો.' રા' લાચાર બન્યો.

'મેં જાણેલ કે સમજણથી પતાવી લાવશો.'

'તારા ભાઇને ખાતર મારે કરવું પડયું.'

'મારી જન્મભોમઃ હું ત્યાં રમી હતીઃ મારા હાથના છોગા ત્યાં ઊછર્યા હતા. મારું પિયર ગામ.........'

કુંતાનો વિલાપ ક્રમેક્રમે વધતો ગયો. હાથીલા નગરનો નાશ રા' માંડળિકના જબરદસ્ત વિજયનો ખાંભો ગણાય છે, પણ એ નગરના ધ્વંસે રા'ના સંસાર-જીવનની લગાર એક કોર ખાંડી કરી નાખી. કુંતાદેએ આજ સુધી રા'ના હાથને હાથીલા ઉપર ત્રાટકતા વાર્યા હતા. દુદોજી ગોહિલ ચાહે તેવો ડાકુ છતાં કુંતાદેના બાપ-ઠેકાણે હતો. દુનિયાની દૃષ્ટિએ દિગ્વિજયો દેખાતાં કેટલાંય વીર કૃત્યો યોદ્ધાના આત્મજીવનમાં મોટા પરાજયો જેવા બની જતા હશે.

'ના રડ કુંતા !' રા'એ એને પંપાળીને આશ્વાસન દીધું. 'તું જોજે કે હું એ ગાદી તારા ભીલ-ભાઇને સોંપવા માટે સુલતાનનો

રૂક્કો મેળવીશ. તું ધીરજ ધરજે, તારા મહિયરનો માર્ગ ફરી વાર ઉઘડી જશે.' પોતે પોતાના શૌર્ય પર કાબૂ ન રાખી શક્યા એ મુદ્દાને રા' રોળીટોળી નાખતા હતા.

'ભાઇ તો બાપડો ડુંગરાનું બાળ છે. એને કાંઇ પરવા છે? એ તો આપના ગયા પછી બે વાર આવી ગયો કે મારે વળી રાજ શાં ને પાટ શાં? મારું એ કામ નહિ. મારે તો ભાઇબંધી પહાડની ને રત્નાકરની. હું ત્યાં-હાથીલે તો ભૂલેચૂકે ય નહિ જાઉં.'

'ઓહો! બે વાર આવી ગયો!' એટલું બોલીને રા' સ્હેજ ખમચાયા. પછી એણે પોતાનો કશોક વિચાર દબાવી દઇને કહ્યું—

'એટલે જ એને ઠેકાણે લાવવાનો એક જ માર્ગ છે: એક ક્ષત્રિય-રાજાની કન્યા પરણાવી દઇએ, એના મનમાં રાજવટનો કાંટો ફૂટશે.'

'તજવીજ કરાવો છો?'

'નાગાજણ ગઢવીને રજવાડે રજવાડે વિષ્ટિ કરવા મોકલ્યા છે.'

એ સમાચારથી કુંતાદેનો શોક ઊતરવા લાગ્યો હતો, ને રા' ઊંચી ગોખ-બારી પર દૃષ્ટિ ઠેરવી એકી ટશે જોઇ રહ્યા હતા.

'શું વિચારો છો?' કુંતાએ પૂછ્યું.

'સાચું કહું?'

'કહો તો સાચું જ કહેજો.'

'મારે આજ એક દીકરી હોત-વીવા કરવા જેવડી!'

'તો?'

'તો હું જ એને જમાઇ કરત.'

'પણ અમારૂં તો ભાઇબહેનનું સગપણ.'

'હું તારી વાત નથી કરતો.' રા' હસ્યા.

'ત્યારે ! હેં ! શું !'

'કાંઇ નહિ ગાંડી. અમસ્થી કલ્પના. મનના ઘોડા માળવે જાય છે.'

બેઉ જણાં વાતને તો પી ગયાં. પણ બેઉ પામી ગયાં હતાં, કે એ વાતની ઓથે એક પહેલવહેલો જ નવો વિચાર ઊભો થયો હતો.

કુંતાદેનું નારીહૃદય સમજી ગયું : રા'ને પોતે સંતાન નહોતી આપી શકી. પણ સંતાન હોવું જોઇએ એવો આગ્રહ વારંવાર પોતાના તરફનો જ હતો. રા' જેમ જેમ એવી ઇચ્છાનો ઇન્કાર કરતા હતા તેમ તેમ કુંતાદે જીદ પર ચડતી હતીઃ તમારે ફરી વીવા કરવો જોઈએઃ મારા વાંકે તમારી રાજગાદી શા માટે ખાલી રહે ?

રા'ના ઇન્કારના ઊંડાણમાં શું એ જ સ્વયંઇચ્છાનો કોંટો ફૂટી ચૂક્યો હતો !

રા' સૂવા ગયા. કુંતાદેએ પિયરના નાશના શોકમાં જુદે ઓરડે પથારી કરાવી હતી. એણે દીવો ઓલવી નાખ્યો તે પછી રા'એ જરા ચોંકીને પૂછ્યું :

'એ કોણ છે કુટેવવાળી ?'

'કોણ ?'

'કોઇ દાસીને આપણી વાતો સાંભળવાની ટેવ લાગે છે.'

'કદાપિ ન હોય.'

'ત્યારે મને છાયા કોની લાગી ?'

'મનનો આભાસ હશે.'

એ વાત સાચી નહોતી. રા'ના રાજમહેલના રાણીવાસ સુધી પણ જાસૂસો પહોંચી ગયા હતા. એ જાસૂસો કોના હતા ?

# પ્રકરણ ઓગણીસમું

## ફરી પરણ્યા

વળતા દિવસે નાગાજણ ગઢવી રાજરજવાડાંમાં ભમીને ઉપરકોટ પર હાજર થયા. એના સમાચારમાં શ્વાસ નહોતો. ચિતોડના રાણા કુંભાજી એટલે રાજપૂતીનું શિરછત્ર. એના સર્વ ધમપછાડા ઉપર ગૂજરાત અને માળવાની સંયુક્ત સુલતાનીઅતે મીઠાં વાવી દીધાં હતાં. એણે ચારણને જવાબ વાળ્યો હતો કે સૌરાષ્ટ્રનાં દેવસ્થાનોને લગતી કોઇ પણ વાત આંહી કાઢશો નહિ. ને હમીરજી ગોહિલની રખાત કોઈક ભીલડીના છોકરાને માટે, રા' માંડળિકને કહેજો, કે પાદશાહી સાથે ઊંડો ખોપ ખોદશો નહિ.

ઇડરરાજે જવાબ આપ્યો કે અમે તો બાપા, અમારી રિયાસત ટકાવવા માટે ગૂજરાતના સુલતાનને દીકરી સોત દીધી છે. હવે વળી અમે બેય વાત શાને બગાડીએ? રા' માંડળિકને કહેજો કે થોડા વધુ વ્યવહારૂ બની જાય. ભીલના છોકરાને જમાઇ કરવા કરતાં સુલતાનના સાળા સસરા થવું શું ખોટું છે? ગૂજરાતનો સુલતાન વંશ અસલ તો ક્ષત્રિય ઓલાદનો જ છે ના ભાઇ! સમા પ્રમાણે વર્તવું એ ક્ષત્રિયનો સૌ પહેલો ધરમ છે.

પાવાગઢનો પતાઈ રાવળ તો હસવા જ લાગેલો : 'રા'ને કહો, લેર કરી લે લેર. આપ મુવા પછી ડુબ ગઈ દુનિયા !'

એમ એક પછી એક તમામ રાજવીઓના હોઠ ઉપર પહેલો તેમજ છેલ્લો તો એકનો એક જ બોલ હતો કે ઉતાવળો થઇને એકલો દોડી જીવ ગુમાવનાર એ અવ્યવહારુ હમીરજીને વીર શા માટે કહેવો ? સુલતાનોને સંદેહ જન્મે એવી એની નવેસર પ્રતિષ્ઠા શીદ કરવી ? અને એક ક્ષત્રિયને રસ્તામાં ભેટેલી નીચ વર્ણની રખાતના છોકરાને રાજપૂતીના છાપરે ચડાવવાની કુબુદ્ધિ સોરઠના રાજાને કેમ સૂઝે છે ?

નાગાજણ ગઢવીના આ બધા સમાચારોએ રા' ને થોડી વાર તો થીજાવી દીધો. પણ વધુ વિચારે રા'ના હૃદયનો એક છૂપો, છાનો, અદીઠો, અતલવાસી માયલો અવાજ બોલી ઊઠયો: 'તું શા માટે ગાડા હેઠળનું કૂતરૂં બની રહ્યો છો ? જોબનીયું આજ આવ્યું ને કાલ જાશે.........'

'ઠીક. છોડો એ વાત.' કહીને રા'એ પોતાનાં બેઉ લમણાં પર આંગળીઓ દબાવી. પછી નાગાજણ ગઢવીએ કહ્યું.

'હુકમ હોય તો એક બીજો જે સંદેશો રાજરજવાડાંએ કહાવ્યો છે તે સંભળાવું.'

નાગાજણનું મોં સ્હેજ મલકાયું એટલે રા'નું કૌતુક જોર પર આવ્યું. એના કાન ચંચળ બન્યા. નાગાજણે કહ્યું.

'ચિતોડ, ઇડર, ને સોરઠનાં સૌ રજવાડાં એક અવાજે ઠપકો દઇ રહ્યાં છે કે રા' ગંગાજળિયો હજી કેમ નીંદર કરી રહ્યો છે ?'

'શેની નીંદર ?'

'પારકાના ભવિષ્યની પળોજણ કરે છે પણ પોતાના ભવિષ્યનું ભાન જ કેમ નથી રહ્યું ?'

'મારા ભવિષ્યનું ભાન!'

'એટલે એમ કે ગઢજૂનાનો વારસ ક્યાં છે? ગરવાદેવ જેવું તીરથ, સૌને દીકરા વહેંચે, ત્યારે ઘરમાં જ કેમ અમીની છાંટ નથી પડતી?'

'શું કરીએ ભાઇ! એમાં તો પ્રારબ્ધનો દોષ છે.'

'ના મારા રા'!' ગઢવી નાગાજણે રા'ના જવાબમાં સુંવાળી ધરતી જોઇને વખતસર પગ લસરતા મૂકયા: 'પ્રારબ્ધ આડું નથી. એક કરતાં એકવીસ રજવાડાં પોતાની પદમણીયું જેવી પુત્રીઓ રા' ગંગાજળિયાને માટે ઓળઘોળ કરવા તૈયાર છે. ને ખમા! અમારાં કુંતાદે બોન પણ એની એજ વાત ઝંખે છે. ધરાઇને ધાન નથી જમતાં.'

'ખરેજ શું કુંતાએ તમને કાંઇ કહ્યું હતું ગઢવા?'

'હું વિદાય લેવા ગયો હતો ત્યારે છેલ્લી ને પહેલી ભલામણ એજ હતી કે ભા! મારે માથેથી મેણું ઊતરાવતા આવજો.'

'કુંતાદે તો સાચી દેવી છે.' રા'નું મોં પ્રફુલ્લિત બન્યું. 'આવી મોટા મનની સ્ત્રીની તો હું પૂજા કર્યા કરું એવા ભાવ થાય છે.'

આવા સુંદર શબ્દોનો લેબાસ ધરીને રા'ના હૃદયની નબળાઇ બોલી રહી હતી. એણે પૂછ્યું 'નાગાજણ ભાઈ, તમે મારા ચારણ નહિ પણ સગા ભાઇને ઠેકાણે છો. તમારું શું ધ્યાન પડે છે તે કહેશો?'

'હું તો મારા રા', ઠેકાણું પણ જોઇ કરીને આવ્યો છું.'

'એટલી બધી ઉતાવળ?'

'શું કરું? મારાં બોન કુંતાદેને તે વગર મોં કેમ કરી બતાવું?'

'ક્યાં જોયું ઠેકાણું?'

'સિદ્ધપુરના ભીમરાજને ઘેર. પણ મારા રા', એ તો સોરઠભરમાં ડંકો વાગી જાય એવી કન્યા છે.'

'તમારી વાર્તાઓમાં અપ્સરાનાં વર્ણન આવે છે એવી ?'

'એવી જ—એજ.'

'કુંતાની આમન્યા તો પાળશે ને ?'

'ચારણનું ગોતેલ ઠેકાણું—ફેર પડે તો ફરી મારૂં મોં ન જોજો, ગંગાજળિયા ! પણ એક વાર હસીને હા પાડો તો તે પછી જ હું રાણીજી પાસે જઈ શકું.'

'હા—હા !' રા'એ નિઃશ્વાસ મૂકયો; 'ગાદીનો વારસ જોવે, ત્યાં મારી હા કે ના શા ખપની ? મારૂં હૈયું કોણ વાંચી શકશે ? હું કોની પાસે કલેજું ચીરી બતાવું ?'

પછીની કથા તો સાધીદોર છે. સિદ્ધપુર જઈને જૂનાગઢનું ખાંડું ભીમરાજની કુંવરીને તેડી આવ્યું; ને રા' માંડળિકના હોઠે નવા લગ્નની એક પછી એક રાત્રિયે મદિરાની પ્યાલીઓ મંડાતી રહી.

રાત્રિભર રા' મદિરા લેતો, પ્રભાતે રા' ગંગાજળે નહાતો. પ્રભાતે પ્રભાતના બીજા પહોરે મોણીએથી નાગજણ ગઢવી અચૂક હાજર થતા, ને તેના હાથનો કસૂંબો લીધા પછી જ રા'ની નસોમાં પ્રાણ આવતા. અફીણના કેફમાં થનગનાટ કરતો રા'નો જીવ તે પછી ગઢવી નાગજણને મોંયેથી વ્હેતી અપ્સરાઓની વાતોમાં તણાતો, ખેંચાતો, વમ્મળે ચડતો, ઘૂમરીઓ ખાતો, ને આકાશલોકથી પાતાળલોક સુધીનાં પરિભ્રમણો કરતો. તેજનો જ્યોતિર્ગોળો જાણે અનંત આલોકના સીમાડેથી ખરતો, ખરતો, ખરતો, ગતાગોળમાં જઈ રહ્યો હતો. એને તો આ પૃથ્વી પર જ સ્વર્ગ સાંપડ્યું હતું. આટલાં વર્ષો પારકી

પળોજણમાં નકામાં ગુમાવી દીધાની વાત પણ એને કોઈ કોઈ વાર સાંભરી આવતી ને પોતે પોતાની જ એ ભૂલ ઉપર હસાહસ કરી ઊઠતો.

અમદાવાદની સુલતાનીઅત પણ આ સમાચાર સાંભળી સંતોષ પામી હતી. દુદાજીને નાબૂદ કરવા બાબત સુલતાને રા'ની વફાદરીની નોંધ લીધી હતી. અને રા'ને નહાવાની ગંગાજળની કાવડ એક પણ વિઘ્ન વગર ગૂજરાત તેમ જ માળવાની સીમમાંથી પસાર થાય તેનો પાકો બંદોબસ્ત સુલતાને રખાવ્યો હતો. સુલતાન કુતુબશા પણ, ચિતોડ સુધીનાં તમામ ક્ષત્રિય રાજ્યો ઉપર પોતાની સત્તા બેસાડી લઈને જિંદગીનું બાકી રહેલું કામ કરતો હતો–જશનો ભરવાનું, સુંદરીઓ સાથે મોહબ્બત કરવાનું, શરાબો ઉડાવવાનું, ને મોટી મોટી ઈમારતો બંધાવવાનું.

# પ્રકરણ વીસમું

## મહુમ્મદ બીઘરો

આજે અમદાવાદમાં જે ભાગ રસુલપરા નામે ઓળખાય છે તે એક સ્વચ્છ, સુગંધમય ગામડું હતું. લોબાનની ખુશબો જેના પાદરમાંથી જ આવવા લાગે એને આંખો મીંચીને રસુલપરૂં કહી શકો. લીલી ને સફેદ ધજાઓ એ ગામનાં ઝાડ પર પંખીના ટોળા જેવી ઊડતી હતી. રસુલપૂરામાં કોલાહલ નહોતો. ગામ પોતે જ જાણે ધ્યાનમગ્ન હતું. તેના એક વિશાળ ચોગાનમાં તે વખતે એક નાનું મકાન હતું. મકાનમાં એક સ્વચ્છ ઓરડો હતો. ઓરડાની અંદર એક સાદું શયન હતું. શયનની જમણી બાજુ એક કુરાનનું પુસ્તક અદબથી રખાયું હતું. સંધ્યાનો લોબાન તાજો સળગાવેલો હતો.

ઓરડો પુરુષનો, પણ પુરુષ નહોતો. ઓરત હતી. ઓરતે પોતાના માથાના વાળની લટો જ્યારે પીઠ પરથી આગળ આણી ત્યારે એ સુરમારંગની શ્યામ લટોના છેડા છેક ઓરતના ઘૂંટણ સુધી છવાયા.

આટલા લાંબા વાળને પૂળાની માફક પકડીને ઓરત એ ઓરડાની બદામી ફરસબંધી પર ઝુકી પડી.

એ શું કરવા લાગી? એ શું પાગલી હતી? આવા રેશમી લાંબા કેશકલાપને એ ફરસબંધી પર શા માટે ઘસી રહી હતી?

કારણ કે એ માતા હતી, ને પ્રિયા હતી. ચોટલાનું ઝાડુ કરીને એ ફરસબંધી પર સંજવારી કાઢતી હતી.

કોણ હતા એ ભાગ્યવાન ઘરધણી ?

દરવેશ હતા, ધર્મપુરુષ હતા. ને ઓલિયા હતા. માલિકના ભિક્ષુકનું ઘર દુનિયાની વધુમાં વધુ કિંમતી સાવરણી વડે સાફ થઇ રહ્યું હતું.

જેનું નામ હઝરત શાહઆલમ હતું, તે દરવેશે ઓચીંતા પ્રવેશ કરીને ચૂપકીદીથી આ દશ્ય દીઠું, ઓરતને ઓળખી :—

'બીબી મુગલી ! માલિકની ખિદમત માટે બાલનું ઝાડુ કર્યાં આજ કેટલા દિવસ થયા ?'

'આવી છું તેટલા.' શરમાઇ ને એ વાળતી રહી.

'બીબી મુઘલી ! માલિકના હું અહેસાન ગાઇશ. પણ તમે હવે આ ઘર છોડી જાઓ. મારી ઓરત, તમારી બહેન બીબી મીરઘી, હવે હયાતીમાંથી ચાલી ગઇ છે. હવે આ ઘરભંગ દરવેશના ઘરમાં તમને વિધવાને હું અદબભેર કેમ કરી રાખી શકું ? તમે તો મર્હુમ સુલતાનનાં સુલતાના છો. પધારો પાદશાહી મહલમાં.'

ઓરત, જેનું નામ બીબી મુગલી હતું, તેણે તો વાળવું ચાલુ જ રાખ્યું. ફરીથી દરવેશે કહ્યું, 'સુલતાના, તકીયો છોડી જાવ.'

'ક્યાં જાઉં ? બહાર નીકળું એટલી જ વાર છે. મારા ફતીઆનો જાન જાતાં શો ડર લાગશે એ લોકોને ? તો પછી આપે આજ સુધી આશરો આપીને એ ફતીઆને શીદ ઉગાર્યો હઝરત ?'

'બીબી, ત્યારે શું કરશું ?'

'યાદ આવે છે હજરત ? મારા પિતાએ અમો બેઉ બહેનોને માટે જે શાદી નક્કી કરેલી તે ઊલટ સૂલટ થઈ ગએલી—નથી યાદ ?'

બોલતી બોલતી ઓરત નીચે જોઈ રહી.

'ઓહોહો ! એ તો પુરાતન બાત !' દરવેશે પોતાની દાઢીમાં આંગળાં પસવાર્યાં.

'પુરાતન હશે, પણ મારા કલેજામાં તો એ હજુ ઠંડી નથી થઇ.'

વાળનું ઝાડુ ચાલુ રાખીને જ એ વાત કરતી હતી. એનો અવાજ જાણે કોઇ તંતુવાદ્યમાંથી આવતો હતો.

દરવેશ પોતાની કલપ દીધેલી ભૂરી દાઢી પસવારતા ચૂપ ઊભા હતા, તે ચૂપકીદીનો લાભ લઇને ઓરત બોલી ગઇ: 'મર્હુમ સુલતાનની નજર પડી, બે બહેનોમાંથી હું વધુ ખૂબસૂરત લાગી. બસ, એટલે શું આપને માટે નિર્માએલીને લઇ જઇને એ ખુદાની નજરમાં મારા ખાવીંદ ઠરી ગયા ? નહિ, નહિ, મારા ખાવીંદ તો આપ જ છો. મારે ખાતર નહિ તો મારા ફતીઆને ખાતર હવે આજે આપ મને સ્વીકારી લ્યો. આપ ઘરભંગ છો, ને હું પણ હવે વિધવા છું.'

દરવેશના મોં ઉપર સમતા હતી, પણ અંતરમાં ઊંડો સળવળાટ શરૂ થઇ ગયો હતો. 'હું આવું છું, તમને જવાબ દઇ જાઉં છું' એમ કહીને એ બહાર ચાલ્યા ગયા; ને બીબી મુઘલી પોતાના રેશમી કેશ વડે ઓરડો ઝાડતી રહી. સફેદ વિધવા–લેબાસને ઢાંકી રહેલી એ સ્યામ લટોના ચકમાંથી જરા જરા દેખાઇ જતું એનું બદન રૂપરૂપના રાશિ ઢાલવી રહ્યું હતું.

'અમ્મા ! અમ્મા !' કરતો એક દસ વર્ષની વયનો, પણ ચૌદ વર્ષનો દેખાતો ભરાવદાર બદનનો બાળક રમીને બહારથી દોડ્યો આવ્યો.

'અમ્મા ! ખાવા દે, નહિતર તને ખાઇ જઇશ હો, એવી ભૂખની આગ લાગી છે અમ્મા !' એમ કરતો એ માને ઢંઢોળવા લાગ્યો.

'હજી હમણાં જ ખવરાવેલું ને ?'

'તેની મને શી ખબર ? મને જલદી દે, રોટી દે, કાચા ચાવલ દે, મેવો દે, જે હોય તે દે, નહિતર હઝરત બાબજી (શાહઆલમ)નાં તમામ* મુરઘાંને કાચાં ને કાચાં ચાવી જાઉં છું અમ્મા !'

'અકરાતીઆ ! ક્યાંથી આવી ભૂખ લઇને આવેલ છો ? તારૂં તે શું થશે ફતીઆ !'

એમ કહેતી મા, આ અતલ હોજરીવાળા છોકરા ફતીઆ (ફતેહખાન)ને લઇ રસોડામાં ગઇ, ને ત્યાં ઢાંકી રાખેલી હાંડીઓ તેની સામે ધરી દીધી. કેળાંની આખી લૂમ એને પિરસી દીધી.

'અમ્મા !' ફતેહખાન ગલોફાંમાં ખોરાક ઠાંસોઠાંસ ભરતો ભરતો વાતોએ ચડયો : 'આજે તો ભારી રોનક થયું. હું તો હઝરત બાબજી પાસે કુરાન પડતો બેઠો હતો ત્યાં તો ખીડકી ઉપર ધમાચકડી મચી ગઈ, શોર થઇ ગયો ને પકડો એ છોકરાને, પકડો ફતેહખાનને, એવા શોર કરતા સુલતાનના સિપાહીઓ અંદર ધસી આવ્યા. ત્યાં તો અમ્મા, હઝરત બાબજીએ મને તમાચો લગાવીને કહ્યું કે 'પડ એ ડોકરે !' એટલું કહ્યું ત્યાં તો અમ્મા, હું કિતાબ વાંચતો વાંચતો લાંબી સફેદ દાઢીવાળો બુઢ્ઢો બની ગયો. ને સુલતાનના સિપાહીઓ તો ભોંઠા પડીને ચાલ્યા ગયા.'

'એ-વ-ફૂ-ફ ! બડી બડી બાતાં કરે છે. હવે ખાઇ લે, ઝોંસટી લે ફતીઆ !'

'ને અમ્મા, પરસુ કેવો તાલ થએલો માલૂમ છે ? મને તો હઝરત બાબજીએ છોકરીનો લેબાસ પહેરાવીને રાખેલો. મેડા ઉપર મને છૂપાવી દીધો હતો. સુલતાનના સિપાહીઓ મારી તલાશે આવ્યા કે એકદમ હું છાપરા ઉપર ચડી ગયો. એ બદમાશો છાપરે ચડી આવ્યા. અરે

અમ્મા, સાથે ખુદ સુલતાન કુતુબશાહ પણ હતો. આપણી આયાએ તો ગભરાટમાં ને ગભરાટમાં કહ્યું, સુલતાન સલામત, એ ફતેહખાન નથી, એ તો ફલાણા અમીરની છોકરી છે. પછી અમ્મા, તસલ્લી કરવા માટે સુલતાને મારી ઇજાર ખોલી ને મને સાચેસાચ છોકરી જોઇને એ શરમીંદો બની ઊતરી ગયો. ફરી પાછો મને પકડવા ઉપર આવ્યો. મારો હાથ પકડયો, પણ મારો હાથ તો તે વખતે એને વાઘના પંજા જેવો લાગ્યો, એટલે એ ભાગી ગયો. કેવી રોનક! કેવી ગમ્મત, હેં અમ્મા! હઝરત બાબજી પણ મને ઘડીક છોકરી બનાવે છે ને ઘડીક પાછા વાઘ બનાવે છે, કેવી ગમ્મત હેં અમ્મા!' છોકરો આવી વાતો કરતો કરતો ધાનની હાંડી ચટ કરતો જતો હતો.

'બેવકૂફ! મોટા લપ લપ બાતો કરે છે, ને ડરતો નથી?'

'નહિ અમ્મા!' ફટફટ ગલોફે છોકરો જવાબ દેતો હતો: 'હું બિલકુલ ડરતો નથી. ડરને બદલે મને તો રોનક મળે છે. તું પણ કેમ ગમ્મત કરતી નથી?'

'બેટા! મારા ફૂલ! તને સુલતાન મારી નાખશે.'

'શા માટે પણ?'

'તું એનો સાવકો ભાઈ છે. એને દીકરો નથી. એનું તખ્ત તને મળશે એ એનાથી સહેવાતું નથી.

'એને કોઈ નહિ મારી શકે. એને ખુદા જીવાડશે!' એવું કહેતા કહેતા, બહાર જઇને આવેલા દરવેશ શાહઆલમ દાખલ થયા. એની આંખોમાં બીબી મુઘલી તરફ અત્યારે જે ચમક હતી તે ન્યારી હતી. એ આંખોમાં પ્યારનો સુરમો હતો. આવીને એણે પોતાના હાથમાં એક ટોપલી હતી તે છોકરા ફતેહખાનના માથા પર મૂકી.

'હવે એ ઊલટી વાળીને ફતીઆના શિર પર મૂકો તો !' બીબી મુઘલીએ દરવેશની આંખોનો સૂરમો વાંચીને પછી કહ્યું.

'આ લે બીબીજાન !' એમ કહી, ટોપલી ઊંધી વાળી શાહઆલમે એ છોકરાના માથા પર ઢાંકી.

'બસ, હવે હું ડરતી મટી ગઈ છું. મારા છોકરાને માથે આપે આપની રક્ષાનું રાજછત્ર ઓઢાડયું છે.'

* * *

સુલતાન કુતુબશાહને ખબર પડી કે પોતાની સાવકી મા સાથે શાહઆલમે શાદી કરી લીધી છે ને પેલા નાચીઝ નમાલા સાવકા ભાઇ રઝળુ ફતીઆના શિર પર ગૂજરાતની ભાવિ સુલતાનીઅતનું છત્ર ઓઢાડયું છે. એના મનની આગે માઝા મુકી. એણે પોતાની રાણી રૂપમંજરીને કહ્યું, 'જાવ ગમે તેમ કરી, ફોસલાવી, પટાવી, ફતીઆને મારી પાસે લઇ આવો.'

રાણી રૂપમંજરી (નામ પરથી કોઇ હિંદુ રાણી લાગે છે.) ગઇ ત્યારે ફતેહખાન શાહઆલમ પાસે બેઠો હતો. એનો હાથ ખેંચીને રૂપમંજરી ઉઠાડવા લાગી.

'બેગમ સાહેબા !' શાહઆલમે મોં મલકાવીને કહ્યું : 'આજ આપ એનો હાથ ખેંચો છો, પણ કોઇક દિવસ એ આપનો હાથ ખેંચવાનો છે એ યાદ રાખજો હો કે!'

શરમાઇને રાણી રૂપમંજરી છોકરાનો હાથ છોડી દઇ ચાલી ગઇ.

સુલતાન કુતુબશાહને આ સમાચાર મળ્યા ત્યારે એ દારૂમાં ચકચૂર હતો. નશામાં ને નશામાં એ ઘોડે ચડ્યો. ને એણે ફોજને હુકમ દીધો : 'શાહઆલમના સ્થાન રસુલાબાદને તારાજ કરો.'

લોકોનાં ટોળેટોળાં જમા થયાં. તેમણે સુલતાનની ગાંડી ચીસો સાંભળી : 'તારાજ કરો. રસુલાબાદને તારાજ કરો.'

એ ફરમાનને ઉઠાવી લેવા એક પણ આદમી આગળ ન આવ્યો.

'ફિકર નહિ. હું પોતે તારાજ કરીશ.' એમ કહીને એણે રસુલાબાદ પર ઘોડો દોડાવી મૂક્યો. એના હાથમાં એક તલવાર હતી.

એ તલવાર કોની હતી? કોણે આપી હતી? ક્યારે આપી હતી? સુલતાનને આ ભાન રહ્યું નહોતું. એ સમશેર ખુદ શાહઆલમની જ હતી. હજુ તો બે જ વર્ષ પૂર્વે પોતે જ્યારે શાહઆલમની મદદ મેળવીને માળવાના શત્રુ મુહમ્મુદ ખીલજી પર ચડેલો, ત્યારે એણે શાહઆલમ પાસેથી આ તલવાર માગી હતી. શાહઆલમે ના કહી હતી : 'સુલતાન, દરવેશોની તલવાર, દંડ અને હરકોઈ વસ્તુ સજીવન હોય છે. ને તમે તો રાજા છો. રખેને તમારાથી એવું કાંઈ બને કે જે દરવેશોને લાયક ન હોય. તે વખતે આ તલવાર તમને નુકશાન કરશે.' પણ સુલતાને પગે પડી, આજીજી કરી, 'આપ જેવા મારા ગુરુની તલવારને હું લાંછન નહિ લગાડું' એમ ખાત્રી આપી એ તલવાર મેળવેલી હતી. એ તલવારથી પોતે વિજય મેળવ્યો હતો. પણ એજ તલવારને આજે એણે દુષ્કૃત્ય આચરવા વીંઝી.

શાહઆલમ તો પોતાના રસુલાબાદના થાનકમાં ખામોશ રાખી બેઠા હતા. એને તો ખાત્રી હતી કે મોતનો પ્યાલો પીતે પીતે મોટો સુલતાન પોતાના વંશવારસને શરાબથી દૂર રહેવાની જે ગાંઠ વળાવી ગયો હતો તે ગાંઠને છેદી નાખવાની નાદાની કરનાર આ શરાબખોર સુલતાન પોતે જ પોતાનું મોત નોતરી રહેલ છે. એ ધારણા તે દિવસે જ સાચી પડી. કોને મારવું કોને ન મારવું એનું ભાન હારી બેઠેલા કુતુબશાહે પોતાને રસુલાબાદમાં સામા મળનાર એક ગાંડા ઊંટ

પર તલવારનો ઘા કર્યો. તલવાર ઊંટને ન વાગી, પણ મારનારની ખુદની જ જાંઘ પર એ તલવારનો ઝટકો પડ્યો.

જખમ લઇને કુતુબશાહ પાછો વળ્યો. કેફ ઊતરી ગયો. કાયમના બિછાને સૂતો. જખમની પીડા પ્રતિદિન વધતી જ રહી. કાંઇ જ કરાર મળ્યો નહિ. મહેલની બારીએથી પલંગે પડ્યાં પડ્યાં એણે એક દિવસ નીચે સાબરમતીના પટમાં એક કઠિયારાને લાકડાનો ભારો લઇ આવતો દીઠો.

કઠિયારાના માથા પર કઠોર બોજો છે: પગ તળે સાબરમતીની રેત સળગે છે. કઠિયારો ચીંથરેહાલ છે. કઠિયારો કિનારે આવે છે, ભારો નીચે ઉતારે છે, તાપમાં જ નીચે બેસે છે. કેડેથી કાંઇક બહાર કાઢે છે: એક સુકો રોટલો અને કાંદાના કેટલાક કટકા.

કઠિયારો રોટલો ખાય છે, કાંદા કકડાવે છે. ખાતાં ખાતાં એના મોં પર જે આનંદ છવાઇ રહે છે તેના ઉપર ઊંચા ભદ્ર-ઝરૂખેથી મરતા શાહની મીટ મંડાઇ ગઇ છે.

ખાઇને કઠિયારાએ નદીનું વ્હેતું પાણી પીધું, ને પછી ગઢની રાંગના છાંયામાં જઇ એ સૂતો. સૂવાની સાથે જ ઘસઘસાટ નિદ્રામાં પડ્યો.

મરણપથારી પરથી સુલતાનનો આત્મા પુકારી ઉઠ્યો: ' ઓ કઠિયારા ! આ લે, લઇ લે આ મારી સુલતાનીઅત, ને મને દઈ દે—ફક્ત એ તારી તંદુરસ્તી ! '

પણ નહિ નહિ, જીવલેણ જખમ પછી પણ થોડુંક પિરસવું કિસ્મતે હજુ એ સુલતાનને માટે બાકી રાખ્યું હતું. એ હતું ઝેરનું પ્યાલું. એ પ્યાલું સુલતાનને એની પોતાની જ એક મુસ્લિમ રાણીએ પાઈ દીધું.

સાત જ દિવસ પછી રસુલાબાદમાં અમીર ઉમરાવો અને વઝીરોનું એક મોટું મંડળ દાખલ થયું, ને શાહઆલમના નિવાસ તરફ ચાલ્યું ગયું. લોકોમાં ફાળ પડી: કોઈએ કહ્યું કે સુલતાનના લોકો ફતેહખાનને પકડી જવા આવેલ છે.

એક જણે કહ્યું, બીજાએ સાંભળ્યું, એણે ત્રીજાને કહ્યું, અને અમીરમંડળ હઝરત શાહઆલમના થાનક પર પહોંચે તે પહેલાં તો બીબી મુગલીને સમાચાર મળ્યા. એણે ફતેહખાનને છૂપાવી દીધો. એના કલેજામાં ફફડાટ ચાલ્યો.

ઉમરાવ મંડળ અને હઝરત શાહઆલમની વચ્ચે તે વખતે આમ વાતચીત ચાલતી હતી.

શાહઆલમે કહ્યું: 'શું બોલો છો જનાબો! તમે દાઉદખાનને નવો સુલતાન નીમ્યાને તો હજુ દિવસ રોકડા સાત થયા, ત્યાં તમે એને ઉઠાડી પણ મૂક્યો?'

'એ નાલાયક છે.' ઉમરાવોએ ઉત્તર દીધો.

'સાત જ દિનોમાં એની નાલાયકીને તમે માપી લીધી?'

'ના હઝરત, એક જ દિવસમાં, એક જ સખૂનમાં.'

'શું થયું?'

'એ નવા સુલતાન દાઉદખાને તો હજુ અમે એને તખ્ત પર બેસાર્યો પણ નહોતો ત્યારથી ગુજરાતના ઇમાદુલ્મુલકની (ન્યાયના વડાની) જગ્યા એક પોતાના માનીતા ફરાશને માટે નક્કી કરી તેને છૂપું વચન પણ દઈ દીધું. ગાદી મળી નથી ત્યાં જ જે માણસ આટલી બડાઈ કરે છે, તે ગાદી મળ્યા બાદ હવે શું શું ન કરે? પણ શું કરીએ? અમને આ વાતની જાણ એની તખ્ત-નશીની પછી થઈ.'

'ને બીજું ?'

'એ તો વળી વિશેષ ગઝબનાક વાત છે. ગાદીએ બેસીને પહેલો જ હુકમ એણે આ કર્યો છે હઝરત ! કે કબૂતરોના દાણામાં ને દીવા-બત્તીના તેલમાં ખરચનો ઘટાડો કરવો.'

શાહઆલમ હસ્યા ને બોલ્યા, 'એ તો કરકસરીઓ સુલતાન કહેવાય. તમને એ કેમ નાપસંદ બન્યું ?'

'નહિ હઝરત ! એવો કંજૂસ, એવો સાંકડા દિલનો માણસ ગૂજરાતની રિયાસત ચલાવવાને નાલાયક ઠરે છે. એનું અમારે કામ નથી. ગૂજરાતને તો જોઈએ દિલાવર રાજવી.'

'તો કોનું, મારું કામ છે ?'

'નહિ, આપના રક્ષિત બાલક ફતેહખાનનું.'

'એ તો બચ્ચું કહેવાય.'

'બચ્ચું પણ શેરનું ! તેમ આપના હાથની તાલીમ પામેલ છે. તેનું તાલકું તેજ કરે છે. એની વિભૂતિ ખુલ્લી દેખાય છે. ને એ તખ્તનો હક્કદાર પણ છે.'

'તો પૂછો એની માને. મારો શો હક્ક ?'

અમીરો ને વઝીરો જ્યારે બીબી મુઘલી પાસે ગયા, ત્યારે એ ઓરતનો શ્વાસ ઊંચે ચડી ગયો. એને જ્યારે ફોડ (સ્ફોટ) પાડવામાં આવ્યો, ત્યારે પણ એણે હાથ જોડયા: 'મારા દીકરાને માટે સુલતાની-અત ન જોઈએ. એને કોઈ ઝેર દેશે, એને કોઈ મારી નાખશે.'

'એ મહાપ્રતાપી પાદશાહ થશે. બી અમ્મા ! ન ડરો.'

શાહઆલમે જ આખરે ખાત્રી આપી. ને તે પછી તુર્ત જ જ્યારે ઘોડેસ્વારોનું મંડળ અમદાવાદ તરફ ચાલ્યું, ત્યારે વચલા ઘોડાના ઘોડેસ્વાર સામે હાથ લાંબા કરીને રસુલાબાદની ગલીના છોકરાઓ દોડતા દોડતા તાળીઓ પાડતા પોકારતા હતા કે 'એઇ ફતેખાન ! એ ફતીઆ ! ઘોડે ચડી ક્યાં ચાલ્યો ? તારે માથે કાલનો દા છે હજુ ગિલ્લી દંડાનો. દા દઈને પછી જા.'

થોડી જ વારે ભદ્રના રાજદરબારમાં તેર વર્ષ, બે માસ અને ત્રણ દિવસની ઉમ્મરવાળો બાળ ફતેહખાન સુલતાન જાહેર થયો. એનું નામ પડ્યું મહમૂદ.

એ જ મહમદ બીઘરો : મહમદ બેગડો : મહમદ બેગડો.*

---

* 'બેગડો'નો અર્થ બે ગઢ–કિલ્લા (ચાંપાનેર અને જૂનાગઢ) જીતી લેનાર એવો થાય છે પણ એ ખોટું છે. મૂળ શબ્દ 'બીઘરો' (સોરઠી બાષામાં જેમ 'વેગડો') : એટલે કે સીધાં લાંબાં શીંગવાળો બળદ. મહમદશા લાંબી, ધીંગી ને સીધી મૂછો રાખતો તેથી તેને 'બીઘરા' બળદનું બિરૂદ અપાયેલ હતું.

# પ્રકરણ એકવીસમું

## કસૂંબાનો કેફ

રા' મંડળિકને નવું લગ્ન કર્યાં થોડાં વર્ષો વીતી ગયાં છે. નિત્યકર્મમાં અચૂક નિયમ રાખનાર રા' ની રસમો બદલી ગઈ છે. રા' સવારે મોડા ઊઠે છે. થાકેલા ને ઉત્સાહ વગરના દેખાય છે. નાની નાની વાતોમાં એ ચ્હીડાય છે યે ખરા. ઉત્તર હિંદમાંથી પ્રભાતમાં વ્હેલું આવી પહોંચતું ગંગાજળ એકાદ પ્રહર પડયું પણ રહે છે.

એક પ્રભાતે કુંતાદેએ, વગર પૂછાવ્યે, પોતાનાં પાળેલાં, ભીલભાઈએ આપેલાં સિંહનાં બે બચ્ચાંને સાથે લઈ રા' ના સૂવાના સ્થાન પર આવીને પૂછયું : 'છોકરીઓ, ઊઠયા છે રાજ ?'

'અરધાપરધા ઊઠયા છે. વરધી દઈએ ?' છોકરીઓ સાવઝોથી ડરતી ડરતી બોલી.

'વરધી વળી શું દેવી છે !'

એમ કહેતી સડેડાટ કુંતાદે બંને સિંહોને રસીથી દોરતી રા'ના ઓરડે પહોંચી. કુંતાદેથી રા'એ હજુ ડરવાનું છોડયું નહોતું; ભલે એણે કુંતાદેનું શયનગૃહ છોડયું હતું, કુંતાદેના હાથનું ભોજન છોડયું હતું. કુંતાદેની નજરે ટટ્ટાર અને સ્વસ્થ દેખાવા એણે પ્રયત્ન કર્યો પણ કુંતાદે વરતી ગયાં. એણે કહ્યું—

'ગંગોદક આપીને એકેકેક પહોર સુધી પડયું રહે છે.'

'હમણાં ન્હાઇ લઉં છું.' બગાસું રોકવા રા' મથ્યા.

'હમણાં એટલે કયારે ?'

'કસૂંબો પી લઉં.' રા' આળસ મરડતા મરડતા અટકી ગયા.

'લ્યો હું કસૂંબો પાઇ લઉં.'

'એમાં કાંઇ નહિ વળે.'

'કેમ કાંઇ નહિ વળે ?'

'નાગાજણ ગઢવી આવીને હમણાં પાશે.'

'અમુક માણસ પાય ત્યારે જ કસૂંબો ઊગે–એવા કેદી કેમ બન્યા છો ?'

'મઝા આવે છે.' રા'ના મોંમાં એ બોલતાં બગાસાં ઉપર બગાસાં આવતાં હતાં.

'આ મઝામાં સારાવાટ નથી.' કુંતાદે હસવું છોડીને જરા કરડું વેણ બોલ્યાં.

'દેવી !'

'ના, દેવી ન કહો, જે એક વાર કહેતા તેનું તે જ તોછડું નામ દઇ બોલાવો.' કુંતાદે ઝંખતી હતી 'દેવડી' શબ્દનું સંબોધન સાંભળવા.

'હવે જીભ ઉપડે કાંઇ ?'

'કેમ, હું બહુ વૃદ્ધ બની ગઇ છું ?'

'ના, વડીલ છો.'

'મારા રા' ! આ છેતરપીંડી ને આ રમત છોડી દિયો.'

'છેતરપીંડી કેમ?'

'રાતે રામાયણ સાંભળવા ને મને રોજે રોજની વાતો કહેવા બેસતા એ પણ હવે છોડી દીધું. ને પૂછું છું ત્યારે કહો છો કે દેવી તમને કષ્ટ નથી દેવા માગતો. ભલે મને છોડી દીધી, પણ હવે શું ગંગોદકને ય છોડવું છે? ગંગાજળિયાની છાપ મળી ગઇ એટલું જ બસ છે શું રા'? એ ગંગાજળનાં પાણીને હું રોતી નથી. પણ એ પાણીને ટીપે ટીપે તમારી રોમરાઇમાં પવિત્રતાની ને સંસ્કારની ખુમારી રહેતી, તે ગઇ છે એટલે રોઉં છું. ગંગાજળને તમે અફીણની પ્યાલીમાં રેડી દીધું છે.'

'કોના ઘોડાની હણહણાટી થઇ?' રા' સ્હેજ સ્ફૂર્તિમાં આવ્યા. 'નાગાજણ ગઢવી આવી પહોંચ્યા ને?'

'નથી શોભતું રા'! આમ ભાન ભૂલવું નથી શોભતું.'

આળસ મરડી રહેલા રા'ને શરીરમાં તોડ થતી હતી. સૂઇ જવું હતું. કુંતાદેનું રોકાવું એને કડવું ઝેર લાગતું હતું.

'હવે મૂંઝાવા જેવું નથી હો દેવી!' રા'એ આગલી રાતે ગૂજરાતમાંથી આવેલા સમાચાર કહ્યા: 'ગૂજરાતના તખત પર તો એક તેર વરસના તિતાલી ભિખારી છોકરાને બેસારી દીધો છે. અને ત્યાં તો પાછા ફરીવાર બખેડા ઉપડયા છે. એઇ ને આપણે તો લેર છે.'

'રાતે નશામાં બોલતા હશો તે ઠીક છે, પણ અત્યારેય ગાંડપણમાં બોલો છો? શું હું તમને ગૂજરાતના સુલતાનથી ડરાવી રહી છું?'

'ના, આ તો તમને તમારા દૂધ ચોખાની ચિંતા હોય તો...'

'ઘણું થયું ગંગાજળિયા! ગૂજરાતનો સુલતાન આંહી ઊતરશે તે દિ' હું દૂધ ચોખાને સાચવવા નહિ બેસું રા'! તે દિ' તો મારા કોડ

તમારા બખ્તરની કડીઓ બીડવાના હશે, તમને હાથમાં સમશેર આપવાના હશે.'

'ના રે, એવું કાંઇ કરવાની જરૂર નહિ રહે. એ તો ગુજરાતમાં હાલી પડી છે માંહોમાંહ મારામારી ને કાપાકાપી. અને નાગાજણ ગઢવી તો કહે છે ને–છાતી ઠોકીને કહે છે–કે આ ધનઘોર ઝાડીએ વીંટયો આપણો ઉપરકોટ, અને બીજો આપણા ગરવાદેવ માથેનો ઉપર–કોટ, ત્યાં સુલતાનનો બાપ પણ પોગે તેમ નથી. મારે બીજી શી ફિકર છે?'

એટલામાં તો સાચેસાચ ઘોડાનો જાણીતો હહણાટ થયો. નાગાજણ ગઢવી આવી પહોંચ્યો. રા'એ કહ્યું, 'દેવી! આ સાવઝથી નાગાજણ ભાઇ ડરશે હો! અંદર પધારશો?'

સામે બારણે નીસરણી ઉપર નાગાજણ ચડતો આવતો હતો. પાછલે બારણેથી કુંતાદે બહાર ચાલી નીકળ્યાં.

કસૂંબાની પ્યાલીઓ તૈયાર હતી. નાગાજણે રા'ને પાતાં પાતાં ખબર આપ્યા કે 'વીજા વાજાએ ગુપ્ત પ્રયાગમાં જઇ બ્રાહ્મણોને કાપી નાખ્યા. સવાશેર જનોઇના ત્રાગડા ઉતર્યા.'

'એ...મ! ઓહો! ત્યારે તો......' બાકીનો આનંદ રા'ની જીભે નહિ પણ મુખ પરની રેખાઓએ પ્રદર્શિત કર્યો.

'અને બીજું અન્નદાતા!' નાગાજણે વિશેષ ખબર આપ્યા. 'વીકાજી કાકાએ બહારવટે નીકળવાની તૈયારી કરી છે.'

વીકાજી સરવૈયા રા'ના ભાયાત થતા હતા.

'બાપડો વીકોજી કાકો!' રા'એ કસૂંબાના ચડતા તોરમાં કહ્યું: 'એની સરવા ગામની ચોવીશી મારે ઝૂંટવી લેવી પડી છે, કેમકે

એને ય લૂંટફાટ કરવી છે. એને ખબર નથી કે દુદાજીને રોળી નાખ-નાર રા'ની ભુજાઓ હજી તો લાંબી છે.'

એમ કહેતે કહેતે રા'એ ભુજાઓ લાંબી કરી. પણ એ ભુજાઓ હવે ભરાવદાર નહોતી રહી. એ હાથ ધ્રૂજતા હતા. 'એ તો ભલે બહારવટું કરે. પણ હેં નાગાજણ ભાઇ! તમે કાલે જે વાત કરી, કે અપ્સરાઓ મૃત્યુલોકમાં પણ હોય છે, તો તેની એંધાણી શી?'

'એક એંધાણી તો એ બાપ, કે અપ્સરાના હાથપગના નખ ઉતારીને જો તમે તડકામાં રાખોને, તો એ ઘી ઓગળે તેમ ઓગળી જાય.'

'ઓગળી જાય? પાણી થઇ જાય?'

'હા અન્નદાતા.'

'એવાં સુકોમળ રૂપ મરતલોકમાં પડયાં છે હેં! ખરું કહો છો?'

'હા બાપ! પૃથ્વી કયાં વાંઝણી છે?'

'આહાહા! એવી અપ્સરા કોઇ દીઠામાં કે સાંભળવામાં ન આવી.' રા'એ અફસોસ બતાવ્યો.

'પણ હું કહું છું તેમાં અંદેશો ન રાખજો અન્નદાતા! અપ-સરાઉં મરતલોકમાં પડી છે.'

'વાહ! ધન્ય ભાગ્ય છે એનું, જેને ઘેર અપસરાઓ હશે.'

નાગાજણ ચૂપ રહ્યો. છતાં એના મોં ઉપર એક છૂપી ગર્વની લાગણી હતી.

'તમને ખબર છે ખરી?' રા' રાંકડો બની પૂછતો હતો.

'હવે એ વાત જવા દઇએં બાપા ! જેટલી ખબર હોય છે એટલી બધી કાંઇ કહી નથી શકાતી. ને કેટલીક વાતોનું તો અજ્ઞાન પણ ભલું છે.' નાગાજણે કાંઇક છુપાવી દીધું.

'તમે ય નાગાજણ ભાઇ ! મારાથી ચોરી રાખશો ?'

'ચોરી નહિ રા' ! બધું જ્ઞાન બતાવવું ઠીક ન કહેવાય. હું પગે હાથ મૂકીને કહું છું કે વાતને જાતી કરો.'

'ના, મારે કાંઇ બીજું કામ નથી. પણ સંસારમાં જેટલું જ્ઞાન છે, તેટલું મેળવવાની મને ભૂખ છે. તમારી પાસેથી મને તો જ્ઞાનના ખજાના મળ્યા છે.'

વાતો ચાલતી હતી તેની સાથોસાથ નાગાજણ પોતાની અંજલિઓ પછી અંજલિઓ કસૂંબાથી ભરતો જતો હતો. રા' અંજલિઓ પીધે જતો હતો અને નાગાજણ રંગ દેતો દેતો બોલતો હતો.

'બિલ્લી જો પીવે તો બાઘહીંકું માર દેવે
'ગદ્ધા જો પીવે તો મારે ગજરાજકું.'

'આહોહો !' રા' રંગમાં આવ્યા હતા : 'સંસારમાં જાણે આ પીધા પછી દુઃખ કે વેદનાનો છાંટો નથી રહેતો. ફિકર બધી ઓગળીને આ અંજલિમાં ડૂબી જાય છે. મેંણાં ને ટોંણાં, અપમાનની ઝડીઓ અને ઠપકા,......એ તમામનો બોજ શે સહ્યો જાત, જો નાગાજણ ભાઇ તમે ન હોત તો !'

રા'ની આંખો ઘેઘૂર છતાં એના અવાજમાં દર્દ હતું. નાગાજણે પૂછ્યું 'બાપ, કેમ આજ આમ બોલી રહ્યા છો ?'

'કાંઈ ગમતું નથી. કુંતાદે ઠપકો દઈ ગયાં, પણ મને બીજું કાંઈ સૂઝતું નથી. તમારો શો વાંક ? મને જ કોઇક અદૃશ્ય હાથ

ખેંચી રહ્યો છે. અશ્વોના હણહણાટ, નગારે ધ્રોંસા, સમશેરની સબાસબી, બખ્તરની કડીઓના ઝંકાર, પ્રભાતની લશ્કરી કવાયતો, આ ડુંગરમાળ ઉપર ગેડીદડા જેવી ગાજતી ઘોડાંની દોટમદોટ...એ બધું મને હવે ખારૂં ખારૂં લાગે છે. ડૂબી જ રહું જાણે, તમારી આ એક અંજલિમાં ડૂબીને પડયો રહું, એક જુગ જેવડી રાત લંબાય, સમુદ્રના તળિયા સુધી નીંદરનાં ઊંડાણ ખોદાય, ને વાર્તાઓ સૂણું ફક્ત એક અપ્સરાઓની........'

રા' બોલતા હતા તે વાણીમાં શરાબની લવારી નહોતી. અફીણના મદનો એક પછી એક ચોખ્ખો બોલ હતો. બોલ સાંભળી સાંભળી નાગાજણ બ્હીતો બ્હીતો રાજી થતો હતો.

રા'ના હૃદયમાં કાંઈક શૂળ છે, કોઈ બારીક કાંટો કલેજાને ત્રોફી રહ્યો છે. રા' કાંઈક ન ભૂલી શકાય તેવું ભૂલવા મથે છે. રા'નો જીવ કોઈક ગિરિ–ટોચેથી ઊતરીને થાકયો પાકયો એકાએક અતલ ખીણમાં લસરવા ચાહે છે. ઊંચાણો ઉપર ઊભેલા રા'ને જાણે તમ્મર આવે છે.

'અન્નદાતા ! મારા હાડચામડીના ખાણુ ! તમને શું મૂંઝારો છે?'

'નાગાજણભાઈ !' રા'નો સાદ સાવ ધીરો બન્યો. 'કોઈને કહેતા નહિ હો ! કહું ? કહું ? સાંભળો. એ હમીરજી ગોહિલનો બેટો કયાં છે ? આંહી નથી ને ? આંહી હવે આવતો નથી ને ? તમે તપાસ કરાવજો હો ! એની પાસે એક ચંદન ઘો છે.'

'અરે પણ શું છે ? ડરો છો કેમ રા' ? દાંત કેમ કચકચાવો છો ?'

'એ ચંદન ઘોને ભીલનો છોકરો કયાં ચડાવે છે જાણો છો ? હું જાણું છું. બીજું કોઈ નથી જાણતું. ઊપરકોટની પાછલી રાંગે, આ પાતાળી ખોપનાં ઝાડવાં ટપતો ટપતો એ કાળી રાતે આવે છે. એ

રાંગની હેઠ ઊભો રહે છે. ચંદન ઘોને રાંગની ટોચે ચડાવે છે. ને પછી પોતે એ રસી પકડીને ચડે છે, ચડે છે, ચડે છે, ને–ને આવે છે –ક્યાં, કહું ? ના નહિ કહું. કોઈ ને કહેવા જેવી વાત નથી. કુંતાદે જો જાણે તો મને મારી નાખે, મને ઝેર આપે. માટે તો હું એને મહેલે થાળી જમતો નથી.'

'અરે પણ આ શું છે? મારી એકની આગળ તો હૈયું ઠાલવો ! ભાર ઓછો થશે.'

'એ ચડીને આવે છે કુંતાદેના ગોખમાં. ને–ને એ જુવાન ભીલડો કુંતાદે સાથે વાતો કરે છે.'. રા'ના સ્વરમાં રૂદન હતું.

નાગાજણના મોંમાં શબ્દ નહોતો.

ચૂપકીદી ઠીક ઠીક સમય ચાલુ રહી. નાગાજણે રા'ને ચાર વધુ અંજલિ કસૂંબો લેવરાવ્યો. રા' ગુલતાનમાં આવી ગયા ને બોલ્યા, 'કૂવામાં પડે બીજી બધી વાતો. નાગાજણભાઇ, અપ્સરાઓની વાતો કરો. તરેહ તરેહની અપ્સરાઓ વર્ણવો. તમામ વાતોમાં મીઠામાં મીઠી તો બસ, અપ્સરાઓની જ વાતો છે. અપ્સરાની ને રાજકુંવરની વાતો.'

# પ્રકરણ બાવીસમું

## નરસૈયો

હાથમાં નાની એક તપેલી લઈને જૂનાગઢની પંચહાટડીમાં એક માણસ ચાલ્યો આવતો હતો. ભાદરવા મહિનાનાં વાદળાં આકાશમાં મોટાં વહાણો જેવાં ચાલ્યાં જતાં હતાં, ને ખોરડે ખોરડાના છાપરા પર કાગડાનાં ઝૂંડેઝૂંડની કાગારોળ મચી હતી. આંગણામાં અને અગાશી ઉપર ઊભા ઊભા ઘરઘરના લોકો 'કાગ! કાગ! કાગ!' એવા પુકાર કરતા કરતા ખીર અને પોળીની કાગવાશ નાખતા હતા.

તપેલી લઈને ચાલ્યો જતો માણસ ખૂબ શરમાતો હતો. એ ઊંચું જોઈ શકતો નહોતો. એને ક્યાં જવું છે તેની જાણે એને ખબર નહોતી પડતી. એના માથા પર વેરાગીઓ પહેરે છે તેવી કાનટોપી હતી. ટૂંકું ધોતિયું હતું. કંઠે તુળસીની માળા હતી. એક બંડી પહેરેલી. એ ચાલીસેક વર્ષનો છતાં પચીસથી વધુ લાગતો નહોતો. એના હોઠ કશુંક ગાવા તલખતા તલખતા જોરાવરીથી ચૂપ રહેતા હોય તેવા જણાતા હતા.

પંચહાટડીના દુકાનદારો સામસામા આંખમીચકારા મારી વિનોદ કરતા હતા:

'નીકળ્યા છે! ભક્તરાજ ઘી લેવા નીકળ્યા લાગે છે.'

'તે બોલાવોને !'

'તે તમારી હાટડીમાં ક્યાં ઘી નથી ?'

'પણ ભક્તરાજને લાયક નથી.'

'કાં ?'

'સેકડા પૈસા થોડા મળે તેમ છે ભક્તરાજની પાસે ? એ તો કહેશે કે લ્યો બાપલા, એ કીર્તન ગાઇ દઉં.'

'તો તો જૂનાગઢમાં કોરીને બદલે વ્હેલું મોડું કીર્તનોનું ચલણ થવાનું, ખરું ?'

'થાય–જો ભક્તરાજનો પંથ જોર પકડે તો કેમ ન થાય ?'

'મહારાણી કુંતાદેનું ચાલત તો ચોક્કસ એમ જ કરત. પણ રા'ની લગની ભક્તરાજ પ્રત્યે હવે ઘટી લાગે છે.'

'પણ આજ ભક્તરાજને ઘીનો શોખ ક્યાંથી થયો ?'

'બાપનું શ્રાદ્ધ સારવું હશે.'

'આજ–રહી રહીને ?'

'કાં, એના મોટા ભાઈએ ઘરમાંથી કાઢયો ખરો ને, એટલે હવે જુદું કરવું પડે.'

ઘીના વેપારીઓનો વિનોદ જેના કાનનાં કાણાં સુધી પણ પહોંચતો નહોતો, તે તપેલી વાળો પુરુષ એક છેવાડી, સાવ નાની હાટડી પાસે થંભ્યો ને ઓશિયાળાની માફક ઊભો રહ્યો. રડયું ખડયું ઘરાક જ્યારે એ હાટડીએથી દૂર થઈ ગયું ત્યારે પોતે હાટડીના પાટિયા પાસે ગયો.

વેપારી પણ નાનો હતો. એણે આદર આપ્યો : 'રાધેકૃષ્ણ નરસૈયાજી !'

'રાધેકૃષ્ણ.' એ સામા જવાબમાં તાજા ફૂલની સૌરભ હતી ને ગીતનો ઝંકાર હતો. એવી મીઠાશ કોઇક કોઇક, બહુ જુક્તિભેર સાચવેલાં ગળામાંથી જ મળે છે.

'કેમ કોઇ દિવસ નહિ ને આજે ઘી લેવા નીકળવું પડ્યું ?' પૂછનાર વેપારીને ખબર હતી કે આ ઘરાકના ઘરનો રોટલો ભાગ્યે જ કદી ઘીએ ચોપડાતો હતો.

'પિતાજીનું શ્રાદ્ધ છે.' ભક્ત નિર્મળ હાસ્ય હસતા પાટિયા પર બેઠા.

'તે તો મોટાભાઇ કરે છે ને ? એમણે તો ન્યાતમાં જમવાનાં નોતરાં પણ દીધાં છે.'

'હા, મને ખબર છે. હું પૂછવા ગએલો. એમણે તો કહી દીધું કે અમે અમારે ફાવે તેમ કરી લેશું. તારે કરવું હોય તો કરજે.'

'ત્યારે ? શું તમને નોતરું નથી ?'

'નથી. ઉપરાંત મને તો આ બધી કડાકૂટ ક્યાં ફાવે છે ? પણ કુંવરબાઇનાં મા માનતાં નથી. એના પિતાની વાત તો દૂર રહી, આ તો મારા પિતાનું શ્રાદ્ધ કરવાની હઠ લઇને જ બેઠાં છે. પરાણે તપેલી પકડાવીને ધકેલ્યો છે. આવવું જ જોવે ને. શામળની માતામાં પણ મારો દામોદરરાય જ વસેલો છે ને !'

'શામળશા જીવ્યો હોત તો તમારે આ ખટાપટી ન કરવી પડત.'

'એ તો બડાલાજીની–દામોદરરાયજીની ઇચ્છાની વાત છે.' એમ કહીને આ ચાલીસેક વર્ષના ભક્ત–જેનું નામ નરસૈ મહેતો હતું–તેણે એવું ને એવું નિર્મળ હાસ્ય કર્યું.

'તમે પણ ભક્તજી, ભારી કઠણ છો.'

'કઠણ રાખવા વાળો તો મારો વ્હાલોજી છે. હું તો કાંઇ નથી. લ્યો ભાઇ, લાવો, હજુ ઘેર જઇશ ત્યારે એ રસોઇ માંડશે. ને નોતરાં ય હજુ હવે દેવા જવું છે.'

'કેટલાનું આપું ?'

'આનું જેટલું આવી શકે તેટલું.' એમ કહેતે કહેતે એ અર્ધનિદ્રિત જેવા જણાતા નરસૈયાએ પોતાના દુપટ્ટાના છેડાની કોરેથી ચીંથરી છોડીને એક ચીજ દુકાનદારના હાથમાં મૂકી.

'આ શું ? આ તો સોનાની વાળી છે.'

'એ જે હોય તે. મને તો કુંવરબાઇની બાએ આપી છે.'

'ઘરમાં બીજું કાંઇ રોકડ નથી ?'

'મને કશી ખબર નથી.'

'ભક્તજી, આ તો તમારાં વહુના કાનની વાળી છે.'

'એ જે હોય તે. વારંવાર જ્યારે જ્યારે કાંઇ ખરીદી લાવવું હોય ત્યારે એ પોતાના શરીર પરથી ઉતારી ઉતારીને કંઇક નાનું કે મોટું ઘરેણું મને આપે છે. હવે કાંઇ બાકી રહ્યું જણાતું નથી. એટલે મારે પણ કાયમની કડાકૂટ મટી જશે.' બોલતો બોલતો ભક્ત નરસૈયો મોં પર મોટી રાહત ને મોકળાશ અનુભવી રહ્યો.

નરસૈયાને માટે જે સહેલ હતું તે હાટડીદારને માટે મુશ્કેલ બન્યું. એણે એ એક વાળી ઉપરથી નરસૈયાના ઘરની કલ્પના કરી. એ સ્ત્રીના શરીર પર હવે વાલની વાળી પણ નહિ રહી હોય.

'ભક્તજી આ લો.' એણે નરસૈયાને એ વાળી પાછી આપીને કહ્યું, 'તમારે જોઇએ છે તે ઘી હું જોખી આપું છું. એની કિંમતમાં વાળી નહિ રાખું.'

'ત્યારે? મફત તો હું કેમ લઇ જાઉં?'

'મફત નહિ. ભક્તજી, પ્રભુનાં બે એક પદ મને સંભળાવો. ઘીની એટલી કિંમત પૂરતી છે.'

'સાચું કહો છો?' નરસૈયાને મશ્કરી લાગી. 'મારા વાલાજીનાં પદ સંભળાવ્યે ઘી મળશે?'

પોતાની પત્નીના અંગ પરની છેલ્લી વાળી આપતાં જે નરસૈયો હસતો હતો તેણે પોતાના વ્હાલાજીનાં કીર્તનની આટલી કિંમત થતી જોઇને અંતરમાં રૂદન અનુભવ્યું. એણે પોતાની કરતાલો બહાર કાઢી. ને એના કંઠમાં તલપાપડ થઇ રહેલા કેદારના સૂર કેદીઓ છૂટે તેટલા હર્ષથી બહાર નીકળ્યા. એક વાર શરૂ કર્યા પછી એ તો ગાનમાં ડૂબી ગયો. પ્રભાતનો પહોર હતો. પ્રભાતીના કેદાર–સૂરોએ એ નાની હાટડી પર હવાને બાંધી દીધી. કેદારના સૂર આસપાસનાં આંગણે આંગણે પહોંચી ગયા. કેદારના સૂર નજીકના નાગરવાડાને અસ્વસ્થ બનાવવા લાગ્યા. કેદારના સૂરે પૃથ્વી અને ગગનના પડદાને ટાંકા દઇ તૂણી લીધાં.

પછી તો હાટડીદારે વારંવાર કહ્યું, 'હાંઉ ભક્તજી, મારાં નાણાં વસૂલ થઇ ગયાં.' પણ નરસૈયાનો કંઠ વધુ વધુ ઊઘડવા લાગ્યો. વાણી સૂરની પાછળ પાછળ ચાલી આવી, ને સૂરો વાણીને પગલે પગલે લીલી કેડી ઉગાડતા ગયા. શ્રાદ્ધ શ્રાદ્ધને ઠેકાણે રહ્યું. ને લોકોની ત્યાં ઠઠ જામી.

'અરે ભક્તજી !' પ્રભુનાં પદોમાં ભાન ગુમાવી બેઠેલ ભાવિક હાટડીદારે, પછી તો બપોર થઇ ગયા ત્યારે યાદ આવતાં નરસૈયાને કહ્યું, 'અરે મહેતાજી, તમારૂં શ્રાદ્ધ તો ઠર્યું રહ્યું !'

'એક ગાઇ લઉં ને પછી જાઉં. એક તો ગાવું જ જોવે ને! તમે મને ઘી આપ્યું, ને કુંવરબાઇની માની વાળી બચાવી, તો હું વધુ એક કેમ ન ગાઉં ?'

લાખ માનવીઓમાં એકે પણ પોતાના વ્હાલાજીનાં ગુણ-કીર્તનની જે કદર કરી, તેના આભારભીના આનંદ-રસે ખેંચાતો નરસૈયો હરિનાં ગાન ન થંભાવી શક્યો.

એને કંઠે શોષ પડ્યો હતો. એની આંખો ક્યારની બીડાઇ ગઇ હતી. એવામાં લોકોના વૃંદમાં પોતાનો માર્ગ કરતી એક સ્ત્રી દાખલ થઇ, ને તેણે ગાયકના સુકાતા હોઠે પાણીની ટબૂડી ધરી, આંખો ખોલ્યા વગર જ નરસૈયાએ જળપાન કર્યું ને એનો ઉદ્રેક વિરમી ગયો. આંખો ખોલતે ખોલતે એણે કહ્યું 'મામી-રતન મામી! તમે અત્યારે ય પહોંચી ગયાં ?'

'ભાઇ !' રતન મામી નામે સંબોધાએલ એ સ્ત્રીએ જવાબ વાળ્યો: 'તમે આંહી ક્યારે, હમણાં આવ્યા ?'

'અરે ના ના,' નરસૈ મહેતાને યાદ આવ્યું: 'કેટલો દા'ડો થઇ ગયો ! હજુ તો ઘેર ઘી પહોંચાડવું છે. કુંવરબાઇની બા બાપડી વાટ જોતી હશે. રાંધશે ક્યારે ! નોતરાં ક્યારે દેવા જઇશ ! શ્રાદ્ધની વેળા વીતી ગઇ કે શું ?' એને સમયની સાન નહોતી.

ગાન સાંભળતા ટોળામાં પાંચ પંદર મુગટાધારી નાગર બ્રાહ્મણો હાથમાં થાળી વાટકા ને સુંદર લોટા લઇને ઊભેલા હતા.

તેમણે કહ્યું 'મહેતાજી, શ્રાદ્ધ તો અમે સૌ તમારે ઘેર જમીને આવીએ છીએ.'

'મશ્કરી શીદ કરો છો મારા ભાઇલાઓ! મારે ઘેર તો હજુ મેં ઘી ય પહોંચાડયું નથી.'

રતનબાઇએ ખુલાસો કર્યો: 'ભાઇ, ઘેરે ચાલો. સર્વ બાબત પતી ગઇ છે. સૌ રંગેજંગે શ્રાદ્ધ જમી ગયાં છે.'

'પણ ક્યાંથી?'

'તમારું નામ દઇને એક સંત-સેવક સીધું સામાન ને થાળીઓ લોટા પણ આપી ગયા-કહે કે મહેતાજીએ મોકલાવેલ છે. એ થાળી લોટા આપણે જમવા આવનારાઓને જ અર્પણ કરી વાળેલ છે.'

'એમ થયું? ઉકલી ગયું? ઠીક મામી, મને તો કાંઇ ખબર નથી! પણ મારા વાલાજી વગર તો બીજું કોણ ઉકેલી જાય?'

ભક્ત નરસૈયો ઊઠીને ચાલવા લાગ્યો. 'ભક્તજી, આ ઘી લેતા જાવ.' હાટડીદારે બૂમ માડી.

'હવે શો ખપ છે ઘીનો? મને તો મારાં કીર્તનો બદલ તમે પરબારું ઘેરે જ ઘણું બધું પહોંચાડી દીધુંને વાલાજી! વાહ મારા વાલાજી દામોદરરાય વાહ! કીર્તનોને ય નાણાં રૂપે સ્વીકાર્યાં વાહ!' એમ બોલતે બોલતે એણે તો હાટડીવાળાના જ પગમાં મસ્તક ઝુકાવી ઝુકાવી વંદનો કર્યાં ને પોતે પીતળની ખાલી તપેલી બગલમાં મારી ચાલતો થયો.

ખીરપોળીનું ફક્કડતું ભોજન, અને તે ઉપરાંત અકેકક પીળો મુગટો, અકેકક થાળી, વાડકો ને લોટો-એટલાં એટલાં વાનાં મેળવીને નરસૈયાને ઘેરથી પાછા વળેલા શુકલજીઓએ ઘેર જતે જતે શંકાઓની ચર્ચા કરવા માંડી: "આ નટખટ ભગતડો બધું કાઢે છે ક્યાંથી? એનો

'વાલોજી' તે એવો કોણ રોજ નવરો બેઠો છે? માળે નાગરડે ચલાવી છે પણ ભારી ચાલાકી: મંતર તંતર જાણતો લાગે છે; કે પછી પ્રેતની સાધના કરતો હોય.'

'મહારાણી કુંતાદે એને બધું પહોંચતું કરે છે એ ખોટું?'

'મને તો લાગે છે કે શૈવ ધર્મનો નાશ કરવા માટે અમદાવાદના સુલતાનોએ જ આ શઠને ઊભો કરેલ છે. તેની જ આ બધી ગોઠવણ છે.'

'આ બધી વસ્તુઓ માયાવી તો નહિ હોય ને! જોઇએ બે પાંચ દિવસમાં અદૃશ્ય થઇ જાય છે કે કેમ?'

'બાકી એનાં મામીનો પ્રતાપ પણ ક્યાં ઓછો છે?'

"મામી–રતન મામી—અહહ! શંભો! આવી રતન મામી તો સૌને અકેકેક હોજો.'

'આ બધું બોલવાની હિંમત આપણને પાછળથી જ આવે છે. એ ગાતો હોય ત્યારે એની સન્મુખમાં તો આપણી અક્કલને ઊંઘ જ આવી જાય છે.'

'વશીકરણની મેલી વિદ્યા વગર એમ ન જ બને તો.'

'વાહ શંભો! વાહ! વાહ રે રતન મામી વાહ! અરે આપણને પાણી પાનારી અકેકેક રતન મામી મળે તો આપણે ય આખી રાત કાં ન આરડયા કરીએ!'

# પ્રકરણ ત્રેવીસમું

## ચકડોળ ઉપર

નાગર જુવાન નરસૈયાને વિષે રા'ની પહેલી ધારણા હવે જૂની બની હતી. નરસૈયો ક્યાં રહે છે, શું કરે છે, એ ધ્યાન વચગાળાનાં વર્ષોમાં રા' માંડળિકને રહ્યું નહોતું. વચગાળો રા'ના માટે આપદા ને ચિંતાઓથી ભરેલો હતો. ને હવે તો રા'નું હૃદય વધુ વધુ ડોળાણોમાં ને વમળોમાં ઘૂમરીએ ચડયું હતું.

કોઇ કોઇ વાર આગળની રાત્રિઓ નરસૈયા વિષેની વાતોથી રસભરી બનતી હતી. કુંતાદેને મોંયેથી સાંભળવા મળતું. રાસમંડળ જમાવીને વચ્ચે મશાલ ધરી ઊભો ઊભો નરસૈયો જે રાત્રિયે સ્ત્રીઓ અને પુરુષોનાં સૈયારાં વૃંદને ગવરાવી રહ્યો હતો કે

'આશાભર્યાં અમે આવિયાં રે
'મારે વાલે રમાડયાં રાસ રે
'આવેલ આશા ભર્યાં રે

તે રાત્રિએ મહેતાજીના ચોરામાં પોતે વેશપાલટો કરીને હાજર હતી. તે રાત્રે રાસ ચગ્યો હતો. સમયનું ભાન ભૂલાયું હતું. ભક્ત નરસૈયાના હાથની મશાલ આખી સળગી રહી હતી. તે પછી એનો હાથ સળ-

ગતી મશાલ બન્યો હતો. અગ્નિ–ઝાળ નરસૈયાની કોણી સુધી પહોંચી ગઇ હતી.

એવામાં તાજેતર વીશળ કામદારે રા' પાસે આવી એક વધુ ચમત્કારી વાત કરી હતી કે કોઇક પરદેશી જાત્રાળુઓ દ્વારકા જતા હતા. તેમની પાસે રોકડ ખરચી હતી. પણ વાઘેરો લૂંટશે એવી બ્હીકે તેમણે આ શહેરમાં હૂંડી ખરીદવા નક્કી કર્યું. હૂંડીનો ખરીદદાર કોઇ ન જડયો. કોઇક ટીખળીએ આ પરદેશીઓને વિભ્રમમાં નાખ્યા કે નરસૈ મહેતા અમારા શહેરના માતબર શરાફ છે. એ તમને હૂંડી લખી આપશે.

નરસૈયાને ઘેર તે દિવસ પચાસ સો સંતો અભ્યાગતનું કટક પડયું હતું. ઘરમાં તેમને ખવરાવવાના તાકડા નહોતા. ઠીક થયું, ટાણાસર નાણાં પહોંચાડ્યાં મારા વાલાજીએ! એમ કહીને નરસૈ મહેતાએ નાણાં સ્વીકારી લઇ એક કાગળનાં કટકા ઉપર હુંડી લખી દીધી કે 'શેઠ શ્રી શામળીઆજી! રૂપિયા આટલા પૂરા ગણી દેજો.'

એજ યાત્રાળુઓ દ્વારકાથી આંહી પાછા ફર્યા છે. એમણે નરસૈ મહેતાને વાત કરી છે: અજબ વાત છે. યાત્રાળુઓ કહે છે કે શેઠજી, આખી દુવારકાપુરીમાં આ હૂંડીનો ધણી શેઠ શામળીઓજી નામે કોઇ વેપારી છે જ નહિ ને કોઇકે તમને ફસાવ્યા છે એમ અમને એકે-એક દુકાનેથી જવાબ જડયો. અંતે અમે થાકીને દ્વારકા બહાર નીકળ્યા ત્યારે દરવાજામાં એક પુરુષ સામે મળ્યો. એણે કહ્યું કે ભાઇ, હું જ એ શામળો શેઠ. હું ગામતરે ગયો હતો. લાવો હુંડી સીકારી આપું. એમ કહી રૂપિયા ગણી આપ્યા.

વાત સાંભળીને નરસૈયો તો ખડખડ હસવા લાગ્યો છે. એ તો કહે છે કે ભાઇ, મને તો હૂંડીની વાત જ યાદ નથી. મારે તો કોઇ શરાફી વેપાર પણ નથી. એ તો મારો વાલોજી મળ્યા હશે.

'કોણ છે એનો વાલોજી કે જે વાતવાતમાં એનાં કામ કરી જાય છે?' રા' માંડળિકના લલાટમાં આ પ્રશ્ન પૂછતે પૂછતે કરચલીઓ ચડી.

'એ તો કહે છે કે મારો વાલોજી દામોદરરાય.' કામદારે દુત્તું મોં કરીને કહ્યું.

'દામોદરરાય !'

'એટલે પ્રભુ શ્રી હરિ.'

'શ્રી હરિ એટલા સસ્તા છે! હેં કામદાર?' રા'ના માથામાં કશાંક ગૂંચળાં વળતાં હતાં.

'એ તો એ કહે છે. ગામના ડાહ્યા લોકો તો એવું કાંઇ નથી માનતા. બીજું તો કાંઇ નહિ મહારાજ, પણ આમ હુંડીઓ લખી આપવાથી તો આપણા નગરની આંટ બગડશે.'

'પણ એને ભક્તને આવા ધંધા સૂઝયા કયાંથી?'

'મહારાજ! ગામ તો બોલે છે કે આ તો ધૂતવાના ધંધા કહેવાય.'

'એને કહી દેજો કે મારી નગરીમાં ધૂતારાવેડા નહિ ચાલે.'

'મારાં બા શ્રી કુંતાદેને તો આ બધું સત્ય લાગે છે.'

'કુંતાને એનું ઘેલું લાગ્યું છે ત્યારથી જ મને બ્હીક લાગી છે.'

'નગરમાં તો નરસૈયાની સામે બૂમ વધતી આવે છે. આપણું રાજ ચાહે તેમ તો ય શિવભક્ત. આપણે આંગણે ગરવા ગિરનારનું બેસણું. એટલે રાડ વધી રહી છે.'

'શિવને નામે સોમનાથનું તીર્થ હાટડી બન્યું છે, તેમ દામોદર-રાયજીને નામે આંહી પાછું પાખંડ કયાં શરૂ થયું!'

'હાં-હાં, પાખંડ જ મહારાજ!' વાણિયાએ બોલ પકડ્યો: 'આપ બરોબર શબ્દ બોલ્યા.'

'મારા સામે શિવભક્તો બબડતા હતા ત્યારે હવે આની સામે કેમ સૌ ચૂપ છે?'

'મહારાજની બીકે.'

'મારી બીક?'

'અરે ભૂલ્યો, મહારાણીની બીકે.'

'રાણીજીને કહી દેવું પડશે.'

'બીજું તો કાંઈ નહિ, પણ આંહીના શૈવીઓ અમદાવાદ જઈ ચાડી ખાય તેની મને ધાસ્તી છે.'

'એથી તો હવે હું જરાય ડરતો નથી કામદાર! અમદાવાદમાં તો બખેડા ચાલ્યા છે, ને મારા બે ઊપરકોટ બસ અભેદ્ય છે.' રા' હવે આ તોરમાં તણાયા હતા; 'ને સાંઈ જમીયલશા સરીખા દરવેશની મને સહાય છે. પણ મને આ નરસૈયાનું પાખંડ પાલવતું નથી.'

'બીજી પણ એક અરજ કરવા આવ્યો છું.' વીશળ કામદારના પચાસ વર્ષે પણ લાલ ટમેટાં જેવા રહેલા ગાલમાં ગલ પડયા. 'એક વાર ઘેર પગલાં કરો.'

'કેમ?'

'સારો અવસર ગયો, પણ આપને નોતરી શકયો નથી.'

'કેટલામી, ત્રીજી વારનું ઘર કે?' રા'ને ખબર હતી કે વીશળ કામદાર ત્રીજી વાર લગ્ન કરી આવ્યા હતા. 'આવશું ખુશીથી.'

કામદારે માનેલું કે રા' કૃપા વરસાવી રહેલ છે. રા'એ કામદારના ગયા પછી પોતાના અંતરમાં એક થડકાર અનુભવ્યો. અવતાર ધરીને કોઇ દિવસ કોઇને ઘેર ન ડોકાનાર રા' પોતે પોતાના જ દિલને પૂછવા લાગ્યા : ત્રીજી વાર પરણેલાને ઘેર હું શા માટે જવા લોભાઊં છું ? શું વણિકોને ઘેર અપ્સરાઓ હોય છે ? મારી કલ્પનાની અપ્સરાનો ચહેરો મોરો, ક્યાંય, શું કોઇના મોં પર નહિ મળે ? હું શા માટે આ શોધે ચડયો છું ? આવી પૂછપરછ પણ કોને કરી શકાય ? નાગાજણને હવે જેટલું પૂછી જોયું તેથી વિશેષ કેમ કરી પૂછી શકાય ?

'હા—હા—હા.' પોતાની હજામત કરવા આવતા વાળંદને પૂછી જોવાની એને જુક્તિ સૂઝી. 'વાળંદ સાથે વાતો કરવાનો વાંધો નથી. વાળંદને કહીશ કે વાત પેટમાં રાખજે. ને વાળંદ કોઇને વાત કહી નાખે તો પણ શું છે ? કોના બાપની બીક છે ? શું કોઇ મારા જીવનનું મુખત્યાર છે ? હું ચાહે તે કરીશ. હું નથી દેવસ્થાનના પૂજારીઓથી ડરવાનો, કે નથી અમદાવાદના સુલતાનથી દબાવાનો. મારે આંગણે બે ઊપરકોટ છે. ને હું તો જ્ઞાનદૃષ્ટિથી માનવા લાગ્યો છું, કે વાસનાને દબાવવી નહિ. એ દબાઇ રહે તો કોઇક દિવસ પણ ફાટે ને ! વાસનાને તો હળવા હાથે જ ઠેકાણે પાડવી રહી.

'નરસિંહ મહેતાની પાછળ ટોળાં કેમ ભમે છે ? રાસ મંડળોમાં સેંકડો નાચે છે ને ગાય છે ? કેમકે તેમની વણપૂરાયેલી વાસનાઓને ત્યાં વાણી વડે શાંતિ મળે છે. મનડાં માનવા લાગે છે કે વ્હાલોજી મળી ગયા. નારીઓ કલ્પના કરી લ્યે છે કે કૃષ્ણે તેમને પોતામય બનાવી લીધી. પુરુષો અનુભવ કરી લ્યે છે કે રાધિકા સાથે રાસરમણ રમાયાં. કોની નારીઓ, ને કોના પુરુષો ! ઘેરે ઘેર અતૃપ્તિનાં આંધણ ઊકળે છે. નરસૈયાએ તેમને સંતોષવાની આ સુક્ષ્મ કળા ન ગોતી હોત તો ઘેર ઘેર કજીયા થાત, ઘેર ઘેર વ્યભિચાર ચાલત, ઘેરેઘેર મારપીટ

ને હત્યા પણ થાત. નરસૈયો ડાહ્યો છે. નાગાજણ પણ ડાહ્યો છે. મુસ્લિમ દરવેશો પણ ડાહ્યા છે. અપ્સરાઓની કલ્પનાએ મને ચડાવી દીધો છે, એટલે જ હું કુંતાદેને સતાવતો નથી.

'રસુલાબાદ વાળા સાંઇ શાહઆલમ મૂવા સુલતાનની બીબી મુઘલીને રૂપાળી જોઇ પરણી બેઠા, અને એ બીબીના છોકરા સુલતાન મહમદશાહ વેરે પણ એના સાવકા ભાઇ સુલતાન કુતુબશાહની વિધવા રાજપૂતાણી રૂપમંજરી વેળાસર પરણાવી દીધી. આ બનાવો એકજ રહસ્ય બોલે છેઃ વાસનાને દબાવી ન દેવી, માર્ગ આપી દેવો, ઠંડી પાડી દેવી. હું તો જ્ઞાનદૃષ્ટિએ વાસનાને કામે લગાડી દઉં છું. હું ખોજ કરૂં છું—અપ્સરાની. ખોજ કરો ! ઓ માનવીઓ, તમારા મનમાં બેઠેલા અંતર્યામીની ખોજ કરો. હું પણ ખોજ જ કરૂં છું ને ! અંતર્યામીની જ ઓળખાણ ગોતું છું ને ! નરસૈયો મને ગમત, જો એ ભેગાભેગો પાખંડ પણ ન કરી રહ્યો હોત તો. પણ એ તો ઢોંગી દેખાય છે. જે કાંઇ થાય છે તે શ્રી પ્રભુ પોતાને માટે ખાસ આવીને કરી જાય છે, એવું કહેનારો કાં મૂરખ છે, કાં શઠ છે, કાં ભોળો વિભ્રમી છે, કાં જાદુગર છે, ને કાં મંતર ને તંતર કરનાર છે. નહિ તો મને—રોજ ગંગાજળે ન્હાનારા પરમ શિવભક્તને કેમ ક્યાંય શંભુ નથી સહાય કરવા આવતા ? હમીરજી ગોહિલને કેમ શંભુએ ન રક્ષી લીધો ? અરે, શિવે પોતાનું જ જ્યોતિર્લીંગ તૂટતું કેમ ન રોકી લીધું ? નરસૈયો મને ગમતો, હવે અણગમતો થયો છે. એનું રાસરહસ્ય મને ભાવે છે, એના પ્રભુ નામના ગપાટા મને અકળાવે છે.

'હાં ! હું પાછો ભૂલી જાઉં છું ! વાળંદ આવશે ત્યારે એને જ પૂછીશ, કે દીઠી છે ક્યાંય અપ્સરા ? તારા હાથમાં આવી છે એની આંગળીઓ ? તેં ઉતાર્યા છે કોઇ એવા નખ, કે જે તડકે મૂકતાં પીગળી પાણી પાણી થઇ જાય ? એને કહી રાખીશ હું પહેલેથી જ, કે મારે

બીજું કાંઇ કામ નથી. ખોજ કરવી છે, સાચ જુઠ પરખવું છે, સત્યનો તાગ લેવો છે; એવા કોઇ નખ હોય તો તું જોતો રહેજે. તને ઇનામ આપીશ. તારૂં દાળદર ફીટાડી દઇશ. બસ, ફક્ત એવા નખ જ જોઇએ મારે હો કે? બીજું કાંઇ નથી જોતું.'

રા'નું હૃદય, વીશળ કામદારના ચાલ્યા ગયા પછી આવાં વિચાર-ચક્રો ફેરવવા લાગ્યું. રા' જાણે જીવતરના કોઇ એવા ચગડોળમાં ચડી બેઠા હતા, કે જેને અટકવાનું હોતું નથી. માનસ—સાગરના કિનારા પર ઇચ્છાઓનો મહામેળો મચ્યો હતો તેની વચ્ચે આ ચકડોળ ફંગોળા લેતો હતો. રા' એમાં ચડી ચૂકયો હતો. ચકડોળ જરાય ઊભો ન રહે, ચગે—હજી, હજી, હજી વધુ ચગે, અરે જાણે કદી જ ન થંભે, એવી રા'ની ધખના હતી. ફેર ચડતા હતા, પૃથ્વી પર ઊતરવા હામ નહોતી, પડવાની બ્હીક હતી, માટે ચગો ચકડોળ! ફરો કાળ—ચક્ર! અનંત કાળ લગી આંટા લો. નથી ઊતરવું. ધરતી પર નથી પગ મૂકવો. કુંતાદેવીનાં કરડાં નેત્રો! દૂર થાઓ.

આવા વિચાર—વીંછીઓના ડંખો ખાતો માંડળિક ઘણી ઘણી વાર સંધ્યાકાળે એકલો પડી જઇને પોતાની બેઠકના ગોખે બેસતો. ગિરનાર ઉપર ચડતી એની કલ્પના કયાંય નહિ ને જાણે ભૈરવ—જપની શિલા પર ચડતી, ચડીને પાછું નીચે જોતી, તમ્મર ખાતી, વગર ધક્કે કેવળ પોતાનાં જ તમ્મરથી ખાબકી પડતી, અતલ ખીણમાં જઇ પડતી. કપાળ એનું કોઇ ઉનાળે સુકાઇ રહેલા ખાબોચીઆમાં ખદબદતાં માછલાં શી કરચલીઓના ખદબદાટો ધારણ કરતું; ત્યારે થોડે દૂર આવેલી મહેલાતની બારીની ચીરાડમાંથી બે આંખો રા'ના કપાળ—ખાબોચીઆના એ ખદબદાટને જોઇ જોઇ છાનું છાનું રડી લેતીઃ એ બે આંખો :હતી કુંતાદેની.

# પ્રકરણ ચોવીસમું

## સૂરોનો સ્વામી

ઘણાં વર્ષો પર જે ઊના ગામનું પાદર ભાટ ચારણોનાં ત્રાગાએ ગોઝારું કરી મૂક્યું હતું તે જ પાદર આજે મૃદંગ, પખ્વાજ, અને તંબૂરના સૂરે તાલે સચેતન બન્યું છે. એક ખોખરા ગાડામાંથી પાંચ સાત પુરુષો ઊતરે છે. તેમની મૂછો મુંડેલી છે, તેમના કપાળમાં ટીલાં છે. તેમના પોષાક મશ્કરી કરાવે તેવા છે.

'એલાં છોકરાંઓ.' એમાંના એક જણે નીચા લળી, ત્યાં એકઠાં થયેલાં તાલમબાજ છોકરાંને પોતે છોકરાં જેવડા થઇને જ કહ્યું: 'અમારું ગાવું ને નાચવું જોવું છે?'

'હા હા.' છોકરાં આ પુરુષના સ્વાભાવિક બાલભાવ તરફ ખેંચાઇ આવ્યાં.

'જોજો હો ત્યારે!' એમ કહી હાથમાંની કરતાલ કટકટાવતે એ પુરુષે ઊંચી ભુજા કરી ગાન ઊપાડ્યું—

> અરે નાગર નંદજીના લાલ!
>
> રાસ રમતાં મારી નથડી ખોવાણી

ચલતીના તાલમાં એ ગીત બીજા બધા સોબતીઓએ પોતપોતાના સાજ પર ઝીલવા માંડ્યું. જમાવટ થઇ ગઇ. છોકરાં ન રહી શક્યાં. એણે પણ નૃત્યમાં પોતાના નાના પગનાં પગલાં મિલાવ્યાં. ગવરાવનારો પુરુષ નીચો નમી નમીને નખરાં કરવા ને ફેરફુદડી ફરવા લાગ્યો. ને પછી જ્યારે—

રાધાજીની નથડીનો
કાનુડો છે ચોર–ચોર–ચોર
નાગર નંદજીના લા....લ !
રાસ રમતાં મારી નથડી ખોવણી

એ 'ચોર–ચોર–ચોર'ના તાલ દેતી થપાટો મૃદંગ પર પડી, ને ગવરાવનારનાં કરતાલ ઝટકોરાયાં, ત્યારે છોકરાંની ટોળી ગજબ તાનમાં આવી ગઇ.

'બાકીનું ગીત સાંભળવું છે ને ?' ગવરાવનાર પુરૂષે છોકરાંને સરખી વયના સાથી સમી નિર્મળ અદાથી પૂછ્યું.

'હા, અમારે નાચવું છે, ને ગાવું છે.' છોકરાં અધીર બન્યાં.

'ત્યારે તમે નાગરવાડામાં શ્રીરંગ મેતાનું ઘર જોયું છે ને ?'

'હા,' એક છોકરો બોલી ઊઠયો : 'કુંવલભાભી થે ઇ ઘલ ને ? કુંવલભાભી તો હજી હમલાં જ લોતાં'તાં. એ–એ–એ–કઉં, શું કામ લોતાં'તાં ? એ–એ–એ–એના બાપા છે ને, એના નલછીયા બાપા છે ને, તે ધૂનાગઢથી આવા ને, અતલે.'

'ઠીક ત્યારે' એ પુરુષે કહ્યું 'જો બચ્ચા, તું જા, તારી કુંવરભાભીને કહી દે કે લોવે નહિ, નલછીયા બાપા આવા છે, આવા છે.'

'કાં છે ?'

'હું–હું–હું પોતે નલછીયો બાપો.'

'અલલ ! લે ! આવા નલછૈયા બાપા હોય ?' બાળક હસી પડયાં.

'લો છોકરાં ! મારાં ભાઇલાં કરૂં. હાલો શ્રીરંગ મહેતાનું ઘર બતાવો. આપણે બજારમાં ગાતા ગાતા ને નાચતા કૂદતા જઇએ. મઝા પડશે ખરૂં ?'

ખોખરા ગાડામાં, ગળીઅલ બળદો જોડાવીને, પાંચ સાત સાધુડાંની સાથે આવેલા એ નરસૈયા ભક્તનું કીર્તન–મંડળ જ્યારે ઊનાની બજારમાં છોકરાંની ધાંધરથી વીંટળાઇને ગાતું ને ઊછળી ઊછળી નાચતું નીકળ્યું, ત્યારે ઊના શહેરના નાગરોમાં ખીખીઆટા ચાલ્યા ને નરસૈયાના વેવાઇ શ્રીરંગ મહેતા શરમાતા શરમાતા સામા આવ્યા. દીકરાના નાગર સસરાના વિચિત્ર રંગઢંગ દેખીને સહી લેવું સહેલ નહોતું. ઊના શહેરે દૂરથી સાંભળેલો નાગર નરસૈયો પહેલી જ વાર નીહાળ્યો. પોતાની આબરૂના કાંકરા થતા જોનાર વેવાઇએ આ તમાશો અટકાવવા માથાકૂટ કરી તે નિષ્ફળ ગઇ. ગામલોકો ટોળે વળ્યાં. ગલીએ ગલીએ સ્ત્રીઓ છોકરાં તેડી તેડી ઘેરે વળી. મેડીઓની બારીઓ, ઝરૂખા ને ગોખ રવેશો જાણે જીવતા બન્યા. પણ ભગતડો નાગર નરસૈયો કોઇ વિચિત્ર પ્રાણી હશે તે ભ્રાંતિ ભાંગી ગઇ. લોકલાગણી સંગીતભૂખી હતી. ધંધારોજગારમાં ને વ્યવહારની ક્ષુદ્રતામાં સબડતાં નરનારીઓ કોઈ એક પ્રબળ રસોર્મિનાં પિપાસુ હતાં. તેમણે પોતાની જ આતમ–વાણીનો સ્પર્શ અનુભવ્યો. તેમણે નરસૈયાના કંઠમાંથી સૂરોની રેલમછેલ ચાલતી અનુભવી. પહેલા વરસાદમાં નાગાંપૂગાં થઇને નહાવા દોડતાં નાનાં બાળકોના જેવી અંતરોર્મિ સેંકડો નરનારીઓની બની ગઈ. તેમના પગ છૂપા છૂપા નરસૈયાના ગાનના તાલે તાલે થનગન્યા. સ્ત્રીઓ

એકબીજીને પૂછતી હતી : ' આ તો વંઠેલો નથી લાગતો. આ કયાં વરણાગીઓ છે ? આની આંખો તો કશેય ભમતી નથી. આ તો એના ગાનમાં ગરકાવ છે.'

પણ નરસૈયાનું કીર્તન દૂર દૂર નીકળી ગયું, સેંકડો કાન ફરી પાછા સુકાઇ ગયા. પહેલો મે પડે તેને શોષી જઇને તપેલી ધરતી જેમ હતી તેવી બની રહે છે, તેમ લોકોનો હૃદય-પ્રદેશ પણ હતો તેવો જ સુકો થઇ ગયો. ને ફરી વાતો ચાલી : 'હોય તો હોય બૈ ! મૂવા કાંસીઆ કૂટે છે ને ઠેકડા મારી મારી ભરી બજારે ગાય છે, એ તે નાગરના કુળને શોભે ?'

પછી તો 'ઝાઝા ચાંચડ ઝાઝા જુવા, તીયાં મેતાના ઉતારા હુવા.' અને પહેલીવહેલી સગર્ભા બનેલી એક પંદર વર્ષની વહુવારૂ પોતાના બાપની હાંસી સાંભળતી સાંભળતી શ્રીરંગ નાગરના ઘરને એક ખૂણે અશ્રુ સારતી ઊભી રહી. એનું નામ કુંવરબાઇ.

'તારા બાપને તો પાછું ઊનું પાણી નહાવા જોઇએ છે !' એમ એ યુવતીને કોઇક કહેતું હતું. કહેનાર સાસુ હતી. 'ઊકાળો પાણી, ને આપી આવો ખદખદતું કે બો ભૂલી જાય.'

ખદખદતા પાણીની ત્રાંબાકૂંડી પાસે મહેતો નરસૈયો નહાવણુ કરવા બેઠો. અંદર હાથ બોળી શકાયો નહિ. એનો એક સાથી ટાઢું પાણી માગવા વેવાણ કને આવ્યો.

'એટલી ય ભાન છે વેરાગીને, કે દીકરીને સાસરે આવીને તો દીન બનવું જોઇએ ! આવીને તરત બસ ટાઢું પાણી ને ઊનું પાણી ! ટાઢું ઊનું ટાઢું ઊનું કરે છે, તે બોલાવેને એના વાલાજીને ! હમણાં જ વરસાવશે ટાઢા જળના મેહૂલા !'

'ભક્તરાજ !' નરસૈયાને જવાબ મળ્યો. 'ટાઢુ પાણી તો વેવાણ આપવા ના પાડે છે. કહે છે કે વાલાજીને વિનવો, વરસાદ મોકલે.'

આંહી પણ નરસૈયાના શ્રીહરિ સંગીત રૂપે ટાઢું જળ લઇને વારે ધાયા. નરસૈયાએ મલ્લાર રાગે મેઘ આરાધ્યો. ને કુંવરબાઇનાં નયણાં વરસતાં હતાં તેવાં જ એ સૂરને વશ વાદળ ન્હાવણ–કૂંડીમાં વરસ્યાં. નરસૈયાના સૂરોએ પંચ મહાભૂતને પોતાને કબજે કર્યાં હતાં. નરસૈયાના કંઠમાંથી ઊઠેલા શીતળ મલ્લાર–સૂરોએ ત્રાંબાકૂંડીમાંથી ફળફળતી વરાળનું વાદળું બાંધી દીધું. સૂરોનો સ્વામી શીતળ નીરે ન્હાઇ ઊઠ્યો.

ને મા વિહોણી, ખોટનો ભાઈ હારી બેઠેલી, જગતભૂલ્યા ભોળા બાપની ગિલા સાંભળતી સગર્ભા દીકરી કુંવર જ્યારે બાપને ઉતારે જઈ, થાંભલી ઝાલી ઊભી રહી, ત્યારે બાપે એને માટે એક પોટકું છોડયું : 'લે બાઈ,' એ ગરીબડું મોં કરી વસ્તુઓ કાઢતો હતો : 'લે તારા સીમંત અવસરે બાપ ફક્ત આટલી જ પહેરામણી લાવેલ છે. આ ગોપીચંદન છે, આ તુળસીની માળા છે, આ ખાસ વૃંદાવનથી આવેલ વ્રજરેણુ છે. શ્રી હરિને વ્હાલાં હતાં આ સર્વ વાનાં. તારી બાનું કાંઇ ઘરાણું તો નથી બાકી રહ્યું. એ જીવી ત્યાં સુધી સંતો અતિથિઓને છેલ્લી વાળી વટાવીને પણ જમાડી ગઇ છે. ને મારો ઓરતો કોણ કરે ? હું તે કાંઇ માણસમાં છું ! હે–હે–હે–હે-શ્રીહરિ.'

'આ લે ભાભી !' નણંદ એક કાગળ લઇને કુંવરબાઇ પાસે આવી : 'છોરૂ આવશે ત્યારે મામેરામાં જે જે વાનાં જોશે તે લખીને લાવી છું, દઇ દે તારા બાપને.'

'હાસ્તો.' અન્ય સગાંએ શોર મચાવ્યો. 'શ્રીહરિ જેને શબ્દે બંધાયલો છે એવો તારો અડીખમ બાપ શું મામેરૂં નહિ પૂરે ? એને આબરૂની ખેવના નહિ હોય, પણ અમારે તો સંસારમાં જીવવું જોશે.

અમારા ઘરનું હીણું નહિ પડવા દેવાય, આ લે આ ખરડો, દે તારા બાપને.'

'ભેગા બે પાણા પણ નોંધજો.' એક દાદીએ ટોણો માર્યો.

'કેમ દાદી મા ?' નણંદે પૂછ્યું.

'મામેરાનાં આ બધાં વાનાં પવનમાં ઊડી ન જાય તે દબાવવા માટે.'

'શ્રીહરિને મામેરૂં કરવું હશે તો કરશે બાપુ!' એમ કહીને નરસૈયાએ કાગળની લાંબી ટીપ રડતી પુત્રીના હાથમાંથી લઇને પોટલીમાં બાંધી લીધી.

ને ફરી પાછો એ તો ભરબજારે ગાતો ને નૃત્ય કરતો ચાલી નીકળ્યો.

* * *

થોડા મહિના પછી નરસૈયાને ઊનાથી કાગળ મળ્યો :

'ટીપ પ્રમાણે એકેએક ચીજ પહોંચી છે. બે પથ્થરો પણ સોનાના મળ્યા છે. આપની ગરીબાઇની અમે ક્રૂર ઠેકડી કરી તે બદલ સૌ પસ્તાઇએ છીએ. વેવાઇજી, ક્ષમા કરજો.'

'મારો વાલોજી જ અવસર સાચવી આવ્યા. બીજું કોણ હોય? લ્યો ત્યારે વાલાજીના ગુણો ગાઇએ.'

ફક્ત એટલું જ કહીને નરસૈયાએ તે રાત્રિએ પ્રભુ–ભજનનો ઉત્સવ માંડયો. રા' માંડળિકે નરસૈયાનાં ઊના ખાતેનાં બે વધુ પાખંડની વાતો સાંભળી વધુ રોનક અનુભવ્યું. 'મારો બેટો ! આ પણ જબરો ધૂતારો જાગ્યો છે જૂનાગઢમાં.'

* * *

મહિનાઓ વીતી ગયા છે. એક દિવસ નરસૈંયો જૂનાગઢમાંથી ક્યાંઇક ચાલ્યો ગયો છે. એને ઘેર પચાસેક અભ્યાગતોની જમાત પડી છે. ઘરમાં કોઇ ઘરનું માણસ નથી. માટલામાં આટો કે દાળ નથી. ગામમાં કોઇએ સીધું જોખ્યું નથી. અભ્યાગતો ભૂખ્યાં થાય છે ત્યારે ભજન કરી લ્યે છે. રાત્રિયે ઊંઘ આવે છે ત્યારે એ ક્ષુધિતો ફરીથી કીર્તન કરે છે. વળતા દિવસે એકાદશીના નિમિત્તે ઉપવાસ ખેંચે છે. સૌ વાટ જોઇ બેઠાં છે, કે નરસૈંયાજી અબઘડી ખાવા પીવાનું સાધન કરી લાવશે.

જૂનાગઢમાં આંગણે અભ્યાગત અતિથિઓ લાંઘણ પર લાંઘણ ખેંચી રહ્યાં છે ત્યારે તળાજા ગામની બજારમાં નરસૈંયો ધરણીધર નામના એક વૈશ્યની દુકાને બેઠો છે. તળાજા પોતાનું મોસાળગામ છે. ત્યાં પણ એ 'માંડી વાળેલ' ને 'ઓઢી વાળેલ' તરીકે જાણીતો થઇ ચૂક્યો છે. એના વ્યવહારની આબરૂ ત્યાં રહી નથી.

'ધરણીધરજી ! ઘેર અભ્યાગતો ભૂખ્યાં બેઠાં છે.'

'પણ હું શેના ઉપર ધીરૂં ? કાંઇ લાવ્યા છો ?'

'કંઇ નહિ. ઘરમાં કશું નથી. મરતી મરતી માણેકબાઇ સાડલા પણ વેચીવેચી મુજ નાલાયકનો વહેવાર ચલાવતી ગઇ છે.'

'પણ કાંઇ બીજી વસ્તુ ? તંબૂરો, મંજીરાં, કરતાલ, કાંઇ કરતાં કાંઇ ?'

'એ બધું જ વેચાઇ ચૂક્યું છે.'

'ત્યારે તો મહેતાજી, મારે ધીરવું શાના ઉપર ?'

'મારા વાલાજીની આબરૂ ઉપર.'

'તમે તો ભક્તરાજ રહ્યા, આબરૂની થોડી ખેવના કરવી છે? આંહીંથી નાણાં લઇને પીઠ વાળી એટલે કોણ ધરણીધર ને ક્યાં તળાજું! ઓળખે છે જ કયો ભાઇ? આવું ડીંડવાણું કહેવાય તમારું તો.'

'ત્યાં અભીઆગત ભૂખ્યાં બેઠેલ છે, શેઠજી!' નરસૈયો સામી દલીલો ન સૂઝતાં એકની એક વાત ગોખતો રહ્યો.

'હાં–ત્યારે તો–ત્યારે જુઓ, મહેતાજી! તમને કાંઇક એવી બંધ-ણીમાં લેવા જોઇએ કે કરજ પહેલું યાદ આવે. તમારી દાનત વિષે મને શક નથી, તમારી આળસની જ મને બીક છે.'

'તમે કહો તેમ કરું.'

'ત્યારે હું એમ કહું છું, કે આ લ્યો આ કાગળ, કોરી ચાલીસ ગણી દઉં, તેની સામે દસ્તાવેજમાં માંડી આપો.'

'શું?'

'તમારો કેદારો રાગ.'

'એટલે?'

'એટલે બીજું તો શું? કોરી ચાલીસ ભરી ન જાવ ત્યાં લગી બીજા બધા ય રાગ તમારે ગાવા, ન ગાવો એક ફક્ત કેદારો રાગ.'

'ભલે, લાવો લખી આપું.' એમ કહીને નરસૈયાએ કાગળ લીધો. ફરી ફરી લખત વાંચ્યું. વાંચી વાંચીને એણે ડોકું ધુણાવ્યું. ધરણી-ધર તરફ એ દયામણી દૃષ્ટે જોઇ રહ્યો. 'મારાથી નહિ બને.' કહીને એણે નિઃશ્વાસ નાખ્યો.

'કાં? બત્રીશ રાગ ગાઈ જાણો છો એમાંથી એક કેદાર નહિ ગાવ તો શું નડવાનું છે?'

'કેદારો તો મારો શ્વાસ છે. ધરણીધરજી, કેદારો રાગ તો મારી નાડીઓનું રૂધિર છે.'

'જુવો, વિચાર કરી જુવો ભકતજી! હું કંઈ સોનું રૂપું, કે માલ મતા કશું ય માગું છું? હું તો માગું છું એક જ રાગ ન ગાવાની બંધણી–જેની ફૂટી બદામ પણ કોઈ બીજો વેપારી ન આપે.'

'આવી બંધણી! મારું ગળું ટૂંપવું છે શેઠજી! પછી હું મારા વાલાજીના કાલાંવેલાં કઈ રીતે કરીશ? મારા શામળાને શી રીતે રીઝાવીશ?'

નરસૈયો ભક્ત તળાજામાં અગાઉ ઘણી વાર આવેલો. ધરણીધર શેઠની દુકાને લેણદેણ, ઉપાડ કાયમ રાખતો. પણ આટલાં વર્ષમાં કોઈ દિવસ ધરણીધરે નરસૈયાના મોં પર આવો ઉશ્કેરાટ નહોતો જોયો. સદાકાળ નિજાનંદે મસ્ત રહેનાર નરસૈયો એકના એક પુત્ર શામળશાના મોત સામે પણ હસતો રહેલો. એ હાસ્યને બદલે, આ વખતે એના મોં ઉપર વેદનાનાં ગૂંચળાં ઘૂમવા લાગ્યાં. કાનનાં મૂળ સુધી એના ગાલ લાલ લાલ બની ગયા. આંખોના ડોળાએ સ્થિરતા છોડી ઘૂમાઘૂમ માંડી. ને વિફરી ગયેલા અવાજે એણે કહ્યું: 'કેદારો ગાવાનું છોડું? શું કહો છો શેઠ! કેદારો સાંભળવા મારા શ્રીહરિ તલખે, તે વારે હું એને બીજા કયા રાગે–બીજા કયા સૂરો વડે ફોસલાવી શકું? મારો વાલોજી રોજની થાળી શે આરોગશે કેદારો સાંભળ્યા વગર? મારા બાળગોપાળને પારણીયે નીંદર કેમ ઊડશે કેદારાના પ્રભાતી સૂર કાને પડયા વગર? મારા કૃષ્ણ ગોવાળીઆને ધેનુનાં ધણ ધોળીને ચારવા જાવું કેમ ગમશે એ કેદારો સાંભળ્યા વગર? કાળંધરીના ધૂનામાં કાળીનાગ ગાયોને પીવાનાં જળકમળ ઝેર ઝેર કરે છે તેને વાલોજી નાથશે શી રીતે કેદારો સાંભળ્યા વગર? મારા દામોદરરાયને કેદાર સાંભળ્યા વગર

રાધિકાજીને ખોળે પણ કાંટા જ ખૂંચે કે બીજું કાંઈ? તમે મને ફસાવવા આવ્યા છો શેઠીઆ !'

'આ રહી ૪૦ કોરી.' ધરણીધરે ગણી કરીને સામે ઢગલી જ ધરી દીધી હતી. 'ને આ રહ્યો દસ્તાવેજ. સહી કરી આપો એટલી જ વાર.'

'ના–ના–ના. મને લલચાવો મા, મને મૂંઝવો મા. એ કોરીઓને સંતાડી દ્યો. એ દસ્તાવેજ ફાડી નાખો. મારે નથી રોકાવું.' એમ કહીને નરસૈયો ઊઠ્યો. આંખો આડા એણે હાથ દઈ દીધા.

'તો ભલે અભ્યાગતો ભૂખે મરે.' એની ફરી ગએલી પીઠ ઉપર ધરણીધરજીએ લાકડીના સોટા જેવા આ શબ્દો સબોડ્યા, કે તુર્ત નરસૈયો, 'ભલે મરી જાય અભ્યાગતો ! ભલે થાવું હોય તે થાય: ભલે–ભલે–ઉલ્કાપાત થઈ જાય.' એવી ચીસો પાડતો વટેમાર્ગુ વાઘ દીપડાથી ન્હાસે તેવા વેગે નાઠો. ગામ બહાર નીકળી ગયો. સીમમાં પણ શ્વાસધમણ બની દોડતો હતો. સીમાડો છોડ્યા પછી એણે ગતિ ધીરી પાડી. અને પોતે કેદારો રાગ ત્યાં મૂકી તો નથી આવ્યોને, એની ખાત્રી કરવા એણે જંગલમાં ગળું વ્હેતું મૂક્યું; ને એ હર્ષાવેશમાં આવી ગયો. કેદારો એના કંઠમાં સાબૂત હતો.

એ પગલાં ઉપાડતો ચાલ્યો, પણ એનું શરીર કામ કરતું નહોતું. ઘણા મહિનાથી પેટપૂર તો ખાવા પામ્યો જ નહોતો. થોડુંક અન્ન ને ઉપર ઝાઝું બધું પાણી પી જઈને એ ઓડકાર ખાતો. બાકીનો સમય ગાવામાં ગાળતો. ભૂખ લાગી જ નથી, મને ભૂખ છે જ નહિ, એવાં એવાં માનસિક રટણ કરીને એ ભૂખને વિસરી જતો. પણ એ લાંબી સ્થિતિને સંભાળી લેનાર સ્ત્રી ચાલી ગઈ હતી. નરસૈયો એકલો બન્યો હતો. ભૂખના દુઃખે એનાં હાડ ભાંગી નાખ્યાં હતાં.

એમાં એકાએક એને યાદ આવ્યું, 'પાછો વળીને આ હું ક્યાં જઈ રહ્યો છું ? હું પાછો જૂનાગઢ જાઉં છું. પણ શો ગર્વ લઈને જૂનાગઢ જઈશ ? કેદારો રાગ ઘરેણે ન મૂકયો, બસ ન જ મૂકયો, ચાલીસ કોરીમાં મેં જીવ ન બગાડયો, એ બધું હું કોને જઈ કહીશ ? ભૂખ્યાં બેઠેલ આશાતૂર અભ્યાગતો એ મારી ગર્વ–વાણી સાંભળીને શું કહેશે ? શાબાસી દેતાં દેતાં ભૂખે મરી જશે ? ને એવી શાબાસીને શું હું બટકાં ભરીશ ? એ ભૂખ્યાંને હું ક્યાં મોકલાવીશ ? '

સાંજ પડતી હતી. પાંચેક ગાઉ પોતે તોરમાં ને તોરમાં નીકળી ગયો હતો. નવા વિચારે એને ઊભો રાખ્યો.

'ના, ના, ના,' એણે મનમાં ને મનમાં કહ્યું : 'હે શ્રીહરિ, આજ સુધી મારે ઘેરે જ્યારે જ્યારે ભીડ પડી તે તે ટાણે તું કોઈ ને કોઈ માનવીના હૈયામાં પેસી જઈ મારા અવસરો ઉકેલી ગયો છો. તેથી આજ શું તને કોઈક ભીડ પડી હશે તે ટાણે હું તારી આબરૂ રગદોળી નાખીશ ?'

આકાશમાં વાદળાં ઘેરાતાં હતાં. ગગનના સિંધુમાં સામસામી જાણે જંગી નૌકાઓ અફળાતી હતી એ જોઈને નરસૈયાએ મનમાં બબડાટ ચલાવ્યો :

'જોઉં છું, જોઉં છું વાલાજી ! તારે ઘેરે ય કાંઈક ભીડ પડી છે. તું કશીક વિપદે ઘેરાણો છો. તું મારી સંભાળ લેવા આવી શકયો નથી એમ હું જોઉં છું. પણ લોકો તો કહેશે ને, કે આ નરસૈયો ડીંગેડીંગ જ હાંકતો હતો; લોકો કહેશે કે જોજો, આ ભગતડાના વાલાજીએ અત્યારે દેવાળું કાઢયું. લોકો મને નહિ નિંદે, પણ તને જગતના પાલણહાર શ્રીહરિને વગોવશે. એ તારી વગોવણી થવા દઉં ? કે તને રીઝવવાનો કેદાર રાગ સાચવી બેસું ? તું તો મારા વાલા ! મોટા મનનો છો. ને તારે તો ભકતોની ખોટ નથી. કેદારના સૂર

સંભળાવનારા તો તારે કિન્નરો ગાંધર્વો ય કયાં ઓછા છે? શું મારું મિથ્યાભિમાન ! હા–હા–હા !' નરસૈયો વાદળાંની ગડગડાટીને પ્રભુ–મુખના હાસ્ય–ખખડાટા રૂપ સમજી પોતે પણ સામો હસી પડયો :

'ગજબ મારું મિથ્યાભિમાન ! ધરણીધરને હું એમ કહી આવ્યો કે મારો કેદાર સાંભળ્યા વગર શ્રી હરિ ઊંઘશે ને જાગશે કયાંથી, ખાશે ને પીશે કેવી રીતે ! એ અભિમાનના તોરમાં હું ન્હાસી આવ્યો, ને ઘેરે બેઠેલાં અભ્યાગતોનું મોત ઢૂકડું લાવ્યો ! ગમાર ! કેવો ગમાર ! ઝટ પાછો વળું. કયાંઈક ધરણીધર શેઠ બદલી બેસશે.'

એમ કહેતો એ મૂઠીઓ વાળીને પાછો તળાજા તરફ દોડવા લાગ્યો. પ્રભુનું ગગનહાસ્ય ચાલુ રહ્યું, પણ તે સાથે કાળી કાળી વાદળીઓ પૃથ્વી પર તૂટી પડી. એની કોટાનકોટિ જળધારાઓ વચ્ચે થઈને નરસૈયો દોડયો જાય છે. દોડતું એ સુકોમળ શરીર વિરાટના આ સહસ્ર–ધારા તારોના વાદ્ય પર કોઈક બજાવનારની ફરતી આંગળી જેવું દેખાય છે. એની છાતી પર પવન–સૂસવાટાના ધક્કા પડે છે. એના મોં ઉપર મેઘ–ધારાઓ સોટીઓની તડાતડી બોલાવે છે. પણ એ ઊભો રહેતો નથી. એને લાગી ગયું છે કે 'મારો વાલોજી–અખિલ બ્રહ્માંડમાંથી આ હસાહસ કરીને કહે છે—

'ઘેલો નરસૈયો ! મિથ્યાભિમાની નરસૈયો ! પોતાને ગાવું છોડવું ગમતું નહોતું એટલે મારા નામનું–મારી ઊંઘનું ને મારા ભોજનનું બહાનું ચલાવ્યું. મૃત્યુલોકમાં મને બેઆબરૂ બનાવ્યો.'

રાતે દુકાન વધાવી લઈ તાળું વાસતા વ્યાપારી ધરણીધરને કાને વરસતા વરસાદમાં બજાર સોંસરવા સાદ આવ્યા: 'ધરણીધરજી ! શેઠજી ! ઊભા રે'જો. હાટ વાસશો મા. હું કેદારો રાગ માંડી દેવા આવી પહોંચ્યો છું. વાસશો મા, હાટ વાસશો મા !'

## પ્રકરણ પચીસમું

### રતન મામી

જૂનાગઢના નાગરવાડામાં આવેલા એક ફળિયામાં ગીચોગીચ ઘરો હતાં. તેમાંના એક ઘરની ખડકી ઉપર બહારથી સાંકળ ચડાવીને ઓટલા ઉપર એક રાતે દસ પંદર પુરુષો ઊભા હતા. થોડા જુવાન હતા, બાકીના આધેડો ને બુઢ્ઢા હતા. તેમના હાથમાં લાંબી લાકડીઓ ને નાની જયેષ્ઠિકાઓ હતી. તેમણે કછોટા ભીડ્યા હતા. અંધારી રાતનો બીજો પહોર હતો. તેઓ ચોકી કરતા હતા. ચોર બહારથી આવવાનો નહોતો. ચોકી કોઈક અંદરના ચોર ઉપર ચાલતી હતી. ચોકીદારોને કાને ઘરની અંદરથી એક કોમળ કંઠની કાકલૂદી સંભળાતી હતી.

'કૃપા કરીને ઉઘાડો. પગે લાગું છું ઉઘાડો. એ બીજા કોઈના હાથે પાણી નહિ પીવે. એ તરસે મરી જશે.'

એ કંઠ સ્ત્રીનો હતો. એને ચોકીદારો જવાબ દેતા હતા–

'મરી જશે તો મુડદું ઢસડીને ગિરનારનાં કોતરોમાં નાખી આવશું. ગીધડાંનાં પેટ ભરાશે.'

'એવું અમંગળ ઉચ્ચારો મા, કાકા, મામા, ને ભાઈઓ ! એ શ્રી–હરિનો ભક્ત તરસે મરી જશે. ને મને પાતક લાગશે.'

'તારાં પાતકમાં હજી બાકી રહ્યું હશે– હે–હે–હે–' ચોકીદારો હસતા હતા. 'ધણી બેઠો હતો ત્યારે તો અમારૂં કાંઈ જોર નહોતું, પણ હવે વિધવા થઇ છો, નાગરી ન્યાતને બોળવા બેઠાં છો—એક એ ભાણેજ ને બીજી તું મામી! ન્યાત હવે શું તારા ઉધામા ચાલવા દેશે!–હે–હે–હે– એ તો ધણી ચાલવા દિયે, ન્યાત ન ચાલવા દિયે.'

'શ્રી હરિ! શ્રી હરિ! હે વાલા દામોદરરાય!' અંદરથી એ સ્ત્રી જેમ જેમ રાત જતી ગઇ તેમ તેમ કાકલૂદી છોડીને આવા ઇશ્વર નામના ઉદ્દ્‌ગારો રટવા લાગી. રાત કેમેય વીતતી નથી. રાતના પગમાં જાણે કોઇએ મણીકાંના ભાર બાંધી દીધા છે. 'શ્રી હરિ! શ્રી હરિ! હે મારા વાલા દામોદરરાય! એને મરવા દેજો મા. એને મુખે પાણી પોગાડજો. એનૂં હવે કોઇ નથી રહ્યું. એ બીજા કોઇના હાથનું જળ નહિ બોટે.' સ્ત્રીએ ઝંખ્યા જ કર્યું.

'આજ આપણે એ જ પારખું કરવું છે,' ચોકીદારો વાતો કરતા હતા; 'કે એ શઠ આ રતનના હાથના પાણી વગર પ્રાણ છાંડી શકે છે? કે પાણીની ટમૂડી તો ફક્ત આ કુલટાનાં કુકર્મ ઢાંકવાનું જ બહાનું છે?'

'જે હશે તે પ્રાતઃકાળે જ પરખાઇ જશે.'

'ત્યાં એ પાખંડીના ભજન–સમારંભમાં તો પૂરી કડકાઇ રાખી છે ને, કે કોઇ બીજું આવીને એને પાણી ન પાઇ જાય.'

'ત્યાં તો જડબેસલાક કામ છે.'

રાત ગળતી હતી. ને ઓરડામાંથી 'શ્રી હરિ! હે હરિ! હે મારા વાલા દામોદરરાય! મારાં કાજ સારી જજો! હે વિઠ્ઠલા, વહેલા થજો.' એટલા જ જાપ જપાતા હતા.

રાત ભાંગતી હતી: ને ઓરડામાંથી વિલંબિત સૂરે 'હે...હરિ ! હે...દામો...' એટલા જ સૂરો ચાલતા હતા.

રાતનો છેલ્લો પહોર બેસતો હતો–ને ઓરડામાંથી સૂરો આવતા અટકી ગયા હતા.

'રંડા સૂઈ ગઈ લાગે છે થાકી થાકીને.' ચોકીદારો બોલતા હતા.

છેલ્લો પહોર પૂરો થવા પર આવ્યો હતો ત્યારે બીજા પાંચ–દસ જણા દોટ કાઢતા એ નાગર-ફળીમાં આવી પહોંચ્યા. તેઓ ગાભરા સ્વરે બોલી ઊઠ્યા,–

'કેમ આમ થયું ?''

'કેમ ભાઈ ?'

'તમે કયાંઈ આડા અવળા થયા હતા ?'

'ના રે.'

'ઝોલે ગયા હતા ?'

'અરે હાટકેશ્વરની દુવાઈ. એક મટકું પણ કયા સાળાએ માંડેલ છે.'

'રતન અંદર જ છે ?'

'ક્યારની ઘોંટી ગઈ છે.'

'પણ ત્યારે આ શું કહેવાય ? ત્યાં તો હમણાં જ એ પાખંડીને રતન પાણી પાઈ ચાલી ગઈ.'

'ઘેલા થયા ઘેલા ! ભાન ભૂલી ગયા લાગો છો.'

'અમે ભાન ભૂલી ગયા, પણ હજારો માણસોની નજર શું જૂઠી ?

સૌએ જોયું. એકએક જણને દીઠામાં આવ્યું, રોજની માફક આજે પણ વખતસર આવીને રતને નરસૈયાને ટબૂડી પાઇ.'

'એને કોઇએ પકડી નહિ ?'

'ના, કોઇ હિંમત કરી શક્યું નહિ. કોણ જાણે કેમ પણ સૌની છાતી બેસી ગઇ. બધાના હાથપગ ઝલાઇ ગયા. નરસૈયો તો પાણી વગર બેહોશ પડ્યો હતો. અવાચક બની ગયો હતો. રતને આવીને કહ્યું, 'લો ભાઇ, લો ભક્તજી, પાણી પીવો.'

આંખો ખોલીને એ શકે પાણી પીધું. એણે કરેલું તે વખતનું હાસ્ય સૌનાં અંતર પર શારડી ફેરવી ગયું. ને ઝબકેલા સૌ ભાનમાં આવે તે પહેલાં તો રતન સૌની વચ્ચે થઇને બેધડક ચાલી ગઇ.'

ચોકીદારોએ સામસામું જોયું. મોં વીલાં પડી ગયાં. ખડકીની પછીતે જુવાનો દોડીને જોઇ આવ્યા. ત્યાં તો કોઇ દ્વાર નહોતું. ઘરનું છાપરું કે ખપેડો ફાટેલ નહોતો. સૌના હૈયા પર ધાક બેસી ગઇ. સૌના અવાજ ઊંડા ઊતરી ગયા.

'ઘર ઊઘાડીને અંદર તો જુવો !'

પ્હો ફાટવા પહેલાંની ઘોર અંધારી વેળા હતી. રાત્રિના અંધકાર કરતાં પણ રાત સમેટાતી વેળાનો આ અંધકાર વધુ બીહામણો હતો. સૌએ એક બીજા સામે જોયું. પણ એકે ય હાથ એ ખડકીની સાંકળ તરફ વળ્યો નહિ. ડાચાં સૌનાં ફાટેલાં હતાં. ચોકીદારો પોતે જ ચોર-ડાકુ જેવા બન્યા હતા. વિસર્જન થતી રાત તેમને ઝાલી લેશે, કે ચાલ્યો આવતો વિશ્વચોકીઆત સૂરજ તેમને કેદ કરશે ! બધા જાણે બેય બાજુએથી ભીંસાઇ રહ્યા હતા.

'સૌ સાથે ખોલીએ.' એવી મસલત કરીને બધાએ સામટા મળી

અદ્ધર શ્વાસે ખડકી તરફ પગ મૂક્યા. સામટા હાથે સાંકળ ઉઘાડી. અંદર જતાં પરસેવો છૂટી ગયો. રોમે રોમે પાણીનાં મોતીઆં બંધાયાં.

અંદર ઘીનો દીવો બળે છે. ફૂલોની સુગંધ આવે છે. પરોડનો વાયુ વીંઝણો ઢોળી રહેલ છે. અને શ્વાસોચ્છ્વાસ લીધા વગર પણ જાણે ગાઢ નીંદરમાં સૂતેલ છે રતનબાઇ નાગરાણીનું સુંદર ગૌર શરીર.

પાસે પડી હતી એક પાણીથી ભરેલી ટબૂડી.

'એ જ ટબૂડી ને એ જ લૂગડાં: અમે સૌએ ત્યાં જોયું.' થોડાક બોલી ઊઠયા. 'ઊંઘે છે. આવીને ઘોંટી ગઇ લાગે છે.'

'ઊઠાડશું ?'

'રતન ! રતન ! ઊઠ એઇ ચોટ્ટી !' એક જણે અવાજ દીધો.

રતનબાઇ તો એવી નીંદમાં પડી હતી, જેમાંથી કોઇ ન જગાડી શકે.

'એલા ક્યાંઇક મરી ન ગઇ હોય. છેટા રહીએ. નાહક અત્યારમાં અભડાવું પડશે.' એમ કહી એક જણે સૌને દૂર ખસેડ્યા.

થોડી વારે ઓરડામાં મૃત્યુની ટાઢાશ પ્રસરી વળી ને બ્હીએલા નાગરો બહાર નીકળી ગયા.

* * *

પ્રભાત થતાં થતાંમાં તો ઊપરકોટની દેવડી પર નાગરો, બ્રાહ્મણો, રાજપૂતો, શૈવભકતો ને અન્ય સંપ્રદાયીઓનાં હજારો લોકોની ભીડ મચી ગઇ. કાળી ચીસો પડી, કારમા રીડીઆ ઊઠ્યા, દરવાજા ઉપર ધસારા ચાલ્યા, બારણાં કડડવા લાગ્યાં.

'શું છે આ ગોકીરો !' રા' માંડળિકે જયારે પાસવાનોને પૂછ્યું ત્યારે એના શરીરમાં નસેનસો તૂટતી હતી. એના મોં ઉપરથી સ્વચ્છતાનો

છેલ્લો છાંટો પણ ચાલ્યો ગયો હતો. એ જાણે અસલ હતો તે રા' નહિ, પણ બીજો કોઇ વેશધારી રા' લાગે. આગલા દિવસની સાંજ સુધી પણ જે વિભૂતિ એના ચહેરા ઉપર તરવરતી હતી તે એક જ રાતમાં અલોપ કેમ થઇ ગઇ હતી, આ એક જ રાતમાં એણે એવા કયા પાપાસુરની ઉપાસના કરી હતી, કયા સ્મશાનચારી પ્રેતોની સાધના કરી હતી! એના જીવતરની આ ગઇ રાત કાળીચૌદશની રાત હતી. એના છેલ્લામાં છેલ્લા સંસ્કારને ઊતરડી લઇને આ રાત જાણે કાળી કોઇ બિલાડીની માફક એના ઓરડામાં લપાઇ બેઠી હતી. પણ ઊપરકોટ એ છુપી વાતથી હજુ અજાણ હતો.

'ગોકીરો શેનો છે?'

'વસ્તી વીફરી ગઇ છે. ઊપરકોટ ઘેર્યો છે. મહારાજની પાસે ફરિયાદ છે.'

'પણ આ ગામમાં ને બજારોમાં દોડાદોડી શેની ચાલે છે? ઓ પણે ઢેઢવાડો કળાય, તેમાં જઇને કોણ સોટા ચલાવી રહેલ છે? ઓ પેલા કૃષ્ણમંદિર પાસે આ બધા કોને પીટી રહ્યા છે?' રા' માંડળિક પોતાના ઝરૂખા પરથી નગરને મામલો નિહાળતો હતો.

'મહારાજ! નરસૈયાએ કેર કર્યો છે. ઢેઢવાડે જઇ કાલ રાતે કીર્તનો કર્યાં છે. ને એની રખાત રતનબાઇનું રાતમાં ભેદી ખૂન થયું છે. શિવભક્તો ગોપભક્તો પર પીટ પાડી રહેલ છે. હુલ્લડ ફાટી નીકળ્યું છે. આપ જલદી લોકોને મોં બતાવો, ને નરસૈયાને યોગ્ય દંડ થશે એવી ખાત્રી કરાવો.'

'વીસળ કામદાર ક્યાં મરી ગયો છે?'

'મહારાજ, એને તો આપે જ કાલ પરગામ મોકલેલ છે ને! એ શું આપ ભૂલી ગયા!' એક અનુચરે રા' સામે આંખની ઇશારત કરી.

'હા—હા—ઠીક ! હું તો ભૂલી જ ગયો. ભૂલી શકું તો—ભૂલવા મથું છું—ભૂલી શકીશ !—નહિ ભૂલાય !—' પોતે વીસળ કામદારને શા માટે બહારગામ મોકલ્યા હતા તેનું રા'ને ભાન થયું.

'મહારાજ !' અનુચરો રા'ની વાણીનો મર્મ સમજતા હતા. તેમણે એ વાતને રોળીટોળી નાખવા કહ્યું, 'દેકારો બોલે છે. હમણાં ઉપરકોટ ઠાંસોઠાંસ ભરાશે. ઝટ મોં બતાવો ! નરસૈયાને શિક્ષા કરવા લોકોને કોલ આપો.'

'હું શા માટે ?–હું નહિ–કુંતાદે મોં બતાવે ને ! એ કોલ આપેને ! એણે જ એ પાખંડીને રક્ષ્યો છે. એને કહો વસ્તીને જવાબ આપે–એને કહો–એ રૂપાળીને કહો–એ ભગતડીને કહો–હો–હો–હો !'

'એને પણ આપે જાત્રાએ મોકલેલ છે.' અનુચરોએ રા'ને યાદ કરાવ્યું.

'હા, યાદ આવ્યું, હું જાણું છું, એ તો ગયાં હશે દોણેશ્વરની જાત્રાએ–એના સગા પાસે. ભલે ગયાં. એ એને ઠેકાણે ગયાં, તો હું મારે ઠેકાણે કાં ન જાઉં !'

કુંતાદે માટે રા'ના મોંમાંથી ગંધારા શબ્દો પ્રકટપણે તો પહેલી જ વાર નીકળ્યા. અનુચરો પણ આ હીણી વાણી સાંભળી ડઘાઇ ગયા. ત્યાં તો માણસોએ દરવાજેથી દોડતા આવી ખબર દીધા :

'મહારાજ જલદી કરો ! નરસૈયાને ઉપાડીને, મારપીટ કરતા લોકો લઇ આવેલ છે. હમણાં મારી ઠાર કરશે ને પછી વધુ વકરીને આંહી ન કરવાનું કરશે.'

'મારવા ના કહો. મેં નરસૈયાને હજી કોઇ દિ' જોયો છે ક્યાં ? એનાં ગીત સાંભળ્યાં છે ક્યાં ? એનાં ચેટક જોયાં છે ક્યાં ? હજી

મારી તો મનની મનમાં રહી ગઈ છે. ચાલો બહાર ચાલો, હું પ્રજાને પાકી ખાત્રી આપું-પાકે પાકી-કે નરસૈયાનાં રોનક તો હું જ હવે પૂરાં કરીશ.'

રા'નું ડોકું જ્યારે ગોખની બહાર દેખાયું, ત્યારે ઊપરકોટના અંદરના વિશાળ ચોગાનમાં કીકીઆરા કરતી ઠઠ હુકળતી હતી. ને એ ઠાંસામાંથી એક ટોળું આગળ ધસી મોખરે આવવા મથતું હતું. ટોળું મોખરે આવ્યું ત્યારે એમના હાથમાં ઝકડાએલો એક માણસ હતો. એના શરીર પરની પોતડી અને ઉપરણી, એ બે કપડાં પણ લીરેલીરા થઈ ચૂક્યાં છે: એના હેમવરણા દેહ પર માથાની ને કપાળની ફુટમાંથી લોહીના રેગાડા ટપકે છે: પીટાએલ દેહ ઊભો રહી શકતો નથી. છતાં એ માથું ટટાર રાખીને રા'ની સામે જોવા મથી રહ્યો છે.

'આ પાખંડી: આ મેલા મંત્રોનો સાધનારો: આ વ્યભિચારનો અખાડો ચલાવનારો: દંડ દો રા' ! શિરચ્છેદ કરો રાજા ! નીકર ગિરનારનાં શૃંગો તૂટશે. ભૂકમ્પો થશે. દટ્ટણ પટ્ટણ થશે.' એક નગરજનનો ભૈરવી અવાજ આવા બોલ બોલતો હતો.

'એને-' રા'એ ઊંચે ઝરૂખેથી હાથ હલાવ્યો: 'બંદીગૃહે નાખો કોટવાલ ! એનો શિરચ્છેદ કરવો કે બીજી કોઇ ભુંડી રીતે મારવો તે આજ નક્કી થશે. પ્રજા વિશ્વાસ રાખે.'

એટલું બોલીને રા' ઊભા રહ્યા, લોકમેદનીના હર્ષલલકાર ને 'જય હો જૂનાના ધણીનો ! જય હો શંભુના ગણનો !' એવા જયજયકાર ગગનને વિદારી રહ્યા.

રા' સૌની સામે હસ્યો, એનું ડોકું ગોખમાંથી અદૃશ્ય થયું, નરસૈયાએ ગોખ પરથી આંખો ઉપાડી લઇ, એથી થોડે દૂર દેખાતા બીજા એક શુન્ય ગોખ પર મીટ માંડી...ને ત્યાંથી એની દૃષ્ટિ ઠરી

રહી ગિરનારનાં એ શિખરો ઉપર, જે શિખરો ત્રણસો વર્ષ પર એક રાજરાણીને ટપકે તૂટી ખાંગાં થયાં છે, ને આજ પણ એ ખાંગાં ચોસલાં, ગરવાના હૈયાફાટ વિલાપનાં થીજી ગયેલાં આંસુ સમાં પડેલાં છે.

તે દિવસ બપોરની રાજકચેરી બેઠી. આખું જૂનાગઢ હલકયું. રા' માંડળિકને ન્યાયકામમાં મદદ આપવા પુરોહિતો ને નાગર ગૃહસ્થો બેઠા હતા. તેમણે સૌથી વધુ મહેનત કપાળનાં ત્રિપુંડો વગેરે તિલકો તાણવામાં લીધી હતી તે કળાઈ આવતું હતું. પ્રત્યેકના પોશાક અને લલાટમાંથી ધર્મ જાણે હાકોટા કરતો હતો. તેમના હાથમાં શાસ્ત્રોનાં મોટાં નાનાં પોથાં હતાં. નરસૈયાનો અપરાધ સાબિત કરવા તેમણે પ્રમાણો તૈયાર રાખ્યાં હતાં.

બાકીની લોકમેદનીનો મોટો ભાગ રોનક માટે આવેલો હતો. તેમની અંદર વાતો થતી હતી: 'હજુ કેટલીક વાર લાગશે? નરસૈયાને હજુ લાવતા કેમ નથી? પહેલેથી આંહી લાવ્યા હોત તો જરા ચેટક તો થાત. એને શું બંદીગૃહની અંદર જ પાછો લઈ જઈને શિરચ્છેદ કરશે? એ કરતાં બહાર મેદાનમાં કાળવા દરવાજે કરે તો કેવું સારું! ના ભૈ ના, ગિરનાર દરવાજે જ વધુ સગવડ પડે: ખરું કહું તો એને ભેરવ-જપ માથેથી જ પછાડવો જોઇએ એટલે ફોદેફોદા વેરાઇ જાય: હવે ભૈ, તમે ય કાંઇ સમજો નહિ ને? ભૈરવ-જપ ખવરાવે તો તો એને આવતે અવતારે રાજયોગ જ થાય ને.'

લોકમેદનીનો બીજો ભાગ વળી બીજું જ બોલતો હતો: શું થવા બેઠું છે જૂનાગઢનું! ઓલી રતન એમ ને એમ મૂઇ એ બરાબર ન થયું: એને ભૂંડે હવાલે મારવી જોતી'તી: બેયને માથાં મૂંડી, ચૂનો ચોપડી, અવળા ગધેડે બેસાડી ગામમાં ફેરવવાં જોતાં'તાં: ના ભૈ ના, એને બેઉને તો એક લોઢાનો થંભ ધગાવી બાથ ભીડાવવી જોતી'તી."

# પ્રકરણ છવીસમું

## દેહનું ગાન

દૂર દૂર હાથકડીઓ અને પગ-બેડીઓના ઝંકાર સંભળાયા.

'એલા નરસૈયાને લાવે છે લાવે છે.' બેડીઓના રણઝણાટ નજીક આવ્યા.

ખુલ્લાં ખડગોવાળા પ્રહરીઓથી વીંટળાએલો ભક્ત નરસૈયો રાજસભામાં આવ્યો ત્યારે કીકીઆટા ઊઠયા. 'એલા એના કપાળમાં ટીલું નથી.'

'ટીલું તો હવે એને કપાળે ધગાવીને ચોડી દેવું જોઇએ.'

'એનો વીઠલો હજી વારે ધાયો કેમ નહિ? મારે બેટે પણ આટલાં વરસ સુધી ધતીંગ હાંકે રાખ્યું, શ્રીહરિને ને દામોદરરાયજીને નામે.'

'એલા, તારા શ્રી હરિને તેડાવ ઝટ તેડાવ.' એને કોઇ આંગળી ચીંધી કહેતો હતો.

'આજ હવે રતનબાઇ પાણી નહિ પાય તે તરસે મરી જાજે.'

ભરસભામાં રા' માંડળિકે પ્રવેશ કર્યો. 'જય તીરથપતિ! જય શંભુના ગણ: જય ગંગાજળિયા!' એવી રાડો પડી.

એ બિરદોને ઝીલતો રા' પૂરેપૂરો લહેરમાં હતો. એના મોં ઉપર ગાંભીર્યની રેખા જ રહી નહોતી. પ્રજાવત્સલ ને લોકપ્રિય બનવાનો કોઈ અજબ મોકો એને જાણે આજ મળી ગયો.

નરસૈયાને ન્યાયકર્તાઓએ પૂછપરછ માંડી:–

'તું કોનો ઉપાસક છો ? '

'શ્રી હરિનો, શ્રી કૃષ્ણનો.'

'એટલે શિવનો વિરોધી ખરો ને ?'

'ના બાપ, મારો વાલોજી બીજા દેવથી જૂદા નથી. મારા શામળિયાજીમાં સૌ સમાઈ જાય છે.'

'જુવો મહારાજ !' પુરોહિતો બોલ્યા : 'અન્ય દેવો એના દેવની અંદર સમાઈ ગયાનું કહે છે. પોતાના દેવની બડાઈ મારે છે.'

'તારો વાલોજી તારા ઘરનાં કામકાજ ઉકેલી જાય છે એવું તું લોકોને ભણતર ભણાવે છે ?'

'શ્રીહરિ તો સૌનાં કામકાજ ઉકેલે છે. બધાની આબરૂનો રખેવાળ શ્રીહરિ છે. મુજ સરીખા રંક પ્રમાદીની, દુર્બળ ને દીનની એ વધુ સંભાળ રાખે છે.'

'તારે નાવાનું ગરમ પાણી પણ પ્રભુ ટંકું કરી જાય છે ખરું ?'

નરસૈયો શું બોલે ?

'તારી છોકરીનું મામેરું ય પ્રભુ પૂરી આવે, ને છોકરાના વીવા પણ પ્રભુ ઉકેલી આવે ! ખરું !'

'શ્રીહરિ સિવાય મારું રેઢીઆળનું તો બીજું કોણ પાર પાડે ?''

'તારા શ્રીહરિને તેં એકેય વાર આમ રૂપ ધરીને તારાં કામ કરતા નજરોનજર દીઠા છે ?'

'ના રે ના ! રાધેશ્યામ કરો મહારાજ. મેં કદી નથી જોયા. મુજ સરખા પાપીને એનાં દર્શન ક્યાંથી થાય ?'

'ત્યારે તું પોતાને પાપી તો માન છ. એટલો વળી ડાહ્યો ! ને પરદેશીઓના પારકા પૈસા લઇને ખોટેખોટી હુંડી પણ તેં જ લખી આપેલીને ? '

નરસૈયો ન બોલ્યો. એ ભૂલનો એને પસ્તાવો હતો.

'પછી આ રતન નાગરાણીને ને તારે શું સગપણ હતું ? '

'એ મારાં મામી હતાં. વાલાજીનાં ભક્ત હતાં.'

'એના જ હાથનું પાણી પીવામાં કાંઇ વિશેષ ભજન-રસ પડતો હતો ? કોઇ પુરુષ નહિ, તારી સગી સ્ત્રી કે પુત્રી નહિ, કોઇ બુઢ્ઢી નગરનારી નહિ, ને આ રાતી રાણ જેવી રતનમામી જ તને પાણી પાય એવાં વ્રત પણ તારે વાલેજીએ જ લેવરાવ્યાં હશે, ખરું ? '

'રતનમામી શ્રીહરિને વહાલાં હતાં. કેમકે મુજ સરીખાં એ પણ દીન હતાં, હરિનાં શરણાગત હતાં.'

'ને તુજ સરીખાં પાપી પણ હતાં, એમ કહી દે ને ? '

'પાપી નહોતાં. પાપીને પુનિત કરવા વાળાં હતાં. મારે વાલેજીએ જ મારી સારસંભાળ લેવા એને મેલ્યાં હતાં.'

'એનું મોત કેમ થયું ? તારો વિરહ સહી ન શક્યાં એથી ને ?'

'વાલાજીએ પોતાને શરણે બોલાવી લીધાં હશે. મને પાપીને રઝળતો

મેલી ગયાં. મને કહ્યું પણ નહિ. મને જરીક ચેતાવ્યો હોત ! આ પાણી છેલ્લી વારનું છે એટલું ય જો મને ગઇ રાતે કહ્યું હોત !'

આંહી નરસૈયો ન્યાયકર્તાના સવાલનો જવાબ નહોતો દેતો, પણ એની આંખો આખી કચેરી પર દસે દિશ ભમતી હતી ને એ બોલતો હતો. માણસો એની આંખોમાં દડ દડ વહેતી અશ્રુધારા દેખતાં હતાં. અનેક પ્રેક્ષકો એની મજાક મસ્કરી કરવા આવેલાં છતાં રતન મામીની વાત પર નરસૈયાના મોં ઉપર ઘોળાતી કરુણાર્દ્રતા નિરખીને તેઓ પણ અનુકમ્પાયમાન થયાં.

રા'એ પૂછ્યું: 'હેં ભક્તજી ! તમે તો ગો–લોકમાં વિચરી આવ્યા છો, હરિનું રાસમંડળ નજરે જોઇ આવેલ છો, તો તમે ત્યાં અપ્સરાઓ પણ જોઇ હશે ને ? અપ્સરા કેવી હોય, વર્ણવી તો દેખાડો.'

'બાપ, મને ખબર નથી. મેં જોઇ નથી. મને ભાસ થયો કે હું હરિની પુરીમાં ગયો. પણ મેં ત્યાં બે જ જોયાં છે. એક કૃષ્ણ ને એક રાધિકા.'

'રતન મામી તો હવે અપ્સરા થશે ને ?'

'મને શી ખબર મહારાજ ?'

'અને હેં ભક્તરાજ !' રા'એ પૂછ્યું: 'રાજકુટુંબમાંથી તમને કોઇક મનભાવતી છૂપી મદદ પહોંચાડે છે એ વાત સાચી ?'

'કોણ મદદ પહોંચાડે છે ને કોણ નહિ, એ મને કશી ખબર નથી. મદદ તો મારા વાલાજી વગર કોણ કરે ?'

'વાલા વાલાની વાત કરતો હવે સીધું બોલને શઠ !' રા'ના દાંત કચકચતા હતા. માંડળિકની આવી આછકલી તબિયત પ્રજાએ કદી નહોતી દીઠી.

નરસૈયો કશું ન બોલ્યો. એક નાગરે કહ્યું—

'અને નાગરોના જ્ઞાતિભોજનમાં હાડકાંના નળા લઇ લઇ ચાંડાલોને પણ એણે જ પેસાડેલા મહારાજ !'

'તારે કાંઇ કહેવું છે ભગત ?'

'ના મારા વાલાજી.'

તપાસ પૂરી થઇ. પુરોહિતો સાથે મંત્રણા કરી રા'એ ફેંસલો સંભળાવ્યો.

'જૂનાગઢનો નરસૈયો પાખંડ ચલાવે છે. પરસ્ત્રીઓને ફસાવે છે. અજ્ઞાનીઓને ભોળવી ઊંધે માર્ગે ચડાવે છે. જો એ રાધાકૃષ્ણની આ લંપટ ભક્તિ છોડી દ્યે, તો જ એ જીવતો રહી શકશે. ને ગોપીનો પંથ ન છોડે તો પછી એ સાબિત કરી આપે કે એના શ્રી દામોદરરાયજી સાચા છે ને સાચેસાચ એને ભીડમાં સહાયકર્તા બને છે. દામોદરરાયજીના મંદિરમાં પ્રભુની મૂર્તિના ગળામાં જે ફુલહાર છે, એ હાર જો પ્રભુ નરસૈયાના કંઠમાં પહેરાવી જાય, તો જ એ જીવે, નહિ તો કાલે પ્રાતઃકાળે, સર્વ પ્રજાજનો નજરે નિહાળે તેમ આ ધૂર્તનું માથું ઘાતકની કુહાડી ધડથી જુદું કરશે.'

માથું અને ધડ કુહાડીથી જુદાં થશે, એ શબ્દો બોલાતાં તો બધી આંખો નરસૈયાના ગળા ઉપર નોંધાઈ ગઇ. એ ગળું ગોરૂં હતું. એ ગળામાંથી રેલતી સૂરોની ધારાઓ લોકોએ પચીસ વર્ષોથી પીધી હતી. વળતા દિવસ પ્રભાતથી આ ગળું ગાતું બંધ થશે.

લોકોની નજર ગળાથી ચડતી ચડતી ઉપર જતી હતી ને સુંદર મસ્તકને સ્પર્શ કરતી હતી; લોકોની નજર ગળાથી નીચે ઊતરતી ઊતરતી નરસૈયાના ક્ષીણ છતાં સંઘેડા-ઉતાર ઘાટીલાં અંગોને

ઝીણવટથી જાણે સ્પર્શ કરતી હતી. આટલો કોમળ દેહ, નાગર માત-પિતાનાં પરમાણુંમાંથી નીપજેલો આ હેમવરણો દેહઃ અડતાં પણ જાણે એની ગુલાબ–પાંદડીઓ ખરી જશે એવી બ્હીક લાગેઃ જોતાં પણ એની ઉપર આપણી જ પોતાની નજર લાગશે એવી ચિંતા લાગે.

એ શરીર ઉપર કાલે કુહાડો ઊતરશે?

અત્યાર સુધી લોકોને તમાશો હતો, હવે લોકોને હેબત બેઠી.

નરસૈયો તો રા'નો હુકમ વંચાયો ત્યારે પણ જેવો ને તેવો જ ઊભો હતો. લોકોમાંથી કેટલાકને હજુ આશા હતી કે નરસૈયો તો રા'ને શરાપી ત્યાં ને ત્યાં ભસ્મ કરશે. પણ આ અપમાનની ઝડીઓ ઝીલતો નરસૈયો દિવ્ય તેજ પરવારી ગયેલો લાગ્યો. નરસૈયાને બંદીવાસમાં પાછો લઇ ગયા ત્યારે લોકો ટીખળ કે ઠઠ્ઠા ન કરી શક્યા. સૌને થયું કે નરસૈયો રાતમાં ને રાતમાં કાંઇક ચમત્કાર કરે તો સારું.

કોઇને એમ ન થયું કે એ ચમત્કાર કરે તે કરતાં આપણે જ આ અધર્માચારની સામે થઇ રા'ને ઘોર પાતકમાંથી ઉગારીએ.

નરસૈયો પોતે જ કાંઇક પરચો બતાવે એ આશા વગર બીજું લોકબળ ત્યાં બાકી રહ્યું નહોતું.

હાથમાં કડી ને પગમાં બેડીઓ : એના ઝંકાર નરસૈયો બંદીવાસ તરફ જતો હતો ત્યારે એના પગલે પગલે સંભળાતા હતા. કોઇ કહેતું હતું કે એ ઝંકાર તાલબંધી હતા. નરસૈયો હાથમાં કરતાલ લઇને ગાતો અને નેવળ પગમાં પહેરી નૃત્ય કરતો ત્યારે જે રૂમઝુમાટ નીકળતા તેને જ મળતા આ ઝંકાર હતા. મનમાં મનમાં એ શું કાંઇક ગાતો જતો હતો?

રાત પડી. પ્રહર દોટાદોટ પગલે જાણે ચાલવા લાગ્યો. પહેલા પહોરે પ્રહરીઓએ રા'ને ખબર દીધા કે બંદીવાસમાં કેદી ચૂપચાપ બેઠો છે.

બીજું કાંઇ કરતો નથી. રા'એ આનંદમાં આવી સૂરા લીધી. બીજે પહોર બેઠો. નરસૈયો ચૂપચાપ બેઠો છે એવા ખબર રા'ને પહોંચ્યા. રા'એ ફરીવાર મદિરાની પ્યાલીઓ પીધી. રા'ના રંગમહેલમાં સુંદરીઓના નાટારંભ શરૂ થયા.

ત્રીજે પહોર—નરસૈયો કંઇ કરતાં કંઇ જ નથી બોલતો, નથી ગાતો, માત્ર હાથપગની કડીઓ બેડીઓ ઝંકારતો ઝંકારતો કશાક સૂરો બેસારી રહ્યો છે ને બોલે છે: 'વાલાજી મારા! જતાં જતાં એક જ હોંશ અંતરમાં રહી જાય છે; વાલા, કેદારો ગાઈને તમને આજ શયન કરાવી ન શકયો. કેદારો ગાઈને તમને મીઠી મીઠી નીંદરમાંથી જગાડી નહિ શકું. અને આ ભવમાંથી વિદાય લેતે લેતે હે બાળગોપાળ! તમને હું આ કાળીનાગ કાળીંગા સાથે જુદ્ધમાં નહિ લડાવી શકું. શું કરૂં શામળા! મારો કેદારો તો તળાજે રહ્યો. ને કેદારા વગરનું મારું ગાણું તમને આ બે વર્ષથી સંતોષી શકતું નથી તેય જાણું છું. બીજું કાંઇ ગાવું નથી. ગાવો'તો એક કેદારો: ગાઇ શકત તો મરવું મીઠું લાગત.'

પ્હો ફાટતી હતી ત્યારે એકાએક બંદીવાસમાંથી સૂરાવળનો ગબારો ચડયો. રાતભર આસવો પીતો જાગતો રહેલ રા' ઝોલે ગયો હતો તેમાંથી એની નીંદર ભાંગી ગઇ. કોઇક ગાતું હતું—

'એ જી વાલા હારને કારણ નવ મારીએં
હઠીલા હરિ અમુંને
માર્યા રે પછી મોરા નાથજી
દોષ ચડશે તમુંને
એ જી વાલા હારના સાટુ નવ મારીએં......

'પ્રતિહારી!' રા'એ બહાર અટારી પર આવી બેબાકળા પહેરગીરને પૂછયું: 'કોણ ગાય છે, નરસૈયો?'

'હા મહારાજ.'

ત્યાં તો નવા સૂર ઉપડયા. પરોઢનું પદ્મ ઊઘડતું હતું તેમ સૂરોની પણુ પાંખડીઓ ખુલતી હતી.

'એ જી વાલા! ગલ રે ફુલન કેરો હારલો
ગૂંથી લાવોને વેલો,
માંડળિક મુજને મારશે રે
રવિ ઊગ્યા પેલો
વાલા હારના સાટુ......

રા'ને વિસ્મય થયું: 'આ કેદારો રાગ કયાંથી ? નરસૈયાએ ઘરેણે મૂકેલો કેદારો કોણ છોડાવી લાવ્યું ? આ કેદારો જેમ જેમ ગવાતો જાય છે તેમ તેમ મારો પ્રાણુ ગભરાટ કેમ અનુભવે છે ? મનમાં મુંઝારો કેમ થાય છે ? એલા દોડો, કોઇક એને કેદારો ગાતો બંધ કરો. એને મોંયે હાથ દાબી વાળો. એ કેદારો ગાય છે ને મને થાય છે કે મારો ઊપરકોટ ને ગરવો પહાડ કયાંઇક ઓગળી જશે. એલા કોઇ સાંભળતા કેમ નથી ? ઝટ નરસૈયાને કેદારો ગાતો અટકાવો.'

પહેરગીરોને પૂરી સમજ પડે તે પૂર્વે તો રા' પોતે અણવાણે પગે ને અધૂરે લૂગડે બંદીવાસ તરફ દોડયો. ત્યાં જઇ એ પણુ સ્તબ્ધ ઊભો રહ્યો. ને કેદારાના સૂર વણથંભ્યા વહેતા રહ્યા—

એ જી, વાલા, અરધી રજની વીતી ગઇ
હાર કેમ ન આવ્યો,
દેયું રે અમારી દામોદરા !
બંધીવાન બંધ છોડાવો...
વાલા હારના સાટુ નવ મારીએં.

એકલો બેઠો બેઠો નરસૈયો ગાતો હતો. પાસે તંબૂર નહોતો, કરતાલ

નહોતી. હતી ફક્ત હાથ પગની શૃંખલાઓ. એ તાલસૂર પૂરાવતી હતી, ને નરસૈયો ગળું મોકળું મેલીને ગાતો હતો.

* * *

જૂનાગઢ શહેર પણ અર્ધુંપર્ધું જ ઊંઘતું હતું. તેણે વહેલાં ઊઠીને નરસૈયાનો તાલ જોવા જવા તૈયારી કરી હતી. ઊપરકોટને બારણે ગિરદી જામી ગઇ હતી. સૂર્યોદયને ઝાઝી વાર નહોતી. ઊપરકોટની અંદરથી ઊંચે વાયુમાં ઉપરા ઉપરી કેદારાના પ્રભાતીસૂર ગગનારોહણ કરતા હતા: સાંભળનારા નગરજનો નવાઇ પામતા હતા. 'નરસૈયો મરવાની તૈયારી કરી રહ્યો લાગે છે. પણ છેલ્લાં બે વર્ષથી કદી ન ગાયેલા આ કેદાર–સૂરનો લલકાર આજ ઓચિંતો શાથી? એ સૌને કહેતો'તોને, કે કેદાર ગાવાની તો મારા વાલાજીની મના છે.'

આકાશ રૂધિરવરણું બન્યું ને સૌ દરવાજા સામે તાકી રહ્યા. 'એ હવે નીકળ્યો સમજો!'

નીકળ્યો તો ખરો, પણ નોખા જ રંગઢંગમાં: ઊપરકોટમાંથી ચાલ્યા આવતા નરસૈયાને હાથે કડી નથી, પગે બેડીઓ નથી: ગળામાં ગલફૂલનો હાર છે. પહેરગીરો એને પગે લાગતા ચાલ્યા આવે છે.

દરવાજા પર આવીને પહેરેગીરોએ હાથ જોડી કહ્યું, 'ભક્તજી! હવે આપ છૂટા છો. પધારો.'

'રાધેસ્યામ! મારા વાલાજી! સહુને રાધેસ્યામ. તમને મેં બહુ કોચવ્યા. માફ કરજો દાસને.'

એમ સામે જવાબ વાળતો નરસૈયો દરવાજેથી એકલો નગર તરફ ચાલી નીકળ્યો. લોકોની ઠઠ ચકિત બની જોતી જોતી ઊભી રહી ગઇ.

રા'ના પ્રહરીઓ જેને પગે લાગ્યા હતા, તેની બેઅદબ કોણ કરી શકે! સૌ કૌતુકમાં ગરકાવ હતા.

બજાર સોંસરો નરસૈંયો ચાલ્યો જતો હતો: ને લોકવાયકા એની ય મોખરે ચાલી જતી હતી, 'એનો કેદારો કોક રાતોરાત છોડાવી લાવ્યું. ને કેદારો ગાયે પ્રભુ રીઝ્યા.'

'પ્રભુ તો રીઝ્યા હો કે નૈ, પણ માંડળિક પરોડના પહેલા ઊજાસમાં નરસૈંને કંઠે કોઈક અદૃશ્ય બે હાથ હાર આરોપતા દીઠા.'

'નજરબંધી કરી હશે.'

'તે વગર કાંઈ કરડો રા' એને છોડે?'

'અરે મહારાણી કુંતાદેએ રા'ને ટાઢો દમ દીધો હશે.'

'કુંતાદે તો અહીં ક્યાં છે? એ હોય તો રા' આટલું ય કરી શકે?'

'આટલું એટલે કેટલું? કાલની વાત તો સૌ જાણે છે, પણ પરમ દિ' રાતની વાત કોઈ જાણો છો?'

'શું વળી?'

'કુંતાદેવી પરમ દિ' સવારે જ જાત્રાએ સીધાવ્યાં, ને પરમ દિ' રાતે રા'એ—વીશળ કામદારના ઘરમાં–કામદારની ગેરહાજરીમાં–'

'ચૂપ ચૂપ.'

'મને તો આ હાર ફાર વાળી વાત ખોટી લાગે છે. આપણો રા' હવે તો અપ્સરાઉં ગોતે છે ખરો ને, તે નરસૈંયે ઈ કામ માથે લીધું હશે.'

લોકવાયકા ઘેરઘેર જુદા ખુલાસા આપતી ઘૂમી વળી. રા' આખો દિવસ બહાર નીકળ્યો નહિ. ને નરસૈં મહેતાના ચોરામાં રાતે

જ્યારે ભાવિકો વ્હીતા વ્હીતા પણ ભેળા થયા, ત્યારે ફરી ભજનો મંડાયાં. મોડી રાતે કંઠે શોષ પડ્યો, ત્યારે અન્ય સૌને આછો આભાસ થયો—એક સ્ત્રીના હાથમાં જળની લોટી છે. ભક્ત નરસૈયો અંતરિક્ષમાં હોઠ માંડે છે. લોટી ઝાલનાર આકૃતિની ધૂમ્રછાયા વાયુમાં ઓગળી જાય છે.

પ્રભાતિયાં બોલીને નરસૈયે સૌને હાથ જોડી કહ્યું: 'વાલાજીનાં સૌ સ્વરૂપો! આજથી આપણા છેલ્લા જોગોપાળ છે: હવે પાણી પાનારને વારંવાર શ્રમ આપવો નથી: બહુ દૂરથી એને કાયા ધરી મહાકષ્ટે આવવું પડે છે. હવે નરસૈયો ગાશે નહિ.'

## પ્રકરણ સત્તાવીસમું

### સુલતાનનો મનસૂબો

સાડા તેર વર્ષના સુલતાનને તખ્ત પર બેઠે સાત વર્ષ થઈ ગયાં હતાં. બેઉ બાજુ મૂછો નીકળી ચૂકી હતી. સુલતાન 'બીગરો' બનતો જતો હતો. અને ઉમરાવોનાં કલેશ કંકાસ તેમ જ કાવત્રાંને સાફ કરી નાખી ઘોડે પલાણ્યો હતો, મુલકો ઘૂમતો હતો.

'આ જાંબુડો કોણે વાવેલ છે?' એમ કહેતે જુવાન સુલતાને રસ્તા પરની એક ઝૂંપડી પાસે ઘોડો રોકયો. ઝૂંપડીનો વાસી ગરીબ માણસ બહાર આવી ઝૂકી ઊભો રહ્યો. 'મેં વાવેલ છે ખાવંદ.'

'પાણી કયાંથી કાઢો છો?'

'દૂર નદીથી કાવડ કરી ભરી આવું છું.'

'એને આંહી કૂવો ખોદાવી આપો વઝીર, ને વધારે ઝાડ વાવે તો ઇનામ આપો.'

સુલતાનની એ વનસ્પતિ પરની પ્રીતિથી જ ગૂજરાત ગુલિસ્તાં બનતું હતું. આંબા, દાડમડી, રાયણ, જાંબુ, નાળીએર, બીલાં ને મહુડાં ગૂજરાતની રસાળ ધરતીને ભાવતાં. હર કિસમનાં ફળઝાડ

ઉઝેરવા રૈયતમાં ઉત્સાહ પ્રગટ્યો. પાંચ કોસ લાંબો પહોળો ફિરદોસ બાગ અમદાવાદની પૃથ્વીના લીલુડા કમખા સરીખો પથરાઇ ગયો.

કસ્બે કસ્બે જુવાન સુલતાનની સ્વારી નીકળી. પંથે પંથે એણે ફળફૂલનાં ઝાડનો શોખ વેર્યો. ને જ્યાં જ્યાં એણે ગામની કોઇ દુકાન કે ઘર ખાલી અથવા ઉજ્જડ પડેલું જોયું ત્યાં ત્યાં એનો ઘોડો ઊભો રહ્યો, એની આંગળી ચીંધાઇ, એણે અધિકારીઓને પહેલો પ્રશ્ન હમેશાં એ જ પૂછ્યો 'આ ઉજ્જડ કે ખાલી બનવાનું કારણ ?'

'બાપ મરી ગએલ છે. છોકરાં નાનાં છે.'

'મદદ આપો. એના ઉમરવાન સગાને એની સાથે રહી વેપાર કરવા કહો. રાજ મદદ આપે છે.'

જ્યાં જ્યાં જુવાન સુલતાન વિચર્યા ત્યાં ત્યાં આવાં વેરાન પડેલાં સ્થાનોનો એણે દિવસ વાળ્યો. એણે કહ્યું: 'એક પણ ખાલી મકાન મને ભયંકર ભાસે છે.'

ઠેર ઠેર એણે લશ્કરની હાલત તપાસી. 'સિપાહીઓ કેમ કંગાલ બન્યા છે ?'

'કરજવાન બની વ્યાજખાઉઓના સિતમો તળે ચગદાયા છે.'

'લશ્કરીઓને ફરમાન સંભળાવો કે ખબરદાર, બહારનું કરજ કરે નહિ. ગૂજરાતની મહેસૂલનો એક ભાગ અલાયદો પાડો, ને તેમાંથી લશ્કરીઓને જરૂર પડતાં ધીરો, પાછું તેની જાગીર પરથી વગર વ્યાજે વસૂલ કરો. વ્યાજખોરો તો કુત્તા છે. તેમનાથી છેટા રહે લશ્કરીઓ !'

પોતે જ્યાં જ્યાં ગયો ત્યાં સૈન્યના સિપાહીઓનાં પત્રકો તપાસ્યાં. અનેકનાં નામ પરથી જાગીરો રદ થયેલી જોઇ કારણ પૂછ્યું. ખુલાસો

મળ્યો 'એ સિપાહીઓ તો લડાઇઓમાં કામ આવી ગયા છે અથવા કુદરતી મોતને પામ્યા છે.'

'તો પણ તેની જાગીર સરકાર દાખલ શા માટે કરો છો?'

'શું કરીએ?'

'તેના છોકરાને નામે કરી આપો.'

'ઘણા તો અપુત્ર મૂવા છે.'

'તો અરધો ભાગ તેની દીકરીઓને આપો.'

'ઘણા સાવ વાંઝીઆ મૂવા છે, નામદાર!'

'તો એનાં આશ્રરાવાસીઓ હશે ને! એની ઓરત, ભાણેજ, ભત્રીજી વગેરે વિધવાઓ હશે. એને સૌને યોગ્ય મદદ પહોંચાડો.'

જુવાન સુલતાનનાં આ ફરમાનોએ ફોજનાં માણસોમાં ચમક પેદા કરી. પોત્તાની સાત પેઢી સુધી નજર પહોંચાડનાર ખાવીંદને માટે તેઓ પોતાની ચામડી ઉતારી દેવા પણ તૈયાર થયા.

અમલદાર આવીને કહેતો: 'હઝૂર, ફલાણો અમીર ગુજરી ગયો છે. પણ તેનો દીકરો તેની પદ્વીને લાયક નથી.'

સુલતાન એને જવાબ વાળતો: 'ફિકર નહિ. તેની પદવી જ તેને લાયક બનાવશે. તેની જાગીર કે પદવી ન ખૂંચવશો.'

આવા ડહાપણુથી જુવાન સુલતાને માણસોને માણસાઇ શીખાવી. જાગીરદારોને તેઓ જોરજુલમ ન આચરે ત્યાં સુધી તેમની હક્ક રક્ષા બાબત નિર્ભય બનાવ્યા. વેપારીઓને ચોર લૂંટારાથી સલામત કરી

મૂકયા, અને એનો જવાબ ધરતીએ કયારનો વાળી દીધો હતો: સરકારના એકેએક ગામડાની ઉપજ વધીને બેવડી બની હતી.

'બીગરો' બનવાની ખુમારીમાં મૂછોને બેઉ બાજુ વળ ચડાવતો જુવાન સુલતાન એક દિવસ કપડવણજ કસ્બામાં મુકામ નાખીને પડ્યો હતો.

રાતનું ભોજન કરીને એ ઊઠયો છે ને બૂમો મારે છે: 'અરે મરમરા લાવ રે જલદી મરમરા.'

પાંચ શેર મરમરાની તાસકો એની સામે મૂકાય છે, તેમાંથી એ ફાકડા ભરતો બોલે છે: 'યા અલ્લાહ! એક ગૂજરાતી મણની રસોઇ પણ-મારા જઠરનો ખાડો પૂરી શકતી નથી. અરે ભાઇ, આ પાંચ શેર મમરા તો હમણાં ચટ થઇ જશે. મારી પથારીની બેઉ બાજુ સમૂસા મૂકાવેલ છે ને? ભૂલી નથી ગયાને એ હેઇ ખાનસામાઓ? ન ભૂલજો, નીકર રાતમાં ઊઠીને હું તમને ખાઇ જઇશ હાં કે.'

'જનાબ, બધું જ બરાબર મૂકેલ છે.'

'પલંગની બેઉ બાજુ હાં કે! હું જે બાજુ ઊઠી જાઉં તે બાજુ મારો હાથ સમૂસાની તાસક પર જ પડવો જોઇએ હાં કે? અને સુનો બે ખાનસામા, ચૂક મત કરો બાબા, સવારે નમાઝ પછી તૂરત મારે માટે મધ ને ઘી કટોરા ભરી ભરીને તૈયાર છે કે? અને સુનેરી કેળાં કેટલાં છે?'

'દોઢ સો છે હજૂર.'

'બરાબર દોઢસોની લૂમ મૂકની હાં કે? નહિતર હું ભૂખે મરી જઇશ. ઓ મારા માલિક! ઓ ખુદા! અમ્મા સાચું જ કહેતી કે કૂતીઆ, ખાઉધરા, તારૂં શું થશે! ખુદાતાલાએ મહમૂદને ગૂજરાતનો સુલતાન ન બનાવ્યો હોત તો એનું પેટ કોણ ભરત!'

મમરા બૂકડાવતો બૂકડાવતો એ જુવાન સુલ્તાન આમ બોલે જતો હતો ને રાજી રાજી થતો હતો.

'જહાંપના !' મંત્રીએ વરધી દીધી : 'પેલો શખ્સ સોરઠથી આવેલ છે.'

'એને આંહી લઇ આવો.'

આવનાર આદમીએ બે હાથ નીચે સુધી નમાવીને કુરનસ કરી. એનો લેબાસ અસલ કાઠિયાવાડી હતો. માથે ગુલખારી આંટીઆળી પાઘડી : અંગ પર લાંબો અંગરખો, ઉપર હીરકોરી પીછોડી, ઢીલી ખુલતી સૂરવાળ, હાથની આંગળીઓમાં હેમના વેઢ : વૃદ્ધ હોવા છતાં ટાપટીપ કમાલ હતી.

'કયાંથી આવો છો ?' વાતચીત કરનાર એ બે જ જણ રહ્યા એટલે સુલતાને પૂછ્યું.

'જૂનાગઢથી, જહાંપના.'

'નામ ?'

'વીશળ કામદાર : રા' માંડળિકનો કારભારી છું.'

'શી છૂપી વાત કહેવી છે તમારે ?'

'પાદશા સલામત ! સોરઠની વસ્તીને રક્ષા આપો. હવે જલદી રક્ષા આપો. અમારો રા' ભયંકર બન્યો છે. ન કરવાનાં કર્મો આદરેલ છે એણે.'

'તમે કેમ નીમકહરામ થવા આવ્યા છો ? જાણો છો બનીઆ ! સુલતાન એક મુસ્લિમ છે. કાફીરોનો કાળ છે મહમુદશા. ને હિંદુઓની મક્કા–મદીના સરખી સોરઠ માથે જયારે એની સમશેર ઊતરશે ત્યારે એકે ય

દેરૂં સલામત નહિ રહે, મંદિરે મંદિરે મસ્જિદો બંધાશે. પિછાનો છો મને કાળને !' સુલતાને આંખો ફાડીને ચકળ વકળ ડોળા ઘૂમાવ્યા.

'હે પાદશાહ ! જે કરવું હોય તે કરજો. સોરઠની વસ્તી એ બધું સહી લેશે. નથી સહેવાતા આ અમારા હિંદુ રાજાના અનાચાર !'

'તમને શું નડયો રા' માંડળિક, હેં શેઠિયા !' સુલતાન મોં મલકાવતો હતો.

'મારે માથે તો ખુદાવંદ—' એ રડવા જેવો બન્યો; 'અવધિ કરી છે. મારી શાદી થઇ—'

'તારી ? બુઢ્ઢાની ?' સુલતાનના મોંમાં મરમરાનો ટુકડો અટકી રહ્યો.

'હા નામદાર, ત્રીજી વારની શાદી; છોરુની ખોટે કરવી પડી : મેં મારા ધણીને મારે ઘેરે આદરસત્કાર કરવા તેડાવ્યા. એણે મારી સ્ત્રીને નજરમાં લીધી. ને એક વાર મને ગામતરે મોકલી મારા ઘરમાં રાતે ઘૂસી જઇ, મારી નવીની–મારી મોહિનીની લાજ લૂંટી–ઓ મારા બાપ !' રડી પડયો.

'અબે બેવકૂફ બનીઆ !' સુલતાને કહ્યું : 'મારામાં પણ હવસનું જોર કયાં કમ છે ? હું સોરઠ ઉપર ત્રાટકીશ ત્યારે—'

'આપ તો માવતર, ઠીક પડે તેમ કરજો. આ તો હિંદુ દેવસ્થાનાંનો રાજા થઇને વિશ્વાસઘાત કરે છે. ને મારી શેઠાણી મોહિનીનો અવતાર બગાડયો તેને વળતે જ દિવસે એણે અમારા એક દરવેશ નરસૈયા ઉપર અકેકાર ગુજાર્યો. એ વિફરી ગયો છે. એ હવે શું નહિ કરે તેનું ઠેકાણું નથી. એને કોઇનો ડર નથી રહ્યો. આપને તો એ છોકરું જ માને છે. ને આપની વિરુદ્ધ પ્રજાને ઉશ્કેરી બેઠો છે.'

'તે તો મેં પણ સાંભળ્યું છે, કામદાર.'

'અન્નદાતા ! સોરઠ દેશ તો આજે આપ જેવા સુલતાનની કલગીમાં જ શોભે. આજ એને એક અશીણી, એદી, અભિમાની, લૂંટારો જારકર્મી જ ભોગવે છે.'

'હા, મેં પણ સુણ્યું છે કે ખુદાએ માળવા, ખાનદેશ ને ગૂજરાત એ ત્રણેનો અર્ક નીચોવીને સોરઠને સરજેલ છે. કુદરતના હાટમાં સોરઠ તો એ ત્રણે દેશોને કસવાના પથ્થર સમાન છે. સોરઠનાં બંદરો મારી આંખની કીકીઓમાં દિનરાત રમે છે. પણ સાચું કહું છું બનીઆ ! મારા પંજા વધુમાં વધુ તો તલસે છે એનાં દેરાં તોડવા માટે. પણ શું કરું ! તારા રા'ની કુમકે કુદરતે પહાડો ને જંગલો ખડાં રાખેલ છે. આકાશ સુધી પહોંચતો તમારો ગિરનારનો કિલ્લો, સિકંદરના કિલ્લા જેવી જેના કોટની દિવાલો છે તે તમારો અભેદ્ય આસમાની ઉપરકોટ : અને તમારા આંગણામાં જ છૂપાએલી મહબીલાની ખો જેવી, બેશુમાર ખોપો—એમાં હું ફોજ કેમ કરી લઇ જાઉં ?"

'આપને માર્ગ દેખાડવા તો હું આવેલ છું.'

'બનીઆ ! તું રખે જાસુસ હો—હું તને હવે આંહીથી જવા નહિ દઉં. હવે તો હું ચડાઇ લઇ જાઉં ત્યારે જ તું સાથે ચાલજે.'

'ઘણી ખુશીથી ખુદાવંદ ! મારે હવે ત્યાં જઇને પણ શું કરવું છે ? ઓ મારી મોહિની......ઓહ !' એ રડી પડયો; ને સુલતાન હસ્યો.

'બેવકૂફ ! જોતો નથી ? હું ખાઉં છું, તો હજમ કરવાની પણ તાકાત ધરાવું છું. તું બુઢ્ઢો, ત્રીજી વાર શા માટે તાકાત વગર શાદી કરી આવ્યો ? તારી શેઠાણીએ પોતાના ઉપર હુમલો કરનારને ખંજર હુલાવી દેવાનું યા તો પોતે જીભ કરડીને મરી જવાનું કેમ પસંદ ન કર્યું !'

'સાચું કહો છો માવતર !'

વળતા દિવસ પ્રભાતે મેદાનમાં સુલતાને પોતાની ગંજાવર ફોજની મોખરે ઊભા રહી નમાઝ પડી અને નમાઝ પૂરી થયે એણે ઉદ્દગારો કાઢયા : 'સિપાહીઓ ! ખુદાની મહેરબાની હશે તો આવતા વર્ષે આ ખુદાનો સેવક એક નવું નગર વસાવશે.'

આ બોલ બોલતો હતો ત્યારે એનું મોં સોરઠની દિશામાં હતું. ચતુર સાથીઓ સમજી ગયા કે સુલતાનની નજરમાં ગિરનાર રમે છે.

તે પછી પોતે દરબારમાં બેઠો, પહેલી મુલાકાત એણે એક સૈનિકને આપી. સાધારણ દરજ્જાના એ સિપાહીએ સુલતાનની પાસે એક ટોપલીની ભેટ ધરી. ટોપલી ઉપર લાલ કપડાનો રૂમાલ ઢાંકયો હતો.

રૂમાલ ખોલતાં સુલતાને મીઠું હાસ્ય કરી કહ્યું, 'આ શી ચીજ છે, સૈનિક ?'

'સુલતાન, એ તો મઠની સીંગો છે. તારી રજા લઈને હું મારે વતન ગયો હતો. ત્યાં અમારૂં ખેતર છે. એમાં આ મઠ ઊગે છે. એ હું તારા ઘોડા માટે લાવેલ છું. કેમકે એ સરસ છે, દાણાથી ભરપૂર છે. તારો ઘોડો એ ખાઈને તારા જેવો જ તાકાતવાન બનશે. મઠ ખવરાવ્યા વગર તારો ઘોડો તારા જેવા તોતીંગ પહાડી આદમીને ઉપાડી ગિરનાર સુધી પહોંચી નહિ શકે હો સુલતાન !'

'તારી સોગાદ હું હીરામોતી બરોબર માનીને સ્વીકારૂં છું, સિપાહી !' એમ કહીને સુલતાન પ્રસન્ન ચિત્તે હસ્યો.

તે પછી એણે ખજાનચીને તેડાવ્યો ને હુકમ કર્યો—

'આજથી જ ગિરનારની ચડાઈને માટે પાંચ કરોડ અવેજના ફક્ત સોનાના જ સિક્કા તૈયાર રાખો.'

શસ્ત્રાધિકારીને બોલાવી ફરમાન દીધું : 'કુરબેગ, ગિરનારની ચડાઇ માટે તૈયાર રાખો—સત્તરસે મિસરી, મલતાની, મઘરેબી અને ખોરાસાની તલવારો : એ દરેકની મૂઠ ચારથી છ શેર વજન સુધીની શુદ્ધ સોનાની હોવી જોઈએ: તેત્રીસસો અમદાબાદી તલવારો, જે દરેકની મૂઠ રૂપાની, પાંચથી છ શેર વજનની હોવી જોઇએ: સત્તરસે ખંજરો ને જમૈયા, જેના દરેકના હાથાનું વજન ગૂજરાતી અઢીથી ત્રણ શેર નરદમ સોનાનું હોય.'

અશ્વપાળને બોલાવી આજ્ઞા આપી કે 'બે હજાર આરબ અને તુર્કી ઓલાદના સોનેરી સાજ વાળા ઘોડા તૈયાર કરો.'

બાવીસ વર્ષના જુવાન સુલતાનની આ આજ્ઞાઓ અફર હતી. ફોજમાં આ તૈયારીના ખબર ફેલાયા કે તૂર્ત સિપાહીઓ સોરઠની ધરતી ખૂંદી નાખવા તલસી ઊઠયા તેમની કલ્પના સામે આ ધનામો હતાં, ને હિંદુ દેવસ્થાનાંના બેહિસ્તે લઇ જનારા વિનાશની તલપ હતી.

કેળાંની લૂમો ઉડાવતા સુલતાનને પણ ઉનાળો બેઠો એટલે તલપ લાગી—સાબરમતીની રેતમાં પાકતાં રાતાંચોળ તરબૂચોની. 'ખરબૂજની મોસમ નથી ચૂકવી' એમ કહીને એણે અમદાવાદ તરફ પડાવ ઉપાડી મૂકયો.

જૂનાગઢના વીસળ કામદારે પણ તરબૂચો ખાતાં ખાતાં, એના જેવાજ ગુલાબી રંગની વૈરવાસનાને પોતાના અંતરમાં પકવ્યે રાખી. એણે સુલતાન સાથેની મુલાકાતોમાં ગિરનારનાં ગુપ્ત રહેઠાણો અને ઉપરકોટ ફરતાં અભેદ્ય જંગલોમાંથી સર્પ શી ચાલી જતી છૂપી કેડીઓની વિગતવાર બાતમી આપ્યા કરી.

## પ્રકરણ અઠ્ઠાવીસમું

## દોસ્તી તૂટી

મોણીઆ ગામ ઉપર ભળકડીઓ તારો ઝબૂકતો હતો. અને ચોરાઓમાં, ઉતારાઓમાં, ઘરે–ઘરનાં આંગણામાં કાળી, કાબરી ને સફેદ મૂછ દાઢીઓવાળા, ડોકમાં માળાઓ ને કમરમાં કટારીઓવાળા, ચોખ્ખા-ફૂલ ચહેરાવાળા ને દૂધમલ દેહ વાળા, વંકી ભુજાઓ વાળા ને સાવઝ શી કટિવાળા પડછંદ પુરુષોનાં વૃંદેવૃંદ સૂતાં હતાં.

જાગતાં હતાં ફક્ત બે જણાં. એક આઈ નાગબાઈ ને બીજો જુવાન પૌત્ર નાગાજણ.

નાગાજણ ઘોડાના તંગ કસતો હતો. નાગબાઈ ઓશરીની થાંભલી ઝાલી ઊભાં હતાં.

'ત્યારે આઈ, હું જઈ આવું છું.' નાગાજણે નાગબાઈને ટૂંકું જ વાક્ય કહ્યું.

'કિસે જાછ બાપ?'

'જૂનેગઢ. રા'ને કસૂંબો પાવા.'

'આજ કાંઈ જવાય દીકરા? આખી ચારણ ન્યાત તુંને પટલાઈની પાઘડી બંધાવવા ઘરને આંગણે આવી પડી છે.'

'પણ આઇ, રા'નો કસૂંબો કાંઇ મોડો થોડો કરાય છે?'

'રા' મોટો કે નાત મોટી, હેં બાપ નાગાજણ?' આઇ જાણે મહામહેનતે શાંતિ સાચવીને બોલતાં હતાં.

'આજ આમ કાં બોલો આઇ?'

'હું સમજી વિચારીને ભણું છું ભા! આપણે તો ધરતીનાં છોરૂ. આપણી સાચી શોભા ને રક્ષા તો આપણા જાતભાઇઓના જૂથની.'

'ત્યારે શું હું રા'ને અપમાનું?'

'તયેં શું તું ન્યાતને અપમાનીને જાઇશ? સવારે પહેલે પોરે મૂરત છે. ને મૂરત ચૂકયે એકે ય જણ તારે આંગણે ઊભો નહિ રે'.'

'મને ન્યાતપટેલ કરવાની સાડી સાત વાર ખેવના હોય તો ન્યાતભાઇઓ રોકાય. રા'થી કાંઇ કોઇ મોટો નથી.'

'સૌ પોતપોતાના ઘરનો રા' છે. ચારણ કોઇ રાજાબાદશાનો ચાકર નથી. ચારણ દેવ લેખે પૂજાય છે, કારણ કે એણે રાજાબાદશાના મોહનો અંધાપો અળગો રાખેલ છે.'

'તો આઇ, મને થોડાં વરસ પહેલાં કહેવું'તું?'

'તું ને હું શું ભણું ભા?' આઇની આંખો પૂરેપૂરી તો આજ પહેલી વાર ઊઘડી: 'તુંને જે ભણવાનું હતું તે તો હરદમ મારા હૈયામાં હતું, મારા દેદારમાં હતું, મારી આંખ્યોમાં ને કાયાના રૂંવાડે રૂંવાડામાં હતું. પણ તુંને મારા મનની વાણી વાંચવાની આંખો કયાં હતી? વિચાર વિચાર, હજી ય વિચાર ને વિમાસ્ય નાગાજણ, મારો નાગાજણ જૂનાના રા'નો ખવાસ નો'ય, મારો નાગાજણ તો ચારણોની ન્યાતનો સેવક હોય ઇ જ શોભે. હિંદુ મુસલમાનનાં વરણ માતર ચારણને નમે છે તે તો એનાં તપ અને તેજને નમે છે.'

'રા'નાં માનપાન મારા ઉપર ન હોત તો શું ચારણો મને પટલાઇ બંધાવા આવત આઇ ? રામ રામ કરો. લોકો તો સત્તાને ઓળખે છે, સત્તાને નમે છે, સત્તાની જ શેહમાં દબાય છે.'

'ભૂલ્યો, ભૂલ્યો, ભૂલ્યો મારો પોતરો. અરે આવડું બધું ભાન શે ભૂલ્યો ! નાગાજણ, દેવીયુંનાં બાળમાં આ બુદ્ધિ પરગટી, એટલે હવે આપણાં તકદીરમાં રાજચળાંનાં ગોલાં થવા સરજ્યું લાગે છે.'

'આઇ, મારે મોડું થાય છે, તમે મેમાનોને રોકજો ને રૂડી રસોયું જમાડજો, કસૂંબામાં કચાશ રે'વા દેશો નહિ. ને આ એક વખત ક્ષમા કરો. હું હમણાં જ જઇ આવું છું.'

'તારા કસૂંબાની લાલચે ચારણો નહિ બેઠા રહે. ઈ તો રા' બેઠો રહેશે. ને બાપ, આ જ કટોકટનો અવસર છે. આજ અવતારભરનું ટાણું છે. આજ માણસાઇ ત્રાજવે ચડી છે.'

'આવડું બધું ? ' નાગાજણ મશ્કરીમાં ઉડાવતો હતો.

'કેવડું બધું ! તું ન કલ્પી શકે એવડું બધું. આજ ગરવાના ટૂંક જેવડી ખોટ બેસી જશે. નાગાજણ, મરમ પકડી લે.'

'આઇ ! મારો જીવ કાં ખાવ ? ' કહી નાગાજણ ચાલવા માંડ્યો.

'નાગાજણ ! સાંભળતો જા. મું ખદખદી રહી છું. હરિગુણ ગાવતા નરસૈયાને જે દિ'થી રા'એ હનડ્યો છે તે દિ'થી મુંને કિસેય ગોઠતું નસે. રાજની વિભૂતિ માતર કુંતાદે ભેગી જૂનાણાની બહાર ચાલી ગઇ છે. ને વીસળ કામદારના ઘરનો કાળો કામો...'

આઇ આંખ મીંચી ગયાં. એનાં સફેદ ભવાં રૂપાનાં પતરાં સરીખાં, ફરફરતાં હતાં. એની ગઢપણે લબડી પડેલ ચામડીમાં પણ લોહી

ચડી ચડી ઊકળતાં હતાં. એણે પોતાના મોં આડે ભેળીઆનો છેડો ઢાંકી દીધો.

'આઈ, નરસૈયાની વાત તમે પૂરી જાણતાં નથી. ને શહેર આખું વિફરી ગયું તે ટાણે રાજાએ બીજું શું કરવું? કુંતાદે તો અવળે રસ્તે ચડયાં છે. ને વીસળ કામદાર તો મહાતર્કટી નીવડયો છે. રા'ને દૂણો મા.'

'જોગમાયા તને સમત્ય દે દીકરા! નરસૈયાના પગુંમાં પડી જાય રા'–જો એનો દિ ઘેરે હોય તો. નરસૈયો તો ગભરૂ ગાય: ગાય પણ ભાંભરડા દિયે: નરસૈયે શાપ નથી દીધો. અરેરે નાગાજણ, હું બીઉં છું. મને મારી જાતની બીક લાગે છે. નરસૈયાને માથે થઈ તેવી મારા માથે—'

'બોલો મા આઈ! રા'ને એવડો નરાતાળ પાપી માનો મા. તમને! તમને તે રા' સંતાપે!'

એમ કહીને હસતો હસતો નાગાજણ ઘોડે ચડયો, આઈ એની પાછળ પાછળ જ ગયાં. એણે ઘોડાની વાઘ ઝાલી: 'દીકરા, ન જા. મને બીક......'

'આઈ તમે તો......' એમ કહી નાગાજણે ઘોડો હાંકયો.

આઈ ડેલી સુધી દોડ્યાં. 'ઊભો રે'.'

'અબસાત પાછો આવું છું.'

'એ......તયેં સાંભળતો જા બાપ!

'માયલાં વચન વિસારે
'જો તું જૂને જીશ!
'તો રા'નેે ને તાળે રીસ
નાગાજણ! નવી થિસે.'

'નાગાજણ, આજ જૂનાગઢમાં તારે ને રા'ને મોટાં રૂસણાં થાશે, મ જા, મ જા.'

નાગાજણનો ઘોડો ઉપડતાંની વારે જ વેગે ચડી ગયો હતો. આજનો ઘોડો નવીન હતો. ન્યાતના ભાઈઓ નાગાજણને માટે દેવાંગી વછેરો લઈ આવ્યા હતા. તે પર તીર માફક છૂટેલા નાગાજણે નાગબાઈનાં આ વેણ બરોબર સરખાં સાંભળ્યાં નહિ.

જૂનાગઢના રાજમહેલમાં તે વખતે કસૂંબા વગર તૂટતાં રા'નાં ગાત્રોને ચંપી કરતો હજામ વાતોએ ચડાવી રહ્યો હતો. રા' કહેતા હતા: 'ખરેખર શું એલા એ નખ બનાવટી નહોતા?'

'ના બાપુ. બાપુને પગે હાથ છે, ને કહું છું કે કાલે સૂરજના તડકામાં તમે નજરોનજર ઓગળી ગયેલા નખ જોયા તે નાગાજણ ગઢવીનાં ઘરવાળાં ચારણ્ય મીણબાઈના જ હાથપગના હતા. હું જ બાપુને બતાવવા એ ઉતારીને લઈ આવ્યો હતો.'

'ત્યારે તો અપ્સરાને સાચવીને નાગાજણભાઈ જ બેઠા છે એમ?'

'હા બાપુ. રૂપ અને ગુણ તો એને એકને ઘેરે જ ભગવાને સંઘરેલાં છે.'

રૂપ અને ગુણની વાતો સાંભળતો સાંભળતો રા' ઝોલે ગયો. હજામ ચંપી કરીને બહાર નીકળી ગયો. ને નાગાજણ આવી પહોંચ્યો. એ રા'ના જાગવાની રાહ જોતો કસૂંબાની પ્યાલીઓ તથા અપ્સરાઓની વાતો તૈયાર રાખીને જ બેઠો હતો.

એકાએક રા' ઝબકીને બેઠા થયા. બેબાકળા એણે બૂમ મારી: 'ખબરદાર, ખબરદાર જો લઈ ગયો છો તો! ખબરદાર નાગાજણ!'

'અન્નદાતા ! ધણી મારા ! આ રહ્યો હું. આંહી હાજર જ છું. કોણ, શું લઇ ગયો ?' નાગાજણે રા'ની પાસે જઇ પૂછ્યું.

રા'ના મોં પરથી તે વખતે એક મચ્છરીયું ઊડતું ઊડતું દૂર ચાલ્યું જતું હતું. રા'એ ચકળવકળ આંખો ઘૂમાવી. ઘૂમતી દૃષ્ટિ ગિરનારના ગળા ફરતી અદ્ધર તરતી વાદળીઓમાં ભમતી હતી. રા'ના ચહેરા ઉપરથી લોહી, ઓટ વેળાના સમુદ્રની પાછી વળી જતી વેળયની માફક નીચે ઊતરી જતું હતું.

'કેમ લઇ ગયા નાગાજણ ?' રા'એ પુછ્યું.

'શું બાપુ ? કોને લઇ ગયો હું ?'

'અપ્સરાને. મારી અપ્સરાને તમે કેમ ઉપાડી ગયા ?'

'અન્નદાતા ! રા' ! ઊંઘમાં છો ? જાગો, કસૂંબો તૈયાર છે.'

રા'એ કસૂંબો લીધો, પણ એની દૃષ્ટિ ઘૂરકતી હતી.

'સોણું હશે ?'

'સોણું જ તો બાપ.'

'પણ આંહી એ ઊતરી, આંહી એ બેઠી, મને એણે પંપાળ્યો, ત્યાં જ તમે એને ઉપાડીને ચાલ્યા ગયા.'

'માડી કલ્પનાઓ, મારા ધણી !'

'કલ્પનાઓ–કલ્પનાઓ–કલ્પનાઓ–કલ્પનાઓ સાચી હશે, કે સંસાર જ સાચો હશે ? કલ્પનાઓમાં તો ગઢવી, તમે જ મને ખૂબ રમાડયો. સત્ય મરી ગયું, ને કલ્પનાઓ જ સાચું જીવતર બની ગઇ. નરસૈયો કલ્પનામાં જ જીવ્યો, વિહર્યો, માણી ગયો. ના, ના,

કલ્પનાનો કીડો તો મને જ રાખી દઈને એક તો નરસૈયો માણી શક્યો, ને બીજા તમે માણો છો: નાગાજણ ગઢવી.'

'બાપા !' નાગાજણને રા'ની આજની લવરી બ્હીવરાવવા લાગી: 'કસૂંબાને મોડું થયું ખરું ને, એટલે આપનો જીવ ચકડોળે ચડી ગયો.'

'ના, ચકડોળ તો કે'દુનો ફરે છે. હવે તો ચકડોળ પરથી પડવાનો કાળ આવે છે. એવો પડું, એવો પડું, કે ફોદા જ વેરાઈ જાય. એવું કાંઈક કરો ને ભાઈ ! ચકડોળ જરા જોરથી ફેરવો ને ગઢવી. આ તો હજી ધીમો ફરે છે. હવે કાંઈ હળવે હળવે ફરે તે ગમે ખરું કે ?'

એવું એવું તો રા' ઘણું બોલી ગયો. વાસ્તવિકતાની ધરતી પરથી એના પગ લસરી જ ગયા. એણે વારે વારે કહ્યું.—

'કુંતાદે અપ્સરા નથી, તમે અપ્સરા કહીને પરણાવેલ ભીમરાજની દીકરી પણ અપ્સરા નથી. અપ્સરા વીસળ કામદારની વહુ પણ નથી. મને તો એકેય ન મળી, મને મળું મળું થઈ ત્યાં બસ તમે ઝૂંટવી ગયા.'

'આ શું કહો છો રા' ગંગાજળિયા ?'

'ગંગાજળિયો ગંગાજળિયો કહી મને કાં કૂટી માર્યો ? મને તમે સૌએ બસ જોરાવરીથી ગંગાજળિયો બનાવ્યો. મને જ એકલાને કાં આદર્શોનું પોટકું ઉપડાવો છો ? તમે બધા હળવા ફૂલ થઈને માણો છો, ને વેઠ મારી પાસે કરાવો છો. આમ નહિ ચાલે.'

'પણ શું નહિ ચાલે બાપ ? સમજાવો તો ખરા !'

'મારે જોઈએ જ—એ પાછી જોઈએ જ—એ તમે છૂપાવીને બેઠા છો તે હું નહિ ચાલવા દઉં. હું તમને કહી રાખું છું.'

ઘૂમાઘૂમ કરતા રા'ના ડોળાનો એકેય તાંતણો નાગાજણ ઉકેલી ન શક્યો. પોતે વાળેલા સત્યાનાશની કેડી એને પોતાને જ ન દેખાઈ,

'મને તો જમિયલશા સાંઇએ પણ ત્યાગ્યો છે. કાંઇ ફિકર નહિ. મેં એને અપ્સરાઓનું પૂછ્યું તેમાં તો એ ભૂંડો છેડાઇ પડયો. તો શું થઇ ગયું? તો હવે મને કૈક નાનકડા રૂપકડા ફકીરોનો સમાગમ થઇ ચૂકયો છે, એમણે મને કહ્યું છે—'

'શું કહ્યું છે ધણી?'

'એ હું તમને શા સારૂ કહું? ત્યાંય પાછા તમે ઝૂંટવવા તૈયાર રહો, કાં ને? એ નહિ કહું. એમના ધરમમાં શું શું આશાઓ ને દિલાસાઓ છે, તે હું કોઇને નહિ કહું.' કહેતે કહેતે રા'નાં નેત્રો ચમકારા કરવા લાગ્યાં. રા'ના મોંમાં અમી છૂટવા માંડયું. રા'એ હોઠ ઉપર જીભ ફેરવીને હોઠ પલાળ્યા. રા' પોતાને જડેલું કાંઇક અણમોલું રહસ્ય પોતાના અંતરને વિષે પંપાળવા લાગ્યા.

વેળા ઘણી વીતી ગઇ. પોતાને ઘેરે ન્યાત મહેમાન છે એમ કહી નાગાજણે રા'ની રજા લીધી.

નીચે જઇને નાગાજણ જ્યારે ઘોડે ચડયા ત્યારે રા' ગોખમાં ઊભા ઊભા જોતા હતા. નાગાજણે રાંગ વાળી કે તૂર્તજ ઘોડો કંઇક એવા રૂમઝુમાટ કરવા લાગ્યો કે રા'એ ઉપરથી હાક મારીઃ "એ દેવ, જરી ઊભા રેજો.' એમ કહેતો પોતે બે બે ને ત્રણ ત્રણ પગથિયાં ઠેકતો નીચે ચોગાનમાં આવ્યો ને ઘોડાની માણેકલટ પંપાળવા લાગ્યો : પૂછ્યું 'આ રૂપ કયાંથી હેં દેવ?'

'બાપ, મને ન્યાતે દીધો.'

'આના ઉપર તો મારું દિલ ઠરે છે.'

'દિલ ઠરે એવો જ છે બાપા. પગે હાલતો નથી પણ પાંખે ઊડે છે એવી એની હાલ્ય છે. આજ જો આ ઘોડો રાંગમાં ન હોત તો આપની પાસે હું આટલો વ્હેલો પોગત નહિ.'

'પણ હૈયું બહુ ઠરે એવો છે હો દેવ!'

નાગાજણને હજુય સમજણ ન પડી. એણે કહ્યું 'ત્યારે બાપા હવે રજા છે ને ?'

'થોડીક વાર ઘોડાને પંપાળી લઉં.'

'ખમા ! પણ ઘેરે ન્યાત ખોટી થાતી હશે.'

'તો દેવ ! મારા દોસ્ત !' રા'એ નાગાજણનો હાથ ઝાલીને કહ્યું: 'આપણી અશ્વશાળામાંથી તમને મરજી પડે તેટલાં ઘોડાં છોડી જાઓ, ને—'

'ને શું બાપા ?'

'આ એક જ વછેરો મને આપો.'

નાગાજણ ખસિયાણો પડયો. રા'ની માગવાની રીત એને તુચ્છ લાગી. એણે કહ્યું 'બાપા ! જૂનાના ધણીને જાતવંત ઘોડાંની કયાં ખોટ છે? મારે ઘરધણીને ચડવાના કોડ પૂરે એવો તો આ માંડ માંડ મળ્યો છે.'

'એટલે કે તમારે એકને જ બધી વાતે માણવું છે, ને મને કલ્પનાઓમાં જ રમતો રાખવો છે એમને ? ઠીક રામ રામ !'

'રામ રામ બાપા.' નાગાજણ ચાલી નીકળ્યો. રસ્તે એને વિમાસણ થતી જતી હતી—

'આ તે આવો ભાવઠ કેમ બની ગયો ? મેં શું એને જીવતરમાંથી ખેડવી નાખ્યો? મને કેમ સરત જ ન રહી? હું અપ્સરા લઇ ગયો, ને ફકીરો એને કાંઇક આશા દિલાસા દે છે, તે બધું શું હશે?'

વિચારતો વિચારતો એ એક સૂકા નેરાની તપતી રેતમાં ઊતર્યો, ત્યારે એને આઘે નેરડામાં એક આદમી બેઠેલો દેખાયો. જબ્બર પુરુષ હતો. ને એની બાજુમાં શું પડ્યું છે? ઘોડો પડ્યો છે. પહાડ જેવડો ઘોડો આમ સૂતો છે કેમ?'

નાગાજણે નજીક જતાં જ ઓળખ્યો એ પુરુષને. આ તો રા'ની સામે બહારવટે નીકળેલા સરવા ચોવીશીવાળા વીકાજી સરવૈયા!

'જે સોમનાથ વીકાજી કાકા!' નાગાજણે શુદ્ધ ભાવે કહ્યું.

'જે સોમનાથ દેવ!' વીકાજી સરવૈયાના બુઢ્ઢા બોખા મોંમાંથી ક્ષીણુ પડઘો નીકળ્યો. એને બ્હીક પણુ લાગી.

'કેમ આમ અંતરિયાળ કાકા?'

'બસ દેવ, બારવટું આથમી ગયું.'

'પણુ શું થયું?'

'ચડવા એક જ ઘોડી હતી. એની પીઠ માથે જ મારા બારવટાનો ભાર હતો. એના પ્રતાપે કોક દિ' પણુ રા' મારૂં પાર પાડશે એવી આશા હતી. આજ એ મરી ગઈ.'

'હવે?'

'હવે બસ, તમે રા'ને બાતમી પોગાડો ત્યાં લગી આંહી જ બેઠો છું. મને ને ઘોડીને હારે જ દેન પાડજો બાપા! એટલું રા'ને કહેજો.'

નાગાજણુ નીચે ઊતર્યો ને બોલ્યો, 'ઊઠો વીકાજી કાકા.'

'કાં બાપ?'

'જોગમાયા તમને ઘોડીને સાટે ઘોડો દે છે.'

બહારવટીઆએ નાગાજણની સામે જોયું. 'રા'ના ભાઈબંધ ! બુઢ્ઢાની ઠેકડી કરો છો ? આખરે તો તમે સૌ રાજપૂતોના સરખા પૂજનીય છો એ ન ભૂલશો.'

'માટે જ કહું છું સરવૈયાજી ! કે ઊઠો, ને જૂનેગઢ ભાંગો આ ઘોડાની પીઠ પર બેસીને.'

'સાચું કહો છો ?' બહારવટીઆની વૃદ્ધ આંખો સહેજ સજળ બની. 'રા'ની સાથે તમારે વેર થાય...'

'મારી ફિકર કરો મા, ને ઊઠો. માતાજીએ ઘોડો આપી વાળ્યો.'

* * *

તે દિવસની સાંજે ગોધૂલિ વેળાએ જૂનાગઢની ઊભી બજાર ચીરતો એક ઘોડેસ્વાર કોઈને ભાલે પરોવતો, કોઈને ઝબોઝબ ઝાટકા મારતો, દુકાનો ખેદાન મેદાન કરતો આરપાર નીકળી ગયો, અને રાતના મશાલ ટાણે રા'ને સમાચાર પહોંચ્યા કે એ બહારવટીઆ વીકાજી કાકાની રાંગમાં નાગાજણ ગઢવીનો એ જ ઘોડો હતો, કે જે રા'ને આપવાની નાગાજણે આજ સવારે જ ના પાડી હતી.

* * *

નાગાજણ ઘેર પહોંચ્યો ત્યારે ચારણ દાયરો પોતપોતાને ગામ ચાલી નીકળ્યો હતો. સમાચાર મળ્યા કે ન્યાતભાઈઓ પોતાને તરછોડી જનાર નાગાજણ પ્રત્યે ઊંડું મનદુઃખ લઈને જતા રહ્યા હતા. એ કાંઈ બોલ્યા ચાલ્યા વગર ઘરમાં પેસી ગયો. નાગબાઈએ પણ જીભને સીવી લીધી હતી.

રાતે નાગાજણની વહુ મીણબાઇએ, મૃત્યુલોકની એ અપરૂપ અપ્સરાએ નાગાજણને કહ્યું કે 'કોઇક મોટું અનિષ્ઠ થવા બેઠું છે. આઇનો જીવ અંદરથી વલોવાઇ રહ્યો છે. આઇ એકાંતે વારંવાર બોલ્યા કરે છે કે નરસૈ મેતા ! હરિના હેતાળુ ! આટલી આટલી સતાવણી તુંથી શે સંખાઇ શકી ? તારા મોંમાંથી શરાપ, અરેરાટી કે હાયકારો, કાંઇ કરતાં કાંઇ કેમ ન નીકળ્યું ? નરસૈયા, મેંથી આવું કાંઇ થશે તો શે સે'વાશે ? મારી મતિ કેમ કરીને ઠેકાણે રે'શે ? તું હરિનો ભગત, ને હું તો મેખાસૂરનાં રોડ (રૂધિર) પીનાર નવલાખ વિકરાળ લોબડિયાળીયુંની છોરૂ, મારાં તો ખાનપાનમાં ને શ્વાસોશ્વાસમાં રજોગુણ. તારી સાત્વિક વૃત્તિ મેંથી શે સાચવી જશે ? અરે મને મલક દેવ્ય (દેવી) ભાખે છે, પણ મેંથી કયાંઇક ડાકણ થઇ બેસાશે તો કેવો બટ્ટો બેસશે ? ને આ રાજા બદલી ગયો, ઉખડેલ થયો, એ કોને નહિ સંતાપે ! પણ શું કરૂં ? મારૂં ઘર જ આ ગોરખ–ધંધાને ન અટકાવી શકયું ! આવું આવું લવતાં આઇ મારી ય આડાં ઊતરતાં નથી. કોઇ મળવા આવે તો મળતાં ય નથી. ચારણ ! તમે જાળવજો હો ! મલકનું નખોદ ન નીકળી જાય.'

નાગાજણ પાસે આશ્વાસનનો એકેય શબ્દ રહ્યો નહોતો.

# પ્રકરણ ઓગણત્રીસમું

## હું સંભારીશ માંડળિક

જૂનાગઢમાં બનેલા બનાવની વાત નાગાજણે ઘરમાં કરી નહોતી. ને એ વળતા દિવસે એ રા' પાસે ગયો ત્યાંથી પરબારો જ ગામતરે ચાલ્યો ગયો. ક્યાં ગયો તેની જાણ એણે કરી નહિ. પંદરેક દિવસ વીત્યા.

એક પણ દિવસ જેને આંગણે પરોણાનો અભાવ નથી, મહેમાન વગરનું ઘર જેને મસાણ સરીખું લાગે છે, તે બુઢ્ઢી નાગબાઈ આજ મહેમાન વગરની જમી નથી. કોઈ અતિથિ આવ્યું નથી. મહેમાનની વાટ જોઈ જોઈ બપોર ચડયા છે. બુઢ્ઢી ડેલીએ ઊભી ઊભી મહેમાનની વાટ જોવે છે. મહેમાન નથી આવતો. બુઢ્ઢી આખરે પોતાના આંગણાના લીંબડા ઉપર ચડીને સીમાડા ખોળે છે. દસે દિશાઓ મહેમાન કે વટેમાર્ગુ વગરની કળાય છે. ક્યાંય મહેમાન આવે? કોઈ વા'લાં વટેમાર્ગુ આવે? આજનું શીરામણ શું સ્વાર્થનું બનશે?

એકાએક સીમાડે ખેપટ ઊડે છે. આવે છે કોઈક વટેમાર્ગુ. 'જાવ મારા બાપ, મારા ચારણો, વટેમાર્ગુ જે કોઈ હોય તેને આંહી છાસ્યું પીવા તેડી આણજો.'

થોડી વારે માણસોએ આવીને સમાચાર દીધા: 'આઈ, વટેમાર્ગુ નથી. રા' માંડળિક પોતે પધાર્યા છે.'

'ક્યાં, ક્યાંઇ આગળ જાય છે ?'

'ના આઇ, ચાડીને મોગુગે જ પધારેલ છે. કહે છે કે આઇનાં દર્શને આવ્યો છું. ભેળો રસાલો પણ છે. મોઢું ઝાંખું ઝપટ છે.'

'અરે બાપડો !' નાગાજણની ને રા'ની વચ્ચે બની ગએલા બનાવની અણજાણ ચારણીએ ઉદ્ગાર કાઢ્યા : 'હરણાંનાં માથાં ફાટે એવા આ કારમા તડકામાં મોહળનો ધણી પંડ્યે આવ્યો, કાંઇક જરૂર પડી હશે. મુંઝાણો દિસે છે. પસ્તાણો લાગે છે. મીણબાઇ ! બેટા ! ચાય તેમ તોય આપણો ધણી છે. આપણે આંગણે આવેલ છે. નાગાજણ તો ઘેરે નથી. આપણે રા'ને ટીલાવા જાવું જોવે બાપ ! કંકાવટીયું સાબદી કરો. નકોર લૂગડાં પહેરો. ધોળ મંગળ ગાતાં ગાતાં જઇને ટીલાવીએ ને બીજું તો કાંઇ નહિ, પણ મારૂં સાંભળશે તો પાસે બીસાડીને હૈયાની બે વાતડિયું ભણીશ હું. હાલો બાઇયું, હાલો બુઢ્ઢીયું ને નાનડીયું ! હાલો માડી, મોહળના રા'ને ટીલાવવા ઝટ હાલો.'

ઝાઝી વાર લાગી નહિ. નાગબાઇનું વેણ એ ચારણના નેસડાને ઘેર ઘેર ફરી વળતાં તો ચારણીઆણીઓનાં ઢુંગે ઢુંગ (ટોળે ટોળાં) રાતાચોળ ને કાળી નકોર લોબડીઓના છેડા વડે ધરતીને વારણાં લેતાં, દેવીઓના સોળા ગાતાં ગાતાં ગામપાદરને વડલા-છાંયડે જ્યાં રા' ઊભેલ હતો ત્યાં ચાલ્યાં. મોખરે હાથની હથેલીમાં કંકાવટી લઇને મીણબાઇ ચાલે છે: મીણબાઇ, જેનાં મોં પર માતાજીનાં અર્પેલ અનોધાં અપ્સરારૂપ છે: જેના નખની કાગીઓ સૂરજના તાપમાં ઓગળી જાય છે.

'એજ-એજ મારા સ્વપનાવાળી.' રા'એ ઢૂકડી આવેલી મીણબાઇના મોંને દેખી મનનો ઉદ્ગાર મનમાં શમાવ્યો.

ચારણોના વૃંદની વચ્ચે જેનું મસ્તક સૌથી ચડિયાતું, મંદિરના

શૃંગ સમું નીકળે છે તે બુઢ્ઢી નાગબાઇની નજર પણ રા'ના મોં સામે ચોંટી હતી. એને પોતાની ભૂલ સમજાઇ ગઇ. એણે માંડળિકના મોં ઉપરની રેખાઓ ઉકેલી લીધી. એના હૈયામાં ફડકો ઊઠયો.

મીણબાઇ વધુ નજીક આવી. રા'ના મોં પર સાપ સળવળ્યા. મીણબાઇના નખને રા'ની નજરે સમળી સૂડાના બચ્ચાંને ચાંચમાં પકડે તેમ પકડી લીધા. ને નખ ઉપરથી ચડતી ચડતી એ દૃષ્ટિની નાગણી મીણબાઇની હથેળી, કાંડાં, કોણી, બાહુ ને બગલનાં પગથિયાં ચડતી ચડતી છેક છાતીનાં યૌવન સુધી ચાલી ગઇ. ત્યાંથી લસરી ગઇ. લસરવામાં મજા આવી. વારંવાર ચડી ચડીને દૃષ્ટિ લપટી. 'એ જ એ તો—મારા સ્વપનામાંથી નાગાજણે ઉપાડી લીધેલી એ જ એ અપ્સરા.'

ઢાકાની મલમલમાં ન ખીલે એટલું અપરંપાર ખીલી ઊઠ્યું એ ચારણી-રૂપ, ઊનની ધીંગી કસૂંબલ ઓઢણીમાં.

કંકાવટીમાં આંગળી બોળીને મીણબાઇ રા'ની અડોઅડ ટીલાવવા ઊભી રહી, ત્યારે તો રા'ને અપ્સરા-રૂપની સોડમ આવી. એ સુગંધે માંડળિકને સુરાપાન કરાવ્યું, ભાન ભૂલાવ્યું, ગંગાજળિયો ગઢપતિ, ઉમાદેનો રસીલો કંથ, રાજપૂતીનો રક્ષણહાર, જ્ઞાની, યોદ્ધો, વિવેકી, તમામ વિવેકને પરવારી જઇ મોં બીજી દિશામાં ફેરવી ઊભો રહ્યો.

'આઇ !' મીણબાઇએ નાગબાઇને કહ્યું : 'રા' ફરે છે.'

'રા' તો જ્ઞાની છે બાપ ! અમથા ન ફરે. મૂરત એ દસ્યે હશે. ત્યાં ફરીને ટીલાવ દીકરી !'

રા'નું હૈયું જાણે મીણબાઇને ધકેલીને દૂર કરવા માગતું હતું. રા'થી મીણબાઇની નિકટતા નહોતી સહેવાતી. રા'ને કોઇક માયલો જીવ કહેતો હતો 'ભાગી છૂટ, ન્હાસી છૂટ.' પણ રા'ને બીજો અવાજ કહેતો હતો, 'દૂર ન રાખ. હવે કયાં છેટું છે. ભેટી પડ.'

કંકુમાં ઝબોળેલી આંગળી રા'ને કપાળે પહોંચે તે પહેલાં તો રા' ત્રીજી દિશામાં ફરી ગયો.

ખસિયાણી પડેલી મીણબાઇની આંગળીએથી કંકુનાં ટીપાં ટપક ટપક ટપકી પડયાં. એણે ફરીવાર કહ્યું, 'ફુઇ, રા' તો ફરે છે.'

'સુજાણ રા' અમથા ન ફરે બાપ! મુરત એ દસ્યે હશે. ટીલાવ તું તારે.'

પછી જ્યારે ચોથી દસ્યે રા'એ મુખ ફેરવી લીધું, રા'ની પીઠ ચારણોના વૃંદ તરફ થઇ ગઇ, સોળાનાં ગીત થંભી ગયાં, ને મીણબાઇએ જ્યારે ત્રીજીવાર કહ્યું, કે 'ફુઇ, રા' ફરે છે,' ત્યારે નાગબાઇનો કંઠ રૂંધાઇ ગયો. એણે ન બોલવા મહેનત કરી. પણ એનું ગળું દાબ્યું દબાયું નહિ. એની જીભ ઝાલી રહી નહિ. એણે કહ્યું—

'હાંઉ બેટા! હવે તો રા' નસં ફરતો, રા'નો દી' ફરતો સે.'

રા'નાં લમણામાં એ શબ્દો સાંભળતાં જ ચસકા નીકળી ગયા. એ નાગબાઇ તરફ ફર્યો.

નાગબાઇએ પોતાની આંખો ધરતી તરફ રાખીને કહ્યું: 'પાછો જા, બાપ! પાછો ઝટ જૂને પોગી જા.

ગંગાજળિયા ગઢેચા,
(તું) જૂને પાછો જા
(મારું) માન ને મોદળ રા'!
(નીકે) મું સંભારીશ માંડળિક

'પાછો જા બાપ, વેલો પાછો જા, મોદળના ધણી, ગરવો લાજે છે.'

'મારા મલકમાં કરવેરા ભર્યા વગર રે'વું છે–' રા'ના મોંમાંથી થૂંક ઊડવા માંડયું, શબ્દોના ચૂંથા નીકળ્યા— 'ને પાછા મિજાજ કરવો છે?'

'હાંઉ! હાંઉ ગંગાજળિયા!' નાગબાઇએ આંખો ઊંચકયા વગર હાથ ઊંચો કર્યો; 'ઘણી બધી થઇ; ગંગાજળિયા! વીર! આ વાતું ન ઘટે—

ગંગાજળિયા ગઢેચા
વાતું ન ઘટે વીર!
હીણી નજરૂં હમીર
નોય માવતરૂંની માંડળિક!

માવતર! માવતર! પાછો જા. અને ગંગાજળિયા, આ તો નેવાંનાં નીર મોભે ચડયાં!—

ગંગાજળિયા ગઢેચા
વાતું ન ઘટે વીર!
નેવાં માયલાં નીર
મોભે ન ચડે માંડળિક!

'ચૂપ થાવ ડોશી! મને ઓળખો છો? હું માંડળિક: હું મોણીયાનો ટીંબો ખોદી નાખીશ.'

'ઓળખ્યો'તો બાપ!' હજુયે નાગબાઇએ ધરતી પરથી નજર નહોતી ઉપાડી. ફક્ત એનો હાથ જ જાણે બોલતો હતો—'તુંને તો મારા વીર! મેં રૂડી રીતનો ઓળખ્યો'તો. તારૂં પંડ પવિતર હતું. અરે તારે સ્પર્શે તો રગતકોઢ જાતા'તા—કેવો નીતિમાન તું?—

ગંગાજળિયા ગઢેચા
(તારૂં) હતું પંડ પવિત્ર
વીંજતનાં રગત ગયાં
મુંને વાળા માંડળિક!

'વીંજા વાજા સરીખા પાપીનાં તો તેં રક્તપીત કાઢયાં હતાં, એને ઠેકાણે આજ તારી હવા અડયે મને જાણે કે વાળા ખીલીઓ નીકળી રહેલ છે. મારે રોમેરોમે શૂળા પરોવાય છે. તું કોણ હતો? ને કોણ બન્યો?'

બોલતે બોલતે બુઢ્ઢીનું હૈયું ભરાઇ આવ્યું. નાગબાઇના મોંમાંથી પ્રત્યેક વેણ કરુણારસભરી કવિતાનું રૂપ ધરી વહેતું હતું. લોકવૃંદ તો પાષાણમાં આલેખાઇ ગયું હોય તેવું ચૂપ ઊભું હતું. રા'ને રૂંવાડે રૂંવાડે ક્રોધ અને બુદ્ધિભ્રમ બટકાં ભરી રહ્યાં હતાં. એના વિષય-ધ્યાનમાંથી કામ જન્મ્યો, કામની અતૃપ્તિમાંથી ક્રોધ પ્રગટ્યો, ક્રોધે એને સંમોહ ઉપજાવ્યો, ને સંમોહે સ્મૃતિ મતિનો વિભ્રમ પેદા કર્યો. એણે મોં બગાડી નાખ્યું. લાલસા અને મદનું મિશ્રણ હાંસી અને તુચ્છકાર સાથે ભળી એના ચહેરા પર ભયંકર વિકૃતિ કરતું હતું: એ બોલ્યો, 'નીકર તું શું કરી નાખવાની હતી? નરસૈયો મને શું કરી શક્યો?'

'રે'વા દે વીર! રે'વા દે, નરસૈયાની યાદ દેવી મને રે'વા દે. હું નરસૈયાના પગુંની રજ પણ ન થઇ શકું. એનું વેર મારા હૈયામાં મ જગાડ. મોદળના ધણી! મને ડાકણી કરવી રે'વા દે. હું જન્મારાની બળેલ ઝળેલ, મને શા સારૂ ડાકણ કર છ?'

'ડાકણ જ છો તું ડોશી! તને ડાકણ કરવા જેવું શું હતું? તું મને શરાપવા માગ છ ને! શરાપી લે.'

'હાય હાય ગંગાજળિયા! મારી જીભ ખેંચીને બોલાવ છ? અરે હજી ચેત ચેત, હું શરાપતી નથી, હું તો જે જોઉં છું ઈ કહું છું.

'તુ શું જોવ છ?'

'હું જોઇ રહી છું બાપ કે—

જાશે જૂનાંની પ્રોળ
[તું] દામોકંડ દેખાશ નૈ
રતન જાશે રોળ
[તે દિ'] શું સંભારશ માંડળિક.

તે દિ મને તું સંભારીશ માંડળિક, જે દિ,

ની વાગે નીશાણ
નફીબ હુકળશે નહિ
હુકળશે અસરાણ
(આંહી) મામદશાનાં માંડળિક.

તારાં ડંકાનિશાન પર પડતાં ચોઘડિયાંના ઘોસા બંધ થશે, તારી નેકીના પોકાર બંધ થાશે, ને આંહી સુલતાન મામદશાના માણસો એલી એલી કરશે.'

'હાં, બીજું બુઢ્ઢી ? બીજું શું જોઇ ?'

જોઉં છું બાપ, કે—

પોથાં ને પુરાણ
ભાગવતે ભાળશો નહિ
કલમાં પઢે કુરાણ
તે દિ' મું સંભારશ માંડળિક !

'આ તારી ધરમની પોથાઓ, વેદ, ભાગવત ને પુરાણો વંચાતાં ને લાખોની મેદનીને સંભળાતાં બંધ થશે. આંહી તો મુસ્લિમો કલ્માં ને કુરાનના પાઠ કરશે.'

'તારી એકેએક વાત ખોટી ઠરાવીને તારી જીભ ખેંચી નાખીશ બુઢ્ઢી, ટાબરીઓ મામદશા મારા ગઢને માથે હાથ નાખી રીયો.'

'ગર્વ મ કર, મદનાં વેણુ મ બોલ માંડળિક, તું મને સંભારીશ તે દિ', જે દિ

જશે રા'ની રીત
રા'પણું ય રે'શે નહિ
ભમતો માગીશ ભીખ,
તે દિ' મું સંભારીશ માંડળિક !

'અને માંડળિક ! ગંગાજળિયા,

તારી રાણીયું રીત પખે
જાઇ બજારે બીસશે
ઓજલ આળસશે
તે દિ મું સંભાળીશ માંડળિક

અરે બાપ, તારા રાજની રાણીઓને લાજ મરજાદ મૂકીને બજારે બેસવું પડશે. એવા એવા દિ'ની આ એંધાણીયું છે.'

'બસ શરાપી લીધો ?'

'શરાપ્યો નથી. હું શરાપું નહિ. પણ હું તને ભવિષ્ય ભાખું છું. આવતા દિ'નાં બધાંય એંધાણ હું નજરે નરખીને બોલું છું. તેં મામદશાને માટે રાંધીને તૈયાર રાખ્યું છે.'

'તું તેડી આવને !'

'હું નહિ બાપ, તારો કાળ તેડી આવશે. તેડાં તો થઇ ચુક્લ છે. તારા સીમાડા સંભાળ હજી. હજી ય હિંદવાણાને હાકલ દે, હજી ય નરસૈયાના પગુંમાં પડી જા. હજી ય કુંતાદેનાં કહ્યાં કર. નીકર, ગંગા-જળિયા ! હું તો તારી ગતિ ક્યાં જઇ ઊભી રે'શે એ જ વિચારું છું. તારૂં ખોળિયું....' ડોશી અટકી ગયાં. ડોશીએ માંડળિકના દેહ ઉપર નજર ફેરવી. ગાય જાણે વાછરૂને ચાટી રહી. 'ગંગાજળિયા ! તારું આ ખોળિયું...'

'ખોળીયું તો દુસ્મનોની છાતી માથે ઢળશે, બુઢ્ઢી !' રા'એ છાતી થાબડી.

'ના, ના, ના, ઊજળાં મોત રેઢાં ને રસ્તામાં નથી પડયાં બાપ. હવે જા, વધુ બોલાવ મા. તારા આ ખોળિયાની શી દશા થશે તેની

કલ્પના મને વલોવી નાખે છે. તું રણભોમમાં મરીશ તો તો જીતી જઈશ. પણ રેઢાં નથી, રણભોમનાં રૂડાં મોત રેઢાં નથી. મને એ જ વેદના વાઢી રહી છે. હવે તું જા આંહીંથી બાપ.'

'જાઉં છું, ને છ મહિને તારી જીભ ધગધગતી સાંણસીએ ખેંચવા આવું છું.'

'તારે એટલી ય મહેનત નહિ લેવી પડે.' ઘોડે ચડેલા રા' માંડળિક તરફ હવે પૂરેપૂરી નજર માંડીને બુઢ્ઢી બોલ્યાં: 'હવે મારો તો દેહ વટલાઈ ગયો. મારા મોંમાંથી આજ એંશી વરસની અવસ્થાએ કાળ–વાણી નીકળી પડી છે. હું દેવ્ય ટળી ડાકણ થઈ ચૂકી. માંડળિક! હવે તો છેલ્લા જુવાર.'

'ક્યાં, તારો દીકરો પહોંચ્યો છે ત્યાં અમદાવાદ ને?' ઘોડો હાંકી મૂકતા રા'એ પછવાડે નજર કરીને મોં મલકાવી કહ્યું.

'ના. ઈથી થોડુંક જ ઓલી કોર.'

અન્નજળ ત્યાગીને પછી વળતા જ દિવસે નાગબાઈએ ગાડું જોડાવ્યું. એ હિમાલયમાં ગળવા ચાલી ગઈ.

# પ્રકરણ ત્રીસમું

## 'હું શુદ્ર છું'

મોણીઆથી પાછા ફરતા રા'એ પરબારો ઘોડો ગીરમાં દોણ ગઢડા પર હાંક્યો. એના મનની અણફળી લાલસાઓ 'મારૂં ! કાપું !' ના જ બોલ કાઢતી હતી. પોતાની જ વ્યાકૂળતાના પડછાયા એને માર્ગે પડતા ગયા, ને ગીરમાં જઈ, કુંતાદે અને હમીરજીના ભીલ બાળકની ચેષ્ટા જોતાં વાર જ ગીરને સળગાવી મૂકવી, એવો કાળ-મનસૂબો એનામાં ઊઠતો ગયો. સૂર્ય ઊંચામાં ઊંચી આભ-ટોચે ચડીને ઊતરતો જાય છે તેના પ્રત્યે એનું ધ્યાન નહોતું. બળબળતી ગૂજરાતમાં ફક્ત પોતાને આંગણે જ ખળખળતાં ઝરણાં, વેરાન ગૂજરાતમાં કેવળ જૂનાગઢને જ ઘેરે નીલાછમ બગીચા, લચકતી કેરીઓ, ઝળુંબતાં ગીર-ઝાડવાં, કોઇ કરતાં કોઇ તરફ એ જોતો નહોતો. રોષની રક્ત-જ્વાલા એની કેડી પાડતી આગળ ચાલતી હતી.

એનો રસાલો દ્રોણેશ્વરની ઝાડીના ઊંબરમાં આવ્યો કે ડમરૂ ને ડાકના ગેહકાટ કાને પડયા. ઢોલ ને પપૂડાં વનરાઇને જગવી રહ્યાં છે.

'શું છે આ બધું ?' એણે ભીલોને પૂછ્યું.

'અમારો મુખી પરણ્યો છે. એને પરણાવવા જૂનેગઢથી રાજમાતા આવેલ છે. અમારા મુખીનાં બોન આવેલ છે.' ભીલો વગર ઓળખાણે

એને વટેમાર્ગું રાજપુરુષ જાણી મધમાં પાણી મેળવીને શરબત પાવા લાગ્યાં. 'પીઓ પીઓ, અમારો મુખી પરણ્યો છે, પાઓ.

'કોને પરણ્યો ?'

'ભીલ વળી કોને પરણે ? ભીલડીને જ તો !' એક છોકરીએ મરડાઈને કહ્યું; 'ઘણો ય અમારો આગેવાન રા'નો સાળો થાવા ગ્યો'તો, તે ભૂંડો પડીને પાછો ભાગી આવ્યો. ભીલ તો ભીલને જ પરણે. ભીલ શા સારુ રાજકુંવરીને પરણે ? કેદી થાવા સારુ ? બાયડી ને ભાયડા વચ્ચે વ્હેમ ને વેરના ઝાટકા ઊડાડવા સારૂ ?'

'બોલકી થા મા બોલકી.' મધના પાણીના ઘડા લઈ ઊભેલા એ છોકરીના વડીલોએ એને ટપારી.

'ખોટું કહું છું ?' છોકરી જુવાન હતી એટલે તોરમાં ને તોરમાં બોલી ગઈ: 'આપણા મુખીનાં બોન મુખીને નોતાં કે'તાં ? કે ભીલડીને પરણજે, રાજકુંવરી સામેથી વરમાળા રોપવા આવે તો ય ના કહેજે.'

ઘોડેસવારો આગળ નીકળી ગયા. ને પાછળ ભીલડાં અવાજ મોકળા મૂકી મૂકીને વાતો યે ચડયાં. એ વાતો ઠંડી વનરાઈમાં દૂર દૂર સુધી પથરાતી હતી.

'રાણીબોન હવે જૂનેગઢ જવાનાં નથી.'

'કેમ ?'

'એનો ધણી છે ને રા', એમાંથી ધરમ જાતો રીયો છે. રાણીબોનને માથે વે'માય છે.'

'આપણે તો વેમાઈ કે તરત કડકડતા તેલની કડામાં હાથ બોળાવે. બોળાવે ને રાણીબોનને !'

'તો પેલો રા' જ બોળે ને!'

'એથી તો ન પોસાય તો નોખાં જ નો પડી જાય? આપણે કેમ નોખાં પડીને પોતપોતાનો મારગ લઇ લઇયીં છીં.'

'રાજવળામાં એમ ન થાય. ઇ તો માંહી ને માંહી થાળીમાં ઝેર ખવરાવીને મારે, કાં ભોંમાં ભંડારી ઘે.'

માંડળિકના કાન આ વાતોને ઝીલતા ગયા. આજે ન ઓળખાય તેવો ઊતરી ગયેલો રા' છેક ભીલકુમારના રહેઠાણ પર પહોંચી ગયો.

ભીલકુમારે બહાર નીકળીને રા'ને વંદન કર્યું.

'ક્યાં છે કુંતાદે?' રા'એ પૂછ્યું.

'જૂનાગઢ ચાલ્યા ગયા છે. હું પણ આવવાનો જ હતો.'

'ચાલો.'

'ના, હવે તો જે વાત કહી દેવા ત્યાં આવતો હતો તે આંહી જ કહી દઉં, રા' માંડળિક, કે હું શૂદ્ર છું. હું ક્ષત્રિય નથી, રાજપૂત નથી, હું શુદ્ર છું, ભીલ છું.'

બોલતી વખત ભીલ જુવાનનાં નેત્રોમાં રાતા હીરના દોરીયા ફૂટતા હતા.

'હું રાજનો બાળ નથી. મારો બાપ હમીરજી જ્યારે મોતને પંથે હતો ત્યારે એ રાજકુમાર મટી ગયો હતો, ક્ષત્રિય મટી ગયો હતો, આંહી આવીને શૂદ્ર બની રહ્યો હતો. હું પણ શુદ્ર છું. ને દેવ દોણેશ્વર પાસે મેં માગી લીધું છે, કે મારી ઓલાદ જંગલોમાં મધ પાડીને પેટ ભરજો, પહાડોમાંથી લાકડા વાઢજો, ને ધરતી પેટ ન પૂરે ત્યારે દરિયાને શરણે જઇ માછલાં ઉપર જીવજો! પણ વેળાસર વિસરી જજો કે એના કોઇ વડવાનું કુળ રાજવળું હતું.

'કેમ ?'

'મેં ધરાઇ ધરાઇને રાજવળાનું સગપણ માણ્યું છે. ગંગાજળિયા રા', રાજવળામાં થાળીમાં જ ઝેર અપાય છે એમ નથી; હેતપ્રીતની લાગણીમાં ય હળાહળ પેરાવાય છે.'

'ઠીક, મારો મુલક એક મહિનામાં છોડી જાજો હવે.'

'તમે ઊભા રહો મહારાજ.' એમ કહી એણે પોતાના ઝૂંપડાના ચોગાનમાં ઝાડને થડે જે મોટો ઢોલ બાંધેલો તે પર ડાંડી પીટી. ને રા'ને કહ્યું: 'બ્હીક રાખશો મા હો રાજા! તમે શુદ્રને ઘેર પરોણા છો. માટે સલામત છો.'

એમ વાત કહે છે ત્યાં તો જાણે ગીરમાં ઉપરાઉપરી સેંકડો ઢોલ વગડયા. ઢોલના ઢબૂકાર આઘે આઘે ચાલ્યા ગયા ને ભીલ વસ્તીની કતાર પર કતાર ઊભરાઇ. સૌને એણે સંભળાવ્યું:

'ગીર ખાલી કરો. કશું લેવા ન રોકાજો. દીવ કોડીનાર તરફ.'

એટલા શબ્દ સાથે તો કતાર પછી કતાર એમ ને એમ ગીરની બહાર ચાલતી થઇ. તેઓ નાગાપુગા નીકળ્યા. પુરુષો સ્ત્રીઓને ખબર દેવા ન રોકાયા. સ્ત્રીઓ પોતાનાં બાળકો આડાં અવળાં ગયાં હતાં તેની શોધ કરવા ન થંભી. સૌ જે હાથમાં આવ્યું તે લેતા લેતા નીકળ્યા, તેમણે લીધાં હતાં ફક્ત તીર ને કામઠાં: તેમની નજર, પાછળ સૂનાં પડતાં ઘરની સામે પણ ઠરતી નહોતી. તેઓ ફક્ત સન્મુખ જોતાં જ શીખ્યા હતા.

ભીલ કુમાર ચુપચાપ ઊભો હતો. ઊભાં ઊભાં એના હાથ સૌ ને દિશા દેખાડતા હતા. આગળ ગયેલાં માબાપોના પાછળ રહેનારાં બાળકોને પણ પાછળ આવનારા ઉપાડતા જતા હતા.

ગીરનું ભીલ-રહેઠાણ જોતજોતામાં ઉજ્જડ બન્યું. અને છેલ્લે ચાલ્યા આવતા એક નાના બાળકને ખંધોલે ઊંચકીને ભીલકુમારે રા'ની સામે સીનો બતાવ્યો. એણે જરીક નીચે ઝુકીને કહ્યું- 'જે સોમનાથ! જૂનાના ધણી, હું શુદ્ર છું, ને શુદ્ર જ રહીશ. પણ તમે ગંગાજળિયા, તમે લડથડીને કોણ જાણે કઇ ખોપાણ ખીણમાં જઇ પડશો.'

તમામ હિજરતીઓની હરોળમાં એ ચાલી નીકળ્યો. એના માથાનાં મોરપીચ્છનો ગુચ્છ ઝૂલતો જાય છે. બરડા ઉપર બાંધેલ ભાથાનાં તીરનાં ફળાં (લોઢાની અણીઓ) આથમતા સૂરજની રતાશ પી રહ્યાં છે. પારકું ભીલ બાળક એના ખંધોલા ઉપર ઢળીને નીંદરમાં પડે છે.

'તૈયારી કરીને બેઠાં હશે!' એમ કહેતે રા'એ ઝૂંપડાં તપાસ્યાં. કોઇ ઠેકાણે સૂપડામાં અધસોયેલા દાણા પડયા હતા, કોઇ ઠેકાણે ચૂલા પર આંધણની હાંડી ઊકળતી હતી, કોઇ ઠેકાણે ચૂલો પેટાવવાની તૈયારી હતી. કોઇ ઠેકાણે ઘંટીના થાળામાં લોટ પણ પડયો હતો. અને એક ઠેકાણે એક છીપર પર અધવાટેલી મેંદીનો લોંદો પડયો હતો. પૂર્વ-તૈયારીનું ત્યાં કોઇ ચિહ્ન નહોતું.

'અરે આ તો હજુ ગીરમાંથી લોક હાલ્યું જ જાય છે.' જૂનાગઢ તરફ ઘોડા હંકારતા રા'ની નજરમાં માણસો માતાં નહોતાં. એને દેખીને લોકો દૂર ચાલતાં હતાં. ને આખી વાટે ગામડે ગામડે એને નીકળતો જોઇ સ્ત્રીઓ મોં ફેરવી જતી હતી. મોણીયાવાળો બનાવ પાંખો કરીને મુલકને ઘેર ઘેર કહી આવ્યો હતો. નાગબાઇની ધા ગામેગામ સંભળાઇ હતી. આઇ નાગબાઇ હેમાળો ગળવા હાલ્યાં છે તેને બની શકે તો રોકવા, તેને પગે પડવા, તેની આશિષો લેવા મૂલક ઉમટીને મોણીયા તરફ જાય છે. ચાલ્યા જતાં માનવીઓ બોલે છે 'ગંગાજળિયો આપણો રા' ગોઝારો બન્યો. એણે આઇને પણ દૂભવ્યાં. એણે કોઇને ન છોડયાં.'

## પ્રકરણ એકત્રીસમું

### 'આ ગિરનાર !'

જૂનાગઢ પહોંચ્યા નહોતા ત્યાં તો રસ્તામાં રાજદૂત આવી મળ્યો. ખબર દીધા, સુલતાન મહમદશાની ફોજ માર માર કદમે આવે છે.

'આવવા દ્યો સુલતાનને. મારા ખાંટ યોદ્ધાઓ એને ગિરનારની ઝાડીમાં જ ઠાર રાખશે. એના ઘોડા નથી હાલી શકવાના.' રા' ઊપરકોટનું સમારકામ કરાવતો કરાવતો હુંકારા કરતો હતો.

થોડા દિવસે ખબર મળ્યા. 'મહારાજ, ખાંટો મહાબીલાની ખોમાં ભાગી ગયા છે. ઝાડી ઉજ્જડ થાતી જાય છે. વનરાઇને આગ લાગતી આવે છે.'

'આવવા દ્યો.' એ ઉપરકોટની રાંગ ઉપર ઊભો ઊભો પાછળની ભમ્મર ઊંડી ખાઇ જોઇ બોલ્યો; 'કોઠારમાં બાર વરસ ચાલે એટલું અનાજ છે. પાંચ હજાર વર્ષનો કાળાંતરો ને દેવતાઇ મારો કોટ છે. મને સુલતાન નહિ પહોંચી શકે.'

'મહારાજ ! સુલતાન આવી પહોંચ્યો. કિલ્લો ઘેરી લીધો છે. રાજા કોઇ મદદે આવ્યો નથી. પ્રજામાંથી કાંટીઆ વર્ણો તો નાગબાઇના કોપથી બ્હી જઇને દૂર બેઠા છે.'

'જરૂર નથી કોઇની. મારો કિલ્લો જ મારું બખ્તર છે.'

'મહારાજ, ચાર જ દિવસ થયા છે, ત્યાં તો કિલ્લો તૂટ્યો નહિ એટલે સુલતાન પાંચ કરોડ સોનામોહરો, ઘોડા, ને સોનાની મૂઠવાળાં ખંજરો ને તલવારો સિપાહીઓને ઇનામમાં લૂંટાવી રહ્યો છે.'

'લૂંટાવવા દો.'

'સિપાહીઓની સુસ્તી ઊડી ગઇ છે. ફોજની ટુકડીઓ મુલકને ઉજ્જડ કરી ત્રાસ વર્તાવવા મોકલી આપી છે. લૂંટાલૂંટ ચાલી છે.'

'ચાલવા દો. હું શું કરીશ ?'

ઉઘાડા પ્રદેશની વસ્તી પર કેર વર્તતો હતો. રાત વખતે આગમાં સળગતાં ગામડાં દેખાતાં હતાં. પણ રાજા ઊપરકોટમાંથી ઊતરતો નહોતો, જોગીઓ ગિરનાર પરથી ઊતરતા ન હતા. રાજપૂતો છુપાઇ ગયા હતા.

રાજા એ અગ્નિઝાળો જોઇ જોઇ હસતો હતો.

રાત હતી. માંડળિકના મહેલમાં કોઇ નહોતું. એકાએક એણે સાંભળ્યું 'આવવા રજા છે ?'

આવનાર કુંતાદે હતી. અબોલા લઇને એ પોતાને મહોલે બેસી ગઇ હતી તેને ઘણાં વર્ષો થઇ ગયાં. અવાજ જાણે ઊંડાં પૃથ્વી-પડમાંથી ઊઠ્યો : 'આવું ને ?'

'શા, માટે, આજ ?

'આ ઝાળો જુવો છો ? ગંગાજળિયા ગઢપતિ ! આંહીં બેઠે બેઠે બધું શે જોવાય છે ?'

'વીસળ કામદાર ને નાગાજણ ગઢવી માથે મારું વેર વળી રહ્યું છે. મારી છાતી ઠરે છે.'

'અરે ભૂલા પડેલા રા', અટાણે ય કમત્ય છોડતી નથી ? ઊપરકોટ તૂટી રહ્યો છે.'

'હેં ઊપરકોટ તૂટે ? આ દેવતાઈ ગઢ—આ પાંચ હજાર વર્ષ પૂર્વેનો ઉગ્રસેન જાદવનો ગઢ તૂટે ?'

'તૂટે છે મહારાજ ! કાન માંડી જૂઓ, આ તૂટે.'

'કોણ તોડે છે ?'

'જેનો ધણી સોનાં ને રૂપાં વેરી રહ્યો હોય એ ફોજ઼ઓ.'

કડડડ ! દરવાજાના લાકડાં બોલતાં હતાં. શિલાઓ પડતી હતી.

'આંહી આવશે ?' રા' બ્હીકમાં બોલ્યો.

'આંહી આવશે ને તમારા દેખતાં મારી લાજ લૂંટશે.'

'અરરર !'

'અટાણે અરરર હોય રાજ ? મારી લાજ લૂંટાય ને તમે નજરે નિહાળો-હસો, ગુલતાન કરો.'

'હેં-હેં-એ !'

'હા, વસ્તીની લાજ લૂંટાય છે ત્યારે તમારું વેર વળતું લાગે છે ને ! તો મારા માથે ય વૈર—'

'ના—ના—ના—'

કડડડ—ધબ્બાંગ—અવાજો આવે છે.

'ના—ના—ના—ત્યારે તો એને જોઇએ તેટલું ધન આપો, એ કહે તે શર્તો સ્વીકારો, મારા વકીલો.'

'હું એમ નથી કહેતી, હું તો રાજ, તમને બખ્તરની કડીઓ બીડી દેવા આવી છું. આજ રાત મારી પાસે મહાભારત સાંભળો, સવારે હું રણસાજ સજાવીશ .'

'ના રાણી, મારે એ નથી કરવું. વસ્તી રીબાશે. એ જેમ કહે તેમ કબૂલ કરી એને વિદાય દેવાને જ હું કહેણ મોકલીશ.'

'ઓ સોમનાથ!' ઉચ્ચારતી કુંતાદે જોઇ રહી અને રા' પોતાના રાજપુરુષો પાસે પહોંચ્યો.

માંડળિક પાસે ખંડિયાપણું કબૂલાવી, ખંડણી નક્કી કરી, ભારી દંડ વસૂલ કરી સુલતાન પાછો ગયો.

* * *

અમદાવાદમાં બેઠાં બેઠાં સુલતાનને નાગાજણ ચારણે થોડેક મહિને ખબર દીધા કે 'રા' તો માનતો જ નથી કે એ આપનો ખંડિયો છે.'

'કેમ?'

'એ તો હજી યે દેવાલયોમાં પૂજા કરવા જાય છે ત્યારે ભેગાં રાજછત્ર ને છડી લઇ જાય છે, સોનેરી પોશાક પહેરીને જાય છે. કંઠમાં રત્નજડિત ગંઠો પહેરે છે.'

એ બડાઇને ઠેકાણે લાવવા ફરી વાર ફોજ ઊતરી. અને કુંતાદે ફરી વાર રા' પાસે આવી; 'મારા રા', હજુય શું જીવતું મીઠું લાગે છે?'

'કુંતાદે! કુંતાદે! તમે સાચું કહેતાં'તાં હો?' રા'એ કુંતાદેને કહ્યું. 'તમે મને આ ઠાઠમાઠ રાખવાની ના પાડતાં હતાં, તે હવે હું એ બધું સુલતાનને જ મોકલી આપું છું. ફોજને આંહીં આવવા પણું જ ન રહે. ઠીક ને? ઠાલી લપ શું રાખવી? છત્રછડી ન હોય તોય શું ને હોય તોયે શું?'

કુંતાદેનું શિર શરમમાં ઝૂક્યું. છત્ર ને છડી, રાજ લેબાસ અને જરજવાહર સુલતાનની હજૂરમાં અમદાવાદ ચાલ્યાં. અને સુલતાને એ

મંદિલ, એ છત્ર, એ છડી, એ દ્રવ્ય, એ જવાહિર, એ સોરઠ રાજની ભેટો પોતાની ખિદમત કરતા ગવૈયાઓને એનાયત કરી.

'જ્યાં છત્ર ને છડી : જ્યાં જર ને જવાહિર : સુખે રહો. ચમન કરો. ભલે ને સુલતાન સોરઠમાં મસ્જિદો બાંધતો, ભલે ને એના દરવેશો થાણાં નાખતા, ભલે ને એમની વટાળ–પ્રવૃત્તિ ચાલતી : આપણે શી નિસ્બત ! આપણે આપણું કરો : આપણે આપણાં ધર્મકાર્ય સાચવો : આપણું રોજેરોજનું ગંગાજળ–સ્નાન ન ગુમાવો ! નિરાંત કરીને રહો. બાકી બધું જ આળપંપાળ છે, સ્વપ્ન છે, સનેપાત છે'. રા'ની એ વિચારધારા વહ્યા કરતી. ગંગાજળિયો ગઢપતિ અફીણ, દારૂ, નાટારંભ અને ગંગાજળનું પ્રાતઃસ્નાન ચૂકતો નહોતો.

એવું ય એકાદ વર્ષ વીત્યું.

* * *

એક દિવસ પાછો અમદાવાદનો કાગળ ઊતર્યો. સુલતાન ફરી પાછા ફોજ હંકારીને ગિરનાર પર ત્રાટકે છે.

'અરે રામ !' રા' ઉચ્ચારી ઊઠયા: 'પણ મારો ગુન્હો શો છે હવે ? હું તો સુલતાનનો ચાકર થઇને ડાહ્યો ડમરો બેઠો છું. હું તો હવે છત્ર છડી તો નથી રાખતો, પણ અમરથીય દેવદર્શને નીકળતો નથી. કુંતા, હું જઇને સુલતાનને સામો મળું. નીકર નાહકની એ આપણી વસ્તીને પીંખશે.'

'ન જાઓ રાજ ! હવે તો હાંઉ કરો. હવે કોણ જાણે શી યે થવાની બાકી હશે !' કુંતાએ રાજપોશાક ઉતારી નાખીને કાળાં શોક–વસ્ત્રો ધારણ કરી લીધાં હતાં.

'ના કુંતા, સામો જ પહોંચું.'

'આ સાથે લઇ જશો રા' ?' એક વીંટી બતાવીને કુંતાએ કહ્યું.

'શું છે?' રા' એ વીંટીના માણેકમાં અંગાર સળગતો જોતા હતા.

'મારા રા', જીવતરની છેલ્લી અધોગતિમાંથી બચાવી લેનાર એ હીરાકણી છે. ચૂસો એટલી જ વાર.'

'ના, ના, એની જરૂર નહિ પડે. હા, હા પણ એની જરૂર તમારે કદાચ...'

'મારી સગવડ કર્યા વગર તમને આપું કાંઇ?'

'એમ! ઠીક લાવો ત્યારે, લઇ જાઉં.'

ચૂસવાની સાથે જ જેનું ઝેર રગે રગે ચડે એવી એ હીરાકણીવાળી વીંટી રા'એ હાથમાં પહેરી.

'મારા રા'!' કુંતાદે માંડળિકને ચરણે ઢળીને બોલી: 'જીવતરનું પ્રભાત થયું ત્યારે તમે કહેતા'તા ને, કે મારા કાકા ગોહિલ હમીરજીના જેવું માનભર્યું મોત મળે તો સંસાર જીતી જવાય!'

'કુંતા! એ દિવસોને યાદ ન કરો.' રા'નું હૈયું નબળું પડતું હતું.

'ના, હું એમ કહું છું કે ખરાખરીનું ટાણું આવે તો એ રાત–તમે સતાર બજાવીને મને મારા કાકાની વાત કહેલી તે રાત–સોહાગની ને સુખની, નિર્મળી, નમણી, નેહભીની એ રાત યાદ તો કરજો.'

'હો કુંતા!' કહેતો રા' ભાગ્યો. સુલતાનને એ સોરઠના સીમાડા ઉપર મળ્યો. એણે હાથ જોડીને કહ્યું:

'પણ મારો શો ગુન્હો થયો છે? સુલતાન તરફ હવે મારી કઇ બેઅદબી થઇ છે કે મારું ખેદાનમેદાન કરવા આવ્યા છો?'

'તારો દોષ! તારો ગુન્હો! તારી બેઅદબી!' હસી હસીને મેવાના ફાકડા ભરતા છવ્વીસ વર્ષના સુલતાને પોતાની લાંબી મૂછોની અણીઓને વળ ચડાવતાં કહ્યું: 'તું હિંદુ છો એ જ મહાન

ગુન્હો છે. એ કરતાં કયો મોટો ગુન્હો છે ! તારી મૂર્તિપૂજા એ કાંઇ જેવી તેવી બેઅદબી છે? તું સુખ ચાહે છે માંડળિક ?'

'બસ—બસ—હું સુખ જ ચાહું છું સુલતાન.'

'તો ચલો મારી સાથ અમદાવાદ, પાક ઇસ્લામ ધર્મની દીક્ષા સ્વીકારો...'

સાંભળતાં જ રા'ને જાણે વીંછી ડસ્યો. એની દૃષ્ટિ કુંતાદેએ દીધેલ હીરાકણીની વીંટી પર પડી. સુલતાનનો ગુપ્ત મનસૂબો આટલી હદે ચાલતો હશે એની રા'ને ઊંડામાં ઊંડી પણ શંકા નહોતી આવી.

'ભલે નામવર ! વિચાર કરી જોઉં. કાલે પ્રભાતે ખબર દઇશ.'

રાતોરાત એ નાઠો. મોત કરતાં ય વધુ વિકરાળ કોઇ મારણ તત્ત્વ એની પાછળ પડયું હતું. એ મારતે ઘોડે ઊપરકોટ પહોંચ્યો.

એણે કુંતાદેને કહ્યું 'ચાલો જલદી, ચાલો ઊંચા ગિરનારના ગઢમાં. મને સુલતાન વટલાવવા આવે છે. મને સ્વપ્નેય ધારણા નહોતી.'

ઊપરકોટથી ન્હાસી ગિરનાર માથેના ઊપરકોટમાં રા' ને રાણી પેસી ગયાં. અને 'અમારા રા'ને મુસલમાન કરે છે' એટલી વાત જાણીને વસ્તી જાગી ગઇ. રા'ના બધા જ અપરાધ વસ્તીએ વિસારી દીધા, તલવારો ઝાલી, મરણીયાપણાનો તોર ધર્યો અને દામાકુંડથી તળેટી સુધી, તળેટીથી છેક ગઢગિરનાર (ઉપરનો કોટ) સુધી પરબે પરબે હિંદુ સૈન્યની કતારો લાગી પડી. એ જ દિવસમાં તો ગીર, નાઘેર અને બીજાં પરગણાં સળવળ્યાં. સૈન્યનાં કીડીઆરાં ઊભરાયાં. પહાડોનાં ટૂંકમાંથી તાપ પડયે ઝરણાં ફુટે તેમ સુલતાનના બદઇરાદાનો તાપ પડતાં પહાડે પહાડ પરથી લોક ઊભરાણાં. ભરતવન, શેષાવન, બોરદેવી ને બીજા ગાળેગાળા સજીવન બન્યા.

સુલતાનનું બેશુમાર કટક ઊતરી પડ્યું. બે દિવસની ઝપ્પાઝપ્પીમાં અમદાવાદી ફોજ પરઓ પછી પરઓ વટાવી ઉપર ચડવા લાગી.

રા' ને કુંતાદે બેઉ ઉપર બેઠાં બેઠાં જુદ્ધ જોતાં હતાં. કતલ દેખાતી હતી. ઘોર કતલ ચાલતી હતી. રા'નું કટક કામ આવી રહ્યું હતું. પણ ગિરનારના કોટ ઉપર પહોંચતાં સુલતાની કટકો ઉપર એક જુદી જ દિશામાંથી કોણ જાણે કોનાં તીરના મેહુલા વરસતા હતા. તીરંદાજો દેખાતા નહોતા. તીરધારીઓએ રંગ રાખ્યો હતો. ત્રણ દિવસ સુધી રા'ને ઉગાર્યો હતો. ચોથા દિવસે તીરના હલ્લા ક્ષીણ બન્યા. પણ તીરંદાજો ઉપર ને ઉપર મોરચા બાંધ્યે આવતા હતા. જેટલા કતલ થતા તેટલા ગબડીને નીચેની કંદરાઓમાં જતા હતા, બાકી રહેનારાઓ ઉપર ને ઉપર, પહાડની શિલાઓ પર ઠેકતા, વાંદરાં જેમ ચડતા, સ્થિર પગલે મોરચા બદલતા, વંકામાં વંકી પગદંડીઓ પરથી તીર ચલાવતા હતા.

એક પછી એક પડતા ગયા. બાકી રહ્યો એક. એ છેક ગઢની નીચે સુધી આવી ગયો હતો. એને કુંતાએ નિહાળીને જોયો. એના શિર પર મોર-પિચ્છનો ઝુંડ હતો. એના કાનની કડીઓ લળકી ઊઠી. એની ભુજાઓમાંથી રુધિરનાં સરણાં વહેતાં હતાં. એની છાતી પર એક માદળીયું ઝૂલતું હતું.

'એ મારો ભાઈ!' એટલા જ કુંતા-મુખના ઉદ્‌ગાર : એ સાથે જ તીરંદાજનું પછવાડે ગરદન ફેરવી ઊંચે જોવું : ને એજ ક્ષણે શત્રુની એક બંદૂક ગોળીએ એને આંટયો, વીંધ્યો, પછાડયો, ઊંડી ખીણમાં ગબડાવી મૂકયો, ને કુંતાદેએ ચીસ પાડી : 'મારા રા', તમારા ધરમ સાટે મારો ભાઇ મૂવો; રાજ, હવે ધરમ સંભાળો. કિલ્લાનાં દ્વાર તૂટે છે.'

'હેં-હેં-શું કરું? શું કરું કુંતા!'

'ધરમ સંભાળો. મોત ઊજાળો. જીવતર સંકેલો. જો હું પણ ભેળી છું.' કુંતાએ પોતાની પાસેની હીરાકણી બતાવી.

'હેં–હેં–હેં–' રા' પોતાની વીંટી પર ફાટી નજરે નિહાળી રહ્યા.

'કુંતા, પેલી તું ચૂસ. તો મને હિમ્મત રહે.'

'લ્યો મારા વ્હાલા !' કહીને કુંતાદે હીરાકણી ચૂસી ગયાં. એના ડોળા ઘૂમવા લાગ્યા. એનું મોં લાલ લાલ બની આવ્યું. ને એની જીભ ઝલાણી.

કડડડડ !–દરવાજા તૂટવાના અવાજ.

તરફડતી કુંતાદે હાથની ઇશારતે રા'ને હિંમત આપે છે. રા' કડાકા સાંભળી ગાભરો બને છે, વીંટીના હીરા સામે જોવે છે, જીવ હાલતો નથી, ને 'હેં–હેં–હેં–' કરે છે.

કુંતાદે ઢળી પડી. કે તૂર્ત રા' દોડ્યો, કિલ્લાના બુરજ પરથી સફેદ વાવટો ફરકાવવા લાગ્યો. સંહાર અટક્યો. રા' બહાર આવ્યો, નીચે ઊતર્યો, સુલતાનની સાથે કેદી બની ચાલ્યો.

સોએક સૈનિકો વચ્ચે વીંટળાઇને એનો ઘોડો ચાલ્યો જાય છે, કટક જમિયલશાના ડુંગરની તળેટી પાસે નીકળે છે. બુઢ્ઢા સાંઇ જમિયલ ઊભા છે. એકાએક એના હાથમાં એક ખંજર ચમકી ઊઠે છે. ખંજર ઊંચાવીને એ વૃદ્ધ સાંઇ પોતાના ડાબા ખભા પરથી માંડે છે. ચરડડડ–એ ખંજર ચામડી ચીરતું જમણી કમ્મર સુધી ઊતરી આવે છે. ને જમિયલ સાંઇ પોતાના ચીરેલા પેટમાંથી આંતરડાં કાઢીને ખભે જનોઇની જેમ પહેરી લ્યે છે. પહેરીને એ બોલે છેઃ–

'ઓ રા' ! ઓ સુલતાન ! દેખ આ જનોઇ ! ઓ હિંદુ ! ઓ મુસલમાં ! ક્યાં છે ફરક ? કોણે બતાવ્યો ફરક ?'

એટલું બોલીને સાંઇનો દેહ ઝુકી પડયો.

* * *

તે પછી થોડાં વર્ષો સુધી અમદાવાદના રસૂલાબાદ પરામાં, સં શાહઆલમની જગ્યામાં, ભરપૂર મેદની અને દરવેશોના સમૂહની વચ્ચે એક મુસ્લિમ બેસતો, એનું નામ ખાનજહાં હતું. સમુદાય વચ્ચે ડાહી ડાહી ઇસ્લામ ધર્મ વિષેની વાતો કરતો, એની બાંગ-પુકારમ સંગીતભરી ભવ્યતા હતી, ઇસ્લામની તત્ત્વાલોચનામાં એને એ સંત- સ્થાનમાં કોઇ ન આંટી શકતું.

—પણ કોઇ કોઇ વાર એ એકલો પડતો, વિચારે ચડતો, નૈઋત્ય ખૂણામાં મીટ માંડતો, ને પછી એ છાતીફાટ રડતો, પોકે પો મૂકીને બોલતો—

'ઓ ગિરનાર ! ઓ ગંગાસ્નાન ! ઓ સોમનાથ ! ઓ મારી દેવડી !

'હેઠ નબળા દિલના વટલેલ !' કહી એને સુલતાન ટોણાં મારતો. ઇસ્લામ સંબંધી એની ડાહી વાતો મશ્કરીને પાત્ર થતી. આખરે એક દિવસ એ મુવો, ત્યારે એની લાશ પર સુલતાને ભવ્ય કબર ચણી. એ કબર આજે પણ છે. એ છે રા' માંડળિકની કબર.



એટલું બોલીને સાંઈનો દેહ ઝુકી પડ્યો.

* * *

તે પછી થોડાં વર્ષો સુધી અમદાવાદના રસૂલાબાદ પરામાં, સંત શાહઆલમની જગ્યામાં, ભરપૂર મેદની અને દરવેશોના સમૂહની વચ્ચે એક મુસ્લિમ બેસતો, એનું નામ ખાનજહાં હતું. સમુદાય વચ્ચે એ ડાહી ડાહી ઇસ્લામ ધર્મ વિષેની વાતો કરતો, એની બાંગ-પુકારમાં સંગીતભરી ભવ્યતા હતી, ઇસ્લામની તત્ત્વાલોચનામાં એને એ સંત-સ્થાનમાં કોઈ ન આંટી શકતું.

—પણ કોઈ કોઈ વાર એ એકલો પડતો, વિચારે ચડતો, નૈઋત્ય ખૂણામાં મીટ માંડતો, ને પછી એ છાતીફાટ રડતો, પોકે પોક મૂકીને બોલતો—

'ઓ ગિરનાર ! ઓ ગંગાસ્નાન ! ઓ સોમનાથ ! ઓ મારી દેવડી !'

'હટ નબળા દિલના વટલેલ !' કહી એને સુલતાન ટોણાં મારતો. ઇસ્લામ સંબંધી એની ડાહી વાતો મશ્કરીને પાત્ર થતી. આખરે એક દિવસ એ મુવો, ત્યારે એની લાશ પર સુલતાને ભવ્ય કબર ચણી. એ કબર આજે પણ છે. એ છે રા' માંડળિકની કબર.

